કરન્સી માર્કેટ

| | |
|---|---|
| US.ડોલર | ૮૮.૫૦ |
| પાઉન્ડ | ૧૧૬.૧૧ |
| યુરો | ૧૦૨.૫૦ |
| સઉદી રિયાલ | ૨૩.૬૦ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૨૭,૭૪૦ |
| ચાંદી (૧ કિલો) | ૧,૭૩,૦૦૦ |

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

Registered : Ministry of Minority Affairs Haj Division
ZAM ZAM Tours & Travels
IATA
હજ-૨૦૨૬ બુકિંગ ચાલુ છે
૮ ડિસેમ્બર ઉમરાહ દિવસ - ૨૪
Harun Mansuri : 9712057888/8488890838/9712457888
૮, ગ્રાઉન્ડ ફ્લોર, દસ્કોઈ ચેમ્બર્સ, ખમાસા, અમદાવાદ

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૧૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# નૌગામ વિસ્ફોટ : નિષ્ણાતો અને નેતાઓએ રહેણાંક પોલીસ સ્ટેશનમાં ૩૦૦૦ કિલો વિસ્ફોટકોનો સંગ્રહ કરવા અંગે પ્રશ્નો ઊઠાવ્યાં

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

ગીચ વસ્તીવાળા વિસ્તારમાં નૌગામ પોલીસ સ્ટેશનમાં સેમ્પલિંગ દરમિયાન થયેલા વિનાશક વિસ્ફોટ બાદ, સુરક્ષા નિષ્ણાતો અને રાજકીય નેતાઓએ લગભગ ૩૦૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોના સંચાલન અને સંગ્રહ પર ગંભીર પ્રશ્નો ઊઠાવ્યા છે. આ વિસ્ફોટમાં નવ લોકો માર્યા ગયા અને ૩૨ અન્ય ઘાયલ થયા હતા. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ પોલીસ વડા એસ.પી. વૈદે જણાવ્યું હતું કે, વિસ્ફોટકો ક્યારેય રહેણાંક વિસ્તારોમાં સંગ્રહિત ન કરવા જોઈએ. સ્થાપિત માર્ગદર્શિકા મુજબ વિસ્ફોટકોને અલગ અને સલામત સ્થળોએ રાખવા જરૂરી છે. મને ખબર નથી કે આ કિસ્સામાં માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં. સ્ટેશન પર રાખવામાં આવેલું એમોનિયમ નાઈટ્રેટ ખૂબ જ સંવેદનશીલ છે અને સરળતાથી વિસ્ફોટ કરી શકે છે. જો તે પાણી અથવા તણખાના સંપર્કમાં આવે તો તે વિસ્ફોટ કરી શકે છે. તેને સીલ કરતી વખતે પણ વિસ્ફોટ થઈ શકે છે.



આંતરરાજ્ય વ્હાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યા પછી જપ્ત કરાયેલ લગભગ ૨૯૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ, મૂળ કેસ નોંધાયેલા પોલીસ સ્ટેશનમાં સંગ્રહિત કરવામાં આવ્યું હતું. શનિવારે સાંજે નમૂના લેવા દરમિયાન એક મોટો વિસ્ફોટ થયો, જેનાથી આસપાસનો વિસ્તાર ધ્રુજી ગયો હતો. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે, તપાસ ચાલી રહી છે. અમને અહીં રાખવામાં આવેલા મોટા જથ્થામાં વિસ્ફોટકો, તે ક્યા સંજોગોમાં લાવવામાં આવ્યા હતા અને સંગ્રહિત કરવામાં આવ્યા હતા અને તેનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો તે અંગે જવાબ મળવાની આશા છે.

પીડીપી નેતા ઈલ્તિજા મુફ્તીએ પ્રશ્ન કર્યો કે, ચાર દિવસ સુધી ભીડભાડવાળા વિસ્તારમાં આટલી મોટી માત્રામાં એમોનિયમ નાઈટ્રેટ કેમ સંગ્રહિત કરવામાં આવ્યું હતું. આ પોલીસની બેદરકારી છે. આટલા દિવસો સુધી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં આટલા મોટા જથ્થામાં વિસ્ફોટકો કેમ રાખવામાં આવ્યા તેની તપાસ થવી જોઈએ. મુફ્તીએ નમૂના લેતી વખતે નાગરિકોની હાજરીની પણ ટીકા કરતા કહ્યું કે, જ્યારે નાયબ તહસીલદાર સહિત નાગરિકોને એમોનિયમ નાઈટ્રેટ સીલ કરવાનું જાણતા નથી ત્યારે તેમને ત્યાં કેમ લઈ જવામાં આવ્યા ? આ અત્યંત ખતરનાક અને અકસ્માત થવાની સંભાવના હતી. તેણીએ કહ્યું કે, નિર્ણય લેવામાં મોટી ભૂલ થઈ છે.

## શ્રીનગર પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં મૃતકો પૈકી કાશ્મીરી દરજી પણ સામેલ છે : તે ત્યાં શું કરી રહ્યા હતા

### મોહમ્મદ શફી ઘણીવાર પોલીસ માટે યુનિફોર્મ સીવતા હતા, તે દિવસે એક વધુ અસામાન્ય કાર્ય માટે તેમની જરૂર હતી

(એજન્સી) તા.૧૯

દરેક દિવસની જેમ ૧૪ નવેમ્બરની સવારે મોહમ્મદ શફીપર્રે શ્રીનગરની બહાર કાશ્મીરના નૌગામમાં તેમની દરજીની દુકાને જવા નીકળ્યા હતા. ટૂંક સમયમાં જ ૫૦ વર્ષીય આ વ્યક્તિને સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાનું કહેવામાં આવ્યું હતું. દુકાનની નજીક રહેતા પેરેના ભત્રીજા ઝહૂર અહમદ પર્રેએ સ્ક્રોલને જણાવ્યું કે, સવારે લગભગ ૯ વાગ્યે નજીકના નૌગામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમને તેમના સીવણ મશીન અને અન્ય સાધનો સાથે સ્ટેશન લઈ ગયા, મેં તેમના પુત્રને જાણ કરી. મેં તેમને ચિંતા ન કરવા કહ્યું. તેમના પરિવારના સભ્યો માટે પોલીસ સ્ટેશનમાં સમન્સ અંગે 'ચિંતા' ન હતી કારણ કે, આ દરજીનો પોલીસ સાથે 'કાર્યકારી સંબંધ' હતો. ઝહૂર પેરેએ કહ્યું કે, પોલીસ સ્ટેશનના અધિકારીઓ માટે તેમની સેવાઓનો લાભ લેવો અસામાન્ય વાત નથી. તેઓ તેમને યુનિફોર્મ સીવવાનું કહેતા અને તેમના કાકાને તેમના કામ માટે પૈસા ચૂકવવામાં આવતા હતા. તે દિવસે શફી પેરેને ૧૦ નવેમ્બરના રોજ નવી દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્ફોટના કાવતરાખોરો પાસેથી મળેલી વિસ્ફોટક સામગ્રી સંગ્રહ કરવા માટે કાપડની થેલીઓ સીવવા માટે બોલાવવામાં આવ્યા હતા. આ વિસ્ફોટના કલાકો પહેલા જમ્મુ અને કાશ્મીર પોલીસે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને કાશ્મીર સ્થિત અંસાર ગઝવત-ઉલ-હિંદ સાથે જોડાયેલા 'ટ્રાન્સનેશનલ ટેરર મોડ્યુલ'નો પર્દાફાશ કર્યો હતો. પોલીસ તપાસ પછી દેશભરમાંથી સાત કાશ્મીરીઓની ધરપકડ કરવામાં આવી હતી અને એમોનિયમ નાઈટ્રેટ સહિત ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો અથવા IED બનાવવા માટે વપરાતી ૨૯૦૦ કિલો સામગ્રી મળી આવી હતી. નૌગામ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયેલ હોવાથી, તપાસકર્તાઓએ જપ્ત કરાયેલ પદાર્થ પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત રાખ્યો હતો.

અનુસંધાન બીજા પાને

## નીતિશ કુમાર ગુરૂવારે દસમી વખત બિહારના મુખ્યમંત્રી બનશે, ભાજપના વિજય સિન્હા અને સમ્રાટ ચૌધરી એમના નાયબ મુખ્યમંત્રી રહેશે

### વીસમી નવેમ્બરે ગાંધી મેદાનમાં યોજાનારા એક ભવ્ય સમારંભમાં હોદ્દાના શપથ ગ્રહણ કરશે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ હાજરી આપશે : નાયબ મુખ્યમંત્રી તરીકે ચૌધરી અને વિજય સિન્હા પણ શપથ લે તેવી શક્યતા



(એજન્સી) પટન, તા.૧૯

આવતીકાલે નીતિશકુમાર ગુરુવારે પટનાના ઐતિહાસિક ગાંધી મેદાન ખાતે મુખ્યમંત્રી પદના વધુ એક વખત શપથગ્રહણ કરશે ત્યારે બિહારના ઈતિહાસમાં એક નવું પ્રકરણ આલેખશે કેમ કે જનતા દળ (યુ) અને એનડીએ શાસક જોડાણના નેતા તરીકે વધુ એક વખત ચૂંટાઈ આવેલા નીતિશકુમાર દસમી વખત મુખ્યમંત્રી પદના શપથગ્રહણ કરશે અને નવો ઈતિહાસ લખાશે. આજે મુખ્યમંત્રી પદ માટેનો નીતિશકુમારનો માર્ગ મોકળો થઈ ગયો હતો. નવા ચૂંટાયેલા જનતા દળ (યુ) ધારાસભ્યોની બેઠકમાં તેઓ જેડીયુના નેતા તરીકે પસંદ થયા હતા અને એ પછી શાસક એનડીએ જોડાણની ખાસ બેઠકમાં પણ નીતિશકુમારને એનડીએના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. આ રીતે તેઓ હવે સતત ૧૦મી વખત રાજ્યની ધુરા સંભાળશે અને ઐતિહાસિક રીતે આવતીકાલે શપથ લેશે. ભાજપે બે નાયબ મુખ્યમંત્રી પદના હોદ્દા પોતાની પાસે રાખ્યા છે. ભાજપના નેતાઓ સમ્રાટ ચૌધરી અને વિજયકુમાર સિંહા નાયબ મુખ્યમંત્રી રહેશે. એનડીએ વિધાનસભા પક્ષની બેઠકમાં કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને એનડીએના નેતા તરીકે નીતિશકુમારનું નામ સૂચવ્યું હતું. તેમણે કહ્યું હતું કે એનડીએની સરકાર બિહારની આમ જનતાના સપના પરિપૂર્ણ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં વિશ્વાસ વ્યક્ત કરવા બદલ તેમણે બિહારની જનતાનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે પીએમ મોદી બિહારના વિકાસ માટે કટિબદ્ધ છે. એનડીએના સાથી પક્ષ એલજેપીના નેતા ચિરાગ પાસવાને જણાવ્યું હતું કે અમે રામવિલાસ પાસવાનજીના અધૂરા સપનાઓને પરિપૂર્ણ કરશો. બિહારમાં જોડાણની ભવ્ય જીત માટે મોદી અને નીતિશકુમારની જોડીને યશ આપતા તેમણે કહ્યું હતું કે આવતા પાંચ વર્ષ સુધી એનડીએની સરકાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતિશકુમારના વિકાસના વિઝનને પરિપૂર્ણ કરવા માટે પરિશ્રમ કરશે. એનડીએની બેઠકમાં રાષ્ટ્રીય લોક મોરચાના નેતા ઉપેન્દ્ર કુશવાહાએ એનડીએ જોડાણને જોરદાર સમર્થન આપવા બદલ બિહારની મહિલા મતદારોનો આભાર માન્યો હતો અને કહ્યું હતું કે બિહારની જનતાએ નરેન્દ્ર મોદી અને નીતિશકુમારને આશીર્વાદ આપ્યા છે.

CELEBRATING EXCELLENCE 35 years GT

## એમના સાહસ અને દેશપ્રેમથી મને હંમેશા અન્યાય સામે ઊભા રહેવાની અને લડત ચલાવવાની પ્રેરણા મળી છે : ઈન્દિરાજીની જન્મજયંતી પર રાહુલ ગાંધીના વિચારો

### દેશના પ્રથમ મહિલા વડાપ્રધાનને સમગ્ર રાષ્ટ્ર અને કોંગ્રેસની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

૧૯મી નવેમ્બરે બુધવારે દેશના પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને સમગ્ર રાષ્ટ્ર અને કોંગ્રેસ પક્ષે ભાવપૂર્ણ સ્મૃતિઓ સાથે યાદ કર્યા હતા. કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ભારત માટે નિર્ભયતાથી ફેંસલા કરવાની પ્રેરણા મને મારા દાદીમા પાસેથી મળી છે.

રાહુલ ગાંધી, કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને સોનિયા ગાંધી સહિતના પક્ષના આગેવાનો સવારે ઈન્દિરાજીના સ્મૃતિસ્થળ શક્તિસ્થળ પહોંચી ગયા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ તકે રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ઈન્દિરાજીનું સાહસ, એમનો દેશપ્રેમ અને એમની નૈતિકતા આજેપણ મને અન્યાય સામે મક્કમતાથી ઊભા રહેવાની પ્રેરણા આપતી રહે છે. હિન્દીમાં પોસ્ટ લખતાં રાહુલે કહ્યું હતું કે દેશના હિતમાં નિર્ભયતાથી નિર્ણયો લેવા અને દરેક પરિસ્થિતિમાં દેશને પ્રથમ ગણવો અને દેશહિતને પ્રાધાન્ય આપવું એ માટેની પ્રેરણા મને મારા દાદીમા પાસેથી મળી છે. એમની સાહસિકતા, દેશપ્રેમ અને નૈતિક જુસ્સો મને હજુ પણ પ્રેરણા આપે છે. એમની ગતિશીલ, શક્તિશાળી, જોશીલી અને ઉદાહરણરૂપ નેતાગીરી જે રાજકીય સાહસથી ભરપૂર હતી એ હમેશા બધાને પ્રેરણા આપતી રહેશે. લોકસેવા પ્રતિ ઈન્દિરાજીનું આજીવન સમર્પણ અને અડગ



નિર્ધાર ભારતની વિકાસ યાત્રા ઉપર અમીટ છાપ છોડી ગયા છે. દેશની એકતા અને અખંડિતતા માટે એમણે આપેલી કુર્બાની બદલ એમને કરોડો વંદન. આજે એમની જન્મજયંતી પર અમે એમની અમર સિદ્ધાંત યાત્રા અને વારસા માટે એમને સન્માનભેર અંજલિ આપીએ છીએ.

કોંગ્રેસના મહામંત્રી કે.સી. વેણુગોપાલે દેશના પ્રથમ મહિલા વડાપ્રધાનને યાદ કર્યા હતા અને કહ્યું હતું કે એમના સાહસિક અને હિંમતભર્યા નેતૃત્વને કારણે મુશ્કેલ સમયમાં પણ એમણે દેશને સમસ્યાઓમાંથી બહાર કાઢ્યો હતો અને કલ્યાણનો નવો યગુ શરૂ કરી ભારતને વૈશ્વિક બનાવ્યું હતું. ઈન્દિરાજીના સમયમાં આપણે મહાસત્તાઓની સાથે ખભેખભા મિલાવીને ઊભા રહેતા હતા અને કોઈ દબાણને વશ થયા નહતા. એમણે જીવનના અંતિમ શ્વાસ સુધી દેશને પોતાનું સર્વસ્વ આપી દીધું અને જાન કુર્બાન કરી દીધો.

## બિહારમાં મહિલાઓને રૂા.૧૦,૦૦૦ આપ્યા ન હોત તો નીતિશને માત્ર ૨૫ બેઠકો મળી હોત : પ્રશાંત કિશોર

### જન સુરાજ પાર્ટીના સ્થાપકે કહ્યું હતું કે પ્રજા માટેના ફંડમાંથી રૂા.૪૦,૦૦૦ કરોડ આપવાનું એનડીએ દ્વારા વચન અપાયું હતું અને તેનો લાભ દોઢ કરોડ મહિલાઓને અપાયો હતો, આ રકમમાંથી એક મોટો હિસ્સો મતદાન પહેલા જ મહિલાઓને પહોંચાડી દેવાયો હતો

(એજન્સી) પટન, તા.૧૯

જન સુરાજ પાર્ટીના સ્થાપક પ્રશાંત કિશોરે બિહાર વિધાનસભાની ચૂંટણીઓમાં મતોની ખરીદી કરીને વિજય મેળવ્યાનો મુખ્યમંત્રી નીતિશ કુમાર ઉપર આક્ષેપ મૂક્યો હતો અને દાવો કર્યો હતો કે જો નીતિશની સરકારે દરેક મતવિસ્તારમાં ૬૦,૦૦૦ મહિલા લાભાર્થીઓને દરેકને રૂા.૧૦,૦૦૦ પહોંચાડી દીધા નહોત તો જનતાદળ યુને માત્ર ૨૫ બેઠકો જ મળી હોત. તેમણે આક્ષેપ કર્યો હતો કે જાહેર ફંડમાંથી રૂા.૪૦,૦૦૦ કરોડ આપવાનું એનડીએનું વચન હતું અને મતદાનના આગલા દિવસે જ આ ફંડમાંથી એક મોટો હિસ્સો દોઢ કરોડ મહિલાઓને પહોંચાડી દેવાયો હતો. તેમણે કહ્યું હતું કે નિર્દોષ લોકોના મતો ખરીદવા અને વિભાજનની



રાજનીતિ કરવી એ પ્રકારના પાપ અમે કર્યા નથી. મત ચોરી આજે આખા દેશ સામેનો પડકાર છે. જરૂર પડે તો આપણે સુપ્રીમકોર્ટમાં જવા માટે ચર્ચા કરવી જોઈએ. તેમણે ફરી દાવો કર્યો કે દરેક મતવિસ્તારના ૬૦,૦૦૦ને પસંદ કરીને રૂા.૧૦-૧૦ હજારની લ્હાણી કરવામાં આવી હતી. તેના કારણે જ નીતિશ કુમારને વિજય મળ્યો છે. નીતિશ અને વિજયની વચ્ચે આ એક જ મુદ્દો કામ કરી ગયો છે.

ક્યા બાત હૈ ?!

થોભો ! હું ટીવી ચેનલવાળા અને છાપાવાળાને બોલાવી લઉં !




## બિહારનો પવન મારી પહેલાં તમિલનાડુ પહોંચી ગયો એવું લાગે છે : નરેન્દ્ર મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પીએમ કિસાન સમ્માન નિધિના નવા હપ્તા પેટે રૂા.૧૮,૦૦૦ કરોડ જાહેર કર્યા હતા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જણાવ્યું હતું કે કોઈમ્બતુરમાં માથાઓ પર રૂમાલ ફરકાવીને જંગી સંખ્યામાં ખેડૂતોએ જે રીતે મારૂં સ્વાગત કર્યું છે એ જોતા મને લાગે છે કે બિહારનો પવન મારી પહેલાં તમિલનાડુ આવી પહોંચ્યો છે. બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓમાં એનડીએના પ્રચંડ વિજયનો તેઓએ ઉલ્લેખ કર્યો હતો. તમિલનાડુમાં પણ વિધાનસભાની ચૂંટણીઓ હવે બહુ નજીક છે. કોઈમ્બતુરમાં દક્ષિણ ભારત પ્રાકૃતિક ખેતી શિખર પરિષદ ૨૦૨૫નું અને એક ખાસ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કરતાં વડાપ્રધાન મોદીએ પીએમ કિસાન સમ્માન નિધિનું રૂા.૧૮,૦૦૦ કરોડનો નવો હપ્તો જાહેર કર્યો હતો. દેશના નવ કરોડ લોકોને આ રકમ પ્રાપ્ત થશે મોદીએ વિવિધ મુદ્દાઓ પર વિચારો વ્યક્ત કર્યા હતા. ખાસ કરીને ઓર્ગેનિક ખેતી, વિવિધ પ્રકારના નવા પાક અને ખાતરના ઉપયોગ વિશે તેમણે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે રાસાયણિક ખાતરોના વધુ પડતાં ઉપયોગથી જમીનની



ફળદ્રુપતાને નુકસાન થાય છે. ભારત અત્યારે ઓર્ગેનિક ખેતીનું વૈશ્વિક કેન્દ્ર બન્યું છે. અલગ-અલગ પાકની વિવિધ જાતો ઉગાડવી અને ઓર્ગેનિક ખેતી કરવી એ જમીનની ફળદ્રુપતા જાળવી રાખવાનો એકમાત્ર માર્ગ છે. તેનાથી પર્યાવરણને પણ ફાયદો થશે. તેમણે ખેતીમાં સ્વદેશી વિચારનો ભાર મૂક્યો હતો.

## દિલ્હીની બે શાળાઓ અને ત્રણ કોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી; પરિસર ખાલી કરાવાયું

નવી દિલ્હી: મંગળવારે દિલ્હીની બે શાળાઓ અને ત્રણ કોર્ટમાં બોમ્બ ધમકીના ઈમેઈલ્સ આવ્યા બાદ રાષ્ટ્રીય રાજધાનીમાં ભયનું મોજું ફરી વળ્યું હતું, જેના કારણે ઝડપથી ખાલી કરાવવામાં આવ્યા હતા અને મોટાપાયે કટોકટીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. દ્વારકામાં CRPF સ્કૂલ અને પ્રશાંત વિહારમાં આવેલી એક સ્કૂલ-જે ગયા વર્ષના વિસ્ફોટથી હજુ પણ ત્રાસી ગઈ છે તેમજ ત્રણ મુખ્ય કોર્ટ : સાકેત, પટિયાલા હાઉસ અને રોહિણીમાં ભયાનક સંદેશાઓ આવ્યા હતા. ધમકીઓને કારણે સવારની કાર્યવાહી અચાનક સ્થગિત થઈ ગઈ હતી. સુરક્ષા સમસ્યાને કારણે આગામી બે કલાક માટે કોર્ટનું કામકાજ સ્થગિત કરવામાં આવ્યું છે. બપોરના ભોજન પછી કાર્યવાહી ફરી શરૂ થશે. શાંત રહો અને ભીડ ટાળો, સાકેત બાર એસોસિએશનના સેક્રેટરી અનિલ બસોયાએ તાત્કાલિક સલાહકારમાં જાહેરાત કરી, ન્યાયિક કોરિડોરમાં તણાવપૂર્ણ વાતાવરણને શાંત કર્યું. થોડીવારમાં, પોલીસ ટીમો, ફાયર યુનિટ્સ અને વિશેષ બોમ્બ સ્ક્વોડ સ્થળોએ દોડી ગયા, વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો અને કર્મચારીઓને સલામત સ્થળે લઈ ગયા અને કોઈપણ જોખમના નિશાન માટે પરિસરની તપાસ કરી.

## કોર્બેટ ટાઈગર રિઝર્વમાં શિકારની સીબીઆઈ તપાસ : સુપ્રીમકોર્ટે કેન્દ્ર, ઉત્તરાખંડ સરકારને નોટિસ ફટકારી

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે કેન્દ્ર સરકાર, ઉત્તરાખંડ રાજ્ય સરકાર અને પૂર્વ વરિષ્ઠ વન્યજીવન અધિકારીને નોટિસ ફટકારી છે, જે કોર્બેટ ટાઈગર રિઝર્વમાં વાઘના શિકાર અને મિલીભગતના કથિત મામલામાં લાંબા સમયથી અટકેલી સીબીઆઈ તપાસને ફરી શરૂ કરવાના સંકેત આપે છે. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચે પ્રખ્યાત રાષ્ટ્રીય ઉદ્યાનમાં વાઘના શંકાસ્પદ મૃત્યુની તપાસ પર સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનની તપાસને અસરકારક રીતે સ્થિર કરનારા સાત વર્ષ જૂના વચગાળાના સ્ટેને દૂર કરવાની માંગ કરતી અરજીની તપાસ કરવા સંમતિ આપી છે. પર્યાવરણીય કાર્યકર્તા અતુલ સતી દ્વારા આ મામલો કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. વરિષ્ઠ વકીલ મીનાક્ષી અરોરા અને એડવોકેટ ગોવિંદ જીએ દલીલ કરી હતી કે, ૨૦૧૮માં લાદવામાં આવેલ સ્ટેને વિલંબ કર્યા વિના હટાવવો જોઈએ. પ્રારંભિક સીબીઆઈ તપાસ દરમિયાન એકત્રિત થયેલા પુરાવા વન અધિકારીઓ અને શિકારીઓ વચ્ચે મિલીભગત તરફ નિર્દેશ કરે છે, એમ ગોવિંદ જીએ રજૂઆત કરી. આ ગંભીર પ્રારંભિક તારણો હોવા છતાં, આ તપાસ સાત વર્ષથી યથાવત છે.

## પુણેમાં શિવાજી મહારાજની પ્રતિમા હટાવવાથી વિરોધ પ્રદર્શનો શરૂ; વહીવટીતંત્રે ફરીથી માળખું સ્થાપિત કર્યું

નવી દિલ્હી : પુણેમાં સરકારી કાર્યાલયમાંથી છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા હટાવવા સામે અનેક સ્થાનિક સંગઠનોએ ભારે વિરોધ નોંધાવ્યો છે, જેના કારણે અધિકારીઓએ સોમવાર સાંજ સુધીમાં તેને તેના મૂળ સ્થાન પર ફરીથી સ્થાપિત કરવાની ફરજ પડી છે. શુક્રવાર પેઠમાં તહસીલદારની કચેરીના પરિસરમાં આવેલી આ પ્રતિમાને શનિવારે ઉતારી લેવામાં આવી હતી કારણ કે વહીવટીતંત્રે કચેરીને નવી જગ્યાએ ખસેડવાની તૈયારી કરી હતી. વિરોધીઓએ દલીલ કરી હતી કે આ પ્રતિમા એક વારસાગત સ્થળનો ભાગ છે અને અધિકારીઓ પર યોગ્ય પરવાનગી વિના કામ કરવાનો આરોપ લગાવ્યો હતો. શિવસેના (UBT) પુણે એકમના પ્રમુખ સંજય મોરેએ આ નિર્ણય પર સવાલ ઉઠાવતા પૂછ્યું કે શું પ્રતિમા હટાવતા પહેલા ફરજિયાત પરવાનગીઓ લેવામાં આવી હતી. બાદમાં અનેક સંગઠનો તહસીલદારની કચેરીની બહાર ભેગા થઈને પોતાનો વાંધો ઉઠાવવા લાગ્યા.

## કર્ણાટકમાં કાળિયારના મોતનો આંકડો ૩૧ પર પહોંચ્યો; અધિકારીઓને નજીકના ગામડાઓમાં રોગચાળો ફેલાવાની આશંકા

નવી દિલ્હી : ભૂતરામનહટ્ટી ગામમાં આવેલા કિત્તુર ચેન્નમ્મા મીની પ્રાણી સંગ્રહાલયના શાંત મેદાનમાં એક દુઃખદ ઘટના બની છે, કારણ કે મંગળવાર સુધીમાં તેના સુંદર કાળિયારના મૃત્યુની સંખ્યા ૩૧ થઈ ગઈ છે. એક સમયે આ લુપ્તપ્રાય કાળિયારના ચપળ કૂદકાઓથી ભરેલું જીવંત વિસ્તાર હવે શંકાસ્પદ ચેપી રોગચાળાના છાયા હેઠળ આવી ગયું છે, જેના કારણે બેલાગવી જિલ્લામાં ઊંડી ચિંતા ફેલાઈ ગઈ છે. પ્રાણી સંગ્રહાલયના ૩૮ કાળિયારમાંથી ૩૧ માત્ર ચાર ભયાનક દિવસોમાં મૃત્યુ પામ્યા હોવાથી, અધિકારીઓને ડર છે કે એક ખતરનાક શત્રુ - કદાચ હેમોરેજિક સેપ્ટિસેમિયા (HS) અથવા ભયાનક ગઠ્ઠો ત્વચા રોગ - ટોળામાં શાંતિથી ફેલાઈ રહ્યો છે. ઝડપી ઘટાડાથી ગભરાઈને, કર્ણાટક પ્રાણી સંગ્રહાલય ઓથોરિટીએ એક સલાહકાર જારી કરીને આસપાસના સમુદાયોને સતર્ક રહેવા વિનંતી કરી છે. અધિકારીઓ ચેતવણી આપે છે કે આ ખતરો પ્રાણી સંગ્રહાલયની સીમાઓથી આગળ ફેલાઈ શકે છે અને નજીકના ગામડાઓમાં પશુધનને જોખમમાં મૂકી શકે છે, કારણ કે બંને રોગો ઝડપથી શાકાહારી પ્રાણીઓને અસર કરી શકે છે.

## બેંક છેતરપિંડી કેસ : EDએ દુબઈમાં ૫૧ કરોડ રૂપિયાના એપાર્ટમેન્ટ જપ્ત કર્યા

નવી દિલ્હી : ફેડરલ તપાસ એજન્સીના ભોપાલ ઝોનલ ઓફિસે સોમવારે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ સંપત્તિઓ જપ્ત કરવા માટે એક કામચલાઉ આદેશ જારી કર્યો હતો. આ તપાસ એડવાન્ટેજ ઓવરસીઝ પ્રાઈવેટ લિમિટેડ, તેના ડિરેક્ટરો, ગેરંટરો અને સંબંધિત લોકો, જેમાં તેના મુખ્ય ડિરેક્ટર/નોંધપાત્ર લાભાર્થી માલિક શ્રીકાંત ભાસીનો સમાવેશ થાય છે, દ્વારા કરવામાં આવેલા બેંક છેતરપિંડી સાથે સંબંધિત છે, જેના કારણે સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાને ૧,૨૬૬.૬૩ કરોડ રૂપિયાનું ખોટું નુકસાન થયું હતું, EDએ એક નિવેદનમાં જણાવ્યું હતું. ૫૧.૭૦ કરોડ રૂપિયાની કિંમતની જપ્ત કરાયેલી મિલકતો ભાસીની છે અને તેમણે તેમની પુત્રીને ભેટમાં આપી હતી. આ સંપત્તિઓ સેન્ચુરિયન રેસિડેન્સ - દુબઈ ઇન્વેસ્ટમેન્ટ પાર્ક સેકન્ડ, દુબઈ સિલિકોન ઓએસિસ, લિવા હાઇટ્સ, બિઝનેસ બે અને વર્લ્ડ ટ્રેડ સેન્ટર રેસિડેન્સમાં સ્થિત છે, એમ તેમાં જણાવાયું છે. આ મિલકતો બેંક છેતરપિંડી કેસમાંથી પ્રાપ્ત થયેલા ગુનામાંથી પ્રાપ્ત કરવામાં આવી હતી જ્યાં ભોપાલમાં SBI શાહપુરા શાખાને ૧,૨૬૬.૬૩ કરોડ રૂપિયાનું ખોટું નુકસાન થયું હતું, એમ તેમાં જણાવાયું છે.

## ટોચના માઓવાદી હિડમાની હત્યા પાછળ, ભાગલા, વિશ્વાસઘાત અને કઠોર શિકારની વાર્તા...

નવી દિલ્હી : ભારતના સૌથી ભયાનક માઓવાદી કમાન્ડરોમાંના એક માડવી હિડમાની હત્યા દેશમાં ડાબેરી ઉગ્રવાદના શબપેટીમાં છેલ્લો ખીલો ઠોકવા સમાન છે. આ માઓવાદીઓ માટે એક મોટો આંચકો છે અને તે મહિનામાં નંબલા કેશવ રાવ ઉર્ફે બસવરાજની હત્યા અને ઓક્ટોબરમાં મલ્લોજુલા વેણુગોપાલ રાવ (ઉર્ફે ભૂપતિ) ના આત્મસમર્પણ પછી આવ્યો છે. અહેવાલ મુજબ, હિડમા સાથે માર્યા ગયેલા લોકોમાં તેમની પત્ની રાજે અને કેટલાક નજીકના અનુયાયીઓ હતા. આ એન્કાઉન્ટર અલ્લુરી સીતારામ રાજુ અને સુકમા જિલ્લાઓ વચ્ચે થયું હતું. ભારતમાં ડાબેરી ઉગ્રવાદ (LWE)ના પતનની શરૂઆત ૨૦૨૧માં CPI (માઓવાદી) કેન્દ્રીય સમિતિના સભ્ય મિલિંદ તેલતુંબડેની હત્યા સાથે થઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નક્સલ-મુક્ત ભારત માટે સંકલ્પ લેતા જ એક પછી એક તીવ્ર કાર્યવાહી શરૂ થઈ હતી. બળવાખોરો વિરોધી કાર્યવાહી દરમિયાન માઓવાદીઓ મોટી સંખ્યામાં આત્મસમર્પણ કરી રહ્યા છે, માત્ર મૃત્યુથી ડરતા નથી, પરંતુ મુખ્યત્વે એક ક્રાંતિ પ્રત્યેનો તેમનો મોહભંગ હોવાથી જે હવે તેઓ સમજી રહ્યા છે કે ક્યારેય નહીં આવે. છત્તીસગઢ-આંધ્રપ્રદેશ સરહદ પર સુરક્ષા દળો દ્વારા મોટો ફટકો એક પેટર્ન અનુસરે છે.

## મહારાષ્ટ્ર રાજકારણ : ભાજપમાં સામેલ થવાના કારણે શિવસેનાના મંત્રીઓ કેબિનેટ બેઠકમાં ગેરહાજર રહેતા મહાયુતિમાં તિરાડ વધુ ગાઢ બની

નવી દિલ્હી : મહારાષ્ટ્ર નાગરિક ચૂંટણીઓ પહેલા મહાયુતિ ગઠબંધનમાં તિરાડો ઊભી થઈ હોય તેવું લાગે છે, જેમાં શિવસેનાના મોટાભાગના મંત્રીઓએ મંગળવારે સાપ્તાહિક કેબિનેટ બેઠકમાં ગેરહાજર રહેવાનો નિર્ણય લીધો હતો, જે સ્પષ્ટપણે રાજ્યના કેટલાક ભાગોમાં સાથી ભાજપ દ્વારા સેનાના નેતાઓ અને કાર્યકરોને સામેલ કરવા કારણે થઈ હતી. શિવસેનાના મંત્રી પ્રતાપ સરનાઈકે સ્વીકાર્યું કે પાલઘર, થાણે અને અન્ય જિલ્લાઓમાં (ભાજપ દ્વારા) કરવામાં આવેલા ઇન્ડક્શન પર નારાજગી હતી, જ્યારે તેમના પક્ષના સાથી ઉદય સામંતે દાવો કર્યો કે કોઈ અસંતોષ નથી અને કહ્યું કે મંત્રીઓએ બેઠકનો બહિષ્કાર કર્યો નથી. સરનાઈકે જણાવ્યું હતું કે, પાર્ટીના વડા અને નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળ સેનાના મંત્રીઓએ બાદમાં મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે આ મુદ્દા પર ચર્ચા કરવા માટે બેઠક યોજી હતી અને મહાયુતિના સાથી પક્ષોએ એકબીજાના નેતાઓ, પદાધિકારીઓ અથવા પૂર્વ કોર્પોરેટરોને સામેલ કરવાથી દૂર રહેવાનો નિર્ણય લઈને ઉકેલ શોધી કાઢવામાં આવ્યો હતો.

## શ્રીનગર પોલીસ (પહેલા પાનાનું ચાલુ)

શફી પર્રેએ દિવસનો મોટાભાગનો સમય પોલીસ સ્ટેશનમાં વિતાવ્યો, જો કે, તે શુક્રવારની નમાઝ માટે તેના ઘરે અને તેની મસ્જિદમાં આવતો જતો હતો. સાંજે તે ચા પીવા ઘરે આવ્યો, બાદમાં તે ગરમ કપડાં લેવા અને ફરીથી પોલીસ સ્ટેશન જતા પહેલા રાત્રિભોજન કરવા ઘરે આવ્યો હતો. તેની પુત્રીએ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ તેને ફોન કર્યો, પૂછ્યું કે તે ક્યારે પાછો આવશે. ત્યારે તેણે તેણીને કહ્યું કે, તે એક કલાકમાં પાછો આવશે. વીસ મિનિટ પછી શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનની અંદર એક મોટો વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં નવ લોકોનાં મોત થયા હતા, જેમાં પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ત્રણ-ત્રણ કર્મચારીઓ, બે મહેસૂલ અધિકારીઓ અને પેરે, જે આ ટીમ સાથે સંકળાયેલા હતા તેમનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓએ જપ્ત કરેલ વિસ્ફોટક સામગ્રીના નમૂના લઈ રહ્યા હતા ત્યારે 'આકસ્મિક વિસ્ફોટ' થયો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસના ડીજી નલિન પ્રભાતે કહ્યું કે, આ ઘટનાના કારણ અંગે અન્ય કોઈપણ અટકળો બિનજરૂરી છે, તેમણે વિસ્ફોટ હુમલાને કારણે થયો હોવાની શક્યતાને નકારી કાઢી છે. કાશ્મીરમાં પોલીસ સ્ટેશનો માટે પડોશમાં ઇલેક્ટ્રિશિયન, લાઇનમેન અને દરજીઓની સેવાઓનો ઉપયોગ કરવો અસામાન્ય નથી. જો કે, હાઈ-પ્રોફાઇલ કેસમાં સંવેદનશીલ વિસ્ફોટકોનો સામનો કરવા માટે નાગરિકને નોકરી પર રાખવું અસામાન્ય નથી. આ વિસ્ફોટ પછી પેરેનો પરિવાર તેમના ઘરથી લગભગ ૩૦૦ મીટર દૂર પોલીસ સ્ટેશન દોડી ગયો. આખું પોલીસ સ્ટેશન આગમાં લપેટાઈ ગયું હતું. બિલાલ અહમદ પેરે યાદ કરે છે, મારા મનમાં ફક્ત મારા પિતાની ચિંતા હતી. તેમણે પોલીસ સ્ટેશનના સળગતા પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ અધિકારીઓએ તેમને અટકાવ્યા. ઘણા ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હોવાથી પેરેના પરિવારે તેમને ઘણી ખાનગી તેમજ સરકારી સુવિધાઓમાં શોધ્યા. ૧૫ નવેમ્બરની સવારે જ્યારે તેઓ જમ્મુ અને કાશ્મીર પોલીસના કંટ્રોલ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમની શોધખોળનો અંત આવ્યો હતો. સવારે લગભગ ૫:૩૦ વાગ્યે એક પોલીસ વાહન પીસીઆરની બહાર આવ્યું અને મોહમ્મદ શફી પેરેના પરિવાર વિશે પૂછ્યું. તેઓએ તેમને તેમના નામની રસીદ પરથી ઓળખી કાઢ્યા. તેમને તે તેમના શરીરના ખિસ્સામાંથી મળી આવી હતી. દરજીનો મૃતદેહ ઓળખી શકાયો ન હતો. તેમનો મૃતદેહ સંપૂર્ણપણે બળી ગયો હતો અને તેમના પગ ગાયબ હતા. નૌગામના શંકરપોરા વાંભલ વિસ્તારમાં પેરેનું ઘર ઓળખવું મુશ્કેલ નથી. યુવાન શોકસતો અને વૃદ્ધ સંબંધીઓ તેમના ઘરની બહાર ભેગા થાય છે અને તેઓ પેરે ખૂબ સારી રીતે ઓળખતા હતા. એક યુવકે કહ્યું કે, તે એવી વ્યક્તિ હતી જે કોઈને પણ મદદ કરવા હંમેશા તૈયાર રહેતા પણ તેને મદદ કરતો. શફી પેરે આ વિસ્તારમાં ઘણી ભૂમિકાઓ ભજવી હતી. મસ્જિદમાં સ્વયંસેવક હોવા ઉપરાંત પેરે એક બાંધણી આપનારનું કામ પણ કરતો અને મૃતકોને અંતિમ ધાર્મિક સ્નાન કરાવતો. તેઓ કહે છે કે, અમારા આખા વિસ્તારમાં જો કોઈ મૃત્યુ પામે તો તે કફન સીવતો હતો. તેના પરિવાર માટે એકમાત્ર કમાનાર, પેરેના પરિવારમાં તેની પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. તેમના કોઈપણ બાળકો પરિણીત નથી અને તેમાંથી કોઈ હજુ સુધી સ્થાયી થયું નથી. દરજીના મોટા ભાઈ મોહમ્મદ યુસુફ પર્રેએ કહ્યું કે, પેરેએ નાની ઉંમરે જ ટેલરિંગ શીખવાનું શરૂ કરી દીધું હતું.

# 'પાયાવિહીન, ઉશ્કેરણીજનક' : ચૂંટણી પંચ પર પ્રહારો કરવા બદલ રાહુલ ગાંધી, કોંગ્રેસની ઝાટકણી કાઢતાં પૂર્વ અધિકારીઓ અને જજ

### રાહુલ ગાંધીએ પાઠવેલા એક ખુલ્લા પત્રમાં પૂર્વ રાજદૂતો અને ભારતીય સેનાના અધિકારીઓ સહિત સિવિલ સોસાયટીના ૨૭૨ જેટલા સભ્યોએ 'મતચોરી'ના પાયા વગરના દાવાઓ કરીને ચૂંટણી પંચનું અપમાન અને અવહેલના કરી રહ્યાનો કોંગ્રેસના સાંસદ ઉપર આક્ષેપ મૂક્યો

(એજન્સી) તા.૧૯

એક સંયુક્ત નિવેદનમાં આ ૨૭૨ હસ્તીઓએ જણાવ્યું હતું કે રાહુલે 'અવિશ્વસનીય રીતે અભદ્ર વાણી'નો ઉપયોગ કરીને 'મત ચોરી'ના આરોપો સાથે વારંવાર ચૂંટણી પંચ પર હુમલો કર્યો હતો. તેમ છતાં, આવા ઘૃણાસ્પદ આરોપો છતાં, તેમના દ્વારા બિન-પ્રમાણિત આરોપો લગાવવા અને જાહેર સેવકોને તેમની ફરજ બજાવતા ધમકાવવા બદલ તેમની જવાબદારીથી બચવા માટે, નિર્ધારિત સોગંદનામા સાથે કોઈ ઔપચારિક ફરિયાદ દાખલ કરવામાં આવી નથી. ૨૭૨ પ્રતિષ્ઠિત હસ્તીઓ દ્વારા લખાયેલા એક ખુલ્લા પત્રમાં ચૂંટણી પંચ પ્રત્યે કોંગ્રેસની ટીકાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સંસ્થાઓ સામે કાવતરા આધારિત વાણી-વર્તનનો અંત લાવવા વિનંતી કરવામાં આવી છે. ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને સિદ્ધિઓ પર પ્રશ્ન ઉઠાવીને અને ન્યાયતંત્રની નિષ્પક્ષતા, સંસદ અને તેના બંધારણીય કાર્યકર્તાઓ પર પ્રશ્ન ઉઠાવીને તેમને કલંકિત કરવાના પ્રયાસો પછી, હવે ચૂંટણી પંચની પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા પર આયોજિત હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. આ પસંદગીયુક્ત આક્રોશ તેમના તકવાદને ઉજાગર કરે છે. અમે રાજકીય નેતાઓને બંધારણીય પ્રક્રિયાનો આદર કરવા, પાયાવિહોણા આરોપો દ્વારા નહીં પરંતુ નીતિગત અભિવ્યક્તિ દ્વારા સ્પર્ધા કરવા અને લોકશાહી ચુકાદાઓને સૌજન્યથી સ્વીકારવા હાકલ કરીએ છીએ.

રાહુલ ગાંધીએ અનેકવાર ચૂંટણી પંચ પર મતદાનમાં છેતરપિંડીના ગંભીર આરોપો લગાવ્યા છે. ત અંગે ૨૦૦થી વધુ નિવૃત્ત ન્યાયાધીશો, અમલદારો, પૂર્વ સૈન્ય અધિકારીઓ અને રાજદ્વારીઓના એક જૂથે મુખ્ય વિપક્ષી પાર્ટીના 'વોટ ચોરી' અભિયાન હેઠળ ચૂંટણી પંચ પરના તેમના ગંભીર આરોપો માટે કોંગ્રેસ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીની ટીકા કરી છે. આ જૂથે એક ખુલ્લો પત્ર પ્રકાશિત કરીને જણાવ્યું છે કે આ આરોપો 'સંસ્થાકીય કટોકટીના વેશમાં રાજકીય હતાશાને ઢાંકવાનો પ્રયાસ છે'. આ પત્ર પર સહી કરનારા ૨૭૨ લોકોમાં ૧૬ નિવૃત્ત ન્યાયાધીશો, ૧૨૩ પૂર્વ અમલદારો, ૧૩૩ નિવૃત્ત સૈન્ય અધિકારીઓ અને ૧૪ પૂર્વ રાજદૂતોનો સમાવેશ થાય છે.

**આ પત્રમાં લખ્યું છે કે, :** અમે, નાગરિક સમાજના વરિષ્ઠ નાગરિકો, અમારી ગંભીર ચિંતા વ્યક્ત કરીએ છીએ કે ભારતની લોકશાહી બળ દ્વારા નહીં, પરંતુ તેની પાયાની સંસ્થાઓ તરફ નિર્દેશિત અયોગ્ય હુમલાઓ દ્વારા સંચાલિત કરવામાં આવી રહી છે. કેટલાક રાજકીય નેતાઓ, સાચા નીતિગત વિકલ્પો પ્રદાન કરવાને બદલે,



તેમની નાટકીય રાજકીય વ્યૂહરચનામાં ઉશ્કેરણીજનક પરંતુ અપ્રમાણિત આરોપોનો આશરો લે છે. ભારતીય સશસ્ત્ર દળોની બહાદુરી અને સિદ્ધિઓ પર પ્રશ્ન ઉઠાવીને અને ન્યાયતંત્રની નિષ્પક્ષતા, સંસદ અને તેના બંધારણીય કાર્યકર્તાઓ પર પ્રશ્ન ઉઠાવીને તેમને કલંકિત કરવાના તેમના પ્રયાસો પછી, હવે ભારતના ચૂંટણી પંચની પ્રામાણિકતા અને પ્રતિષ્ઠા પર હુમલાઓ કરવામાં આવી રહ્યા છે. કોંગ્રેસે ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યો છે કે તે કથિત મતદાન છેતરપિંડીને સરળ બનાવવા માટે શાસક ભાજપ સાથે મળીને કામ કરી રહ્યું છે. ભાજપ અને ચૂંટણી પંચે આ આરોપોને ફગાવી દીધા છે. આ પત્રમાં ગાંધીની ટીકા કરતા કહેવામાં આવ્યું છે કે તેમણે વારંવાર ચૂંટણી પંચ પર હુમલો કર્યો છે અને જાહેર કર્યું છે કે તેમની પાસે પુરાવા છે કે ચૂંટણી પંચ મત ચોરીમાં સામેલ છે. આ પત્રમાં કોંગ્રેસના નેતાની 'એટમ બોમ્બ' ટિપ્પણીને 'અવિશ્વસનીય રીતે અભદ્ર વાણી' ગણાવવામાં આવી છે. આવા ઘૃણાસ્પદ આરોપો છતાં, તેમના દ્વારા બિનસત્તાવાર આરોપો લગાવવા અને જાહેર સેવકોને તેમની ફરજ બજાવતા ધમકાવવા બદલ તેમની જવાબદારીથી બચવા માટે, નિર્ધારિત સોગંદનામા સાથે, કોઈ ઔપચારિક ફરિયાદ દાખલ કરવામાં આવી નથી.

'વધુમાં, કોંગ્રેસ અને અન્ય રાજકીય પક્ષોના અનેક વરિષ્ઠ નેતાઓ, ડાબેરી NGO, વૈચારિક રીતે અભિપ્રાય ધરાવતા વિદ્વાનો અને જીવનના અન્ય ક્ષેત્રોમાં ધ્યાન ખેંચનારા કેટલાક લોકો SIR વિરૂદ્ધ આવા જ ઉગ્ર વાણી-વર્તન કરે છે અને જાહેર કર્યું છે કે કમિશન 'ભાજપની B-ટીમ' તરીકે કામ કરી રહ્યું છે. આવા વાણી-વર્તન ભાવનાત્મક રીતે શક્તિશાળી હોઈ શકે છે-પરંતુ તે ચકાસણી હેઠળ ટકી શકતા નથી કારણ કે ECIએ તેની SIR પદ્ધતિ જાહેરમાં શેર કરી છે, કોર્ટ દ્વારા મંજૂર કરાયેલા માધ્યમો દ્વારા ચકાસણીનું નિરીક્ષણ કર્યું છે, અનુપાલનકારી રીતે અયોગ્ય નામો દૂર કર્યા છે અને નવા પાત્ર મતદારો ઉમેર્યા છે. આ સૂચવે છે કે આ આરોપો સંસ્થાકીય કટોકટીના વેશમાં રાજકીય હતાશાને ઢાંકવાનો પ્રયાસ છે. ખુલ્લા પત્રમાં કહેવામાં આવ્યું છે કે કોંગ્રેસના નેતાઓનું વર્તન 'નપુંસક ક્રોધ'-અને વારંવાર ચૂંટણી નિષ્ફળતા અને હતાશાથી જન્મેલા ઊંડા ગુસ્સાને લોકો સાથે ફરીથી જોડાવાની કોઈ નક્કર યોજના વિના' તેમનું વર્તન પ્રતિબિંબિત કરે છે. જ્યારે રાજકીય નેતાઓ સામાન્ય નાગરિકોની આકાંક્ષાઓથી દૂર થઈ જાય છે, ત્યારે તેઓ તેમની વિશ્વસનીયતા ફરીથી બનાવવાને બદલે સંસ્થાઓ પર પ્રહાર કરે છે. નાટકો વિશ્લેષણનું સ્થાન લે છે. જાહેર તમાશો જાહેર સેવાનું સ્થાન લે છે. વિડંબના એ છે કે જ્યારે અમુક રાજ્યોમાં ચૂંટણી પરિણામો અનુકૂળ હોય છે જ્યાં વિપક્ષ-સંચાલિત રાજકીય પક્ષો સરકાર બનાવે છે, ત્યારે ચૂંટણી પંચની ટીકા થતી નથી.

## પંજાબ પાસે પાણી જ નથી, યમુના નદીનું પાણી શું કામ હરિયાણા તરફ વાળી ન શકાય ? ભગવંત માન

### ઉત્તર ઝોનલ કાઉન્સિલ બેઠકમાં મુખ્યમંત્રી માન દ્વારા પાણી તથા ચંદીગઢ અને પિયત જેવા મુદ્દાઓ અંગે જ રજૂઆતો કર્યા બાદ અને ચિંતા વ્યક્ત કર્યા બાદ કેન્દ્ર સરકારે પંજાબને લગતી ૧૧ મહત્ત્વની બાબતો કાઉન્સિલને પરત કરી અને કેન્દ્ર દ્વારા નિર્ણય મુલતવી રખાયો

(એજન્સી) ચંદીગઢ તા.૧૯

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે સોમવારે મળેલી ઉત્તર ઝોનલ કાઉન્સિલની બેઠક દરમિયાન ચર્ચા અને રજૂઆતોનો ભાગ બનેલા પંજાબને લગતા ૧૧ મુદ્દાઓ અત્યારે આગામી નિર્ણય સુધી મુલતવી રાખવાનું કેન્દ્ર સરકારે નક્કી કર્યું છે અને માટે સંમત થઈ છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે કાઉન્સિલની ફરીદાબાદ ખાતેની બેઠકમાં ૨૮ મુદ્દાઓ એજન્ડા પર ચર્ચા માટે હતા તેમાંથી ૧૧ પંજાબને લગતા હતા. ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષસ્થાને બેઠક મળી હતી. મોટાભાગના મુદ્દાઓ બંને રાજ્ય વચ્ચે જળ વિતરણ કરવા અંગેના હતા. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે પંજાબને લગતી મોટાભાગની બાબતો ઉપર યથાવતી સ્થિતિ અત્યારે જાળવી રાખવાનો ગૃહમંત્રીએ આદેશ આપ્યો હતો. આ મુદ્દાઓમાં ચંદીગઢના વહીવટી તંત્ર માટે સ્ટાફનું પ્રમાણ તેમજ અન્ય સંસ્થાઓમાં કર્મચારીઓના પ્રમાણ સહિતના મુદ્દાઓ સામે હતા જે કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટી માટે મુલતવી રાખવામાં આવ્યા છે. માને કહ્યું હતું કે હિમાચલ સરકારે નવેસરથી દાવો કર્યો છે અને કહ્યું છે કે અનુગામી રાજ્ય તરીકે ચંદીગઢના સ્ટાફમાં તેનો સાત ટકા સ્ટાફ હોવો જોઈએ. મુખ્યમંત્રી કહ્યું હતું કે પંજાબની સરહદ સાથે જોડાયેલા દરેક રાજ્ય કોઈને કોઈ બાબતે પંજાબ પાસેથી જ બધી સંમતિ અને સ્વીકારી લેવાનો આગ્રહ રાખી રહ્યા છે પણ પંજાબના હિતો વિશે અને આ સરહદી રાજ્યના હિત વિશે કોઈ વિચારણા કરતું નથી. કાઉન્સિલની બેઠકમાં દરેક રાજ્ય પંજાબને મોટો ભાઈ કહે છે પણ તે દરેકને પંજાબ પાસેથી જ કંઈક ને કંઈક જોઈએ છે. મારો મત એવો છે કે નાના ભાઈઓએ પણ સમૃદ્ધ બનવું જોઈએ પણ મોટાભાઈનો તો નાશ કરવો જોઈએ નહીં. એટલે મેં પંજાબ ને લગતા અને તેના હિતના સંખ્યાબંધ મુદ્દાઓ મજબૂતી સાથે રજૂ કર્યા હતા. પંજાબ યુનિવર્સિટી સિન્ડિકેટની પૂર્ણ રચના કરવાના કેન્દ્રના પ્રયાસો સામે પણ મેં ચિંતા દર્શાવી હતી એવું કહેતા મુખ્યમંત્રીએ દર્શાવ્યું હતું કે વિદ્યાર્થીઓના વિરોધ પછી અત્યારે આ પ્રક્રિયા અટકાવી દેવાય હતી અને પાછી ખેંચી લેવામાં આવી છે. પંજાબી યુનિવર્સિટી સેનેટ અને સિન્ડિકેટની ચૂંટણીના કાર્યક્રમ કેન્દ્ર ટૂંક સમયમાં જાહેર કરશે એવી



અમને અપેક્ષા છે. મુખ્યમંત્રી કયું હતું હરિયાણાએ સતલજ યમુના લિન્ક કેનાલમાંથી પાણી આપવા માટે બેઠકમાં માંગણી કરી હતી જેની સામે અમે અમારો જોરદાર વિરોધ વ્યક્ત કર્યો હતો. હું ચંદીગઢ ઉપરના પંજાબના અધિકાર અંગેની વાત કરવા માટે બેઠકમાં ગયો હતો પણ મને આશ્ચર્ય એ થયું હતું કે હિમાચલ સરકાર એવો દાવો કરે છે કે જલ્દી કરતા સ્ટાફમાં એમનો ૭% હિસ્સો હોવો જોઈએ. મુખ્યમંત્રી ઉમેર્યું કે મોટાભાગના મુદ્દા અત્યારે યથાવત સ્થિતિમાં રાખવામાં આવ્યા છે અને સ્ટાફનો મુદ્દો પંજાબ અને હરિયાણા બંને માટે કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટીને મોકલવામાં આવ્યો છે અને તેના અહેવાલ બાદ આખરી નિર્ણય લેવાઈ શકે છે. તેમણે કહ્યું હતું કે સતલજ યમુના લિંક કેનાલનો લાંબા ગાળાનો ઉકેલ એ જ છે કે ચિનાબ નદીના પાણીનો પ્રવાહ પંજાબ તરફ વાળવામાં આવે. પાકિસ્તાન સાથેની સિંધુ નદી જળ વિતરણનો કરાર તો હવે રહ્યો નથી એટલે પંજાબ અને નદીના સ્ત્રાવ ક્ષેત્રના રાજ્યોને ચિનાબનું પાણી આપવું જોઈએ. તેમણે કહ્યું હતું કે જ્યારે પંજાબ પાસે પાણી ન હોય તો એ હરિયાણાને કેવી રીતે આપશે? યમુના નદીનું પાણી શું કામ હરિયાણા તરફ વાળવામાં આવતું નથી અને સતલજ યમુના લિન્ક કેનાલને યમુના સતલજ લિંક કેમ બનાવવામાં આવતી નથી એવો તેમણે સવાલ કર્યો હતો.

## ટ્રમ્પ સઉદી અરેબિયાને F-35 જેટ કેમ ભેટ આપી રહ્યા છે ?

### ડોનાલ્ડ ટ્રમ્પે સઉદી અરેબિયાને F-35 જેટના વેચાણને મંજૂરી આપવાની જાહેરાત કરીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા, અત્યાર સુધી, ઇઝરાયેલ મધ્ય પૂર્વમાં એકમાત્ર દેશ છે જેની પાસે જેટ છે. ટ્રમ્પના આ પગલા પાછળ શું છે ?

(એજન્સી) તા.૧૯

મધ્ય પૂર્વના શક્તિ સંતુલનમાં એક નવો અધ્યાય ખુલી રહ્યો છે. અત્યાર સુધી, ઇઝરાયેલ મધ્ય પૂર્વમાં એકમાત્ર એવો દેશ છે જે અદ્યતન યુએસ-નિર્મિત F-35 ફાઇટર જેટનો દાવો કરે છે. જોકે, તેની હવાઈ સર્વોપરિતા ટૂંક સમયમાં તેના પ્રથમ વાસ્તવિક પડકારનો સામનો કરી શકે છે, જેમાં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સઉદી અરેબિયાને F-35 જેટ વેચવાનો નિર્ણય લીધો છે. રસપ્રદ વાત એ છે કે, ઇઝરાયેલે હજુ સુધી આ પગલાનો વિરોધ કર્યો નથી. તેની પાછળ એક વ્યૂહાત્મક તક રહેલી છે જે જોખમો કરતાં વધુ હોઈ શકે છે. સઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS)ના અમેરિકામાં પગ મૂક્યાના કલાકો પહેલા - સાત વર્ષમાં તેમની પ્રથમ મુલાકાત - ટ્રમ્પે જાહેરાત કરી હતી કે તેઓ આરબ રાષ્ટ્રને F-35 જેટના વેચાણને મંજૂરી આપશે. ટ્રમ્પે સોમવારે વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારોને જણાવ્યું હતું કે, 'હું તે કરવાની યોજના બનાવી રહ્યો છું. તેઓ તેમને ખરીદવા માંગે છે. તેઓ એક મહાન સાથી રહ્યા છે,'. વિશ્વનું સૌથી અદ્યતન ફાઈટર જેટ માનવામાં આવતું F-35, સ્ટીલ્થ ટેક્નોલોજીથી બનેલું છે જે તેને દુશ્મનની શોધથી બચવા દે છે.

**ટ્રમ્પ સઉદીને F-35 જેટ કેમ વેચી રહ્યા છે :** જોકે, ટ્રમ્પ માસ્ટર સેલ્સમેન છે તે ધ્યાનમાં લેતા, તે વ્યર્થ નહોતું. યુએસ રાષ્ટ્રપતિએ આ વર્ષે ઈરાનના પરમાણુ સ્થળો પર યુએસ મિસાઈલ હુમલામાં મદદ કરવા માટે સઉદી અરેબિયાને શ્રેય આપ્યો હતો. ટ્રમ્પને ખબર હતી કે તેઓ શું કરી રહ્યા છે. સઉદી અરેબિયાને અમેરિકાનું સૌથી અદ્યતન ફાઇટર જેટ વેચવાથી તેલ અવીવને નુકસાન થયું હતું, એક એવો દેશ જેની સાથે ઇઝરાયેલના સંબંધો વણસેલાછે. હકીકતમાં, સઉદી અરેબિયા અને ઇઝરાયેલ વચ્ચે ક્યારેય ઔપચારિક રાજદ્વારી સંબંધો નહોતા. જોકે, ટ્રમ્પના આ પગલા પાછળ એક મોટી યોજના હોવાનું જણાય છે. વિશ્લેષકો અને નિષ્ણાતો માને છે કે ટ્રમ્પ F-35ના વેચાણનો ઉપયોગ સઉદી અરેબિયાને ઇઝરાયેલ સાથેના સંબંધો સામાન્ય બનાવવા માટે સમજાવવા માટે કરી શકે છે. મોટું ઈનામ સઉદી અરેબિયાને અબ્રાહમ કરારમાં જોડાવાનું છે, જેણે ઇઝરાયેલ અને કેટલાક આરબ રાજ્યો (યુએઈ, બહેરીન, મોરોક્કો અને સુદાન) વચ્ચે રાજદ્વારી સંબંધોને સામાન્ય બનાવ્યા હતા. સઉદી અરેબિયા આ કરારનો ભાગ નથી, જે ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન ૨૦૨૦માં હસ્તાક્ષર કરવામાં આવ્યો હતો. ટ્રમ્પના સુકાનમાં પાછા ફર્યા પછી, તેમણે અબ્રાહમ કરારના વિસ્તરણને તેમના મુખ્ય લક્ષ્યોમાંનું એક બનાવ્યું છે અને કદાચ તેમના



મંત્રીમંડળમાં બીજી સ્વ-ઘોષિત 'શાંતિ ટ્રોફી' ઉમેરશે. ૨૦૨૫ના ઈન્કાર પછી તેમની નજર ૨૦૨૬ના નોબેલ શાંતિ પુરસ્કાર પર નિશ્ચિતપણે ટકેલી છે. ટ્રમ્પના F-35ના પગલા સામે ઇઝરાયેલે વાંધો ઉઠાવ્યો નથી તે હકીકત સૂચવે છે કે તે બે વર્ષના ગાઝા યુદ્ધ પછી વ્યાપક રાજદ્વારી પ્રયાસો અને આરબ દેશોને તેના પક્ષમાં લેવા માટે ખુલ્લું છે. અમેરિકા ઉપરાંત, પેલેસ્ટીની એક્લેવમાં તેલ અવીવ દ્વારા વ્યાપક માનવાધિકાર ઉલ્લંઘનના આરોપો વચ્ચે ઇઝરાયેલ મિત્રો અને સાથીઓ વિકસાવવા માટે સંઘર્ષ કરી રહ્યું છે. આમ, સઉદી અરેબિયા જેવા આર્થિક પાવરહાઉસને તેની બાજુમાં રાખવું એ મધ્ય પૂર્વ ક્ષેત્રમાં શ્રેષ્ઠ લશ્કરી પ્રભુત્વ કરતાં વધુ મજબૂત છે. અમેરિકાએ હંમેશા ઇઝરાયેલ માટે તેના વધુ અદ્યતન શસ્ત્રો અનામત રાખ્યા છે, ખાતરી કરી છે કે તેલ અવીવ અન્ય આરબ રાષ્ટ્રો કરતાં 'ગુણાત્મક લશ્કરી ધાર' જાળવી રાખે છે. યુએસ-સઉદી સંબંધોમાં પુનઃસ્થાપન વચ્ચે આ નીતિમાં હવે મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે, જે ૨૦૧૮માં પત્રકાર અને સઉદી ટીકાકાર જમાલ ખાશોગીની હત્યા કરવામાં બાદ, કથિત રીતે સાઉદી એજન્ટો દ્વારા કરવામાં આવી હતી, તૂટી પડ્યો હતો. શું સઉદી અરેબિયા અબ્રાહમ કરારમાં જોડાવા માટે સંમત થશે તેની કોઈ ગેરંટી નથી. સઉદી અરેબિયાએ એવો આગ્રહ જાળવી રાખ્યો છે કે પેલેસ્ટીની રાજ્ય બનવાનો ગેરંટીકૃત માર્ગ કરારમાં જોડાવા માટે પૂર્વશરત હતી. જોકે, ઇઝરાયેલે સતત આવા પગલાનો વિરોધ કર્યો છે. ટ્રમ્પ દ્વારા સઉદી અરેબિયાને આપવામાં આવેલા પ્રસ્તાવનો એક સબપ્લોટ પણ છે. અમેરિકાએ સઉદી અરેબિયાને F-35 જેટ પહેલા ન આપવા પાછળનું એક મુખ્ય કારણ એ છે કે તેની સંવેદનશીલ ટેક્નોલોજી ચીન સુધી પહોંચી શકે છે. સઉદી અરેબિયા એવા થોડા આરબ દેશોમાંનો એક છે જેમના ચીન સાથે સારા સંબંધો છે. હવે, સઉદી અરેબિયાને તેના શ્રેષ્ઠ-ઇન-ક્લાસ જેટ ઓફર કરીને, ટ્રમ્પ આરબ રાષ્ટ્રને ચીનના ક્ષેત્રમાંથી દૂર રાખવાની આશા રાખે છે.

## IIT દિલ્હી ભારતની ટોચની સંસ્થા, ત્યારબાદ IIT બોમ્બે, ખડગપુર બીજા ક્રમે : QS સસ્ટેનેબિલિટી રેન્કિંગ

### આ વર્ષે ૨૬ નવી એન્ટ્રીઓ સાથે ભારત ફક્ત ચાર ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાંની એક છે જેમાં ૧૦૦થી વધુ યુનિવર્સિટીઓ રેન્કિંગમાં સ્થાન ધરાવે છે

(એજન્સી) તા.૧૯

મંગળવારે જાહેર કરાયેલ QS વર્લ્ડ યુનિવર્સિટી સસ્ટેનેબિલિટી રેન્કિંગ અનુસાર, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) દિલ્હી ભારતની શ્રેષ્ઠ ક્રમાંકિત સંસ્થા છે, ત્યારબાદ IIT બોમ્બે અને IIT ખડગપુર આવે છે. ૨૦૨૩માં રન્કિંગની સ્થાપના થયા પછી સ્વીડનમાં લુન્ડ યુનિવર્સિટીએ પ્રથમ વખત ટોચનું સ્થાન મેળવ્યું છે. યુનિવર્સિટી ઓફ ટોરોન્ટો ૨૦૨૪ અને ૨૦૨૫માં વિશ્વમાં શ્રેષ્ઠ રહી હતી અને હવે તે બીજા સ્થાને આવી ગઈ છે, ત્યારબાદ યુકેમાં UCL આવે છે, જે બે સ્થાન ઉપર ચઢીને ત્રીજા સ્થાને પહોંચી ગઈ છે. આ વર્ષે ૨૬ નવી એન્ટ્રીઓ સાથે, ભારત ફક્ત ચાર ઉચ્ચ શિક્ષણ પ્રણાલીઓમાંની એક છે જેમાં ૧૦૦થી વધુ યુનિવર્સિટીઓ રેક્કિંગમાં સ્થાન ધરાવે છે. લંડન સ્થિત QSએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભારતની ૧૦૩ યુનિવર્સિટીઓમાંથી, ૩૨ યુનિવર્સિટીઓએ આ વર્ષે તેમના રેન્કિંગમાં સુધારો કર્યો છે, ૧૫ ગયા વર્ષ જેટલો જ ક્રમ જાળવી રાખ્યો છે અને ૩૦ યુનિવર્સિટીઓ નીચે ઉતરી છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી દિલ્હી ફરી એકવાર ભારતની શ્રેષ્ઠ પ્રદર્શન કરતી સંસ્થા છે, જે આ વર્ષે ૨૦૫મા ક્રમે છે. જોકે, સંસ્થાનો એકંદર સ્કોર પાછલા પુનરાવર્તન કરતા વધારે છે,'. તેમાં ઉમેર્યું હતું કે, 'આ વર્ષે રેક્કિંગમાં સ્થાન મેળવનાર ૧૫ IIT પૈકી, ૨૦૨૫ના પુનરાવર્તનની તુલનામાં ૨૦૨૬માં છ યુનિવર્સિટીઓએ તેમના રેક્કિંગમાં સુધારો કર્યો છે. IIT દિલ્હીએ A IIT પૈકીની એક છે જેણે ત્રણ વર્ષ પહેલાંના પ્રારંભિક રેક્કિંગ પછી નોંધપાત્ર પ્રગતિ કરી છે,'. આ રેક્કિંગના ૨૦૨૬ના પુનરાવર્તનમાં ઘણી ભારતીય યુનિવર્સિટીઓએ તેમનો અત્યાર સુધીનો સર્વોચ્ચ સ્કોર હાંસલ કર્યો છે, જેમાં ટોચની ૭૦૦ યુનિવર્સિટીઓમાં નવનો સમાવેશ થાય છે. વેલ્લોર ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી; IIT રૂરકી; શૂલિની યુનિવર્સિટી ઓફ બાયોટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ સાયન્સ; લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી; પંજાબ યુનિવર્સિટી; બનારસ હિન્દુ યુનિવર્સિટી; નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (NIT), રૂરકેલા; IIT, BHU અને UPESએ ટોચની ૭૦૦ યુનિવર્સિટીઓમાં સ્થાન મેળવનાર ભારતીય યુનિવર્સિટીઓ છે જેમણે આ વર્ષે પોતાનો સર્વોચ્ચ રેક્ક પ્રાપ્ત કર્યો છે. QSના CEO જેસિકા ટર્નરે જણાવ્યું કે, 'એકંદરે, ભારતીય યુનિવર્સિટીઓ જ્ઞાન વિનિમય અને પર્યાવરણીય ટકાઉપણામાં શ્રેષ્ઠ છે. ઉચ્ચ શિક્ષણ પ્રણાલીમાં કેટલાક ઉત્કૃષ્ટ વ્યક્તિગત પ્રદર્શન પણ છે, ખાસ કરીને IIT અને દિલ્હી યુનિવર્સિટી જેવી સંસ્થાઓમાં. આ રેક્કિંગમાં આબોહવા પરિવર્તન સામેની લડાઈમાં ઉચ્ચ શિક્ષણની ભૂમિકા પ્રકાશિત કરવામાં આવી છે. ટકાઉ વિકાસમાં ભારતની ભૂમિકાને ઓછી આંકી શકાય નહીં,'. ટર્નરે ઉમેર્યું કે, 'તેના મહત્ત્વાકાંક્ષી નવીનીકરણીય ઉર્જા લક્ષ્યો અને SDGs પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા સાથે, ખાસ કરીને ગ્લોબલ સાઉથમાં વિકાસની આસપાસ, મજબૂત સંશોધન ક્ષમતાઓ અને લીલા કૌશલ્યોની જરૂર પડશે. ટકાઉ ભવિષ્ય માટે જરૂરી પ્રતિભા અને નવીનીકરણ બંને પ્રદાન કરવા માટે ભારતીય યુનિવર્સિટીઓને સમર્થન મળતું રહે તે મહત્ત્વપૂર્ણ છે,'.

## મરાઠવાડામાં ખેડૂતોની આત્મહત્યા : ૧૦ મહિનામાં ૮૯૯ કેસ, પૂર-વરસાદથી તીવ્ર વધારો

(એજન્સી) તા.૧૯

મહારાષ્ટ્રના મરાઠવાડા પ્રદેશમાં કૃષિ સંકટની ગંભીરતા દર્શાવતા ભયાનક આંકડાઓ સામે આવ્યા છે. આ વર્ષે જાન્યુઆરીથી ઓક્ટોબર સુધીના ૧૦ મહિનાના ગાળામાં કુલ ૮૯૯ ખેડૂતોએ આત્મહત્યા કરી છે. છત્રપતિ સંભાજીનગર ડિવિઝનલ કમિશનરની ઓફિસ દ્વારા સંકલિત સત્તાવાર ડેટા અનુસાર, આ આત્મહત્યાના ૫૩૭ કેસ તો ફક્ત છ મહિનાના પૂર અને ભારે વરસાદના સમયગાળા દરમિયાન જ નોંધાયા છે. આ આંકડાઓ મરાઠવાડાના આઠ જિલ્લાઓ - છત્રપતિ સંભાજીનગર, જાલના, નાંદેડ, પરભણી, હિંગોલી, લાતુર, બીડ અને ધારાશિવમાં વ્યાપક કૃષિ તકલીફોને રેખાંકિત કરે છે. ખાસ કરીને, બીડ અને છત્રપતિ સંભાજીનગર જિલ્લામાં સૌથી વધુ સંખ્યામાં આત્મહત્યાઓ નોંધાઈ છે. વરસાદ અને પૂરને કારણે ફક્ત પાકનું નુકસાન જ નહીં, પરંતુ અન્ય ગંભીર નુકસાન પણ થયું છે. ૧ મેથી ૩૧ ઓક્ટોબર દરમિયાન ભારે વરસાદ અને પૂરને કારણે ૧૨ લોકોનાં મોત થયા, ૧,૩૦૦થી વધુ ઘરોને નુકસાન થયું અને ૩૫૭ પશુધનનું મૃત્યુ થયું (૨૦ સપ્ટેમ્બર સુધીના આંકડા). રાજ્ય સરકારે રાહત માટે રૂા. ૩૨,૦૦૦ કરોડનું પેકેજ જાહેર કર્યું છે. કૃષિ રાજ્ય મંત્રી આશિષ જયસ્વાલે કહ્યું કે વહીવટીતંત્ર આ કટોકટીનો ગંભીરતાથી સામનો કરી રહ્યું છે. તેમણે દાવો કર્યો કે સરકાર વિવિધ યોજનાઓ અને પ્રોત્સાહનો દ્વારા ખેડૂતો પર લગભગ રૂા.૧ લાખ કરોડ ખર્ચી રહી છે-જે કૃષિ વિભાગના વાર્ષિક બજેટ (રૂા. ૨૩,૦૦૦ કરોડ) કરતાં ઘણું વધારે છે. તેમણે આગામી સમયમાં સીધી નાણાકીય સહાય વધારવા અને નિયંત્રિત ખેતીની પદ્ધતિઓ તથા સુધારેલા પાક પેટર્ન સહિતના લાંબા ગાળાના માળખાકીય ઉકેલો તૈયાર કરવાની પણ વાત કરી. જોકે, ખેડૂત નેતા અને પૂર્વ સાંસદ રાજુ શેટ્ટીએ સરકારના વળતરને અપૂરતું ગણાવ્યું છે. તેમણે કહ્યું કે સતત પાક નિષ્ફળતાએ ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. ઉદાહરણ તરીકે, એક બનાના બગીચાના માલિકે પૂરને કારણે રૂ. ૨૫ લાખનું નુકસાન (લગભગ ૧૦૦ ટન ઉત્પાદન) સહન કર્યું, પરંતુ તેને માત્ર રૂા.૨૫,૦૦૦નું નજીવું વળતર મળ્યું. શેટ્ટીએ ભારપૂર્વક જણાવ્યું કે "ઘટનાઓની આ શૃંખલાએ મરાઠવાડાના ખેડૂતોના મનોબળને સંપૂર્ણપણે તોડી નાખ્યું છે." ખેડૂત સહાય હેલ્પલાઇન 'શિવર'ના સ્થાપક વિનાયક હેગનાએ સરકારને તાત્કાલિક અસરકારક પગલાં લેવા વિનંતી કરી છે. તેમણે મરાઠવાડાના આબોહવા સંબંધિત સંકટને COVID-19 પ્રતિભાવ જેટલી ગંભીરતાથી લેવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

## CBSE ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા પેટર્ન ૨૦૨૬ : થિયરી અને પ્રાયોગિક ગુણની ફાળવણી જાહેર

(એજન્સી) તા.૧૯

CBSE (સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન)એ ધો.૧૦ અને ૧૨ની વર્ષ ૨૦૨૬ની બોર્ડ પરીક્ષાઓ માટે ગુણની વહેંચણીની વિગતો જાહેર કરી છે. આ વિગતોમાં થિયરી, પ્રાયોગિક પરીક્ષાઓ, પ્રોજેક્ટ કાર્ય અને આંતરિક મૂલ્યાંકન (Internal Assessment - IA) વચ્ચે ગુણનું વિભાજન દર્શાવવામાં આવ્યું છે.

**મુખ્ય જાહેરાતો :**

- **પ્રાયોગિક પરીક્ષાની તારીખો :** ધો.૧૦ અને ૧૨ની પ્રાયોગિક પરીક્ષાઓ ૧લી જાન્યુઆરી, ૨૦૨૬થી શરૂ થઈને ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સમાપ્ત થશે.
- **સર્ક્યુલર અને માર્ક્સ વિતરણ :** બોર્ડે તેની સત્તાવાર વેબસાઈટ cbse.gov.in પર ગુણ વિતરણ માટે એક સર્ક્યુલર (પરિપત્ર) બહાર પાડ્યો છે. શાળાઓ મૂલ્યાંકન દરમિયાન ભૂલો ન કરે તે માટે આ માર્ગદર્શિકાઓનું કાળજીપૂર્વક પાલન કરવું આવશ્યક છે.
- **ગુણનું માળખું :** સત્તાવાર પરિપત્ર મુજબ, દરેક વિષયના કુલ ૧૦૦ ગુણ હોય છે, જે થિયરી, પ્રાયોગિક, પ્રોજેક્ટ કાર્ય અને આંતરિક મૂલ્યાંકન (IA)માં વિભાજિત થાય છે. બોર્ડે વિષયવાર વિભાજન પણ આપ્યું છે, જેમાં વર્ગ, વિષય કોડ, મૂલ્યાંકન પેટર્ન અને મૂલ્યાંકનકર્તા માટેની સૂચનાઓ છે.
- **ભૂલો સુધારવા માટે ચેતવણી :** બોર્ડે અવલોકન કર્યું છે કે, શાળાઓ પ્રાયોગિક/પ્રોજેક્ટ/આંતરિક મૂલ્યાંકનના ગુણ અપલોડ કરતી વખતે ભૂલો કરે છે. તેથી શાળાઓને કડક સૂચના આપવામાં આવી છે કે, તેઓ આ પરિપત્રનું સખતપણે પાલન કરે અને પછીથી ભૂલો સુધારવા માટે કોઈ વિનંતી ન કરે.

**NCERT પુસ્તકો અંગે ચેતવણી :**

CBSEએ વિદ્યાર્થીઓ અને વાલીઓને માત્ર અસલી નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT) પુસ્તકો ખરીદવા વિનંતી કરી છે. બોર્ડે ચેતવણી આપી છે કે, નકલી પુસ્તકો ઓછી કિંમતે વેચાઈ રહ્યા છે, જેમાં ખામીયુક્ત પ્રિન્ટિંગ ગુણવત્તા અને સામગ્રીની ભૂલો હોઈ શકે છે. બોર્ડે તમામ સંલગ્ન શાળાઓને સૂચના આપી છે કે, તેઓ આ અંગે વાલીઓને જાણ કરે અને ખાતરી કરે કે માત્ર અધિકૃત NCERT પાઠ્યપુસ્તકોનો જ ઉપયોગ થાય.

# AIMIM પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં લઘુમતી પ્રભુત્વ ધરાવતી બેઠકો પરથી ચૂંટણી લડશે

**ન્યુઝ ગા પોઈન્ટ**

**કોઈ લઘુમતી પોતાની સરકાર ન બનાવી શકે. ફક્ત લઘુમતી સમાજના મત મેળવવાથી ફક્ત કોર્પોરેટર કે નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાઈ શકાય અથવા વધુમાં વધુ ૩-૪ ધારાસભ્ય ચૂંટાય પરંતુ કોઈ કાળે સરકાર કે સરકારમાં ભાગીદારી ન કરી શકાય. આવા સંજોગોમાં કોઈ બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષ કે જે લઘુમતી તેમજ બહુમતી સમાજના લોકોના મત મેળવી શકતો હોય અને દરેક સમાજને સાથે લઈ ભાઈચારા તેમજ એકતાનો સંદેશ લઈ કામ કરતો હોય તેવા રાજકીય પક્ષને જ સમાજે અપનાવી લેવો જોઈએ બાકી ન્યુસન્સ વેલ્યુ ધરાવતા રાજકારણીઓ પૈસા ભેગા કરવા છેલ્લી પાટલીએ બેસી જતાં હોય છે. જો કોઈ વ્યક્તિને ફક્ત મુસ્લિમના જ મત જોઈતા હશે તો તે બૂમો પાડીને હિન્દુની વિરુદ્ધ પ્રવચન કરશે અને આમ કરવાથી પોતાને અંગત રીતે ભલે ફાયદો થાય પરંતુ અન્ય ૯૫% બેઠકો બગાડે કારણ કે, આમ કરવાથી કોમવાદી પરિબળોને પ્રોત્સાહન મળે. જે ઉમેદવાર ફક્ત અને ફક્ત મુસ્લિમ સમાજના મત ઉપર આધાર રાખતો હશે તો તે લોકોને ઉશ્કેરવા અન્ય ધર્મ કે અન્ય સમાજ માટે અપશબ્દો વાપરી શકે કારણ કે આવા ન્યુસન્સ વેલ્યુ ધરાવતા લોકોને ખબર હોય છે કે તેઓ ક્યારે સત્તામાં તો આવી શકવાના નથી પરંતુ કોઈ બિનસાંપ્રદાયિક રાજકીય પક્ષને હરાવી પૈસા ભેગા કરવામાં જ રાજી હોઈ શકે. જો હિન્દુ બહુમતીવાળા વિસ્તારમાં પણ પોતે ઉમેદવારો ઊભા કરે તો ખબર પડે કે પોતે સૌને સાથે લઈ ચાલી શકતા નથી અને લોકો તેમને બિનસાંપ્રદાયિક વ્યક્તિ તરીકે સ્વીકારવા તૈયાર નથી. શું સમાજ જાગશે ?**

(એજન્સી) કોલકાતા, તા.૧૯

અસદુદ્દીન ઓવૈસીની ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM)એ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહી છે અને પશ્ચિમ બંગાળના બે લઘુમતી પ્રભુત્વ ધરાવતા જિલ્લાઓ માલદા અને મુર્શિદાબાદમાં તેના સંગઠનાત્મક પાયા મજબૂત કરવાનું શરૂ કરી દીધું છે. પાર્ટીનું ખાસ ધ્યાન માલદા પર છે. AIMIMના રાજ્ય નેતૃત્વએ જિલ્લામાં પ્રચાર પ્રક્રિયા શરૂ કરવા માટે માલદામાં પાર્ટીના બ્લોક પ્રમુખો અને બ્લોક ઉપપ્રમુખોના નામોની જાહેરાત કરવાનું શરૂ કરી દીધું છે. આગામી વર્ષે યોજાનારી મહત્ત્વપૂર્ણ વિધાનસભા ચૂંટણીમાં રાજ્યના પસંદગીના લઘુમતી પ્રભુત્વ ધરાવતા મતવિસ્તારોમાંથી ઉમેદવારોને મેદાનમાં ઉતારવા માટેનું આ એક પગલું છે. AIMIMના માલદા જિલ્લા પ્રમુખ રેઝાયુલ કરીમના જણાવ્યા અનુસાર પાર્ટીનું રાજ્ય નેતૃત્વ એ રાજ્યના જિલ્લાના તમામ ૧૨ વિધાનસભા મતવિસ્તારોમાંથી ઉમેદવારો ઊભા રાખવાનો વિશ્વાસ ધરાવે છે. રાજ્ય સ્તરે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ શાસિત વર્તમાન શાસનમાં ભ્રષ્ટાચારનો મુદ્દો ઊઠાવવામાં આવશે, જ્યારે જિલ્લા-સ્તરનો મુદ્દો માલદા

### આ પક્ષનું ખાસ ધ્યાન માલદા પર છે

જિલ્લામાં સામાજિક માળખાગત સુવિધાઓની નબળી સ્થિતિનો હશે. તેમણે કહ્યું કે, રાજ્ય પક્ષનું નેતૃત્વ માલદામાં અન્ય પક્ષોમાંથી મતદારોને AIMIM તરફ વાળવાનો વિશ્વાસ ધરાવે છે. આ દરમિયાન પાર્ટીના એક રાજ્ય નેતાએ જણાવ્યું હતું કે, માલદા ઉપરાંત પાર્ટી માલદા-અડીને આવેલા અને લઘુમતી પ્રભુત્વ ધરાવતા મુર્શિદાબાદ જિલ્લાના પસંદગીના વિધાનસભા મતવિસ્તારોમાંથી પણ ઉમેદવારો ઊભા રાખવાની યોજના ધરાવે છે. જો કે, મુર્શિદાબાદમાં વિધાનસભા મતવિસ્તારોની ચોક્કસ સંખ્યા અંગે હજુ સુધી નિર્ણય લેવામાં આવ્યો નથી પણ AIMIM ૨૦૨૬માં તેના ઉમેદવારો ઊભા કરશે. ભૂતકાળમાં પણ તૃણમૂલ કોંગ્રેસના નેતૃત્વએ AIMIM પર હુમલો કર્યો હતો અને લઘુમતી મતોનું વિભાજન કરીને ચૂંટણીમાં ભાજપની કઠપૂતળી તરીકે કામ કરવાનો આરોપ મૂક્યો હતો. જો કે, પશ્ચિમ બંગાળમાં રાજ્યના AIMIMના નેતા નબીઉલ અન્સારીએ રાજ્ય શાસક પક્ષના આરોપોને નકારી કાઢ્યા છે. તેમના મતે કોઈપણ ચૂંટણીમાં પાર્ટી એવા મતવિસ્તારોમાંથી ઉમેદવારો ઊભા રાખે છે જ્યાં જીતની શક્યતા હોય છે અને ૨૦૨૬ની પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીમાં આ જ સિદ્ધાંત લાગુ પડશે.

# ગેંગસ્ટર અનમોલ બિશ્નોઈને ભારત લાવવામાં આવ્યો, દિલ્હીમાં NIAની ટીમે ધરપકડ કરી

**અમેરિકાએ પ્રત્યાર્પણ કર્યા બાદ બુધવારે દિલ્હી આવી ગયેલા ગેંગસ્ટરને બાબા સિદ્દીકી, સિધુ મુસેવાલાની હત્યા સહિતના કેસોમાં વિધિવત ધરપકડ કરીને પૂછપરછ માટે લઈ જવાયો**

(એજન્સી) તા.૧૯

ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈના નાના ભાઈ અને અનેક ગંભીર ગુનાઓમાં વોન્ટેડ અનમોલ બિશ્નોઈને અમેરિકાથી ભારત લાવવામાં આવ્યો છે અને તેની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું કે, એનસીપીના નેતા બાબા સિદ્દીકીની હત્યાના કેસમાં વોન્ટેડ અનમોલ બિશ્નોઈને અમેરિકામાંથી દેશનિકાલ કરીને દિલ્હી લાવવામાં આવ્યો છે, જ્યાં તેની ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેને સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવશે.



**મુખ્ય ગુનાઓમાં વોન્ટેડ :**

અમેરિકાના હોમલેન્ડ સિક્યોરિટી ડિપાર્ટમેન્ટ (DHS) દ્વારા બાબા સિદ્દીકીના પરિવારને એક ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવી હતી કે, અનમોલ બિશ્નોઈને 'નવેમ્બર ૧૮, ૨૦૨૫ના રોજ ફેડરલ સરકાર દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાંથી હટાવી દેવામાં આવ્યો છે.'

**ખુંખાર અપરાધી અનમોલ બિશ્નોઈએ અમેરિકામાં પ્રવેશવા માટે ભાનુપ્રતાપના નામના બનાવટી પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો, ગયા વર્ષે નવેમ્બરમાં કેલિફોર્નિયા ખાતે તેની ધરપકડ કરવામાં આવી હતી : ભારતમાં તેણે આચરેલા અપરાધો માટે નહીં પણ ગેરકાયદે અમેરિકામાં પ્રવેશ બદલ તેની ધરપકડ કરાઈ હતી, મહારાષ્ટ્રની એક કોર્ટે બિનજામીન લાયક વોરંટ બહાર પાડ્યા બાદ ઈન્ટરપોલે રેડ કોર્નર નોટિસ જારી કરી હતી**

અનમોલ બિશ્નોઈ પર ભારતમાં અનેક ક્રિમિનલ કેસ નોંધાયેલા છે અને તેનું દેશનિકાલ એક મોટી સફળતા માનવામાં આવે છે. તે પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની હત્યા (મે ૨૦૨૨) અને એનસીપી નેતા તથા મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી બાબા સિદ્દીકીની હત્યા (ઓક્ટોબર ૨૦૨૪) સહિતના અનેક ગુનાઓમાં વોન્ટેડ છે. ઉલ્લેખનીય છે કે, બાંદ્રા, મુંબઈમાં બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી.

અનમોલ બિશ્નોઈ પર આ વર્ષે એપ્રિલમાં બોલીવુડ અભિનેતા સલમાન ખાનના ઘરની બહાર થયેલા ગોળીબાર પાછળનો મુખ્ય આરોપી હોવાનો પણ આરોપ છે. તેણે ફેસબુક પર આ ગોળીબારની જવાબદારી લીધી હતી.

**વિદેશમાં સંચાલન અને ધરપકડ :**

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ની 'મોસ્ટ વોન્ટેડ'ની યાદીમાં અનમોલનું નામ સામેલ છે અને તેની ધરપકડ તરફ દોરી જાય તેવી માહિતી આપનાર માટે રૂા.૧૦ લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર અનમોલ બનાવટી પાસપોર્ટ પર દેશમાંથી ભાગી ગયો હતો. તે નેપાળ પછી દુબઈ, કેન્યા અને અંતે અમેરિકા પહોંચ્યો હતો.

તે પંજાબના ફાઝિલ્કાનો રહેવાસી છે અને તે તેના ભાઈ લોરેન્સ બિશ્નોઈનો મુખ્ય ઓવરસીઝ હેન્ડલર હતો. તે એન્ક્રિપ્ટેડ ચેનલો દ્વારા ખંડણી રેકેટનું નિર્દેશન, ધમકીઓ આપવા અને ગુનાહિત કાર્યોનું સંકલન કરતો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં તેની અટકાયત કરવામાં આવી હતી, ત્યારબાદ દેશનિકાલની કાર્યવાહી શરૂ થઈ હતી.

અનમોલ વિરુદ્ધ લગભગ ૧૮ કેસ નોંધાયેલા છે. મૂસેવાલા હત્યા કેસમાં પણ તેના પર વિદેશમાંથી ષડ્યંત્રનું સંકલન કરવા અને હુમલાખોરો માટે હથિયારો તથા લોજિસ્ટિક સપોર્ટની વ્યવસ્થા કરવાનો આરોપ છે.

# દિલ્હી બ્લાસ્ટની તપાસ વચ્ચે અલ-ફલાહ યુનિવર્સિટીના ૧૦ 'ગુમ' વિદ્યાર્થીઓ અને ડોક્ટરો ક્યાં ગયા ?

(એજન્સી) તા.૧૯

ફરીદાબાદ સ્થિત અલ ફલાહ યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૧૦ લોકો ગુમ થયા છે, જેમાં વિદ્યાર્થીઓ અને ડોક્ટરોનો સમાવેશ થાય છે. દિલ્હીમાં ૧૦મી નવેમ્બરના બ્લાસ્ટની તપાસ ચાલી રહી છે તેવા સમયે જ આ બનાવ પ્રકાશમાં આવતાં ખળભળાટ મચી ગયો છે. ગુપ્તચર સૂત્રોને શંકા છે કે, આ લોકો ફરીદાબાદ ટેરર મોડ્યુલ સાથે જોડાયેલા હોઈ શકે છે.

**મુખ્ય વિગતો :**

- **ગુમ થયેલા લોકો :** સુરક્ષા સૂત્રોને ટાંકીને આવેલા અહેવાલો મુજબ ફરીદાબાદની ધૌજ સ્થિત અલ ફલાહ યુનિવર્સિટીમાંથી ઓછામાં ઓછા ૧૦ લોકો ગુમ થયા છે.
- **ગુમ થયેલા લોકોનો ખુલાસો :** ગુમ થયેલા લોકોમાં ડોક્ટરો અને વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, જેમાંથી ત્રણ જમ્મુ-કાશ્મીરના રહેવાસી છે.
- **કનેક્શનની શંકા :** જો કે, ગુમ થયેલા લોકોનો લાલ કિલ્લાના બ્લાસ્ટ સાથે સીધો સંબંધ હોવાની પુષ્ટિ થઈ નથી, પરંતુ ગુપ્તચર સૂત્રો માને છે કે, તેઓ ફરીદાબાદ ટેરર મોડ્યુલનો ભાગ હોઈ શકે છે.
- **તપાસમાં બહાર આવી ઘટના :** જમ્મુ-કાશ્મીર અને હરિયાણાની પોલીસ ટીમોના સંયુક્ત ઓપરેશન દરમિયાન આ લોકો ગુમ થયાની જાણ થઈ હતી. તેમના ફોન સ્વીચ ઓફ આવી રહ્યા છે.
- **અગાઉની ધરપકડ :** આ સંયુક્ત તપાસ ટીમે દિલ્હી બ્લાસ્ટ પહેલા ડૉ.મુઝમ્મિલ શકીલ અને ડૉ.શાહીન શાહિદની ધરપકડ કરી હતી. આ બંને અલ ફલાહ યુનિવર્સિટીમાં કામ કરતા હતા, જ્યારે લાલ કિલ્લાના બ્લાસ્ટને અંજામ આપનાર ડૉ.ઉમર ઉન નબી પણ આ જ સંસ્થામાં અભ્યાસ કરતો હતો.

**ED દ્વારા યુનિવર્સિટીના ચેરમેનની ધરપકડ :**

- **મની લોન્ડ્રિંગ કેસ :** મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)એ અલ ફલાહ ગ્રુપના ચેરમેન જવાદ અહેમદ સિદ્દીકીની મની લોન્ડ્રિંગના આરોપમાં ધરપકડ કરી છે.
- **રેડ અને તપાસ :** EDએ ફરીદાબાદ યુનિવર્સિટી સહિત ગ્રુપ સાથે જોડાયેલા મુખ્ય વ્યક્તિઓના દિલ્હીમાં આવેલા નિવાસસ્થાનો સહિત કુલ ૧૮ સ્થળો પર દરોડા પાડ્યા હતા.




- **નાણાકીય ગેરરીતિ :** ED રૂા.૪૧૫ કરોડના નાણાકીય માર્ગની તપાસ કરી રહી છે, જે યુનિવર્સિટી દ્વારા નકલી UGC માન્યતા અને NAAC માન્યતાના નામે વિદ્યાર્થીઓ અને જનતાને ગેરમાર્ગે દોરીને ગેરકાયદેસર રીતે મેળવવામાં આવ્યા હતા. એજન્સીને શંકા છે કે, આ નાણાકીય માર્ગ ગલ્ફ દેશો સહિત વિદેશમાં જઈ શકે છે.
- **કસ્ટડી :** EDએ કોર્ટને જાણ કરી હતી કે, તેના નજીકના સંબંધીઓ ગલ્ફ દેશોમાં રહેતા હોવાથી સિદ્દીકી કોઈપણ સમયે દેશમાંથી ભાગી શકે છે. આ રજૂઆત બાદ EDને તેની ૧લી ડિસેમ્બર સુધી કસ્ટડી મળી છે.

# સુપ્રીમ કોર્ટે આર.જી. કર કેસમાં વિરોધ કરી રહેલા ડોક્ટરો માટે 'સંપૂર્ણ સુરક્ષા' આપવાનો ઈન્કાર કર્યો

**કોર્ટે કહ્યું કે, આ કેસ અલગ-અલગ હાથ ધરવામાં આવી રહ્યો છે અને સંકેત આપ્યો છે કે, તે એકીકૃત દેખરેખ માટે તમામ સંબંધિત બાબતોને કલકત્તા હાઈકોર્ટમાં મોકલી શકે છે**

(એજન્સી) તા.૧૯

સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું કે, તે આર.જી. કર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં એક તાલીમાર્થી ડોક્ટર પર બળાત્કાર અને હત્યાના વિરોધમાં ભાગ લેતા ડોક્ટરોને રક્ષણ આપવા માટે 'સંપૂર્ણ આદેશો' જારી કરી શકે નહીં અને ચેતવણી આપી કે આવા નિર્દેશો પોલીસની કામગીરીમાં દખલગીરી સમાન હશે. જસ્ટિસ એમ.એમ. સુંદરેશ અને સતીશ ચંદ્ર શર્માની બેન્ચે જણાવ્યું હતું કે, આ કેસ અલગ હાથ ધરવામાં આવી રહ્યો છે અને સંકેત આપ્યો છે કે, તે એકીકૃત દેખરેખ માટે તમામ સંબંધિત મુદ્દાઓને કલકત્તા હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરવા માંગે છે.

બેન્ચે અવલોકન કર્યું કે, અમે ઘણી બધી બાબતોમાં ઝઝૂમી રહ્યા છીએ અને આનો કોઈ અંત નથી. કલકત્તા હાઈકોર્ટ માટે વિરોધ પ્રદર્શનોનું નિરીક્ષણ કરવું સરળ છે. શું આપણા માટે દિલ્હીમાં બેસીને કોલકાતામાં વિરોધ પ્રદર્શનોનું નિરીક્ષણ કરવું શક્ય છે ? જુનિયર અને સિનિયર ડોક્ટરોના સંગઠન વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કરૂણા નુન્ડીએ કરેલી દલીલોનો જવાબ આપતા કોર્ટે કહ્યું કે, તે પોલીસ સત્તાને પ્રતિબંધિત કરી શકે નહીં. અમે ડોક્ટરોનું રક્ષણ કરવા માટે સંપૂર્ણ આદેશો કેવી રીતે પસાર કરી શકીએ ? પોલીસને તમને બોલાવવાનો અધિકાર છે. વરિષ્ઠ વકીલ કરૂણા નુન્ડીએ આરોપ લગાવ્યો હતો કે, વિરોધ કરી રહેલા ડોક્ટરોને વારંવાર બોલાવવામાં આવે છે અને પોલીસ દ્વારા હેરાન કરવામાં આવે છે.

કોર્ટે નંદીને કલકત્તા હાઈકોર્ટ સમક્ષ હાલમાં પેન્ડિંગ તમામ બાબતોનું એકીકૃત ટેબલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો. શિયાળાના વિરામ પછી આ કેસની સુનાવણી કરવામાં આવશે.

ગયા વર્ષે ૯ ઓગસ્ટના રોજ કોલકાતા હોસ્પિટલના સેમિનાર રૂમમાં તાલીમાર્થી ડોક્ટરનો મૃતદેહ મળી આવ્યો હતો. બીજા દિવસે નાગરિક સ્વયંસેવક સંજય રોયની ધરપકડ કરવામાં આવી હતી અને આ વર્ષે ૨૦ જાન્યુઆરીના રોજ કોલકાતાની એક કોર્ટે તેમને 'મૃત્યુ સુધી' આજીવન કેદની સજા ફટકારી હતી. આ હત્યાથી દેશવ્યાપી આક્રોશ અને પશ્ચિમ બંગાળમાં લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનો થયા હતા.



દોષિત ઠેરવ્યા પછી પણ સુપ્રીમ કોર્ટે આનુષંગિક મુદ્દાઓ પર દેખરેખ રાખવાનું ચાલુ રાખ્યું છે, જેમાં લાંબા સમય સુધી વિરોધ પ્રદર્શનને કારણે ગેરકાયદેસર ગેરહાજરી ધરાવતા ડોક્ટરોને નિયમિત કરવાનો સમાવેશ થાય છે. અગાઉ તેણે આ બાબતનું સ્વ-સંજ્ઞાન લીધું હતું અને ગયા વર્ષે ૨૦ ઓગસ્ટના રોજ આરોગ્યસંભાળ વ્યાવસાયિકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રોટોકોલની ભલામણ કરવા માટે રાષ્ટ્રીય કાર્યદળ (NTF)ની સ્થાપના કરી હતી.

નવેમ્બરમાં NTFએ અહેવાલ આપ્યો હતો કે, તબીબી વ્યાવસાયિકોના રક્ષણ માટે એક અલગ કેન્દ્રીય કાયદો બિનજરૂરી છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે, ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ હેઠળ રાજ્ય-સ્તરના કાયદા અને જોગવાઈઓ પર્યાપ્ત છે. તેમાં નોંધ્યું હતું કે, ૨૪ રાજ્યોમાં પહેલાથી જ આરોગ્યસંભાળ કર્મચારીઓ સામે હિંસાને સંબોધવા માટે સમર્પિત કાયદો છે. કલકત્તા હાઈકોર્ટે પોલીસ તપાસ પર અસંતોષ વ્યક્ત કર્યા પછી શરૂઆતમાં કોલકાતા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસ ૧૩ ઓગસ્ટના રોજ CBIને ટ્રાન્સફર કરવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે ૧૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ ઔપચારિક રીતે સુપરવાઈઝરી અધિકારક્ષેત્ર સંભાળ્યું હતું.

# એક દંત ચિકિત્સક એપલ એન્જિનિયર બન્યો, માત્ર ૧૧ વર્ષમાં તેની કારકિર્દી બદલી નાખી, ખૂબ જ રસપ્રદ વાર્તા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારતમાં, મેડિકલ કે એન્જિનિયરિંગ ડિગ્રીને સૌથી સુરક્ષિત કારકિર્દી માનવામાં આવે છે. અંશુલ ગાંધીએ પણ આવું જ વિચારીને ૨૦૧૩માં ડેન્ટલ કોલેજમાંથી સ્નાતક થયા. તેઓ દંત ચિકિત્સક તરીકે પોતાની કારકિર્દી શરૂ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર હતા, પરંતુ ટૂંક સમયમાં જ તેમને ખ્યાલ આવી ગયો કે આ તે નોકરી નથી જે તેઓ તેમના બાકીના જીવન માટે કરવા માંગતા હતા. રૂટ કેનાલ કરતી વખતે અને ડેન્ટર્સ ડિઝાઈન કરતી વખતે તેમને ખાલીપણું અનુભવાયું. પછી, તેમના આંતરિક અવાજ સાંભળીને, તેમણે નિર્ણય લીધો. તેમણે તબીબી વિજ્ઞાનમાં સુરક્ષિત નોકરી છોડી દીધી અને ટેક્નોલોજીની અનિશ્ચિત દુનિયામાં પ્રવેશવા માટે તૈયાર થયા. આ નિર્ણય સરળ નહોતો, પરંતુ કોડિંગ પ્રત્યેના તેમના બાળપણના જુસ્સાને યાદ કરીને, તેમણે C++ અને જાવા જેવી પ્રોગ્રામિંગ ભાષાઓ શીખવાનું શરૂ કર્યું. આ તેમની નવી સફર શરૂ થઈ, જેના કારણે તેઓ વિશ્વની સૌથી મોટી ટેક કંપની, એપલ તરફ દોરી ગયા. AI એન્જિનિયર અંશુલ ગાંધીની સફળતાની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. તેમનો BDS અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી, અંશુલ ગાંધીએ સામાન્ય માર્ગ અપનાવ્યો નહીં. તેમણે ક્લિનિક ખોલ્યો નહીં. તેના બદલે, તેમણે ભારતમાં ડેટા વિશ્લેષક તરીકે નોકરી લીધી. આના કારણે તેમનો પ્રોગ્રામિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સાથે જોડાણ થયું. આ એવો સમય હતો જ્યારે AI આજના જેટલું લોકપ્રિય નહોતું, પરંતુ અંશુલ તેમાં ભવિષ્ય જોતો હતો. પોતાના ટેકનિકલ આધારને મજબૂત કરવા માટે, તે ૨૦૧૬માં હ્યુસ્ટન, યુએસએ ગયો અને બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સમાં માસ્ટર ડિગ્રી



મેળવી. તેમની બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સ ડિગ્રી તેમના માટે વરદાન સાબિત થઈ કારણ કે તે આરોગ્યસંભાળ અને ટેકનોલોજીનું અદ્ભુત મિશ્રણ હતું. આ ડિગ્રીએ તેમને ટેકનોલોજીની દુનિયામાં જરૂરી ઊંડાણ આપ્યું અને તેમના અગાઉના તબીબી અનુભવ સાથે જોડાણ જાળવી રાખ્યું. ૨૦૧૮માં માસ્ટર ડિગ્રી પૂર્ણ કર્યા પછી, અંશુલે ડેટા સાયન્ટિસ્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું. આ સમય દરમિયાન, તેમણે આરોગ્યસંભાળ ડેટાને સમજવા અને દર્દીઓના પરિણામો સુધારવા માટે કામ કર્યું. સતત શીખવા અને કુશળતા પ્રાપ્ત કર્યા પછી, અંશુલે ૨૦૨૧માં મશીન લર્નિંગ એન્જિનિયર તરીકે ડેલમાં જોડાયા. ડેલમાં, તેમણે મોટી અને જટિલ મશીન લર્નિંગ સિસ્ટમ્સ પર કામ કર્યું અને સાયબર સુરક્ષા ઉકેલો માટે AI/ML-આધારિત પેટન્ટ પણ ફાઈલ કર્યા. તેઓ ત્યાં અટક્યા નહીં. જો કે, તેઓ હંમેશા ગૂગલ, મેટા અથવા એપલ જેવી બિગ ટેક કંપનીઓ સાથે મોટા પાયે કામ કરવાનું સ્વપ્ન જોતા હતા. અંશુલે ઓગસ્ટ ૨૦૨૪માં ફરીથી નવી નોકરી શોધવાનું શરૂ કર્યું. પરંતુ આ સમય સુધીમાં, બજારમાં નોંધપાત્ર ફેરફારો થઈ ચૂક્યા હતા. AI અને સ્પર્ધાનું સ્તર પહેલા કરતા વધારે હતું. હવે જનરેટિવ AIનો યુગ હતો. આનાથી ટેકનિકલ ક્ષમતા માટેનો સ્તર નોંધપાત્ર રીતે ઊંચો ગયો હતો. આ નવા પડકારનો સામનો કરવા માટે, અંશુલે પોતાની વ્યૂહરચના અપગ્રેડ કરી. તેમણે તેમના LinkedIn કનેક્શન ૨૦૦થી વધારીને ૫૦૦થી વધુ કરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું. એક ભરતીકારે તેમને કહ્યું હતું કે ૫૦૦થી ઓછા કનેક્શન ધરાવતી પ્રોફાઈલ્સ ઓછી અધિકૃત લાગે છે. ફક્ત નોકરી માંગવાને બદલે, અંશુલે નિયમિતપણે AI-સંબંધિત સામગ્રી શેર કરવાનું અને ઉદ્યોગ વ્યાવસાયિકો પાસેથી સામગ્રી સાથે જોડાવાનું શરૂ કર્યું. આ રીતે, તેમણે પોતાના ક્ષેત્રમાં વિચાર નેતા તરીકે પોતાને સ્થાપિત કર્યા. તેમણે LeetCode પ્રશ્નોનો અભ્યાસ કર્યો અને ઈન્ટરવ્યુ માટે મોક ઈન્ટરવ્યુ લીધા, ખાસ કરીને સિસ્ટમ ડિઝાઈનની પ્રેક્ટિસ પર ધ્યાન કેન્દ્રિત કર્યું. અંશુલ ગાંધીની સખત મહેનત, સતત શીખવાની ઈચ્છા અને સ્માર્ટ નેટવર્કિંગ વ્યૂહરચના રંગ લાવી. તેમણે ડાયરેક્ટ એપ્લિકેશન્સ અને રેફરલ્સ દ્વારા Appleના ઈન્ટરવ્યુમાં સફળતા મેળવી. અંતે, જાન્યુઆરી ૨૦૨૫માં, તેઓ Appleમાં સિનિયર મશીન લર્નિંગ એન્જિનિયર તરીકે જોડાયા. અંશુલ ગાંધીની વાર્તા સાબિત કરે છે કે સફળતાનો માર્ગ સીધો નથી. જો તમારી પાસે જુસ્સો, તૈયારી અને હિંમત હોય, તો કોઈ પણ પૃષ્ઠભૂમિ કે ભૂતકાળ તમારા સપનાના માર્ગમાં અવરોધરૂપ થઈ શકશે નહીં.

# પિતાએ ત્રીજા ધોરણ સુધી અભ્યાસ કર્યો, માતાએ સાતમા ધોરણ સુધી અભ્યાસ કર્યો, પુત્રી અગિયારમા ધોરણમાં નાપાસ થઈ પણ ડેપ્યુટી કલેક્ટર બની

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

કહેવાય છે કે નિષ્ફળતા એ જીવનનો અંત નથી, પરંતુ નિશ્ચય સાથે નવેસરથી શરૂઆત કરવાની તક છે. મધ્યપ્રદેશના પ્રિયલ યાદવની વાર્તા આ કહેવતનજીવંત પુરાવો છે. એક નમ્ર ખેડૂત પરિવારમાંથી આવતી, પ્રિયલને તેની શૈક્ષણિક યાત્રામાં મોટો આંચકો લાગ્યો જ્યારે તે ૧૧મા ધોરણમાં નાપાસ થઈ. આ નિષ્ફળતા પ્રિયલ માટે સરળ નહોતી, જે ૧૦મા ધોરણ સુધી ક્લાસ ટોપર રહી હતી, પરંતુ તેણે તેને તેની શૈક્ષણિક કારકિર્દીની પહેલી અને છેલ્લી નિષ્ફળતામાં ફેરવી દીધી.

હાર માનવાને બદલે, તેણે આ નિષ્ફળતાને તેની પ્રેરણામાં ફેરવી. અથાક પ્રયાસ અને સમર્પણ દ્વારા, તેણે મધ્યપ્રદેશ પબ્લિક સર્વિસ કમિશન (MPPSC)ની પરીક્ષા સતત ત્રણ વખત સફળતાપૂર્વક પાસ કરી, ડેપ્યુટી કલેક્ટર બનીને હેટ્રિક પૂર્ણ કરી. તેની યાત્રા તે બધા યુવાનો માટે એક ઉદાહરણ છે જે પ્રતિકૂળતા અને નિષ્ફળતાથી નિરાશ થઈ જાય છે. ડેપ્યુટી કલેક્ટર પ્રિયલ યાદવની સફળતા દર્શાવે છે કે મજબૂત નિશ્ચય અને સતત પ્રયાસથી કોઈપણ લક્ષ્ય પ્રાપ્ત કરી શકાય છે. પ્રિયલ યાદવ મધ્યપ્રદેશના હરદા જિલ્લાના ગ્રામીણ વિસ્તારનો છે. તેના ગામમાં, છોકરીઓ માટે વહેલા લગ્ન સામાન્ય છે. તેના



પિતા ત્રીજા ધોરણમાં ખેડૂત છે અને તેની માતા ગૃહિણી છે. તેણીએ ફક્ત ૭મા કે ૮મા ધોરણ સુધી જ અભ્યાસ કર્યો હતો. પ્રિયલ યાદવનું શિક્ષણ અને તેના સપનાઓને સાકાર કરવાનું સરળ નહોતું. જો કે, તેના માતાપિતાએ સામાજિક દબાણને ધ્યાનમાં લીધા વિના, તેમની પુત્રીની પ્રતિભામાં વિશ્વાસ રાખ્યો અને તેને અભ્યાસ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા આપી. આ પ્રાપ્ત કરવા માટે, તેઓએ પ્રિયલને ઈન્દોર મોકલી.

પ્રિયલ યાદવ બાળપણથી જ એક તેજસ્વી વિદ્યાર્થી હતી. તેણીએ ૧૦મા ધોરણની બોર્ડ પરીક્ષામાં ૯૦ ટકા ગુણ મેળવ્યા હતા અને તેણી તેના વર્ગમાં ટોપર હતી. ૧૦મા ધોરણ પછી, સંબંધીઓના દબાણ હેઠળ, તેણીએ મેડિકલ સ્ટ્રીમ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન) પસંદ કર્યું, ભલે તેણીને આ વિષયોમાં કોઈ રસ ન હતો. પરિણામે, તેણી ૧૧મા ધોરણમાં ભૌતિકશાસ્ત્રમાં નાપાસ થઈ. મીડિયા અહેવાલો અનુસાર, પ્રિયલ યાદવે પાછળથી એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો.

**પ્રિયલ યાદવે મધ્યપ્રદેશ રાજ્ય સેવા પરીક્ષા (MPPSC)માં સતત ત્રણ વખત ઉત્તમ રેન્ક સાથે સફળતાપૂર્વક પાસ કરીને હેટ્રિક હાંસલ કરી :**

૧. પરીક્ષા : MPPSC
વર્ષ : ૨૦૧૯
ક્રમ : ૧૯મું
પસંદ કરેલ પદ : જિલ્લા રજિસ્ટ્રાર

૨. પરીક્ષા : MPPSC
વર્ષ : ૨૦૨૦
ક્રમ : ૩૪મું
પસંદ કરેલ પદ : સહાયક કમિશનર (સહકારી વિભાગ)

૩. પરીક્ષા : MPPSC
વર્ષ : ૨૦૨૧
ક્રમ : ૬ઠ્ઠું
પસંદ કરેલ પદ : ડેપ્યુટી કલેક્ટર

હાલમાં, પ્રિયલ યાદવ ઈન્દોરમાં જિલ્લા રજિસ્ટ્રાર તરીકે પોસ્ટેડ છે.

# બોડેલી : પાંચ પંચાયતોના ખેડૂતો સરકારી સહાયથી વંચિત રહે તેવી ભીતિ

## પાલિકાના આઈ.ડી. પાસવર્ડ ન આવતાં પ્રક્રિયા થતી નથી

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૧૯

બોડેલી નગરપાલિકામાં સમાવેશ પામેલા પાંચ ગ્રામપંચાયતના ખેડૂતો કમોસમી વરસાદના નુક્સાનની સહાયથી વંચિત થવાનો ભય નગરપાલિકાના આઈડી પાસવર્ડ ન આવતા ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા થતી નથી. તાજેતરમાં બોડેલીમાં નગરપાલિકાની રચના જાહેર કરવામાં આવી છે. જેમાં બોડેલી ગ્રામપંચાયત, અલીખેરવા જૂથ ગ્રામપંચાયત, ચાચક, ઢોકલિયા, અને ઝાંખરપુરા ગ્રામપંચાયતનો સમાવેશ થયો છે. પરંતુ આ નવી રચનાના કારણે ખેડૂતો માટે સહાય મેળવવાની પ્રક્રિયામાં અટવાઈ ગઈ છે.

ગુજરાતમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોને વ્યાપક નુકસાન થયું છે. રાજ્ય સરકારે નુકસાનગ્રસ્ત ખેડૂતોને રાહત પેકેજ જાહેર કરીને ગ્રામપંચાયત અથવા નગરપાલિકા મારફતે ઓનલાઈન અરજી કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. પરંતુ બોડેલી નગરપાલિકાની તાજેતરની જાહેરાતને કારણે અહીંનો સૌથી મોટો પ્રશ્ન ઊભો થયો છે-નગરપાલિકા સિસ્ટમ માટે જરૂરી આઈડી અને પાસવર્ડ મળ્યા નથી, જેના કારણે અધિકારીઓ લોગિન કરી શકતા નથી અને ખેડૂતોની સહાય માટેની ઓનલાઈન અરજીઓ સ્વીકારાતી નથી. ખેડૂતોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે કારણ કે સમયસર ફોર્મ ન ભરાતા તેઓ સરકારી સહાયથી વંચિત રહી શકે છે. સ્થાનિક રહેવાસીઓ તથા ખેડૂતોની માંગ છે કે તંત્ર તાત્કાલિક આઈડી-પાસવર્ડની વ્યવસ્થા કરે જેથી નુકસાન પામેલા ખેડૂતોને સરકાર દ્વારા જાહેર કરાયેલ સહાય સમયસર મળી રહે.

### મામલતદાર કચેરીમાં બોલાવીને BLOને ધમકાવવામાં આવ્યા

# ગેરહાજર BLO વિરૂદ્ધ વોરંટ કાઢીને પોલીસ તેમને ઘરેથી ઉઠાવી રહી છે અને કચેરીમાં હાજર કરી રહી છે : ચૈતર વસાવા

## SIRની કામગીરીમાં BLO સાથે થઈ રહેલા દુર્વ્યવહાર મુદ્દે AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉઠાવ્યા ગંભીર સવાલ

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૧૯

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી SIRની કામગીરી કરી રહેલા અનેક BLOની અમને ફરિયાદ મળી છે. હમણાં આયોજિત થયેલા સરકારી કાર્યક્રમો એટલે કે વિકાસ મહોત્સવ અને ગૌરવ યાત્રામાં તમામ સરકારી કર્મચારીઓને ૧૫ નવેમ્બર સુધી લગાડી દેવામાં આવ્યા હતા અને વડાપ્રધાનના કાર્યક્રમમાં પણ લગાડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ હવે ગતરોજ તમામ BLO કર્મચારીઓને મામલતદાર કચેરીએ બોલાવીને ધમકાવવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે આટલા દિવસની અંદર તમામ લોકોના ફોર્મ ભરાઈને ઓનલાઈન થઈ જવા જોઈએ અને જો નહીં કરો તો તમને સસ્પેન્ડ કરી દઈશું. આ સિવાય જેટલા પણ બી.એલ.ઓ ગેરહાજર હતા, એમના વિરુદ્ધ વોરંટ કાઢવામાં આવ્યા છે અને તેમને ઘરે જઈને પોલીસ ઉઠાવી રહી છે અને મામલતદારને ત્યાં હાજર કરી રહ્યા છે. ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણી જગ્યાએ શિક્ષકોની એવી ફરિયાદ છે કે તેઓ એક જ શિક્ષક છે તો જો તેઓ તરીકે SIRની કામગીરી કરવા જશે તો બાળકોને ભણાવશે કોણ ? ઘણી આંગણવાડીની બહેનોને પણ જબરજસ્તીથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે એમનું પણ કહેવું છે કે તેઓ આંગણવાડી ચલાવે કે BLOની કામગીરી કરે ? આંગણવાડીમાં આવી રહેલા નાના નાના ભૂલકાઓને કઈ રીતે સાચવવામાં આવશે ? કોઈ બાળક બહાર દોડી જાય કે કોઈ વાહનની અડફેટે આવી જાય તો એની જવાબદારી કોની રહેશે ? તો સરકારી કર્મચારીઓ પર બળજબરીપૂર્વક કામ કરાવવાની તાનાશાહીનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. જો તમારે આંગણવાડીઓ પાસે આટલું કામ કરાવવું હોય તો હાઈકોર્ટે બે ઓર્ડર કર્યા છે કે એમને કાયમી કરવામાં આવી અને ૨૪,૬૦૦ દર મહિને પગાર આપવામાં આવે, તો સરકાર કેમ આટલો પગાર આપતી નથી ? સરકાર કેમ આ ઓર્ડરનું પાલન કરતી નથી ? ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે, શિક્ષકો સહિત અન્ય વર્ગના કર્મચારીઓને તમે ૫૮ વર્ષે તમે રીટાયર કરી દો છો અને તમારા જે સચિવ અને સલાહકારો રાખો છો એમને તમે ૭૨ વર્ષ સુધી એક્સટેન્શન આપો છો, સરકારની આ જે નીતિ છે જેમાં ઉચ્ચ કક્ષાના IAS IPS અધિકારીઓને પ્રજાના પૈસે મોજ કરાવવામાં આવે છે અને નાના કર્મચારીઓને ૫૮ વર્ષથી રીટાયર કરી દેવામાં આવે છે અને આ કર્મચારીઓની કોઈ સલામતી પણ નથી, કારણ કે સરકારી જુની પેન્શન યોજના પણ બંધ કરી છે. તો કર્મચારીઓ સાથે જે રીતે કામ કરવામાં આવે છે એ ખૂબ જ ગંભીર બાબત છે. અમે અમારા બૂથ લેવલના એજન્ટોને કહ્યું છે કે બી.એલ.એ કામગીરીમાં મદદ કરજો સહકાર આપજો અને મત રક્ષકની ભૂમિકામાં અમારા લોકો પોતાની સેવા આપવાના છે.

# નડિયાદ એટ્રોસિટી કેસ; શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગરસેવકના હાઈકોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

નડિયાદના ચકચારી એટ્રોસિટી કેસના આરોપી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહના હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા હોય બંનેને રાહત મળી હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યા મુજબ નડિયાદ મહાનગરપાલિકા કચેરી ખાતે થોડા દિવસો પહેલા પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું જેમાં ભાજપના એક દલિત કાર્યકરે દ્વારા નડિયાદ શહેર પોલીસ મથકે નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ તેમજ પૂર્વ નગર સેવક ગોકુલ શાહ સહિત છ કોંગ્રેસી કાર્યકરો વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન કોર્ટે આરોપી એવા નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગર સેવક સિવાયના અન્ય ચાર કોંગ્રેસી કાર્યકરોને રાહત આપી હતી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહ એ પોતાની ધરપકડ ટાળવા માટે નડિયાદ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જેને કોર્ટે નામંજૂર કરી હતી. જેથી બંનેએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. લાંબી દલીલો બાદ હાઈકોર્ટે કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ કાઉન્સિલર ગોકુલ શાહની આગોતરા જામીન અરજી મંજૂર કરવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જેના પગલે બંનેને પોલીસ ધરપકડમાંથી મુક્તિ મળી છે. તેમ મનાય છે.

### છઠ્ઠો નેશનલ વોટર એવોર્ડ સમારોહ

# ભાવનગર મનપાને દ્વિતીય ક્રમનો એવોર્ડ અને પુરસ્કાર એનાયત


(તસવીર : ફૈઝલ કાઝી, ભાવનગર)

ભાવનગર, તા.૧૯

ભારત સરકારના "મીનીસ્ટ્રી ઓફ જલ શક્તિ" મંત્રાલય દ્વારા સમગ્ર ભારત માટે જાહેર કરેલ "છઠ્ઠા નેશનલ વોટર એવોર્ડ" માં "બેસ્ટ ULB (અર્બન લોકલ બોડી એટલે કે મહાનગરપાલિકા) કેટેગરીમાં ભાવનગર મહાનગરપાલિકાએ સમગ્ર દેશમાં બીજો ક્રમ પ્રાપ્ત કરેલ, જે અંતર્ગત ગતરોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ એવોર્ડ વિતરણ સમારોહમાં દેશના મહામહિમ રાષ્ટ્રપતિની ગરીમામય ઉપસ્થિતિમાં ભારત સરકારના જળસંચય મંત્રાલયના કેન્દ્રીયમંત્રી સી.આર. પાટીલના હસ્તે ભાવનગર મહાનગરપાલિકાને એવોર્ડ અને રોકડ પુરસ્કાર એનાયત થયેલ છે. જેને ભાવનગર મહાનગરપાલિકાના મેયર અને કમિશનર દ્વારા એવોર્ડ વિતરણ સમારોહમાં રૂબરૂ ઉપસ્થિત રહીને સ્વીકારવામાં આવેલ છે.

# જોજવા ગામે ચાર ગામના ખેડૂતોની સહાય અરજીઓ માટે ભીડ

## તલાટીએ શરૂ કરી ટોકન સિસ્ટમ; ખેડૂતોને મળી મોટી રાહત


(તસ્વીર : સોયેબ ખત્રી, બોડેલી)

(સંવાદદાતા દ્વારા)
બોડેલી, તા.૧૯

બોડેલી તાલુકાના જોજવા ગામે કમોસમી વરસાદને કારણે થયેલા ખેતીના નુકસાનની સહાય માટે ખેડૂતો ઓનલાઈન અરજી કરવા મોટી સંખ્યામાં ઉમટી રહ્યા છે. જોજવા ગ્રામપંચાયત ખાતે પીઠા, જોજવા, ભદ્રાલી અને સૂર્યા આ ચાર ગામોના ખેડૂતો તેમની અરજી કરવા આવતા હોવાથી ભારે ભીડનો માહોલ સર્જાતો હતો.

રાજ્ય સરકારે ખેડૂતોને નુકસાનની સહાય પેકેજ જાહેર કર્યા બાદ, ગામના તલાટી દ્વારા ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી શરૂ કરાઈ છે. પરંતુ ચાર ગામના ખેડૂતો માટે એક જ કોમ્પ્યુટર ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને દિવસભર લાઈનમાં ઉભા રહેવું પડતું હતું, જેના કારણે સમય વેડફાતો હતો. સ્થિતિને સમજતા જોજવા ગામના તલાટીએ ટોકન સિસ્ટમ શરૂ કરી છે. હવે ખેડૂતોને ટોકન આપવામાં આવે છે, જેથી તેઓને આખો દિવસ ગ્રામપંચાયતમાં બેસી રહેવું ન પડે. પોતાનો નંબર આવે ત્યારે જ ખેડૂતો આવીને ફોર્મ ભરાવી શકે છે, જેના કારણે વ્યવસ્થા વધુ સુગમ બની છે અને ભીડનો તંગદિલીભર્યો માહોલ ઘટ્યો છે. તંત્રની આ વ્યવસ્થા ખેડૂતોને મોટા પાયે રાહતરૂપ બની છે.

### એન્ટીમાઈક્રોબિયલ રેઝિસ્ટન્સ સપ્તાહ

# જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં જાગૃતિ અંગે શપથ અને વર્કશોપ



(સંવાદદાતા દ્વારા)
જૂનાગઢ, તા.૧૯

સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે વિશ્વ એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ અંતર્ગત પોસ્ટર મેકિંગ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અંદાજિત ૨૫ પોસ્ટર મેડિકલ, નર્સિંગ સ્ટુડન્ટ્સ તથા સ્ટાફ દ્વારા બનાવવામાં આવેલ હતા. વર્ગ એકથી ચારના તમામ સ્ટાફે એન્ટી માઈક્રોબિયલ દવાઓ ડોક્ટરના સૂચવ્યા મુજબ જ લેવાના તથા હોસ્પિટલ ખાતે ઈન્ફેક્શન પ્રિવેશન એન્ડ કંટ્રોલ અંતર્ગત કરવામાં આવતી તમામ પ્રવૃત્તિઓ પૂર્ણ નિષ્ઠાપૂર્વક કરવાના શપથ લીધેલ હતા. આ ઉપરાંત ડોક્ટર્સ તથા નર્સિંગ સ્ટાફ માટે એક વર્કશોપનું પણ આયોજન કરવામાં આવેલ હતું. તમામ લોકોને જણાવ્યું છે કે શરદી ઉધરસ જેવી તકલીફમાં પોતાની જાતે એન્ટિબાયોટિક દવાઓ લેવી નહીં શરીરમાં ઈન્ફેક્શન એટલે કે ચેપ ન લાગે તે માટે સાબુથી હાથ બરાબર ધોવા તમામ બાળકોને ઉંમર પ્રમાણે નિયમિત સમયે રસી અપાવવી. વિશ્વ એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સ જાગૃતિ સપ્તાહ અંતર્ગત સિવિલ હોસ્પિટલ જૂનાગઢ ખાતે આખું અઠવાડિયું અનેકવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવનાર છે જેમાં પ્રિસક્રીપશન ઓડિટ, ઈન્ફેક્શન કંટ્રોલ ઓડિટ, આ ઉપરાંત શનિવારે જાગૃતિ માટે એક રેલીનું પણ આયોજન કરેલ છે.

# સુરેન્દ્રનગર રેલવે સ્ટેશનના ગેટ સામેનો ખાડો વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન




(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગરના મુખ્ય રેલવે સ્ટેશનના ગેટ સામે ખોદવામાં આવેલા ખાડાઓ વાહનચાલકો માટે માથાના દુખાવા સમાન બન્યા છે. સુરેન્દ્રનગર રેલવે સ્ટેશન ઉપર નાના મોટા વાહનો તેમજ સીટી બસો સીએનજી રીક્ષાઓ બાઈક ચાલકો અને ખાસ કરીને ફોરવીલ કાર ચાલકો આવતા હોય છે ત્યારે મુખ્ય માર્ગ ઉપર જ છેલ્લા ૧૫ દિવસથી વધુ સમયથી ખાડો ખોદી અને મૂકી દેવામાં આવ્યો છે. રેલવે સ્ટેશને જતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. એક બાજુ લાઈનોમાં વાહનો પાર્કિંગ કરવામાં આવે છે અને બીજી બાજુ રસ્તાની વચ્ચોવચ ખાડો ખોદવામાં આવતા ભારે જહેમત બાદ મોટા વાહનો રસ્તા ઉપરથી પસાર થાય છે. રેલ્વે સ્ટેશનની ગેટની સામે આ પ્રકારની પરિસ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે ટ્રાફિકમાં ફસાયેલા લોકો અનેક વખત ટ્રેન પણ ચૂકી જતા હોય છે ત્યારે હવે તાત્કાલિક આ ખાડાઓ બુરી અને રોડનું મરામત કામ શરૂ કરવાની માંગ ઉઠવા પામી છે.

# વઢવાણ તા.પં. ખાતે ૭,૮૯૧ ખેડૂતોની પાક નુકસાની વળતરના ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ

## કચેરી ખાતે પીવાના પાણીની તેમજ બેઠક વ્યવસ્થા ઉપલબ્ધ : ઓફિસ ટાઈમમાં ફેરફાર કરાતા ખેડૂતોને રાહત

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગર ઉપરાંત સમગ્ર ગુજરાત રાજ્યમાં જે વરસાદી માવઠું વરસવા પામ્યું છે જેને લઈને કપાસ મગફળી શાકભાજી જેવા પાકોને વ્યાપક નુકસાન થયું છે. સરકાર દ્વારા ૧૦,૦૦૦ કરોડ રૂપિયાની આર્થિક વળતર નુકસાન પેકેજ જાહેર કરવામાં આવ્યું છે ત્યારે પાંચમા દિવસે સર્વર વ્યવસ્થિત રીતે ફોર્મ ભરવામાં શરૂ થતા વઢવાણ તાલુકાના ૭૮૯૧ જેટલા ખેડૂતો દ્વારા પાક નુકસાન વળતર અંગેની સહાય માટે ફોર્મ ભરવામાં આવ્યા છે.

વઢવાણ તાલુકામાં નોંધાયેલા ખેડૂતોની સંખ્યા ૧૯,૯૦૦ જેટલી છે ત્યારે તમામ ખેડૂતો ફોર્મ ભરી શકે અને પાક નુકસાન સહાય વળતર મેળવી શકે તે માટે હવે ઓફિસ સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. જે ઓપરેટરો હતા તેમને ફરજિયાત ૮ વાગ્યે ઓફિસ ખોલી નાખવા અને ખેડૂતોને હાલાકી ન પડે તે સંદર્ભે કામગીરી કરવા માટે તંત્ર દ્વારા સૂચના આપવામાં આવી છે. સર્વર ડાઉન અને નેટવર્કની ટેકનિકલ સમસ્યા અંગે પણ સોલ્યુશન આવે અને આગામી દિવસોમાં પણ ટેકનિકલ સમસ્યા ન સર્જાય તેની તકેદારીના ભાગ સ્વરૂપે તંત્રને પણ અધિકારીઓ દ્વારા રજૂઆત કરવામાં આવી છે. ખેડૂતો દ્વારા જે રજૂઆતો કરવામાં આવી હતી કે વઢવાણ તાલુકા પંચાયત ખાતે પીવાના પાણી તેમજ બેઠકની વ્યવસ્થા નથી ત્યારે આ સંદર્ભે પણ નિર્ણય કરી ખેડૂતો માટે બાંકડાઓ ગોઠવવા અને પીવાના પાણીના જગ ઉતારવા માટેની કવાયત શરૂ કરવામાં આવી છે.

# વેસુમાં બંગલાના હોમ થિયેટરમાં આગ લાગતા પરિવારમાં અફરાતફરી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૧૯

શહેરના વેસુ યુનિવર્સીટી રોડ ખાતે આવેલા બંગલાના ચોથા માળે બનાવવામાં આવેલા થિયેટર રૂમની અંદર આજે સવારે આગ ભડકી ઉઠી હતી. જેને પગલે પરિવારના સભ્યો ગભરાઈ ગયા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા જુદા જુદા ફાયર સ્ટેશનોથી ફાયર બ્રિગેડના જવાનો ઘટના સ્થળે પહોંચ્યા હતા.ફાયર બ્રિગેડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ યુનિવર્સીટી રોડ ખાતે આવેલ શીતલ સોસાયટીમાં બંગલો નંબર ૧૯માં હાર્દિકભાઈ શાહ રહે છે. બંગલાની અંદર ચોથા માળે હોમ થિયેટર બનાવવામાં આવ્યું હતું. દરમિયાન આજે સવારે ચોથા માળે આવેલા થિયેટર રૂમની અંદર આગ લાગી ગઈ હતી. એટલું જ નહીં આગને પગલે ધુમાડો બહુજ વધારે પ્રમાણમાં ભરાય ગયો હતો, જયારે બંગલાની અંદર હાજર પરિવારના સભ્યોમાં અફરાતફરી મચી જવા પામી હતી. ઘટના અંગે જાણ કરવામાં આવતા વેસુ અને મજુરા ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડના જવાનોનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને આગ બુઝાવવા માટેની કામગીરી હાથ ધરી હતી. વધુમાં સબ ફાયર ઓફિસર કાંતિ ભગેરીયાએ જણાવ્યું હતું કે હોમ થિયેટરમાં જયારે આગ લાગી ત્યારે અંદર કોઈ હાજર ન હતું. શોર્ટ સર્કિટને લીધે આગ લાગી હોવાનું અનુમાન છે, જો કે અંદર ત્રણ સોફા હતા. સોફામાં આગ પકડાતા ઘૂમાડો બહુજ વધારે પ્રમાણમાં ભરાય ગયો હતો.

# નડિયાદ : પિતાની અંતિમક્રિયા પતાવી દીકરીએ M.A.ની પરીક્ષા આપી

(સંવાદદાતા દ્વારા)
નડિયાદ, તા.૧૯

નડિયાદમાં મંજીપુરા રોડ પર આવેલ સાગરપાર્ક સોસાયટીમાં રહેતી મનીષાબેન રજનીકાંત સોલંકી નામની યુવતી હાલમાં નડિયાદ મીલ રોડ પરની સુરજબા મહિલા આર્ટસ કોલેજમાં M.A. સેમેસ્ટર ૩માં અભ્યાસ કરી રહી છે. તેના પિતા રજનીકાંતભાઈ સોલંકી લાંબા સમયથી લીવરના કેન્સર જેવી ગંભીર બીમારીથી પીડાઈ રહ્યા હતા. મનીષાબેન અભ્યાસમાં ખૂબ જ હોશિયાર હોવાની સાથે સાથે સિવણ કામ કરીને પરિવારને આર્થિક રીતે ટેકો આપી રહી છે. મંગળવારે સવારે લાંબી માંદગી દરમિયાન યુવતીના પિતા રજનીકાંતભાઈ સોલંકીનું અવસાન થયું હતું. એક તરફ પિતા ગુમાવ્યાનું ભારે દુઃખ અને બીજી તરફ આજે જ મનીષાની M.A. સેમેસ્ટર ૩ની પરીક્ષાનું સોશિયોલોજીનું પ્રશ્નપત્ર હતું. પિતાના દેહાંત બાદ પણ દીકરીએ પોતાના મનોબળને મજબૂત રાખી, મનમાં દ્રઢ આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપવાનો નિર્ણય કર્યો હતો. પિતા રજનીકાંતભાઈના અવસાન બાદ તેમની અંતિમસંસ્કારની વિધિ પૂર્ણ કરી મનીષા તાત્કાલિક પરીક્ષા આપવા માટે કોલેજમાં પહોંચી ગઈ હતી. દીકરીએ પોતાના જીવનની આ કપરી કસોટીમાં હિંમત જાળવી રાખી હતી, જ્યાં એક બાજુ પિતાને ગુમાવવાની વેદના હતી અને બીજી તરફ તેણે જીવનની એક મોટી પરીક્ષા આપવાની હતી.

# ચુડાના જોબાળા ગામે જુગારધામ ઉપર લોકલ ક્રાઈમ બ્રાંચના દરોડા

## ૧૩ જુગારીઓ ઝડપાયા



(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકાના જોબાળા ગામે જાહેરમાં ચાલતા જુગારધામ ઉપર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દરોડા પાડીને ૧૩ જેટલા જુગારીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુરેન્દ્રનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચ સહિતના સ્ટાફને મળેલી ખાનગી બાતમીના આધારે ટીમો દ્વારા સતત પેટ્રોલિંગ વધારી અને ત્યારબાદ ચુડા તાલુકાના જોબાળા ગામે ચાલતા જુગારધામ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. આ જુગારધામ અનેક સમયથી ચાલતો હોવાની શંકા પણ વ્યક્ત કરવામાં આવી રહી છે. લોકલ ક્રાઈમ બ્રાંચે રોકડ ૪૪,૫૧૦ તેમજ મોબાઈલ ફોન નંગ ૧૨ જેની કિંમત ૫૫,૫૦૦ તેમજ મોટરસાયકલ નંગ એક જેની કિંમત રૂપિયા ૧.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી છે. ચુડા પોલીસ સ્ટેશનમાં આ અંગે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

### સાબરકાંઠાની ભક્તિ પટેલ પણ સામેલ

# નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમે બ્રોન્ઝ જીત્યો




(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૧૯

દિલ્હી ખાતે યોજાયેલી ૩૬મી સિનિયર નેશનલ ફેન્સિંગ (તલવારબાજી) ચેમ્પિયનશિપમાં ગુજરાતની મહિલા ટીમે પ્રથમવાર બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ વિજેતા ટીમમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ભક્તિ પટેલનો પણ સમાવેશ થતો હતો, જેણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

આ ચેમ્પિયનશિપ ૧૫ નવેમ્બરથી ૧૯ નવેમ્બર દરમિયાન દિલ્હીમાં યોજાઈ હતી. ગુજરાતની ટીમે શાનદાર પ્રદર્શન કરતા ક્વાર્ટર ફાઈનલમાં દિલ્હીની ટીમને ૧૫-૭થી હરાવી હતી. ત્યારબાદ સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે મણિપુર સામેની મેચમાં ૪૫-૪૦થી વિજય મેળવ્યો હતો. જોકે, સેમિફાઈનલમાં ૪૫-૩૩થી હાર થતા ટીમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

હિંમતનગરની ફેન્સિંગ ખેલાડી ભક્તિના પિતા જયેશભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો તે ઐતિહાસિક સિદ્ધિ છે. મિતવા, ભક્તિ જયેશભાઈ પટેલ (હિંમતનગર), અમીષા અને સિદ્ધિની ટીમે આ સિદ્ધિ મેળવી છે. ફેન્સિંગના ઈતિહાસમાં નેશનલ સિનિયર ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમને પ્રથમવાર આ સફળતા મળી છે.

# ભરૂચની ઝાડેશ્વર ચોકડીએ ટ્રાફિકની સમસ્યાથી સ્થાનિક રહીશોમાં આક્રોશ !



## લોકોએ રસ્તા પર ઊતરી કર્યો તીવ્ર વિરોધ

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૧૯

ભરૂચની ઝાડેશ્વર ચોકડીથી નર્મદા ચોકડી તરફના સર્વિસ રોડ પર લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદેસર પાર્કિંગની સમસ્યા આજે ચરમસીમાએ પહોંચતાં સ્થાનિક રહેવાસીઓ આક્રોશિત બન્યા હતા. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં બસ અને ટ્રાવેલ્સ ઓપરેટર્સ પોતાના વાહનો રોંગ સાઈડ પર પાર્ક કરતા હોવાને કારણે રોજબરોજ ટ્રાફિક જામ સર્જાય છે. ઉપરાંત, અનેક નોકરિયાતો પણ રોડ પર જ પોતાના દ્વિચક્રી વાહનો પાર્ક કરી દેતા માર્ગ સાંકડો બની જાય છે. જેના કારણે સ્થાનિક વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે અને અકસ્માતની શક્યતા પણ સતત મંડરાતી રહે છે.આ સમસ્યાને લઈને આજે ઝાડેશ્વર ચોકડીથી નર્મદા ચોકડી સુધી આવેલી ૮ થી ૧૦ સોસાયટીના રહિશો એકત્ર થયા હતા. રહેવાસીઓએ સર્વિસ રોડ પર પ્રતીકાત્મક રીતે જામ કરતા વિરોધ નોંધાવ્યો હતો અને તાત્કાલિક પાર્કિંગ વ્યવસ્થા સુધારવાની માંગ કરી હતી.રહેવાસીઓનું કહેવું છે કે અનેક વખત રજૂઆતો કર્યા છતાં કોઈ ઉકેલ લાવવામાં આવ્યો નથી, જેના કારણે એમને આમ રસ્તા પર ઉતરવું પડ્યું. હવે સંબંધિત વિભાગો દ્વારા કડક કાર્યવાહી અને સુવ્યવસ્થિત પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે.

### ૫૧ લાખના મુદ્દામાલ સાથે ત્રણની ધરપકડ

# ઠાસરા પોલીસે બે વાહનોમાંથી ૪૬ લાખનો દારૂ ઝડપી પાડ્યો

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

ઠાસરા પોલીસે ઠાસરા-નનાદરા રોડ, નર્મદા કેનાલ નજીક બાતમીના આધારે વોચ ગોઠવી બે વાહનોમાંથી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રૂ.૪૬ લાખથી વધુની કિંમતની ૮૯૭૬ દારૂની બોટલો સહિત કુલ રૂ.૫૧,૧૧,૬૬૨/-નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. મળતી માહિતી મુજબ, ઠાસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એમ.રબારી અને પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર એચ.એમ.રબારીને ચોક્કસ બાતમી મળી હતી કે, ફાગવેલ તરફથી એક વાદળી કલરની અશોક લેલન્ડ ડાલા ગાડી (નંબર GJ-07-TU-6729) અને એક સફેદ કલરની બંધ બોડીની મહિન્દ્રા સુપ્રો ગાડી (નંબર GJ-01-KT-7652)માં વિદેશી દારૂ ભરીને ઠાસરા તરફ આવનાર છે. સ્ટેશનના પોલીસ માણસોએ ઠાસરા-નનાદરા રોડ, નર્મદા કેનાલ નજીક રોડ ઉપર વોચ ગોઠવી વાહન ચેકિંગ શરૂ કર્યું હતું. આ ચેકિંગ દરમિયાન, બાતમીમાં વર્ણન કરેલી અશોક લેલન્ડ ગાડી (નંબર GJ-07-TU-6729) અને મહિન્દ્રા સુપ્રો ગાડી (નંબર GJ-01-KT-7652) ઠાસરા તરફના રોડેથી આવતા જણાયા હતા. પોલીસે આ બંને વાહનોને હાથના ઈશારાથી ઉભા રખાવી ચેક કર્યા હતા. ચેકિંગ દરમિયાન, અશોક લેલન્ડ ગાડી અને મહિન્દ્રા સુપ્રો ગાડીમાંથી વગર પાસ-પરમીટનો ભારતીય બનાવટના અલગ-અલગ બ્રાન્ડના વિદેશી દારૂની કાચની નાની-મોટી બોટલો મળી આવી હતી. પોલીસે ગણતરી કરતા દારૂની કુલ ૮૯૭૬ બોટલો મળી હતી, જેની કુલ કિંમત રૂ.૪૬,૦૦,૯૯૨/- આંકવામાં આવી છે. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત બંને વાહનો અને બે મોબાઈલ ફોન સહિત કુલ રૂ.૫૧,૧૧,૬૬૨/-નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ ગુનામાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છેઃ સુનિલકુમાર નટુભાઈ પરમાર (રહે. ઠાસરાની મુવાડી, તા. ઠાસરા, જી. ખેડા), હીતેશકુમાર હર્ષદભાઈ પરમાર (રહે. આશીપુરા, તા. ઉમરેઠ, જી. આણંદ) અને પ્રદિપકુમાર ભરતભાઈ ઈનામદાર (રહે. ગોળજ, વાળંદવાળું ફળીયુ, તા. ઠાસરા, જી. ખેડા). ઠાસરા પોલીસે તમામ આરોપીઓ વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જળસંચય જનભાગીદારી ક્ષેત્રે જિલ્લાને સન્માન મળ્યું

# ખેડા જિલ્લા કલેક્ટરનું દિલ્હી ખાતે રાજ્યસ્તરે શ્રેષ્ઠ કામગીરીના એવોર્ડથી સન્માન થયું

### ૨૫ લાખનો પુરસ્કાર પણ મળ્યો



(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

ગુજરાતના ચાર સ્થળો ખેડા, સુરત, રાજકોટ અને નવસારીને જળસંચય જન ભાગીદારી અંતર્ગત વેસ્ટર્ન ઝોન કેટેગરીમાં જળસંચય ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો હતો દિલ્હી ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે ખેડા જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવે આ સન્માન સ્વીકાર્યું હતું અને રૂપિયા ૨૫ લાખનું પુરસ્કાર પણ મળ્યું હતું. ખેડા જિલ્લાને આ પુરસ્કાર જળ શક્તિ અભિયાન અંતર્ગત ૬૨૧૧ કામો ઝડપી પૂર્ણ કરવા બદલ આપવામાં આવ્યો છે. આમાં ડિસ્ટ્રિક્ટ મિનરલ ફંડ, સીએસઆર ફંડ, ફાઈનાન્સ કમિશન ગ્રાન્ટ, પીએમકેએસવાય (પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના), મનરેગા, સ્ટેટ ગવર્મેન્ટ સ્કીમ અને અન્ય (SBM-G, NGO, ભૂગર્ભ જળ રિચાર્જ સ્ટ્રક્ચર) જેવા વિવિધ સોર્સ ઓફ ફંડમાંથી થયેલ જળ શક્તિ અભિયાન અંતર્ગત કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ડીસામાં કોંગ્રેસ દ્વારા સ્વ. ઈન્દિરા ગાંધીના જન્મદિવસ નિમિત્તે શ્રદ્ધાંજલિ



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૧૯

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગસ્થ ઈન્દિરા ગાંધીના જન્મદિવસ નિમિત્તે ડીસા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા તેમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કોંગ્રેસ કાર્યાલય ખાતે શહેરના અગ્રણી કાર્યકરોએ સ્વ. ઈન્દિરા ગાંધીના તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ કરી તેમના યોગદાનને યાદ કર્યું હતું ? આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનોએ સ્વ. ઈન્દિરાજી ગાંધીના દેશ માટેના અદ્‌ભૂત યોગદાન અને તેમના શાસનકાળમાં લેવાયેલા ઐતિહાસિક નિર્ણયોને યાદ કર્યા હતા. આ શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ડીસા શહેર કોંગ્રેસના પ્રમુખ મુકેશભાઈ સોલંકીની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા. અશ્વિનભાઈ પરમાર, પ્રકાશભાઈ ભરતીયા, જગદીશભાઈ મોદી, અશોકભાઈ રાજપૂત, વિનુભાઈ પટેલ, દિનેશભાઈ સોલંકી, અમરતભાઈ રબારી, કાંતિભાઈ ધરમાણી, બળવંતસિંહ રાજપુરોહિત સહિતના કાર્યકરોએ સ્વ. ઈન્દિરાજીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

# ડભોઈ તાલુકામાં ધરતીપુત્રોની ઓનલાઈન અરજીમાં રૂા.૧૦૦ની વસૂલાતથી નારાજગી !!

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૧૯

ગુજરાત ભરમાં કમોસમી વરસાદને કારણે ખેડૂતોનો ખેતરમાં ઊભો પાક ભોંય ભેગો થતાં ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો હતો. જેના ગુજરાત સરકાર દ્વારા ખેડૂતો માટે રૂા. ૧૦,૦૦૦/- કરોડનું પેકેજ જાહેર કરવામાં આવ્યું છે. આવા ખેડૂતોને અગવડ ના પડે એ માટે સરકાર દ્વારા ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે. જેમાં ખેડૂતોએ મહેસૂલ ભરવું પડશે અને સાથે સાથે સરકાર દ્વારા ઓનલાઈન અરજીની કોઈ પણ જાતની ફી લેવામાં આવશે નહીં એવો સરકારના પત્ર હોવા છતાંય ડભોઈ તાલુકાના કેટલાય વિ.સી.ઈ. દ્વારા ફોર્મ ભરવાની રૂા.૧૦૦ /ની વસૂલાત થતી હોવાની ફરિયાદો ઊઠવા પામી છે. આ ફરિયાદની સત્યતા તપાસ કરતાં જાણવા મળ્યાં મુજબ ખેતી વાડી અધિકારીના મત પ્રમાણે ઓનલાઈન અરજી મંજૂર થાય અને ખેડૂતના ખાતામાં સહાયની રકમ આવે ત્યારે એક ફોર્મ દીઠ રૂા.૧૫ ચૂકવવામાં આવશે જયારે બીજી તરફ ખેડૂતો દ્વારા જાણવા મળ્યાં મુજબ વી.સી.ઈ દ્વારા ઓનલાઈન એક અરજીના રૂા.૧૦૦/-ની વસૂલાતની ફરીયાદો જાણવા મળી છે. સરકાર દ્વારા ખેડૂતોને અગવડ ના પડે એ માટે સહકાર આપવામાં આવે છે પરંતુ આફતમાં અવસર શોધતા તકસાધુઓ સામે કાયદાનો કોરડો વિંઝવાની માંગ ઉઠવા પામી છે. ડભોઇ તાલુકાના ખેડૂતોને પડતી અગવડ માટે સત્તાધિશો સાથે રાજકીય આગેવાનો આગળ આવે તેવી લાગણી અને માગણી પ્રબળ બની છે. આ મામલે ખેડૂતોમાં રોષ જોવા મળે છે. સરકાર ખેડૂતના આફતમાં સાથે ઊભા રહી છે ત્યારે આવા ડભોઇ તાલુકાના વી.સી.ઈ. સામે કડક પગલાં લેવાની માંગ ઉઠવા પામી છે.

# નડિયાદ ખુશ્બુ હાઈસ્કૂલના બે વિદ્યાર્થી ખેલ મહાકુંભમાં ઝળક્યા



(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

નડિયાદ ખુશ્બુ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વિવિધ સ્પર્ધામાં શ્રેષ્ઠ આવ્યાં છે. તેમની સિદ્ધિઓને શાળા પરિવારે બિરદાવી હતી. નડિયાદ સ્પોર્ટ કોમ્પલેક્ષ ખાતે તાજેતરમાંજ ખેલમહાકુંભ ૨૦૨૫-૨૬ ઈવેન્ટની અંતર્ગત એથ્લેટિક્સની વિવિધ સ્પર્ધાઓ રમતો યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં નડિયાદ ખુશ્બુ હાઈસ્કૂલના વિદ્યાર્થી સુહાન ઈરફાનભાઈ વ્હોરા U-૧૭ લાંબી કુદની સ્પર્ધામાં તૃતીય નંબર મેળવ્યો છે જ્યારે U-14 ડિસ્કસ થ્રોમાં રાહીલ સોહેલભાઈ મોટાનાએ દ્વિતીય નંબર પ્રાપ્ત કરતાં તેમને રોકડ પુરસ્કાર તથા સર્ટિફિકેટથી સન્માનિત કરવામાં આવ્યા. તેમની સફળતાને અને પીટી શિક્ષક નઈમસરને શાળા પરિવારે બિરદાવી હતી.

# ડભોઈ તાલુકાના વડિયામાં અજાણ્યા ઈસમો વિદેશી શરાબનો જથ્થો મૂકી ફરાર

(સંવાદદાતા દ્વારા)

ડભોઈ, તા.૧૯

ડભોઈ તાલુકામાં ભારતીય બનાવટના વિદેશી શરાબની બોલબાલા ઠેર ઠેર જોવા મળે છે. ડભોઈ તાલુકાના કરનાળી ગ્રામ પંચાયત હસ્તક ના વડિયા ગામની નજીક સ્વામિનારાયણ મંદિર નજીક ભારતીય બનાવટના વિદેશી શરાબના ફેરીયાઓ શરાબનો જથ્થો મૂકી ફરાર થતા નાનકડા વડિયામાં હાહાકાર મચી ગયો છે. આ વાતની ખબર સ્વામિનારાયણ મંદિરના મહંતને પડતા તેઓ પણ ઘટનાસ્થળે દોડી આવી રોષે ભરાયા હતા અને ઉગ્ર સ્વરે જણાવ્યું હતું કે વડીયામાં શરાબ પર રોક લગાવવા માટે ઉચ્ચ સ્તરે રજૂઆત પણ કરશે. ડભોઈના વડિયાના ભારતીય બનાવટના વિદેશી શરાબના વિમલના થેલા કરનાળી આઉટ પોષ્ટ ખાતે લાવી કાર્યવાહી હાથ ધરી છે. આ વિદેશી શરાબનો જથ્થો કોણે કોના ત્યાંથી અને લાવનાર કોણ ? તેની ચાંદોદ પોલીસ તપાસ કરે તો સાચી હકીકત બહાર આવી શકે છે . અત્રે ઉલ્લખનીય છે કે ડભોઇ તાલુકાના વડિયામાં ભારતીય બનાવટના વિદેશી શરાબના વેચાણને કોના આશીર્વાદ છે. એને લઈને પણ ચર્ચાનો દૌર ચાલી રહ્યો છે.

# હિંમતનગર ખાતે બે દિવસીય સ્વદેશી મેળાનું ઉદ્‌ઘાટન

હિંમતનગર, તા.૧૯

લોખંડી પુરૂષ સરદાર પટેલની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તો "સરદાર@૧૫૦ : યુનિટી માર્ચ" અંતર્ગત હિંમતનગર ટાવર ચોક બગીચા વિસ્તાર ખાતે બે દિવસીય સ્વદેશી મેળાનું ધારાસભ્ય વી.ડી.ઝાલાના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. અલગ અલગ તાલુકાના કુલ ૧૫ સ્વસહાય જૂથો દ્વારા સ્વ ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે નગર પાલિકા પ્રમુખ વિમલભાઈ ઉપાધ્યાય, ગ્રામ વિકાસ એજન્સી નિયામક કે.પી. પાટીદાર, નગરપાલિકા સદસ્યો તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અંકલેશ્વરના બોઈદ્રા ગામમાં

# ખેતરમાં એનસીટીએલની પાઈપલાઈન લીકેજથી ખેડૂતને લાખોનું નુકસાન થયાનો આક્ષેપ



(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વરના બોઈદ્રા ગામમાં શેરડીના ખેતરમાં એનસીટીએલની પાઈપલાઈનમાં લિકેજથી ખેડૂતને લાખોનું નુકશાન થયાનો આક્ષેપ કરાયો છે. અંકલેશ્વર તાલુકાના બોઈદ્રા ગામમાં સર્વે નંબર ૫૪૪માં જીગર કુમાર દિપકભાઈ પટેલનું ખેતર આવેલ છે. ખેડૂતના આક્ષેપ મુજબ છેલ્લા એક વર્ષથી ખેતરમાં લાઈન લિકેજના કારણે ખેડૂતને લાખોનું નુકશાન થઈ રહ્યો છે. આ બાબતે નર્મદા ક્લીન ટેક (NCTL)માં અને GPCB તેમજ અન્ય વિભાગોમાં વારંવાર જાણ કરવા છતાં પરિણામ ન આવતા ખેડૂતે મીડિયા સમક્ષ આક્રોશ ઠાલવ્યો હતો. કેમિકલ યુક્ત પાણીથી ખેતરના ઊભા પાકને નુકસાન થઈ રહ્યો છે. જોકે આ બાબતે અંકલેશ્વર GPCBના અધિકારીઓ ઉડાઉ જવાબ આપતા હોવાનું પણ ખેડૂતે ગંભીર આક્ષેપ કર્યો છે. (તસ્વીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

### મસ્જિદમાં ફેલાયેલી દુર્ગંધથી લોકોમાં રોષ

# માંડવી લાડવાડા વિસ્તારની કુવતે ઈસ્લામ મસ્જિદ અને વિસ્તારમાં ડ્રેનેજ સમસ્યાથી નમાઝીઓને તકલીફ

**● ગંદું પાણી હોવાથી નમાઝીઓને ઘરેથી વઝુ કરી આવવા મસ્જિદ સંચાલકોએ નોટિસ લગાડી ● ગટરો ઓવરફ્લો થતાં ગંદું પાણી મસ્જિદના પ્રાંગણ સુધી પહોંચતા ગંદકી અને દુર્ગંધથી લોકો ત્રાહિમામ્**



(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરના માંડવી વિસ્તાર છેલ્લા કેટલાક દિવસોથી ડ્રેનેજ સમસ્યાના કારણે મુશ્કેલીમાં સપડાયો છે. ખાસ કરીને વોર્ડ નંબર ૧૪ના લાડવાડા વિસ્તાર ખાતે આવેલી કુવતે ઈસ્લામ મસ્જિદમાં ડ્રેનેજનું ગંદુ પાણી ઘસી જવાથી નમાઝીઓ અને સ્થાનિક રહીશો બંને પરેશાન થઈ ગયા છે. મસ્જિદ નજીકના ડ્રેનેજ લાઈન ઓવરફ્લો થતાં ગંદું પાણી નમાઝ વખતે મસ્જિદના પ્રાંગણ સુધી પ્રવેશે છે, જેના કારણે નમાઝીઓ મોઢે રૂમાલ બાંધીને મસ્જિદમાં પ્રવેશતા જોવા મળે છે. ગંદા પાણીથી ફેલાતી દુર્ગંધ તેમજ મચ્છર-માખીઓનું પ્રમાણ વધતા આરોગ્યની દૃષ્ટિએ પણ જોખમનું માહોલ સર્જાઈ ગયો છે. સ્થાનિક રહેવાસી અને સામાજિક કાર્યકર ફારૂક મેમણ સોનીએ આક્રોશ સાથે જણાવ્યું હતુંકે, આ સમસ્યા અંગે અનેકવાર વડોદરા મહાનગરપાલિકાને ઓનલાઈન રજૂઆત કરવામાં આવી છે. છતાં પણ યોગ્ય કામગીરી હાથ ધરવામાં ન આવતા લોકોમાં નારાજગી વ્યાપી ગઈ છે. મસ્જિદમાં નમાઝ પઢવા આવતા નમાઝી ઓ એ જણાવ્યું હતું કે, ધર્મસ્થળ જેવી પવિત્ર જગ્યાએ આવી અસ્વચ્છ પરિસ્થિતિમાં નમાઝ અદા કરવી મુશ્કેલ બની ગઈ છે, જેના કારણે લોકોની ધાર્મિક ભાવનાઓને પણ આઘાત પહોંચી રહ્યો છે. રહેવાસીઓ તથા જમાતના પ્રતિનિધિઓએ મહાનગરપાલિકા અધિકારીઓને તાત્કાલિક પગલા ભરવા વિનંતી કરી છે જેથી મસ્જિદ ક્ષેત્રની ડ્રેનેજ લાઈનની સફાઈ તથા જરૂરી મરામત થઈ શકે અને લોકોનો પગપાળા જવા આવવા પણ સરળ બને.

# મેઘરજ તાલુકામાં વીજ ગ્રાહકોને દર મહિને બિલ ન મળતા ગ્રાહકોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

મેઘરજ, તા.૧૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ઓફિસ દ્વારા મેઘરજ તાલુકામાં વીજ ગ્રાહકોને દર મહિને રીડિંગ અને વીજળીનું બિલ પણ સમયસર મળતું ન હોવાથી વીજબિલની અનિયમિતતાને લઈને વીજ ગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો છે. મેઘરજ તાલુકાના લોકોમુખ્યત્વે ખેતી અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલ છે. આ તાલુકામાં શિક્ષણનું પ્રમાણ પણ ઓછું છે ત્યારે આ નિરીક્ષરતાનો કે અજ્ઞાનતાનો લાભ લઈ મેઘરજ gvcl કચેરી દ્વારા તાલુકાના સ્માર્ટ મીટર ધારકોને દર મહિને નિયમિત રીડિંગ અને બીલ મળતું ન હોવાનું કહેવાય છે. તાલુકાની પ્રજાને વીજ તંત્ર દ્વારા જ્યારે બાર બાર મહિના બાદ બિલ ભરવાની જાણ કરવામાં આવે ત્યારે તે રકમ કલ્પના બહારની અને અધધ હોવાથી તાલુકાના આર્થિક રીતે સક્ષમ ના હોઈ તેવા વીજ ગ્રાહકો મોટી રકમ એક સાથે ભરી શકતા ન હોવાથી ગ્રાહકોને બીલની રકમનું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ ભરવુ પડે છે. વીજ તંત્ર પોતાની મનમાની કરી ગ્રાહકોનું વીજ કનેક્શન કાપીને ગ્રાહકોને અંધારામાં રહેવા મજબૂર બનાવી દે છે. તો વળી હપ્તા પણ કરી આપવામાં આવતા નથી. વર્તમાન સમયમાં કમોસમી માવઠું થયું હોવાથી ખેતી પણ નિષ્ફળ નીવડી છે ત્યારે વીજ તંત્ર દ્વારા તાલુકાના વીજ ગ્રાહકોને દર મહિને નિયમિત રીડિંગની અને વીજબિલની જાણ કરવામાં આવે જેથી ગ્રાહકોને પડતી મુશ્કેલીઓનું નિવારણ કરી શકાય તેવી ગ્રાહકોમાં માંગ ઉઠી છે.

# કરજણ-ડભોઈ રોડનું કામ શરૂ થતાં રાહત

પાલેજ, તા.૧૯

કરજણ ડભોઈ ચોકડીથી ડભોઈને જોડતા રસ્તાની હાલત અત્યંત ખરાબ હોય જયારે તેને લઈને કરજણ તાલુકા કોંગ્રેસના પ્રમુખ પીન્ટુ પટેલ દ્વારા તંત્રને અનેક રજૂઆતો કરવામાં આવી હતી. તે રસ્તાનું કામ શરૂ થતા વાહન વયવહારમાં રાહત થશે.

કરજણ ડભોઈ રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોય અને મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો.

જેને ધ્યાનમાં લઈ કોંગ્રેસ પ્રમુખ પિન્ટુ પટેલ દ્વારા માર્ગ અને મકાન વિભાગને અનેક રજૂઆતો કરાવી રસ્તાનું કામ શરૂ કરાતા તેઓએ સ્થળ નિરીક્ષણ કર્યું હતું. માર્ગ મકાન બાંધકામ વિભાગની કામગીરીને આવકારી હતી.

# પાટણ : નાયતા ગામે ૭ વાહનો ઉપર અચાનક પથ્થરમારો

(સંવાદદાતા દ્વારા)

પાટણ, તા.૧૯

પાટણ શિહોરી રોડ ઉપર ગતરોજ રાત્રી દરમિયાન નાયતા ગામ નજીક એસ.ટીની ત્રણ બસો અને ચાર જેટલા ડમ્પરો ઉપર અજાણ્યા બાઈક સવાર ઈસમોએ પથ્થરમારો કરી બસો અને ડમ્પરને નુકસાન પહોંચાડી ફરાર થઈ જતા આ બાબતે એસ.ટી બસ ચાલકોએ સરસ્વતી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે અસામાજિક તત્વોને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે. પાટણ એસ.ટી બસ સ્ટેશન ખાતેથી ગતરોજ રાત્રિના સમયે શામળાજી પાટણ દિયોદર, અમદાવાદ થરા અને અમદાવાદ દિયોદર રૂટની ત્રણ એસ.ટી. બસો નિયત સમયે એક પછી એક રવાના થઈ હતી. આ બસો પાટણ શિહોરી રોડ ઉપર આવેલ નાયતા ગામ નજીકથી પસાર થઈ રહી હતી તે દરમિયાન અજાણ્યા બાઈક સવાર બે થી ત્રણ જેટલા ઈસમોએ એસટી બસો ઉપર એકાએક પથ્થર મારો કરતાં એસટીમાં બેઠેલા મુસાફરોમાં ભય વ્યાપી ગયો હતો. જયારે ડ્રાઈવરે સમય સૂચકતા વાપરી બસને સાઈડ ઉપર કરતા બસમાં બેઠેલા મુસાફરોને કોઈ નુકસાન થવા પામ્યુ ન હતું. તો બીજી તરફ આ રૂટ પરથી પસાર થતા રેતીના ત્રણથી ચાર જેટલા ડમ્પરો ઉપર પણ આ અજાણ્યા બાઈક ચાલક ઈસમોએ પથ્થરમારો કરી ડમ્પરોને પણ નુકસાન પહોંચાડયું હતું આ ઘટનાને પગલે એસ.ટી બસ ચાલકોએ પોલીસને જાણ કરતા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને અજાણ્યા બાઈક ચાલકોને શોધવાની તજવીજ હાથ ધરી હતી. એસટી બસ ચાલકોએ આ બાબતે સરસ્વતી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બાઈક ચાલક અસામાજિક ઈસમોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોડાસા તાલુકાના બે BLOને ધીમી કામગીરી અંગે કારણદર્શક નોટિસ

(સંવાદદાતા દ્વારા)મોડાસા, તા.૧૯

ગુજરાત રાજ્યમાં મતદારયાદી ખાસ સઘન સુધારણા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. અરવલ્લી જિલ્લાની મોડાસા વિધાનસભામાં સમાવિષ્ટ વિસ્તાર ખલીકપુર-૧ની કામગીરી કરતા બીએલઓ શૈલેષભાઈ પટેલ અને ખલીકપુર-૨ના અંજનાબેન પટેલને મતદાર નોંધણી અધિકારીએ બીએલઓની કામગીરીમાં સમય મર્યાદામાં ઓછા પ્રમાણમાં કામ કરતા બંને બીએલઓને તંત્ર દ્વારા વારંવાર ટેલિફોનિક જાણ કરવા છતાં નિષ્કાળજી દાખવી ખુબ જ ઓછા પ્રમાણમાં EF ફોર્મ ઓનલાઈન ડિજિટાઈઝ્ડ કરેલ હોઈ અને ડિજિટાઈઝ્ડ કરવા માટે તંત્રએ મદદરૂપ થવા જણાવતા બંને બીએલઓએ મતદારના કોઈપણ ફોર્મ વિગતો સહ ભરેલ ન હોવાનું બહાર આવતા ચૂંટણીની કામગીરીમાં વિલંબ કરતા બે દિવસમાં ખુલાસો કરવા નોટીસ ફટકારી શિક્ષાત્મક પગલાં લેવામાં આવશેની તાકીદ કરી ચૂંટણીની કામગીરી સત્વરે પૂર્ણ કરવા નોટિસમાં જણાવ્યું છે. અરવલ્લી જિલ્લા સહિત મોડાસા તાલુકામાં મતદાર સુધારણા કાર્યક્રમ (SIR)ની કામગીરીને ઝડપભેર આગળ વધારવામાં આવી રહી છે ત્યારે ધીમી કામગીરી અંગે ખુલાસો માંગતા બીએલઓની કામગીરી કરતા કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે.

### દિલ્હી બ્લાસ્ટની ઘટનાને લઈને પોલીસ વિભાગની કાર્યવાહી

# ભરૂચ જિલ્લામાં ૩૦૦થી વધુ આરોપીઓની વિગતો એકત્ર કરી ઉચ્ચકક્ષાએ મોકલાઈ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૯

દિલ્હી બ્લાસ્ટની ઘટનાને લઈને સમગ્ર દેશમાં ભારે રોષ નીકળ્યો છે. ત્યારે આતંકીઓના સાગરિતો તેમજ આકાઓને શોધવામાં રાષ્ટ્રીય સુરક્ષા દળ એડીચોટીનું જોર લગાવી રહ્યું છે. આવામાં દરેક જિલ્લામાં દેશવિરોધી કૃત્યમાં સંડોવણી કેસમાં તેમજ NDPS, હથિયાર, એક્સપ્લોઝિવ સહિતના કેસમાં સંડોવાયેલાં અને ઝડપાયેલાં આરોપીઓનો ડેટા એકત્ર કરવામાં આવી રહ્યો છે. ભરૂચ જિલ્લામાં છેલ્લાં ૩૦ વર્ષમાં સંલગ્ન કેસમાં ઝડપાયેલા ૩૦૦થી વધુ આરોપીઓની માહિતી એકત્ર કરવામાં આવી છે. સૂત્રોમાંથી જાણવા મળ્યા અનુસાર પોલીસ વિભાગ દ્વારા ડોઝીયેટ ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં જે તે આરોપીના નામથી લઈને અત્યાર સુધી તેણે શું કર્યું, ક્યાં રહેતો હતો કે પછી ક્યાં રહે છે, તેના પરિવારની વિગતો સહિત તેણે અગાઉના ગુના બાદ પુનઃ તેમાં સક્રિય છે કે કેમ ?, હાલમાં તેનું ચાલચલણ કેવું છે ? તે સહિતની વિગતો ડોઝીયેટમાં ભરવામાં આવી છે. જે ઉચ્ચકક્ષાએ મોકલવામાં આવ્યા છે.

ધાડ પાડવાના પૂર્વ-આયોજિત કાવતરાનો મહેસાણા LCBએ કર્યો પર્દાફાશ

# કાવતરૂં નિષ્ફળ : કાલુપુર રેલવે સ્ટેશને ૫૦ લાખની લૂંટ કરે તે પહેલાં જ ચાર લૂંટારા ઝડપાઈ ગયા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન ખાતે ૫૦ લાખની ધાડ પાડવાના પૂર્વ-આયોજિત કાવતરાનો પર્દાફાશ મહેસાણા જિલ્લાની લોકલ ક્રાઈમ બ્રાન્ચે કર્યો છે. કાવતરામાં સામેલ આઠ આરોપીઓ પૈકી ચાર શખ્સોને ૨ પિસ્તોલ અને ચોરીના વાહન સાથે ઝડપી



આરોપી ઠાકુર ગણપત રામકરણની કબૂલાત મુજબ, તેના ભાડાના મકાનમાં ઘઉં ભરેલી પ્લાસ્ટિકની થેલીમાં સંતાડેલી બે દેશી બનાવટની પિસ્તોલ અને ૯ રાઉન્ડ મળી આવ્યા હતા. રાધેશ્યામ મોતીરામ બાવરીએ આ ગેરકાયદેસર હથિયારો અજમેરથી આગળ કેકડી ગામેથી એક અજાણ્યા શખ્સ પાસેથી લાવ્યા હોવાનું જણાવ્યું

આરોપીઓ ૧૦ વર્ષથી ભાડું ગામમાં રહેતા અને ટાઈલ્સ ફિટીંગનું કામ કરતા ઠાકુર ગણપત સાથે મુલાકાત કરી સમગ્ર લુંટ કરવા માટે પ્લાન બનાવ્યો હતો. જેમાં લૂંટની ઘટનાને અંજામ આપવા માણસોની અને હથિયારની જરૂર પડતા વોન્ટેડ ગુજરાતી આરોપીઓએ ગણપત ઠાકુરને જાણ કરતા ગણપત ઠાકુરે

## બંદૂક વડે ફાયરિંગ કરી આંગડિયા પેઢીના કર્મીને લૂંટવાનો હતો પ્લાન; પોલીસે બે પિસ્તોલ અને ચોરીના વાહનો જપ્ત કર્યા

પાડ્યા છે. પોલીસે વિસનગર તાલુકા પોલીસ મથકમાં તમામ સામે ફરિયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

મહેસાણા LCB પોલીસ સ્ટાફ રાત્રિ પેટ્રોલિંગમાં હતો ત્યારે દુધ સાગર ડેરી આગળ PSI એમ. ડી. ડાભીની ટીમના ASI ડાહ્યાભાઈ ગણેશભાઈને ખાનગી બાતમી મળી હતી. બાતમી અનુસાર, ભાન્ડુ ગામના ગેટ નજીક ચાર માણસો એક મોટરસાઈકલ સાથે હાજર હતા અને તેઓ અન્ય સાથીદારો સાથે મળીને કાલુપુર રેલ્વે સ્ટેશન પર આંગડિયા લૂંટ કરવાનો પ્લાન ધરાવતા હતાં. આ લૂંટ માટે તેઓ બે પિસ્તોલ પણ લાવ્યા હતા. બાતમીની ખાતરી કરવા માટે પોલીસ ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને ભાન્ડુ ગામના ગેટ નજીક સર્વિસ રોડ પર ટીમ પહોંચી હતી. પોલીસને જોઈને હાજર ચારેય શખ્સો ભાગવા લાગ્યા હતાં, જોકે પોલીસ સ્ટાફે તેમને તે જ સ્થિતિમાં ઝડપી પાડ્યા હતાં. પોલીસે આરોપીઓ પાસેથી મોટરસાઈકલ જપ્ત કરી હતી, જેના પર ખોટી નંબર પ્લેટ (GJ-05-KH-2787) લગાવેલી હતી. મોટરસાઈકલના એન્જિન અને ચેચીસ નંબરના આધારે તપાસ કરતાં તેનો સાચો રજિસ્ટ્રેશન નંબર GJ-02-BG-2224નો હોવાનું અને આ વાહન અગાઉ ઉનાવા ખાતેથી ચોરી થયું હોવાનું બહાર આવ્યું હતું. વધુ પૂછપરછમાં, મુખ્ય હતું. જપ્ત કરાયેલ બંને પિસ્તોલની કુલ કિંમત ૫૮,૦૦૦ છે. વોન્ટેડ આરોપી ઠાકોર આકાશજી અને આશિષ ઠાકોર અગાઉ આંગડીયામાં કામ કરી ચુક્યા હતાં. આ બંને વોન્ટેડ આરોપીઓને ખબર હતી કે સુરતથી એક આંગડિયાકર્મી રૂપિયા લઈ ટ્રેન મારફતે અમદાવાદ કાલુપુર સ્ટેશન આવવાનો છે. આ બાબતે લૂંટ કરનાર ગેંગ અગાઉ એક બે વખત સ્ટેશન ખાતે રેકી પણ કરી આવ્યા હતાં.

લૂંટ કરવા માટે વોન્ટેડ રાજસ્થાનના રાધેશ્યામ બાવરી, જીતેન્દ્ર બાવરી, ઠાકોર અલ્પેશજી, મુન્નો બાવરી, બનવારી બાવરીને લૂંટ કરવા બોલાવ્યા હતા. આરોપીઓએ રેકી કર્યા પ્રમાણે સુરતથી અમદાવાદ રેલવે સ્ટેશન રૂપિયા લઈ આવનારો આંગડિયાકર્મી વહેલી સવારે ચાર વાગ્યે જેવો સ્ટેશન બહાર આવે અને કોઈ ગાડીમાં બેસે ત્યારબાદ લૂંટારુઓ પોતાના વાહન આડા કરી બંદૂક વડે ફાયરીગ કરી આંગડિયા પેઢીના કર્મીને લૂંટવાનો પ્લાન ઘડ્યો હતો.

રૂા.૧૦ હજાર કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય માટે ૧૦ લાખ ખેડૂતોની અરજી

# રાજ્યમાં ૭૦ હજાર ખેડૂતો પાસેથી ૧.૬૨ લાખ મે.ટનથી વધુ મગફળી ખરીદાઈ

## હવે SMS મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂતો મગફળી વેચી શકશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના મોટાભાગના પાકોને મોટુ નુકસાન પહોંચ્યું છે, પાકને થયેલા વ્યાપક નુકસાન સામે સરકાર ઐતિહાસિક રાહત સહાય પેકેજ પણ જાહેર કર્યું છે. આ સાથે ટેકાના ભાવે રૂા.૧૧૭૭ કરોડની મગફળીની ખરીદી પણ થઈ ચૂકી છે. કિસાન સન્માન નિધીના કાર્યક્રમમાં રાજ્યના કૃષિમંત્રી જીતુ વાઘાણીએ રાજ્યમાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળીની ખરીદીની પ્રક્રિયા અંગે મોટી રાહત આપી છે. જાહેરાત કરતાં તેમ જણાવ્યું કે, SMS મળ્યાના ૧૫ દિવસ સુધી ખેડૂત ટેકાના ભાવે મગફળી વેચી શકશે, એટલે કે ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ખેડૂત માટે સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. અગાઉ મેસેજ મળ્યાના સાત દિવસ સુધી મગફળી વેચવાની સમય મર્યાદા હતી, જો કે, હવે મેસેજ મળ્યા ૧૫ દિવસ સુધી ગમે ત્યારે મગફળી વેચી શકશે. દરમિયાન આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાલી રહેલી ટેકાના ભાવે મહફળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી. જેમાં અત્યાર સુધીમાં રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂા.૧૧૭૭ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટનથી વધુ મગફળીની ખરીદી કરવામાં આવી છે. સાથે જ, ખેડૂતોને મગફળી ખરીદીના ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ટેકાના ભાવે મગફળીના વેચાણ માટે ચાલુ વર્ષે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઈને મુખ્યમંત્રીએ ભારત સરકારને વધુ જથ્થો ખરીદી કરવા માટે કરેલી રજૂઆતને પગલે રાજ્યના ખેડૂતો પાસેથી રૂા.૧૫,૦૦૦ કરોડની મગફળી અને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળી ખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો હતો.

બીજી તરફ સહાય તેમજ અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમાં રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ VCE મારફત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરી છે. આ ઉપરાંત સપ્ટેમ્બરમાં વરસેલા અતિભારે વરસાદમાં સહાયરૂપ થવા રાજ્ય સરકારે પાંચ અસરગ્રસ્ત જિલ્લા માટે રૂા.૧૧૩૮ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કર્યું હતું. આ પેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે પણ આજ સુધીમાં કુલ ૧.૨૫ લાખ જેટલા ખેડૂતોએ VCE મારફત ઓનલાઈન અરજી કરી છે.

ગત સપ્તાહે મુખ્યમંત્રીએ મંત્રીઓને કામ સોંપતા

# મંત્રીઓએ પ્રભારી જિલ્લામાં રોડ-રસ્તાની કામગીરી અંગે બેઠકો યોજી કરી સમીક્ષા

## કામગીરીની સમીક્ષા અંગેનો અહેવાલ સપ્તાહના અંતે સોંપાશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગત સપ્તાહે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તમામ પ્રભારી મંત્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને સ્થળ સ્થિતિનો વિગતવાર અહેવાલ તૈયાર કરવા સૂચના આપી હતી. જેને લઈને માર્ગો કેટલા બન્યા કેટલા બાકી, કામગીરી ક્યાં સુધી પહોંચી તે સહિતની તમામ વિગતો અંગે મંત્રીઓએ પ્રભારી જિલ્લામાં બેઠક યોજી વિગતો મેળવી હતી.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીએ તમામ પ્રભારી મંત્રીઓને તેમના જિલ્લાઓમાં રોડની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સૂચના આપી હતી. તે અંગે થયેલી કામગીરીની સમીક્ષા આજની રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવી હતી. જેમાં તમામ પ્રભારી મંત્રીઓ દ્વારા તેમના પ્રભારી વિસ્તારમાં સ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. આ બેઠકો સહિતની કામગીરીનો વિગતવાર અહેવાલ તા.૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા મુખ્યમંત્રીએ સૂચના આપી છે. જે અનુસંધાને માર્ગોની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાં આવશે.

# શહેરમાં ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાના કેસમાં ચિંતાજનક વધારો

## સોલા સિવિલમાં ગત અઠવાડિયાની સરખામણીએ OPDમાં ૧૦૦૦ દર્દીનો વધારો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં છેલ્લા અઠવાડિયામાં ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકનગુનિયા જેવા રોગચાળાના કેસોમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. હોસ્પિટલના RMO કિરણ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, OPDમાં ગયા અઠવાડિયાની સરખામણીમાં ૧૦૦૦ દર્દીનો વધારો થયો છે, જેમાં કુલ ૧૪,૩૧૦ દર્દીઓ નોંધાયા છે, જ્યારે દાખલ દર્દીઓની સંખ્યા ૧,૧૫૨ હતી. શિયાળાની ધીમે ધીમે શરૂઆત થઈ ચૂકી છે. ત્યારે સિવિલ હોસ્પિટલોમાં રોગચાળાની સ્થિતિ અંગે ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં વધારો જોવા મળ્યો છે. આ અંગે સોલા સિવિલ હોસ્પિટલ RMO કિરણ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ડેન્ગ્યુમાં લગભગ ગયા અઠવાડિયામાં ૧૨૬ દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા. તેમાંથી ૧૧ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ હતા. તે જ રીતે મલેરિયામાં ૪૯૯ શંકાસ્પદ દર્દીઓના લોહીના નમૂના લેવામાં આવ્યા તેમાંથી ૧૪ દર્દીઓના રિપોર્ટ પોઝિટિવ હતા. જ્યારે ચિકનગુનિયાના ૧૧ દર્દીના શંકાસ્પદ સેમ્પલ લેવામાં આવ્યા અને ડાયેરિયાના કેસ લગભગ ૧૮ કેસ ગયા અઠવાડિયામાં નોંધાયા. તે જ રીતે વાઈરલ હેપેટાઈટિસના ૩ કેસ ગયા અઠવાડિયામાં નોંધાયા. બે અઠવાડિયાની સરખામણી કરીએ તો આ અઠવાડિયામાં લગભગ ૧૦૦૦ OPDનો સોલા સિવિલ હોસ્પિટલમાં વધારો થયો છે. લગભગ ગયા અને ગયા અઠવાડિયે ૧૩,૭૬૦ દર્દી હતા અને આ અઠવાડિયે ૧૪,૩૧૦ દર્દીઓ અમારી હોસ્પિટલમાં નોંધાયા છે. તથા બાળકોમાં લગભગ રોજેરોજ ૧૦૦ દર્દીઓની, ૧૦૦થી ૧૫૦ દર્દીઓની OPD રહેતી હોય છે અને લગભગ તાવ, શરદી, ઉધરસ વાળા દર્દીઓ OPDમાં આવતા હોય છે. અમારા ડોક્ટરો દ્વારા તેમની તપાસ કરી અને જો જરૂર હોય તો દવાઓ આપવામાં આવે છે અને જરૂર પડે તો દાખલ કરી સારવાર આપવામાં આવે છે. ઠંડીના કારણે બોડીમાં એકદમ જે લિક્વિડિટી હોય છે એ ઘટી જતી હોય છે. તેના કારણે ઘણી વખત શ્વાસ લેવામાં તકલીફ પણ થતી હોય છે. તો દરેક નાગરિકે પોતાના શરીરની જનરલ તપાસ ડોક્ટર દ્વારા કરાવી જોઈએ અને જરૂર પડે ત્યાં રિપોર્ટ કરાવવા જોઈએ અને ડોક્ટરની સલાહ પ્રમાણે દવા લેવી જોઈએ.

# નડિયાદ એટ્રોસિટી કેસ; શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગરસેવકના હાઈકોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

નડિયાદના ચકચારી એટ્રોસિટી કેસના આરોપી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહના હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા હોય બંનેને રાહત મળી હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યા મુજબ નડિયાદ મહાનગરપાલિકા કચેરી ખાતે થોડા દિવસો પહેલા પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું જેમાં ભાજપના એક દલિત કાર્યકરે દ્વારા નડિયાદ શહેર પોલીસ મથકે નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ તેમજ પૂર્વ નગર સેવક ગોકુલ શાહ સહિત છ કોંગ્રેસી કાર્યકરો વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન કોર્ટે આરોપી એવા નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગર સેવક સિવાયના અન્ય ચાર કોંગ્રેસી કાર્યકરોને રાહત આપી હતી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહ એ પોતાની ધરપકડ ટાળવા માટે નડિયાદ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જેને કોર્ટે નામંજૂર કરી હતી. જેથી બંનેએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. લાંબી દલીલો બાદ હાઈકોર્ટે કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ કાઉન્સિલર ગોકુલ શાહની આગોતરા જામીન અરજી મંજૂર કરવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જેના પગલે બંનેને પોલીસ ધરપકડમાંથી મુક્તિ મળી છે. તેમ મનાય છે.

# ખંભાતની શાળામાં થોડા મોડા પડ્યા તો આચાર્યએ બાળકોને કડકડતી ઠંડીમાં બહાર બેસાડી રાખ્યા; ભારે હોબાળો થયો

## વાલીએ વીડિયો ઉતારવાનું શરૂ કરતાં આચાર્યએ મોબાઈલ ઝૂંટવી લીધો

**વાલીઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત કરી**



(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)



(સંવાદદાતા દ્વારા)

આણંદ, તા.૧૯

આણંદના ખંભાતની એસ.બી. વકીલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલનાં આચાર્યની દાદાગીરી સામે આવી છે, શાળામાં એક મિનીટ મોડા પડેલા વિદ્યાર્થીઓને કડકડતી ઠંડીમાં શાળાની બહાર બેસાડી રાખી તેમજ વાલીએ તેનો વીડિયો ઉતારતા આચાર્યાએ વીડિયો ખુંચવી લઈ ઝપાઝપી કરતા આ બનાવ અંગે વાલીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત ફરિયાદ આપતા ચકચાર મચી જવા પામી છે. ખંભાત શહેરમાં પાંચ હાટડી વિસ્તારમાં રહેતા મલેક અનવરહુશેનની દિકરી સાગ્નીનીબાનું ધોરણ ૩માં અને ભત્રીજો મોહંમદ બિલાલ ધોરણ ૪માં ખંભાત શહેરની એસ.બી વકીલ ઈંગ્લીશ મીડિયમ સ્કૂલમાં અભ્યાસ કરે છે, આજે સવારે ૭.૨૮ કલાકે અનવરહુશેન પોતાની દિકરી અને ભત્રીજાને શાળામાં મૂકવા ગયેલા જેઓ એક મિનીટ શાળામાં મોડા પડ્યા હતા. તેઓ દિકરી અને ભત્રીજાને શાળામાં મુકી પરત ઘરે ગયા હતા. અનવરહુશેનનાં ઘરે ગયા બાદ શાળાનાં આચાર્યાએ આઠ વર્ષની માસુમ સાગ્નીન અને નવ વર્ષનાં માસુમ મોહંમદ બિલાલને શાળામાં વર્ગખંડમાં બેસવા ન દીધા હતા અને શાળાનાં ગેટની બહાર કાઢી મુકી ખુલ્લામાં બેસાડી દીધા હતા, જેથી માસુમ બાળકો સવારે ૧૦ ડીગ્રી જેવી કડકડતી ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા જેથી બાળકોએ તેમને બહુ ઠંડી લાગતી હોવાથી તેમનાં પિતાને ફોન કરવા આચાર્યાને કહ્યું હતું તેમ છતાં આચાર્યાએ બાળકોની વાત સાંભળવાનાં બદલે તમારે એક વાગ્યા સુધી અહિયાં જ બેસી રહેવાનું છે, તેમ કહેલ જેથી બાળકો સુસવાટા મારતા ઠંડા પવનોની વચ્ચે ઠુંઠવાતા બેસી રહ્યા હતા. દરમિયાન અનવરહુશેનને તેમનાં બાળકોને શાળાની બહાર ઠંડીમાં બેસાડી રાખયા હોવાની જાણ થતા તેઓ શાળામાં દોડી ગયા હતા અને આચાર્યા મંજરીબેન ગોરડીયાને મળીને બાળકોને કડકડતી ઠંડીમાં બહાર ખુલ્લામાં બેસાડી રાખવા યોગ્ય નથી તેમ કહેતા આચાર્યા મંજરી ગોરડીયા ઉશ્કેરાઈ ગયા હતા અને ગમે તેમ અસભ્ય વર્તન કરતા અનવરહુશેને તેઓનો મોબાઈલથી વીડિયો ઉતારતા તેઓએ વીડિયો ઉતાર હું કોઈથી ડરતી નથી તેમ કહીને મોબાઈલ ઝુંટવી લીધો હતો તેમજ હવે તારી દિકરી અને ભત્રીજાનું શુ થાય છે તે તું જોઈ લેજે તેવી ધમકી આપી હતી. સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થતા ચકચાર મચી જવા પામી હતી, આ બનાવ અંગે વાલીએ આણંદ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રખૂઆત કરી દાદાગીરી કરી બાળકોનાં સ્વાસ્થય સાથે રમત રમતા શાળાનાં આચાર્યા સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે,.જયારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અર્ચના પ્રજાપતિએ આ અંગે શાળાને નોટીસ આપી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અર્ચના પ્રજાપતિએ જણાવ્યું હતું કે વાલીની જે રજૂઆત મળેલ હતી, એ સંદર્ભે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળાની મુલાકાત પણ લીધેલી છે અને શાળાને નોટિસ પણ આપી છે અને જવાબદાર સામે યોગ્ય પગલાં પણ લેવામાં આવશે. ઠંડીની ઋતુમાં બાળકોને બહાર બેસાડી રાખવા, જે બિલકુલ યોગ્ય ન ગણાય. જેમને પ્રથમ નોટિસ તો, શો-કોઝ નોટિસ પાઠવી દેવામાં જ આવી છે. આગળ એના જવાબ અનુસંધાને આગળની કાર્યવાહી કરવામાં આવશે. વાલી અનવરહુશેન મલેકએ જણાવ્યું હતું કે આણંદ જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરીને અરજી આપી છે, મને આશા છે કે મને પૂરતો ન્યાય મળશે અને આવી તાનાશાહી બીજી સ્કૂલમાં નહીં ચાલે. વાલી અસફાક મલેકએ કહ્યું હતું કે આ શિયાળાની ઠંડીમાં છોકરાઓને બહાર બેસાડ્યા છે, તો તમારે ક્લાસમાં ના જ બેસાડવા હોય તો તમે વાલીઓને એમને જાણ કરો અને એમને કહો કે તમારા છોકરાની ગેરહાજરી મૂકી છે અને તમે એમને સ્કૂલેથી આવીને લઈ જાઓ. એમય એમનું ભણતર બગડે છે, આખો દિવસ સવારે ૭:૦૦ વાગ્યાથી લઈને ૧:૦૦ વાગ્યા સુધી બહાર બેસાડે છે. તો એમનું ભણતર બગડે છે. હવે આ શરદીમાં બાળકોને કંઈ થાય તો એનો જવાબદાર કોણ રહેશે? વિદ્યાર્થી મોહંમદ બિલાલે કહ્યું હતું કે અમોને બહાર બેસાડવાનાં કારણે બહુ ઠંડી લાગતી હતી, જેથી ટીચરને મારા ઘરે ફોન કરવા જણાવ્યું તો તેઓએ ના પાડી બહાર ઠંડીમાં મારા પગ અને હાથ બધું દુખતું હતું.

# ખેલમહાકુંભ-૨૦૨૫ ખો-ખો રમતમાં એફ.ડી.હાઈસ્કૂલ મકતમપુર ચેમ્પિયન




અમદાવાદ, તા.૧૯

તાજેતરમાં યોજાયેલી ખેલમહાકુંભ-૨૦૨૫ની ખો-ખો રમતની સ્પર્ધામાં એફ.ડી.હાઈસ્કૂલ મકતમપુરના ખેલાડીઓ વોર્ડ તેમજ ઝોન કક્ષાએ વિજેતા થયેલ છે. તેમજ જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ત્રીજો સ્થાન પ્રાપ્ત કરેલ છે વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર પ્રાપ્ત થશે.

(૧) પઠાણ અયાનખાન (૨) પટેલ અનસ (૩) શેખ ઝૈદ ખેલમહાકુંભની રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. ખેલાડીઓને શાળાના આચાર્ય વાય.એ.ખટુંબરાએ અભિનંદન પાઠવ્યા હતા તેમજ ખેલાડીઓને સંપૂર્ણ માર્ગદર્શન શાળાના વ્યાયામશિક્ષક ઈરફાન એસ. પાડાપાડીવાલાએ પુરૂં પાડ્યું હતું. તેમ એક અખબારી યાદીમાં જણાવાયું છે.

છ દિવસ પછી પણ હજી યુવતીનો કોઈ પત્તો નથી

# વડોદરામાં પોલીસની ઓળખ આપીને કારમાં ભરૂચ જતા યુવક તથા યુવતીનું અપહરણ

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીથી કારમાં ભરૂચ જવા નીકળેલા યુવક યુવતીને સુશેન સર્કલ નજીક આંતરીને પોલીસની ખોટી ઓળખ આપીને અપહરણ કરવામાં આવ્યું હતું. યુવકને ડરાવી ધમકાવી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. જે અંગે માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષનો અફવાન ઉસ્માનભાઈ કાની ઓન લાઈન ટ્રેડિંગનો બિઝનેસ કરે છે. તેણે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૨મી તારીખે બપોરે હું તથા મારી ગર્લફ્રેન્ડ કારમાં વડોદરા એમ.એસ.યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા. અમારી કારનો ડ્રાઈવર નબીલ શેખ હતો. અઢી વાગ્યે સુશેન સર્કલ તરફ જતા આર્મી કેમ્પ આગળ રોડ પર એક સ્કોર્પિયો

### યુવક પાસેથી સાડા ચાર લાખની ખંડણી પડાવી

કારના ચાલકે અમને ઊભા રાખ્યા હતા. અમે એસ.ઓ.જી. અમદાવાદના પોલીસના માણસો છીએ. તેવું કહી મને ડરાવ્યો હતો. કારમાં બેઠેલા એક વ્યક્તિએ પોતાની ઓળખ યાજ્ઞિક સાહેબ, બીજાએ આફતાબ પઠાણ તથા ત્રીજાએ પોતાની ઓળખ અમદાવાદ એસ.ઓ.જી. પોલીસ તરીકે આપી હતી. તેઓ અમારી કારમાંથી મારી ગર્લ ફ્રેન્ડને ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ મને તથા ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા. તેઓએ મારી પાસેથી બળજબરીથી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. ડીસીપી અભિષેક ગુપ્તાએ જણાવ્યું છે કે, હજી યુવતીની ભાળ મળી નથી. અમને આજે જ ફરિયાદ મળતા હવે તપાસ શરૂ કરી છે. ધમકીથી ગભરાઈ ગયેલા અફવાને આરોપીઓને કહ્યું કે, તમારે જે જોઈએ તે લઈ લો પણ મને છોડી દો. આરોપીઓએ મારી પાસે ૫૦ લાખ માંગ્યા હતા. ત્યારબાદ તેઓ મને વડોદરા પરત લઈ આવ્યા હતા. મેં મારા ભાઈ પાસેથી ચાર લાખ ભરૂચથી મંગાવ્યા હતા. બાકીના ૫૦ હજાર મેં એ.ટી.એમ.માંથી ઉપાડીને આપ્યા હતા. પોલીસે આ એ.ટી.એમ.ના સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી હાથ ધરી છે. ફરિયાદી યુવક અફવાને વધુમાં કહ્યું છે કે, મને તથા ડ્રાઈવર નબીલ શેખનું અપહરણ કરી અમદાવાદ સી.ટી.એમ.રોડ પર લઈ ગયા હતા. આરોપીઓએ મને એક કાગળ બતાવી કહ્યું કે, અમારી પાસે તારા ડોક્યુમેન્ટ્સ છે. તું શું કામ કરે છે? કેવા કામ કરે છે? તે અમને બધી ખબર છે. તેઓએ ધમકી આપી હતી કે, અમારા પી.આઈ. સાહેબ તને ઉંધો લટકાવી મારશે.

# ખાશોગી હત્યા : સઉદી પ્રિન્સને પત્રકારની હત્યાની જાણકારી હોવાની શક્યતા દર્શાવતો અમેરિકી ગુપ્તચર અહેવાલ ડોનાલ્ડ ટ્રમ્પે ફગાવી દીધો

## સઉદી પાટવી કુંવર મોહંમદ બીન સલમાનના માનમાં અમેરિકી પ્રમુખે વ્હાઈટ હાઉસમાં આલીશાન ભોજન સમારંભનું આયોજન કરીને અમેરિકા અને સઉદી અરેબિયાના સંબંધો વધુ ગાઢ બન્યા

(એજન્સી) તા.૧૯

સઉદી પ્રિન્સ કિંગ સલમાન અમેરિકા પહોંચ્યા છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે તેમનું ભવ્ય સ્વાગત કર્યું છે. તેમણે પત્રકાર જમાલ ખાશોગી હત્યા કેસમાં મોહમ્મદ બિન સલમાન (MBS)નો બચાવ કર્યો અને MBSએ ૧ ટ્રિલિયન યુએસ ડોલરના રોકાણનું વચન આપ્યું છે.



અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસ ખાતે સઉદી અરેબિયાના ક્રાઉન બિન-નાટો સાથી તરીકે નિયુક્ત કરશે, વ્હાઈટ હાઉસમાં ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનનું સ્વાગત કરતી વખતે આ નિર્ણય જાહેર કર્યો હતો અને કહ્યું કે, આજે રાત્રે, મને જાહેરાત કરતા આનંદ થાય છે કે અમે સઉદી અરેબિયાને ઔપચારિક રીતે એક મુખ્ય બિન-નાટો સાથી તરીકે નિયુક્ત કરીને અમારા લશ્કરી સહયોગને વધુ આગળ લઈ જઈ રહ્યા છીએ, જે તેમના માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. હાલમાં ફક્ત

### પ્રિન્સ સલમાને અમેરિકામાં રોકાણ માટે ખજાનો ખોલી નાંખ્યો અને બદલામાં ટ્રમ્પે પત્રકારની હત્યાના કિસ્સામાં એમબીએસનો બચાવ કર્યો

પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન (MBS)નું ભવ્ય સ્વાગત કર્યું હતું. ૨૦૧૮માં પત્રકાર જમાલ ખાશોગીની ક્રૂર હત્યામાં ટ્રમ્પે ખુલ્લેઆમ MBSનો બચાવ કર્યો છે. ૨૦૧૮માં ખાશોગીની હત્યા પછી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની આ પહેલી અમેરિકાની મુલાકાત છે. મંગળવારે વ્હાઈટ હાઉસમાં ક્રાઉન પ્રિન્સ સલમાન સાથેની મુલાકાત દરમિયાન, રાષ્ટ્રપતિ ટ્રમ્પે ખાશોગીની હત્યાને લગતા પ્રશ્નો પરના યુએસ ગુપ્તચર અહેવાલને સ્પષ્ટપણે ફગાવી દીધો હતો. ૨૦૨૧ના એક અહેવાલમાં તારણ કાઢ્યું હતું કે MBSએ ખાશોગીને પકડવા અથવા મારવા માટેના ઓપરેશનને મંજૂરી આપી હતી. ટ્રમ્પે પત્રકાર જમાલ ખાશોગીને 'અત્યંત વિવાદાસ્પદ' વ્યક્તિ તરીકે વર્ણવતા કહ્યું કે, 'તમે એક એવા માણસનો ઉલ્લેખ કરી રહ્યા છો જે અત્યંત વિવાદાસ્પદ હતો. જ્યારે એક મહિલા પત્રકારે વારંવાર હત્યા વિશે MBSને પ્રશ્ન કર્યો, ત્યારે ટ્રમ્પ ગુસ્સે થયા અને તેમના પર 'અમારા મહેમાનને શરમજનક' બનાવવાનો આરોપ મૂક્યો.

જમાલ ખાશોગીની હત્યા પછી પહેલી વાર વ્હાઈટ હાઉસની મુલાકાત લેનારા ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને આ ઘટનાને 'મોટી ભૂલ' ગણાવી. તેમણે કહ્યું કે તુર્કીના ઈસ્તંબુલમાં સઉદી કોન્સ્યુલેટમાં ખાશોગીની હત્યા અને તેનું અંગવિચ્છેદન 'પીડાદાયક' હતું. તેમણે જણાવ્યું કે સઉદી અરેબિયામાં સંપૂર્ણ તપાસ હાથ ધરવામાં આવી છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓને રોકવા માટે સિસ્ટમોમાં સુધારો કરવામાં આવ્યો છે. આ બેઠકનું સૌથી મોટું પાસું સઉદી અરેબિયા દ્વારા યુનાઈટેડ સ્ટેટ્સમાં મોટા પાયે રોકાણનું વચન હતું. પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને ટ્રમ્પને જણાવ્યું હતું કે સઉદી અરેબિયા યુનાઈટેડ સ્ટેટ્સમાં તેના રોકાણને $૬૦૦ બિલિયનથી વધારીને આશરે $૧ ટ્રિલિયન કરવાની યોજના ધરાવે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે આ આંકડાની પુષ્ટિ કરી અને તેને અમેરિકામાં આગામી 'ઘણી નોકરીઓ' માટે આશા દર્શાવી હતી. ટ્રમ્પે ઈઝરાયેલ સાથેના સંબંધોને સામાન્ય બનાવવા માટે એમબીએસ પર દબાણ કર્યું છે (અબ્રાહમ કરાર). પ્રિન્સ મોહમ્મદે જણાવ્યું હતું કે તેઓ 'શક્ય તેટલી વહેલી તકે' આ કરવા માટે કામ કરી રહ્યા છે, પરંતુ પેલેસ્ટીની રાષ્ટ્ર માટે 'બે-રાજ્ય ઉકેલ માટે સ્પષ્ટ માર્ગ' સુરક્ષિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રપતિ ટ્રમ્પે સઉદી અરેબિયાને F-35 સ્ટીલ્થ ફાઈટર જેટ વેચવાની પુષ્ટિ આપી હતી. માનવ અધિકાર જૂથોએ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા એમબીએસના ભવ્ય સ્વાગત અને બચાવની સખત ટીકા કરી છે. ખાશોગીની વિધવા, હનાન એલાત્ર ખાશોગીએ પણ દુઃખ વ્યક્ત કર્યું હતું અને કહ્યું હતું કે તેમના પતિની હત્યાએ તેમનું જીવન બરબાદ કરી દીધું છે. કાર્યકરોએ આરોપ લગાવ્યો હતો કે ટ્રમ્પ પોતાના અંગત વ્યવસાયિક હિતો માટે સઉદી શાસનનો બચાવ કરી રહ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે યુનાઈટેડ સ્ટેટ્સ સઉદી અરેબિયાને એક મુખ્ય ૧૯ દેશો આ હોદ્દો ધરાવે છે, જે વોશિંગ્ટન સાથે વિસ્તૃત સંરક્ષણ, ગુપ્તચર અને સુરક્ષા સહયોગ પ્રદાન કરે છે. જો કે, તે નોંધપાત્ર વ્યવહારૂ અને નાણાકીય ફાયદાઓ પ્રદાન કરે છે, તે પરસ્પર સંરક્ષણ સંધિનું નિર્માણ કરતું નથી અને કોઈપણ સમયે તેને પાછું ખેંચી શકાય છે. સાઉદી પ્રેસ એજન્સી (SPA) અનુસાર, આ કરાર વ્યૂહાત્મક ભાગીદારી અને ઐતિહાસિક સંબંધો દર્શાવે છે. તે એક મહત્વપૂર્ણ પગલું છે જે સંરક્ષણ ભાગીદારીને મજબૂત બનાવે છે અને પ્રદેશમાં શાંતિ, સુરક્ષા અને સમૃદ્ધિને સમર્થન આપે છે.

બંને પક્ષોએ સંયુક્ત લશ્કરી કાર્યવાહી વિકસાવવા માટે તેમની પ્રતિબદ્ધતાને પુષ્ટિ આપી છે. આ કરારમાં કહેવામાં આવ્યું છે કે સઉદી અરેબિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વધતા પડકારોનો સામનો કરવા માટે સાથે મળીને કામ કરવા સક્ષમ સુરક્ષા ભાગીદારો છે, જેમાં સંરક્ષણ સંકલનને વધુ ગાઢ બનાવવા, તૈયારીનું સ્તર વધારવા અને પ્રતિરોધક ક્ષમતાઓ વધારવાનો સમાવેશ થાય છે. સઉદી રોયલ કોર્ટ દ્વારા જારી કરાયેલા એક નિવેદન મુજબ, ક્રાઉન પ્રિન્સનો આ પ્રવાસ ૨૦૧૮ પછી વોશિંગ્ટનનો તેમનો પ્રથમ કાર્યકારી પ્રવાસ છે. અરબી અલ-એખબારિયા ચેનલ દ્વારા પ્રસારિત ફૂટેજમાં દર્શાવવામાં આવ્યું છે કે ક્રાઉન પ્રિન્સનું ટ્રમ્પ દ્વારા ૧૮ નવેમ્બર, મંગળવારના રોજ વ્હાઈટ હાઉસ ખાતે ઔપચારિક સ્વાગત દરમિયાન સ્વાગત કરવામાં આવ્યું હતું.

# લેબેનોનમાં પેલેસ્ટીની શરણાર્થી શિબિર પર ઈઝરાયેલી હુમલામાં ૧૩ લોકોનાં મોત

(એજન્સી) તા.૧૯

લેબેનોનના જાહેર આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, દક્ષિણ લેબેનોનમાં પેલેસ્ટીની શરણાર્થી શિબિર પર ઈઝરાયેલી હવાઈ હુમલામાં ૧૩ લોકો મૃત્યુ પામ્યા છે.



લેબેનોનની રાજ્ય સંચાલિત રાષ્ટ્રીય સમાચાર એજન્સી અનુસાર, મંગળવારે દરિયાકાંઠાના શહેર સિદોનની બહાર આવેલા આઈન અલ-હિલવેહ શરણાર્થી શિબિરમાં એક મસ્જિદના પાર્કિંગમાં એક કાર પર ડ્રોનથી હુમલો થયો.

મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે હુમલામાં ચાર લોકો ઘાયલ થયા છે, અને "એમ્બ્યુલન્સ હજુ પણ ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જઈ રહી છે."

ઈઝરાયેલે જણાવ્યું કે તેણે પેલેસ્ટીની સશસ્ત્ર જૂથ હમાસના સભ્યો પર હુમલો કર્યો જે શરણાર્થી શિબિરમાં એક તાલીમ સંકુલમાં કાર્યરત હતા.

ઈઝરાયેલી સૈન્યના અરબી પ્રવક્તા અવિચાઈ અદ્રાઈએ એક નિવેદનમાં જણાવ્યું કે, "જ્યારે આપણે કહીએ છીએ કે આપણે આપણી ઉત્તરીય સરહદ પર કોઈ ખતરો સહન કરીશું નહીં, ત્યારે અમારો અર્થ આ વિસ્તારમાં કાર્યરત તમામ આતંકવાદી સમુહો છે. અમે લેબનોનમાં પગપેસારો કરવાના હમાસના પ્રયાસો સામે કડક કાર્યવાહી કરવાનું ચાલુ રાખીશું અને આપણી સુરક્ષા માટે ખતરો ઉભો કરતા તેના તત્વોને દૂર કરીશું."

હમાસે ઈઝરાયેલના દાવાને નકારી કાઢ્યો, તેને "બનાવટી" ગણાવ્યો અને ભારપૂર્વક જણાવ્યું કે લેબનીઝ શરણાર્થી શિબિરોમાં સમૂહ પાસે તાલીમ સુવિધાઓ નથી. તેમણે જણાવ્યું કે "ઝાયોનિસ્ટ બોમ્બમારો આપણા નિર્દોષ પેલેસ્ટીની લોકો અને લેબેનોનની સાર્વભૌમત્વ સામે એક બર્બર આક્રમણ હતું.

મંગળવારે અગાઉ, લેબેનોને જણાવ્યું કે દેશના દક્ષિણમાં અન્યત્ર કાર પર ઈઝરાયેલી હુમલામાં બે લોકો મૃત્યુ પામ્યા છે. ઓક્ટોબર ૨૦૨૩માં ગાઝા પર યુદ્ધ શરૂ કર્યા પછી, જ્યારે હમાસે દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કર્યો, ત્યારે ઈઝરાયેલે લેબેનોનમાં હમાસ સહિત અનેક પેલેસ્ટીનીસમુહના અધિકારીઓની હત્યા કરી છે. ગાઝા પર ઈઝરાયેલના નરસંહાર યુદ્ધમાં ૬૯,૪૮૩ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૧૭૦,૭૦૬ ઘાયલ થયા છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ હમાસની આગેવાની હેઠળના હુમલાઓ દરમિયાન ઈઝરાયેલમાં કુલ ૧,૧૩૯ લોકો માર્યા ગયા હતા અને ૨૦૦થી વધુ લોકોને કેદી બનાવવામાં આવ્યા હતા.

ઈઝરાયેલે ગાઝા પર યુદ્ધ શરૂ કર્યાના એક દિવસ પછી, હિઝબુલ્લાહે ઈઝરાયલ તરફ રોકેટ છોડવાનું શરૂ કર્યું, જેણે લેબનાનમાં તોપમારો અને હવાઈ હુમલાઓ દ્વારા જવાબ આપ્યો, અને બંને પક્ષો એક સંઘર્ષમાં ફસાઈ ગયા કે સપ્ટેમ્બર ૨૦૨૪ ના અંતમાં ઈઝરાયેલ સંપૂર્ણ વિકસિત યુદ્ધમાં ફેરવાઈ ગયું.

ઈઝરાયેલના યુદ્ધમાં લેબેનોનમાં ૪,૦૦૦થી વધુ લોકો માર્યા ગયા, જેમાં સેંકડો નાગરિકોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલમાં, ૮૦ સૈનિકો સહિત ૧૨૭ લોકો મૃત્યુ પામ્યા ગયા.

યુનાઈટેડ સ્ટેટ્સ દ્વારા મધ્યસ્થી કરાયેલ યુદ્ધવિરામ સાથે નવેમ્બર ૨૦૨૪ ના અંતમાં યુદ્ધ બંધ થયું, પરંતુ ત્યારથી, ઈઝરાયેલે હિઝબુલ્લાહ પર તેની ક્ષમતાઓ ફરીથી બનાવવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવતા લેબનાન પર ડઝનબંધ હવાઈ હુમલા કર્યા છે.

# અમેરિકા મુસ્લિમ બ્રધરહુડને વૈશ્વિક આતંકવાદી સંગઠન તરીકે નિયુક્ત કરવા તૈયાર : મોટા કાનૂની અને નાણાકીય પરિણામોની અપેક્ષા

(એજન્સી) તા.૧૯

સોમવારે પર પ્રકાશિત થયેલા એક અહેવાલ મુજબ, અમેરિકન સ્ટેટ ડિપાર્ટમેન્ટની કાનૂની અને રાજદ્વારી ટીમો, ડિપાર્ટમેન્ટના કાનૂની સલાહકાર કાર્યાલય સાથે સંકલનમાં, મુસ્લિમ બ્રધરહુડને વૈશ્વિક આતંકવાદી સંગઠન જાહેર કરી શકે તેવા નિર્ણયનું મૂલ્યાંકન કરી રહી છે. વોશિંગ્ટનથી લીક થયેલી માહિતી સૂચવે છે કે, જો આ નિર્ણય અપનાવવામાં આવે તો, આંતરરાષ્ટ્રીય મુસ્લિમ બ્રધરહુડ નેટવર્ક સાથે જોડાણ હોવાના શંકાસ્પદ વ્યક્તિઓ, વ્યવસાયિક વ્યક્તિઓ અને સંસ્થાઓ સામે સાવચેતી પગલાં, નાણાકીય તપાસ અને કાર્યવાહીનો માર્ગ મોકળો થશે. સૂત્રોએ ખુલાસો કર્યો છે કે અમેરિકન ટ્રેઝરી ડિપાર્ટમેન્ટ વિસ્તૃત યાદીઓ તૈયાર કરી રહ્યું છે જેમાં વ્યક્તિઓ, કંપનીઓ, સંગઠનો અને 'રાજકીય ઈસ્લામ' સાથે જોડાયેલા માળખામાં કાર્યરત માનવામાં આવતી સંસ્થાઓના નામ સામેલ હોઈ શકે છે. અહેવાલ મુજબ, એક અરબ દેશે તાજેતરમાં વોશિંગ્ટનને બ્રધરહુડ સાથે જોડાયેલી સંસ્થાઓ પર વિગતવાર ગુપ્તચર ફાઈલો પ્રદાન કરી છે. આ દસ્તાવેજો ટ્રેઝરી અને વિદેશ મંત્રાલયના સંયુક્ત સંકલન કાર્યાલયમાં ટ્રાન્સફર કરવામાં આવ્યા છે, જ્યાં તેઓ કાનૂની અને પ્રક્રિયાગત સમીક્ષામાંથી પસાર થઈ રહ્યા છે. કોઈપણ આગામી નિર્ણયમાં ચળવળની સીરિયન શાખા ઉપરાંત, ઘણા આરબ દેશોમાં કાર્યરત ઈસ્લામિક સંસ્થાઓ અને સંગઠનો સામેલ હોઈ શકે છે. વિશ્લેષકો એમ પણ કહે છે કે અમેરિકા આ શ્રેણીનો વ્યાપ વધારીને બ્રધરહુડના આંતરરાષ્ટ્રીય કાર્યો



સાથે જોડાયેલા માનવામાં આવતા સખાવતી અને આર્થિક મોરચાઓનો સમાવેશ કરી શકે છે. આ સંભવિત અમેરિકન પગલું સમુહ પર વધતા પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય દબાણની પૃષ્ઠભૂમિ સામે આવ્યું છે. ૨૦૧૧થી, ઘણી આરબ સરકારોએ મુસ્લિમ બ્રધરહુડ પર ઔપચારિક રીતે પ્રતિબંધ મૂક્યો છે અથવા કડક પ્રતિબંધો લાદ્યા છે. યુરોપમાં, ખાસ કરીને ફ્રાન્સમાં, રાજકીય હેતુઓ માટે ધર્મનો દુરુપયોગ કરતી સંસ્થાઓ સામે સંકલિત કાર્યવાહી માટે વધતા કોલ વચ્ચે તપાસ તીવ્ર બની રહી છે. આ વિકાસ ૧૧ નવેમ્બરના રોજ શરૂ થયેલા અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ સુધી ચાલનારા આંતરરાષ્ટ્રીય મીડિયા અભિયાન સાથે સુસંગત છે, જેમાં મુસ્લિમ બ્રધરહુડને ઉગ્રવાદી સંગઠન તરીકે વર્ગીકૃત કરવાની હિમાયત કરવામાં આવી હતી. ઝુંબેશના આયોજકો જણાવે છે કે તેમનો ઉદ્દેશ્ય યુરોપિયન જનતામાં 'ઉગ્રવાદી રાજકીય-ઈસ્લામવાદી સમૂહના ખતરા' વિશે જાગૃતિ લાવવાનો છે જે કથિત રીતે યુરોપિયન સંસ્થાઓમાં પ્રભાવ કામગીરી માટે સમુદાય અને સખાવતી પહેલનો ઉપયોગ કરે છે. ઝુંબેશના નેતાઓએ ભાર મૂક્યો હતો કે આવા જૂથો 'મુસ્લિમો અથવા તેમના મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરતા નથી' અને દલીલ કરી હતી કે તેમની વિચારધારા સહિષ્ણુતા, દયા અને ન્યાયના ઈસ્લામિક સિદ્ધાંતોનો વિરોધાભાસ કરે છે. ચાલુ પ્રયાસો મુખ્યત્વે યુરોપ અને મધ્ય પૂર્વમાં નાણાકીય નેટવર્કને તોડી પાડવા પર કેન્દ્રિત છે, જેમાં પ્રતિબંધો, સંપત્તિ ફ્રીઝ અને નાણાકીય દેખરેખમાં વધારો સામેલ છે.

# કટોકટી વધુ ઘેરી બનતાં હમાસે ટ્રમ્પની ગાઝા યોજનાને UNSCના સમર્થનનો ઈન્કાર કર્યો

(એજન્સી) તા.૧૯

હમાસે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવને કડક શબ્દોમાં નકારી કાઢ્યો છે જેમાં અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ગાઝા યોજનાને સમર્થન આપવામાં આવ્યું હતું, અને જણાવ્યું કે તે પેલેસ્ટીની લોકોની રાજકીય અને માનવતાવાદી જરૂરિયાતોને પૂર્ણ કરતો નથી.



આંદોલને જણાવ્યું કે આ ઠરાવ ઘેરાયેલા લોકોની મુખ્ય માગણીઓને સંબોધતો નથી, જે તાજેતરના સ્મૃતિમાં સૌથી વિનાશક સંઘર્ષોમાંનો એકનો ભોગ બની છે. સુરક્ષા પરિષદે અગાઉ યુએસ-સમર્થિત યુદ્ધવિરામ માળખાને મંજૂરી આપી જેમાં ગાઝાના વિનાશકારી ભૂપ્રદેશમાં આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળની તૈનાતીનો સમાવેશ થાય છે - આ યોજનાને વોશિંગ્ટન વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવા અને પુનર્નિર્માણને સક્ષમ બનાવવા માટે આવશ્યક ગણાવે છે.

જોકે, જમીન પર માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બની રહી છે. ગાઝા અધિકારીઓએ ચેતવણી આપી છે કે વિસ્થાપિત પરિવારોને તાત્કાલિક ૩૦૦,૦૦૦ તંબુઓની જરૂર છે, કારણ કે શિયાળો તેની પકડ મજબૂત કરી રહ્યો છે અને હજારો લોકો ખંડેર વચ્ચે આશ્રય વિના રહે છે. યુદ્ધમાં થયેલા જાનહાનિના આંકડા હજુ પણ ચોંકાવનારા છે. આ પ્રદેશના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૩થી ગાઝા પર ઈઝરાયેલના અવિરત હુમલામાં ૬૯,૪૮૩ પેલેસ્ટીનીઓ મૃત્યુ પામ્યા છે અને ૧૭૦,૭૦૬ ઘાયલ થયા છે. આ સંઘર્ષ ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના રોજ શરૂ થયો હતો, જેમાં હમાસના નેતૃત્વ હેઠળના હુમલાઓમાં ઈઝરાયેલમાં ૧,૧૩૯ લોકો મૃત્યુ પામ્યા છે અને લગભગ ૨૦૦ અન્ય લોકોને બંદી બનાવવામાં આવ્યા હતા.

જેમ જેમ ગાઝાનો શિયાળો વધુ કઠોર બનતો જાય છે અને રાજદ્વારી પ્રયાસો ઢીલા પડતા જાય છે, તેમ તેમ આંતરરાષ્ટ્રીય ઉકેલો અને જમીની વાસ્તવિકતાઓ વચ્ચેનું અંતર વધુને વધુ પહોળું થતું જાય છે.

# સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે ટ્રમ્પની ગાઝા યોજનાને સમર્થન આપ્યું, આંતરરાષ્ટ્રીય શાંતિરક્ષક સશસ્ત્ર દળને મંજૂરી આપી

(એજન્સી) તા.૧૯

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ગાઝા શાંતિ પ્રસ્તાવને સમર્થન આપતા અને આ પ્રદેશ માટે આંતરરાષ્ટ્રીય સ્થિરીકરણ દળની રચનાને અધિકૃત કરતા અમેરિકા દ્વારા તૈયાર કરાયેલા ઠરાવને અપનાવ્યો છે. ટ્રમ્પે આ પગલાને 'ખરેખર ઐતિહાસિક ક્ષણ' ગણાવી હતી. સોમવારે સાંજે ૧૫ સભ્યોની પરિષદમાં મતદાન માટે મુકાયેલ આ ઠરાવને ૧૩ મતોથી પસાર કરવામાં આવ્યો, જેમાં કોઈ મત નહીં. ચીન અને રશિયા ગેરહાજર રહ્યા. આ ઠરાવ ૨૯ સપ્ટેમ્બરના રોજ રજૂ કરાયેલા ગાઝા સંઘર્ષને સમાપ્ત કરવા માટે ટ્રમ્પની વ્યાપક યોજનાને ઔપચારિક રીતે સમર્થન આપે છે, જેનો ઉદ્દેશ્ય ગાઝાને 'કટ્ટરપંથી મુક્ત, આતંકવાદ મુક્ત ક્ષેત્ર'માં રૂપાંતરિત કરવાનો અને તેના રહેવાસીઓના લાભ માટે આ પ્રદેશનું પુનર્નિર્માણ કરવાનો છે. આ યોજનાનું કેન્દ્રબિંદુ બોર્ડ ઓફ પીસ (BoP)ની રચના છે, જે એક સંક્રમણકારી વહીવટ હશે જેની પાસે આંતરરાષ્ટ્રીય કાનૂની સત્તા હશે અને તે પુનર્નિર્માણ માળખું ડિઝાઈન કરવા અને વૈશ્વિક ભંડોળનું સંકલન કરવા માટે જવાબદાર હશે. ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં કાઉન્સિલના સમર્થનનું સ્વાગત કર્યું અને જણાવ્યું કે તેઓ બોર્ડના અધ્યક્ષ બનશે, જેમાં તેમણે દાવો કર્યો કે



'વિશ્વભરના સૌથી શક્તિશાળી અને આદરણીય નેતાઓ' સામેલ હશે. આ મતદાન વ્હાઈટ હાઉસ ખાતે સઉદી ક્રાઉન પ્રિન્સ અને વડાપ્રધાન મોહમ્મદ બિન સલમાન સાથે ટ્રમ્પની મુલાકાતની પૂર્વસંધ્યાએ થયું. સંયુક્ત રાષ્ટ્ર સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે તેમના પ્રવક્તા, સ્ટીફન ડુજારિક દ્વારા, આ ઠરાવને યુદ્ધવિરામને મજબૂત બનાવવા તરફ 'મહત્ત્વપૂર્ણ પગલું' ગણાવ્યું. તેમણે તમામ પક્ષોને શરતોનું પાલન કરવા વિનંતી કરી અને યોજનાના બીજા તબક્કા, જે બે-રાજ્ય ઉકેલ પ્રાપ્ત કરવાના હેતુથી એક રાજકીય પ્રક્રિયા છે, તરફ ઝડપથી આગળ વધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. સંયુક્ત રાષ્ટ્રએ જણાવ્યું કે તે માનવતાવાદી કામગીરીને વિસ્તૃત કરવા અને ગાઝાને યુદ્ધવિરામના આગામી તબક્કામાં ખસેડવાના પ્રયાસોને સમર્થન આપવા માટે પ્રતિબદ્ધ છે. અમેરિકન સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ આ ઠરાવને હમાસને બદલે પેલેસ્ટીનીઓ દ્વારા શાસિત શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ગાઝા સ્થાપિત કરવા તરફ 'ઐતિહાસિક સીમાચિહ્ન' ગણાવ્યો. વોશિંગ્ટનના સંયુક્ત રાષ્ટ્ર રાજદૂત, માઈક વોલ્ટ્ઝે જણાવ્યું કે આ ઠરાવ સ્થિર અને સુરક્ષિત ગાઝા તરફનું બીજું 'મહત્ત્વપૂર્ણ પગલું' છે.

# પાકિસ્તાને અલ-અક્સા મસ્જિદ પર ઈઝરાયેલી વસાહતીઓના દરોડાની ટીકા કરી

(એજન્સી) તા.૧૯

પાકિસ્તાને મંગળવારે પૂર્વ જેરૂસલેમમાં અલ-અક્સા મસ્જિદ પર ઈઝરાયેલી વસાહતીઓ દ્વારા કરવામાં આવેલા હુમલાની કડક ટીકા કરી છે. એક નિવેદનમાં, પાકિસ્તાની વિદેશ મંત્રાલયે જણાવ્યું કે અલ-અક્સા મસ્જિદમાં વસાહતીઓનો પ્રવેશ આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર ઠરાવોનું 'સ્પષ્ટ ઉલ્લંઘન' છે. નિવેદનમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને વર્તમાન ઐતિહાસિક પરિસ્થિતિ અનુસાર પવિત્ર સ્થળોનું રક્ષણ કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો. પાકિસ્તાને આંતરરાષ્ટ્રીય સમુદાયને પવિત્ર સ્થળોનું રક્ષણ સુનિશ્ચિત કરવા, વધુ હિંસા અને શરણાર્થીઓ દ્વારા કરવામાં આવતા હુમલાઓને રોકવા અને સંયુક્ત રાષ્ટ્ર ઠરાવોને સમર્થન આપવા માટે તાત્કાલિક અને અસરકારક પગલાં લેવા માંગ કરી છે. એક સત્તાવાર નિવેદન અનુસાર,



સોમવારે ૧૯૮ ઈઝરાયેલી વસાહતીઓ અલ-અક્સા મસ્જિદમાં પ્રવેશ્યા હતા, જ્યારે ૯૭૪ પ્રવાસીઓ પણ મસ્જિદમાં પ્રવેશ્યા હતા. પેલેસ્ટીની સરકારના વોલ એન્ડ સેટલમેન્ટ રેઝિસ્ટન્સ કમિશનના ડેટા, જે ૫ ઓક્ટોબર સુધી અપડેટ કરવામાં આવ્યા હતા, તે દર્શાવે છે કે ગાઝા પર ઈઝરાયેલી યુદ્ધના બે વર્ષ દરમિયાન, વસાહતીઓએ વેસ્ટ બેંકમાં ૭,૧૫૪ હુમલા કર્યા હતા. આ હુમલાઓમાં ૩૩ પેલેસ્ટીની મૃત્યુ પામ્યા છે અને ૩૩ સમુદાયોને વિસ્થાપિત કર્યા હતા.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# ઉમરાહ માટે ગયેલા ૪૫ ભારતીયોના દુર્ઘટનામાં મૃત્યુનો બનાવ ખૂબ દુઃખદ

વિશ્વના મુસ્લિમો માટે હજ કે ઉમરાહની પવિત્ર યાત્રાનું અતિવિશિષ્ટ મહત્ત્વ હોય છે. દુનિયાના કોઈપણ ખૂણામાં વસતા મુસલમાનનું મુખ્ય સપનું હજ-ઉમરાહ-ઝિયારતનું હોય છે. જેના કારણે દુનિયાભરમાંથી વર્ષે લાખો મુસ્લિમો હજ કે પછી ઉમરાહ માટે જાય છે અને આવા અકીદતમંદો સાથે જ્યારે કોઈ માનવસર્જિત બેદરકારીથી દુર્ઘટના સર્જાય તો એ અત્યંત દુઃખદ બાબત છે.

સાઉદી અરેબિયાના મદીનામાં ગત રવિવારે મોડી રાત્રે બનેલી ભયાનક બસ દુર્ઘટના કાળજું કંપાવનારી છે. ૪૫ જેટલા ભારતીય ઝાયેરીનોએ જીવ ગુમાવ્યા. આ અકસ્માત એટલો ભયંકર હતો કે તેલના ટેન્કર સાથે અથડાયા બાદ લાગેલી આગમાં યાત્રાળુઓ એટલી ગંભીર રીતે દાઝી ગયા હતા કે તેમની ઓળખ હવે મુશ્કેલ છે. જ્યારે અકસ્માત કેમ થયો તેનું કારણ હજુ સુધી જાહેર થયું નથી, ત્યારે પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, ધાર્મિક યાત્રાઓ પર વિદેશમાં મુસાફરી કરનારાઓની સલામતી માટે કોણ જવાબદાર છે ?

આ અકસ્માતે ઘણા પ્રશ્નો ઊભા કર્યા છે. વિવિધ દેશો જ્યારે ધાર્મિક પર્યટનથી વાર્ષિક ધોરણે નોંધપાત્ર આવક મેળવે છે, તો પછી તેઓ વિદેશી યાત્રાળુઓની મુસાફરી સુલભ અને સલામત રહે તે સુનિશ્ચિત કરવામાં શા માટે પૂરતું ધ્યાન અપાતું નથી ? વિવિધ સ્તરે દાખવાતી બેદરકારીથી યાત્રાળુઓ જીવ ગુમાવી શકે છે તે અંગે ગંભીરતાથી વિચારવું મહત્વપૂર્ણ છે. અહેવાલો અનુસાર, મદીના બસ અકસ્માતમાં જીવ ગુમાવનારા મોટાભાગના લોકો તેલંગાણાના રહેવાસી હતા. તેઓ ૯ નવેમ્બરે ઉમરાહ માટે જેદ્દાહ જવા રવાના થયા હતા અને ૨૩ નવેમ્બરે પાછા ફરવાના હતા. આ અકસ્માત બાદ, રિયાધમાં ભારતીય દૂતાવાસ અને જેદ્દાહમાં કોન્સ્યુલેટ જનરલના અધિકારીઓએ તત્પરતા દાખવી હતી, પરંતુ જો આવી તત્પરતા ભારતીય ઝાયેરીનો માટે અગાઉથી દાખવવામાં આવી હોત, તો કદાચ આ દુર્ઘટના ટાળી શકાઈ હોત. અકસ્માત પછીનો સૌથી મોટો પડકાર મૃતકોની ઓળખને લઈને ઉભો થયો છે. ભોગ બનેલાઓના પરિવારના સભ્યો જીવિત છે કે નહીં તે જાણી શકતા નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે બસમાં અનેક પરિવારોના ચારથી સાત સભ્યો સવાર હતા અને એક પરિવારના તો ૧૮ લોકો સામેલ હતા. રાજ્ય સરકાર હવે મૃતકોના દરેક પરિવારમાંથી એક સભ્યને સાઉદી અરેબિયા મોકલવાની તૈયારી કરી રહી છે જેથી મૃતદેહોની ઓળખ કરી શકાય અને તેમને ભારત પાછા લાવી શકાય.

ઉલ્લેખનીય છે કે દર વર્ષે, વિશ્વભરમાંથી લાખો મુસ્લિમો હજ માટે મક્કા અને મદીનાની યાત્રા કરે છે. સાઉદી અરેબિયા સરકાર દરેક દેશને તેની મુસ્લિમ વસ્તીના આધારે એક નિશ્ચિત હજ ક્વોટા ફાળવે છે. આ ક્વોટા નક્કી કરે છે કે દરેક દેશમાંથી કેટલા લોકો આ પવિત્ર યાત્રામાં ભાગ લઈ શકે છે. એક અહેવાલ મુજબ, ભારતમાંથી દર વર્ષે ૧૭૫,૦૦૦ થી વધુ લોકો હજ કરે છે. તેવી જ રીતે, અહીંથી લાખો લોકો ઉમરાહ માટે દર વર્ષે મક્કા અને મદીનાની યાત્રા કરે છે હજ યાત્રા વર્ષમાં એકવાર થાય છે, જ્યારે ઉમરાહ ગમે ત્યારે કરી શકાય છે. જોકે, આ યાત્રાળુઓ માટે પૂરતી સુરક્ષા વ્યવસ્થાનો અભાવ આવી દુર્ઘટના વેળાએ દેખાઈ આવે છે. ભારતીય અધિકારીઓની પણ જવાબદારી છે કે તેઓ તેમના નાગરિકોની સલામત યાત્રા સુનિશ્ચિત કરવા માટે સાઉદી અરેબિયાના સંબંધિત અધિકારીઓ સાથે નિયમિત સંપર્ક જાળવી રાખે સાથોસાથ મદીનામાં સર્જાયેલી દુર્ઘટનાની દરેક દૃષ્ટિકોણથી તપાસ થવી જ જોઈએ.

# ટાગોરનું રાષ્ટ્રગીત : દક્ષિણ એશિયાનું એક અમૂલ્ય રત્ન

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા, જેઓ ભાજપના વોશીંગ મશીનમાં ધોવાઈ ગયા છે. હવે એક આક્રમક જમણેરી વિચારધારા ધરાવતા નેતા છે. તેઓ વારંવાર આસામમાં ગંભીર ઉપેક્ષાનો સામનો કરી રહેલા મુસ્લિમ સમુદાય માટે અપમાનજનક નિવેદનો આપે છે.

તાજેતરમાં આસામમાં કોંગ્રેસની એક બેઠકમાં, એક કોંગ્રેસી સભ્યએ 'અમર સોનાર બાંગ્લા' ગીત ગાયું. સરમાએ તેમની પોલીસને બાંગ્લાદેશી રાષ્ટ્રગીત ગાવા બદલ તે વ્યક્તિ સામે એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપ્યો. સરમાને કદાચ આ ગીતના ઈતિહાસ, તે કઈ પરિસ્થિતિમાં રચાયું હતું અને ભારતીય સ્વતંત્રતા ચળવળ સાથે તેના જોડાણ વિશે કોઈ ખ્યાલ નહીં હોય. એ પણ નોંધપાત્ર છે કે મૂળ 'અમર સોનાર' ગીતની ફક્ત ૧૦ પંક્તિઓ જ બાંગ્લાદેશના રાષ્ટ્રગીત તરીકે અપનાવવામાં આવી હતી.

'ભાગલા પાડો અને રાજ કરો'ની તેમની નીતિ અનુસાર, ૧૯૦૫માં અંગ્રેજોએ બંગાળનું પશ્ચિમ બંગાળ અને પૂર્વ બંગાળમાં વિભાજન કર્યું. દેખીતી રીતે, કારણ વહીવટી હતું પરંતુ તેનો વ્યવહારિક હેતુ સ્પષ્ટપણે ધાર્મિક ધોરણે ભારતીયોને વિભાજિત કરવાનો હતો. પશ્ચિમ બંગાળમાં હિન્દુ બહુમતી હતી, જ્યારે પૂર્વ બંગાળમાં મુસ્લિમ બહુમતી હતી. ભારતીયોએ ભાગલાનો ઉગ્ર વિરોધ કર્યો. દરમ્યાન ગુરૂદેવે બંગાળી ગૌરવ દર્શાવવા અને બંગાળના વિભાજનનો વિરોધ કરવા માટે આ ગીત લખ્યું. આ ગીત બંગાળના વિરોધનો કેન્દ્રીય વિષય બન્યો, જેના કારણે આખરે અંગ્રેજોએ બંગાળને બે ભાગમાં વિભાજિત કરવાનો નિર્ણય પાછો ખેંચવાની ફરજ પડી.

અહીં એ નોંધવું રસપ્રદ છે કે બંગાળના વિભાજન સામે અને હિન્દુ-મુસ્લિમ એકતાને મજબૂત બનાવવાના આ આંદોલનમાં રાખડી બાંધવાની અને બીજાઓને રાખડી બાંધવાની ઝુંબેશ પણ જોવા મળી. ભારતના ભાગલાની દુર્ઘટના બાદ પૂર્વ બંગાળ અને પશ્ચિમ પંજાબ પાકિસ્તાનનો ભાગ બન્યા. પશ્ચિમ પાકિસ્તાન પાકિસ્તાનમાં સત્તાનું કેન્દ્ર હતું. પશ્ચિમ પાકિસ્તાન આર્થિક અને સાંસ્કૃતિક રીતે પ્રભુત્વ ધરાવતું હતું અને પરિણામે, પૂર્વ પાકિસ્તાનના રહેવાસીઓ પોતાને ઉપક્ષિત અનુભવવા લાગ્યા. ઈજા પર અપમાન ઉમેરીને ઉર્દૂને પાકિસ્તાનની રાષ્ટ્રીય ભાષા જાહેર કરવામાં આવી. આનાથી પૂર્વ પાકિસ્તાનના બંગાળી ભષાી મુસ્લિમ રહેવાસીઓમાં અલગતાની લાગણી વધી. તેમનામાં અલગ રાષ્ટ્રની ઈચ્છા જાગી અને મજબૂત બની.

પૂર્વ પાકિસ્તાનને અલગ દેશ બનાવવા માટે ચાલેલા આંદોલનનું નેતૃત્વ શેખ મુજીબુર્રેહમાને કર્યું. આ બંગાળીઓનું થીમ ગીત 'અમર સોનાર' હતું. પૂર્વ પાકિસ્તાનમાં ટાગોરનું ખૂબ સન્માન કરવામાં આવતું હતું. ઈન્દિરા ગાંધીના સક્ષમ નેતૃત્વ હેઠળ મુક્તિવાહિની આંદોલન અને ભારતીય સેનાના ટેકાથી ૧૯૭૧માં એક નવા બાંગ્લાદેશનો જન્મ થયો. 'અમર સોનાર'ની ૧૦ પંક્તિઓને બાંગ્લાદેશના રાષ્ટ્રગીતના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો. મારા એક પત્રકાર મિત્રએ મને જણાવ્યું હતું કે જ્યારે તે બાંગ્લાદેશના પ્રમુખ નેતા સાથે મુલાકાત કરી તો તેમને એ જોઈને ઘણું આશ્ચર્ય થયું કે ગુરૂદેવનું ચિત્ર એમના પ્રતીક્ષા રૂમમાં એક મુખ્ય સ્થાન પર લગાડેલું હતું.

ગર્વની વાત એ છે કે બે પાડોશી દેશોના રાષ્ટ્રગીતો એક જ કવિ દ્વારા રચિત છે. એ નોંધવું રસપ્રદ છે કે 'અમર સોનાર'ની ધૂન રવીન્દ્ર સંગીત પર આધારિત છે અને આ મધુર ધૂન સંગીત નિર્દેશક સમર દાસ દ્વારા રચવામાં આવી હતી. 'અમર સોનાર'ના બે ખૂબ જ મહત્ત્વપૂર્ણ પાસાં છે. પ્રથમ તે બ્રિટિશ ભાગલા પાડો અને રાજ કરોની નીતિ વિરૂદ્ધ એક મુખ્ય થીમ ગીત હતું અને બીજું તેની પ્રથમ દસ પંક્તિઓને બાંગ્લાદેશનું રાષ્ટ્રીય ગીત બનાવવામાં આવ્યું હતું. ટાગોરે પોતાના આ યોગદાનથી ભારતને ગૌરવ અપાવ્યું છે અને એની ઐતિહાસિક પ્રાસંગિકતાને લીધે એમનું ગીત કોઈપણ રીતે રાષ્ટ્ર વિરોધી ગણી શકાય નહીં.

ગુરૂદેવનું બીજું મહત્ત્વનું યોગદાન જન ગણ મન છે, જેને ભારતના રાષ્ટ્રગીત તરીકે પસંદ કરવામાં આવ્યું હતું. ભારતમાં એક રાષ્ટ્રીય ગીત, વંદે માતરમ પણ છે. કેટલાક જમણેરી વિચારધારા ધરાવતા લોકો ઈચ્છતા હતા કે આખા વંદે માતરમ ગીતને રાષ્ટ્રીય ગીત બનાવવામાં આવે. સમસ્યા એ હતી કે તેમાં હિન્દુ ધાર્મિક છબીઓ હતી અને પહેલા બે શ્લોક પછી, તે રાષ્ટ્રને હિન્દુ દેવી દુર્ગા તરીકે કલ્પના કરતી હતી. આ રાષ્ટ્રીય ચળવળના ધર્મનિરપેક્ષ રાષ્ટ્રના નિર્માણના સ્વપ્નની વિરૂદ્ધ હોત. વધુમાં, તે મૂળરૂપે બંકિમચંદ્ર ચેટરજીની નવલકથા નંદ મઠનો એક ભાગ છે. નવલકથાનું મૂળ સંસ્કરણ મુસ્લિમ શાસક સામે બળવો દર્શાવે છે, જેની સફળતા બ્રિટિશ શાસનની સ્થાપના તરફ દોરી જાય છે.

કોંગ્રેસના નેતૃત્વવાળી રાષ્ટ્રીય ચળવળની ગીત સમિતિએ ત્રણ ગીતોમાંથી એક પસંદ કરવાનું હતું. 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાં હમારા', 'વંદે માતરમ' અને 'જન ગણ મન'. સારે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા'ને રદ કરવામાં આવ્યું કારણ કે તેના લેખક મોહમ્મદ ઈકબાલ પોતે પાકિસ્તાન સ્થળાંતર કરી ગયા હતા. વંદે માતરમને રાષ્ટ્રગીત બનાવવા માટે સુધારવામાં આવ્યું અને જન મન ગણને રાષ્ટ્રગીત તરીકે પસંદ કરવામાં આવ્યું કારણ કે તે ભારતની ધર્મનિરપેક્ષ વિવિધતાને પ્રતિબિંબિત કરે છે.

એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે જન ગણ મન બ્રિટિશ સમ્રાટ જ્યોર્જ પંચમના વખાણમાં લખવામાં આવ્યું. મીડિયામાં ખોટા અહેવાલોને કારણે આવું થયું. જ્યોર્જ પંચમના બંગાળના ભાગલાને ઉલટાવવાના સ્વાગત માટે એક જ દિવસે બે ગીતો ગાવામાં આવ્યા હતા. પહેલું ગીત રામાનુજ ચૌધરીએ લખેલું હતું, જેમાં જ્યોર્જ પંચમના બંગાળના ભાગલાને ઉલટાવવાના વખાણ કરવામાં આવ્યા હતા. બીજું ગીત જન ગણ મન હતું. એંગ્લો-ઈન્ડિયન મીડિયાએ ખોટી રીતે અહેવાલ આપ્યો હતો કે જન ગણ મન જ્યોર્જ પંચમના વખાણમાં ગવડાવવામાં આવ્યું હતું.

એવો પણ આરોપ છે કે જ્યોર્જ પંચમ માટે 'સરમુખત્યાર' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. ટાગોરે આ સ્પષ્ટતા કરી હતી કે અધિનાયકનો અર્થ યુગોથી માનવ ભાગ્યનો મહાન સારથી થાય છે અને આ કોઈપણ રીતે જ્યોર્જ પંચમ, જ્યોર્જ છઠ્ઠો, કે અન્ય કોઈ જ્યોર્જ ન હોઈ શકે.

સ્થાનિક માધ્યમોએ આ વાતનો યોગ્ય રીતે અહેવાલ આપ્યો છે અને ટાગોરને સમજતા વિદ્વાનોએ તેનું એ જ રીતે અર્થઘટન કર્યું છે. રાષ્ટ્રગીત ભારતનું સાચું પ્રતિબિંબ છે. જમણેરી તત્ત્વો આખું વંદે માતરમ ગીત ગાવાનો આગ્રહ રાખે છે અને તે રાષ્ટ્રગીત કરતા અગ્રતા ધરાવે છે. મને યાદ છે કે ૧૯૯૨-૯૩ના મુંબઈ હિંસા પછી જ્યારે શાંતિ કૂચ યોજાઈ રહી હતી, તે સમયે, આ સરઘસો પર નારા લગાવનારાઓ બૂમો પાઢી રહ્યા હતા, 'જો તમારે આ દેશમાં રહેવું હોય, તો તમારે વંદે માતરમનો જાપ કરવો પડશે. સદનસીબે, ભારત ગીત સમિતિએ જન મન ગણ અને વંદે માતરમ વચ્ચે સારૂં સંતુલન બનાવ્યું. સરમા જેવા લોકો હજુ પણ લોકોને ડરાવવાના બહાના શોધે છે. તેઓ અમર સોનાર જેવા ગીતને જન્મ આપતી ભવ્ય ચળવળો વિશે કંઈ જાણતા નથી.

**- રામ પુનિયાની**

**(લેખક આઈઆઈટી બોમ્બેમાં ભણાવતા હતા અને સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ સોસાયટી એન્ડ સેક્યુલરિઝમના પ્રમુખ છે.)**

# મહારાષ્ટ્ર : પાલઘર સાધુ લિંચિંગ કેસનો આરોપી ભાજપમાં જોડાયો, વિવાદ બાદ પાર્ટીએ નિર્ણય પાછો ખેંચ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ને સોમવાર (૧૭ નવેમ્બર)ના રોજ પાલઘરમાં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (શરદ પવાર)ના પૂર્વ પદાધિકારીને પાર્ટીમાં સામેલ કરવાના પોતાના નિર્ણય પર તરત જ પુનર્વિચાર કરવો પડ્યો, જ્યારે સ્થાનિક નિકાય ચૂંટણીઓના બરાબર ૨૪ કલાક પહેલાં જ તેમને પાર્ટીમાં સામેલ કરવામાં આવ્યા હતા. હિન્દુસ્તાન ટાઈમ્સના રિપોર્ટ મુજબ આ નિર્ણય કાશીનાથ ચૌધરી નામના વ્યક્તિ સાથે સંબંધિત છે, જેમને ભાજપે પહેલા કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન પાલઘરમાં બે



**ભારતીય જનતા પાર્ટીએ પાલઘરથી NCPના એક પૂર્વ પદાધિકારી કાશીનાથ ચૌધરીને પાર્ટીમાં સામેલ કર્યાના તરત જ આ નિર્ણય પર રોક લગાવી દીધી, ભાજપે પહેલા ચૌધરીને ૨૦૨૦માં પાલઘરમાં બે સાધુઓ અને તેમના ડ્રાઈવરના લિંચિંગનો મુખ્ય આરોપી ગણાવ્યો હતો, હવે પાર્ટીનું કહેવું છે કે, એજન્સીઓ દ્વારા દાખલ કરાયેલી કોઈપણ FIRમાં ચૌધરીનું નામ ન હતું**

સાધુઓ અને તેમના ડ્રાઈવરના લિંચિંગનો મુખ્ય આરોપી ગણાવ્યો હતો. નોંધનીય છે કે, પાલઘરના ગઢચિંચલે ગામમાં ૧૬ એપ્રિલ, ૨૦૨૦ના રોજ ઘટના બની હતી, જેમાં મુંબઈથી કારમાં સવાર થઈને એક અંતિમ સંસ્કારમાં સામેલ થવા સુરત જઈ રહેલા બે સાધુઓ અને તેમના ચાલકની ભીડે બાળક ચોર હોવાની શંકામાં માર મારીને હત્યા કરી દીધી હતી. તત્કાલીન મહા વિકાસ અઘાડી (એમવીએ) સરકારના સમયમાં થયેલા આ લિંચિંગે રાજ્યમાં રાજકીય તોફાન ઊભું કર્યું હતું. તે સમયે મુખ્ય વિપક્ષી દળ ભાજપે એમવીએ સરકાર પર ચૌધરીને બચાવવાનો આરોપ લગાવતા 'જન આક્રોશ યાત્રા' કાઢી હતી. તેમણે કેન્દ્રીય તપાસ બ્યુરો (સીબીઆઈ) દ્વારા તપાસની પણ માંગ કરી હતી. ચૌધરી તે સમયે અવિભાજિત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના તાલુકા અધ્યક્ષ હતા. સોમવારે કોંગ્રેસે ભાજપ પર તેના 'બેવડા ધોરણો'નો આરોપ લગાવ્યો. આ ઘટનાનો એક વીડિયો શેર કરતા કોંગ્રેસે સોશિયલ મીડિયા પર કહ્યું, 'ભાજપે એકવાર ચૌધરીને મોબ લિંચિંગ કેસમાં મુખ્ય આરોપી ગણાવ્યો હતો, પરંતુ હવે તેમને પાર્ટીમાં જગ્યા આપી રહી છે. આ ભાજપના બેવડા ધોરણો છે.' એનસીપી (શરદ પવાર) નેતા રોહિત પવારે પણ સત્તાધારી પાર્ટી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, 'ભાજપે તેમને પાર્ટીમાં સામેલ કરતા પહેલા ચોક્કસ વોશિંગ મશીનમાં નાખ્યા હશે. શું તેનો મતલબ એ છે કે, પાલઘર હત્યાકાંડ પાછળ ભાજપનો હાથ છે? ભાજપનું હિંદુત્વ ખોટું છે.'

**બચાવમાં આવી ભાજપ :**

વિપક્ષના હુમલા બાદ ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે ચૌધરીના પાર્ટીમાં પ્રવેશ પર રોક લગાવી દીધી. જો કે, તેમણે દલીલ કરી કે તપાસ એજન્સીઓ દ્વારા દાખલ કરાયેલી કોઈપણ એફઆઈઆરમાં ચૌધરીનું નામ ન હતું. ભાજપના મીડિયા સેલના પ્રમુખ નવનાથ બાને કહ્યું, 'પાલઘર સાધુઓની હત્યાના કેસમાં કાશીનાથ ચૌધરીને સાક્ષી તરીકે બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તપાસ એજન્સીઓએ તેમને આરોપી બનાવ્યા નથી. સત્તાવાર રેકોર્ડ મુજબ તેમનું નામ કોઈપણ એફઆઈઆર કે ચાર્જશીટમાં નથી. આ બધાની પુષ્ટિ પછી જ તેમને પાર્ટીમાં સામેલ કરવાનો નિર્ણય લેવાયો હતો.' બાને રોહિત પર ગંદી રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, 'જ્યારે ચૌધરી એનસીપી (શરદ પવાર)માં હતા, ત્યારે તેમને કંઈ ન લાગ્યું. હવે જ્યારે તેઓ ભાજપમાં સામેલ થઈ ગયા છે, તો રોહિત અચાનક તેમને પાલઘર હત્યાકાંડના મુખ્ય આરોપી બનાવી રહ્યા છે. ચૌધરીનું નામ સીઆઈડી, સીબીઆઈ અથવા પોલીસ દ્વારા દાખલ કરાયેલી કોઈપણ ચાર્જશીટમાં આરોપી તરીકે નથી અને એટલા માટે જ તેઓ ભાજપમાં જોડાયા.' બાને આગળ કહ્યું, 'જો કે, કેસની સંવેદનશીલતા અને સોશિયલ મીડિયા તથા મીડિયામાં ચૌધરીના પ્રવેશને લઈને વ્યાપક ચર્ચાને જોતાં તેમના પાર્ટીમાં સામેલ થવા પર રોક લગાવવાનો નિર્ણય લેવાયો છે.' બીજી તરફ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે ચૌધરીને પાર્ટીમાં સામેલ કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવતા કહ્યું, 'સૌથી પહેલા આ નિર્ણય સ્થાનિક સ્તરે લેવામાં આવ્યો હતો. જ્યાં સુધી તે તેમના (એમવીએ) સાથે હતા, કોઈ આરોપ ન હતો અને તે નિર્દોષ હતા. આજે જ્યારે તે અમારી સાથે આવ્યા, તો તે ખરાબ નીકળ્યા.' ફડણવીસે એ પણ કહ્યું કે, તપાસ પૂરી થઈ ગઈ છે. તેમણે આગળ કહ્યું, 'સ્થાનિક એકમે મને જણાવ્યું કે, તેમણે તમામ વિગતોની પુષ્ટિ કર્યા પછી જ આ નિર્ણય લીધો.' ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ આ ઊલટફેર પર પ્રતિક્રિયા આપતા રોહિત પવારે કહ્યું કે, આ નિર્ણયની 'બધે ટીકા' થયા પછી જ પાર્ટીમાં સામેલ થવાને સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. એનસીપી (શરદ પવાર) સાંસદ સુપ્રિયા સુલેએ કહ્યું, 'મને આશ્ચર્ય થયું કે જ્યારે તે વ્યક્તિ અમારી સાથે હતો, ત્યારે એમવીએ સરકારના કાર્યકાળમાં ભાજપે તેના પર આરોપ લગાવ્યા હતા. તે જ ભાજપ હવે તેને પાર્ટીમાં સામેલ કરી રહી છે. ભાજપે આનું સ્પષ્ટીકરણ આપવું જોઈએ. હું તેમનું સ્પષ્ટીકરણ સાંભળવા ઉત્સુક છું શું કાશીનાથ ચૌધરી પર લગાવેલા આરોપ ખોટા હતા ? ભાજપે જવાબ આપવો પડશે.'

# લેહ એપેક્સ બોડીએ ગૃહ મંત્રાલયને રાજ્યના દરજ્જા અને સોનમ વાંગચુકની મુક્તિનો પ્રસ્તાવ સોંપ્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

લદ્દાખને રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવવા માટે આંદોલન કરી રહેલા સામાજિક, રાજકીય અને ધાર્મિક સંગઠનોએ સોમવારે (૧૭ નવેમ્બર) ગૃહ મંત્રાલય (એમએચએ)ને ૨૯ પાનાનો એક ડ્રાફ્ટ પ્રસ્તાવ સોંપ્યો. ધ હિન્દુના રિપોર્ટ મુજબ લેહ એપેક્સ બોડી (એલએબી)ના બેનર હેઠળ રજૂ કરાયેલા આ પ્રસ્તાવમાં પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક સહિત કસ્ટડીમાં લેવાયેલા લદ્દાખના સ્થાનિકોની મુક્તિની પણ માંગ કરવામાં આવી છે. લદ્દાખ બૌદ્ધ સંઘ (એલબીએ)ના અધ્યક્ષ અને એલએબીના સહ-અધ્યક્ષ ચેરીંગ દોરજે લકરૂકે કહ્યું, 'અમે ગૃહ મંત્રાલયને ૨૯ પાનાનો એક ડ્રાફ્ટ પ્રસ્તાવ સોંપ્યો છે. અમે રાજ્યના દરજ્જા અને છઠ્ઠી અનુસૂચિની




**લદ્દાખને રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં સમાવવા માટે આંદોલન કરી રહેલા સામાજિક, રાજકીય અને ધાર્મિક સંગઠનોએ સોમવારે ગૃહ મંત્રાલયને ૨૯ પાનાનો એક ડ્રાફ્ટ પ્રસ્તાવ સોંપ્યો, આ પ્રસ્તાવમાં પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક સહિત કસ્ટડીમાં લેવાયેલા લદ્દાખના સ્થાનિકોની મુક્તિની પણ માંગ કરવામાં આવી છે**

માગણીઓ પર ભાર મૂક્યો છે.' લકરૂકે વધુમાં કહ્યું કે, ડ્રાફ્ટ પ્રસ્તાવમાં ૨૪ સપ્ટેમ્બરે લેહમાં થયેલી હિંસા બાદ ધરપકડ કરાયેલા અથવા જેમની સામે કેસ ચલાવવામાં આવ્યો, તે તમામ માટે સામાન્ય માફીની પણ માંગ કરવામાં આવી છે. તેમણે આગળ કહ્યું, 'અમારા દેશમાં રમખાણોમાં સામેલ અથવા હથિયારો ઊઠાવનારા લોકોને સામાન્ય માફી આપવામાં આવી છે. અમે ૨૪ સપ્ટેમ્બરની ઘટના બાદ ધરપકડ કરાયેલા લોકોના મામલામાં પણ આ જ અપેક્ષા રાખીએ છીએ.' લકરૂકે કહ્યું કે, ડ્રાફ્ટ પ્રસ્તાવમાં ૫૯ વર્ષીય પર્યાવરણ કાર્યકર્તા વાંગચુકની મુક્તિની પણ માંગ કરવામાં આવી છે. જણાવી દઈએ કે સોનમ વાંગચુકને સપ્ટેમ્બરમાં રાષ્ટ્રીય સુરક્ષા અધિનિયમ (એનએસએ)ની જોગવાઈઓ હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. ત્યારથી તેઓ જેલમાં છે. આ પહેલા સપ્ટેમ્બરમાં લદ્દાખ-ગૃહ મંત્રાલય વાટાઘાટો ગતિરોધ પર પહોંચી ગઈ હતી. સોનમ વાંગચુકે રાજ્યના દરજ્જા અને છઠ્ઠી અનુસૂચિ પર વાતચીત જલ્દી શરૂ કરવાની માંગને લઈને ત્રણ અઠવાડિયાની ભૂખ હડતાળ કરી હતી. વાંગચુકના સમર્થકો સહિત સ્થાનિક રહેવાસીઓએ ૨૪ સપ્ટેમ્બરે ગૃહ મંત્રાલય દ્વારા વાટાઘાટોની જાહેરાતમાં વિલંબના વિરોધમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેના પછી થયેલી હિંસામાં ચાર સ્થાનિક લોકોનાં મોત થયા હતા અને લગભગ ૯૦ લોકો ઘાયલ થયા હતા. આ સંબંધમાં સુપ્રીમ કોર્ટે ગયા મહિને ૨૯ ઓકટોબરે કેન્દ્ર સરકાર અને લદ્દાખ પ્રશાસનને કસ્ટડીમાં લેવાયેલા પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુકની પત્ની ગીતાંજલિ આંગમોની અરજી પર દસ દિવસની અંદર જવાબ આપવા કહ્યું હતું. નોંધનીય છે કે, એલએબી અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ (કેડીએ)એ રાજ્યના દરજ્જા અને છઠ્ઠી અનુસૂચિની માગણીઓ પર ૨૨ ઓકટોબરે ગૃહ મંત્રાલય સાથે વાતચીત ફરી શરૂ કરી. અખબાર મુજબ પ્રતિનિધિમંડળે એલએબીના અધ્યક્ષ થુપસ્તન છેવાંગ અને કેડીએના કમર અલી અખૂન, અસગર અલી કરબલાઈ અને સજ્જાદ કારગિલીની અધ્યક્ષતાવાળી ઉપ-સમિતિ ઉપરાંત લદ્દાખના સાંસદ હાજી હનીફા સાથે વાતચીત કરી છે.

# પ્રેમમાં પાગલ પરિણીત પ્રેમીએ જબરદસ્તી ચુંબનનો પ્રયાસ કર્યો તો પૂર્વ પ્રેમિકાએ બચકું ભરીને જીભ કાપી નાખી

(એજન્સી) કાનપુર (ઉત્તરપ્રદેશ), તા.૧૯

ઉત્તરપ્રદેશના કાનપુરમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક યુવતીએ પોતાની છેડતી અને બળજબરીથી કિસ કરવાનો પ્રયાસ કરી રહેલા તેના પરિણીત પૂર્વ પ્રેમીની જીભ બચકું ભરીને કાપી નાખી હતી. પીડિત યુવતીના આ પગલાને આત્મરક્ષણ તરીકે જોવામાં આવી રહ્યું છે અને પોલીસે યુવક વિરૂદ્ધ કેસ નોંધીને કાર્યવાહી શરૂ કરી છે. શું હતો સમગ્ર મામલો ? પોલીસના જણાવ્યા અનુસાર, કાનપુરનો રહેવાસી ૩૫ વર્ષીય ચમ્પી પરિણીત છે, છતાં તેના વિસ્તારમાં રહેતી એક યુવતી સાથે તેનું અફેર હતું. તાજેતરમાં, યુવતીના પરિવારે તેના લગ્ન અન્ય કોઈ યુવક સાથે નક્કી કરી દીધા હતા. આ વાતથી ચમ્પી નારાજ હતો. સગાઈ બાદ યુવતીએ ચમ્પીથી અંતર બનાવી લીધું હતું, પરંતુ ચમ્પી વારંવાર તેને મળવાનો પ્રયાસ કરતો હતો. તળાવ કિનારે બની ઘટના આ ઘટના સોમવારે બપોરે બની હતી. યુવતી પોતાના ઘર માટે ચૂલો બનાવવા માટે તળાવ કિનારે માટી લેવા ગઈ હતી. તેને એકલી જોઈને ચમ્પી તેનો પીછો કરતો ત્યાં પહોંચી ગયો. તેણે યુવતીને પકડી લીધી અને તેની સાથે છેડતી કરવાનું શરૂ કર્યું. યુવતીએ તેનો સખત વિરોધ કર્યો અને છૂટવાનો પ્રયાસ કર્યો, પરંતુ ચમ્પીએ તેના પર બળજબરી કરવાનું ચાલુ રાખ્યું અને તેને જબરદસ્તીથી કિસ કરવાનો પ્રયાસ કર્યો. આ દરમિયાન, પોતાની જાતને બચાવવા માટે યુવતીએ ચમ્પીની જીભ પર જોરદાર બચકું ભરી લીધું, જેના કારણે તેની જીભનો એક ટુકડો કપાઈને અલગ થઈ ગયો. ઘટના બાદ શું થયું ? જીભ કપાતા જ ચમ્પી દર્દથી ચીસો પાડવા લાગ્યો અને લોહીલુહાણ થઈ ગયો. તેની ચીસો સાંભળીને ગામલોકો ભેગા થઈ ગયા અને તેના પરિવારને જાણ કરી. પરિવારજનો તેને તાત્કાલિક સામુદાયિક આરોગ્ય કેન્દ્ર (CHC) લઈ ગયા, જ્યાં પ્રાથમિક સારવાર બાદ ડોક્ટરોએ તેને કાનપુરની મોટી હોસ્પિટલમાં રિફર કરી દીધો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, દિનેશ ત્રિપાઠીએ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું કે, યુવક વિરૂદ્ધ છેડતી અને અન્ય સંબંધિત કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

**હદીસ બોધ**

જે વસ્તુ સુધી તમારો હાથ પહોંચી ન શકે તેની ઈચ્છા ન કરો. (હદીસ બોધ)

**બોધ વચન**

બીજાઓને વારંવાર માફ કરી દો પણ પોતાની જાતને ક્યારેય માફ કરશો નહીં. - એનન

**આજની આરસી**

૨૦ નવેમ્બર ગુરૂવાર ૨૦૨૫
૨૮ જમાદિલઅવ્વલ હિજરી ૧૪૪૭
કારતક વદ અમાસ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૩૩
ખત્મે ઝવાલ ૧૨-૨૫
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૫૬
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૫-૫૪

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

# 'ભારતની ઘરઆંગણાની પીચો ટેસ્ટ ક્રિકેટનું અપમાન છે, જે પોતાના જ ભવિષ્ય માટે કબર ખોદી રહી છે'

નવી દિલ્હી, તા.૧૯

ભારતની ઘરઆંગણાની ટેસ્ટ મેચોમાં પિચ તૈયાર કરવાની રણનીતિ માત્ર ટૂંકા ગાળા માટે જ નહીં, પરંતુ લાંબા ગાળે પણ ભારતીય ક્રિકેટને ભારે નુકસાન પહોંચાડી રહી છે. આ ઉપરાંત, આવી બિનખેલભાવપૂર્ણ પિચો ટેસ્ટ ક્રિકેટ જેવા રમતગમતના સૌથી લાંબા ફોર્મેટ સાથે અન્યાય કરી રહી છે, ખાસ કરીને એવા સમયે જ્યારે ભારત જેવી મહાસત્તા પાસેથી રેડ-બોલ ક્રિકેટને બચાવવાની અપેક્ષા રાખવામાં આવે છે.

**કોલકાતાની હાર : એક કડવો પાઠ?** દક્ષિણ આફ્રિકા સામેની હાર અને જીત વચ્ચે માત્ર ૩૦ રનનો જ તફાવત હતો. જો શુભમન ગિલ ફિટ હોત, તો કદાચ ભારત આ મેચ જીતી ગયું હોત. પરંતુ શું તે જીત ઉજવવા જેવી હોત, કે પછી સમસ્યાઓ પર પડદો પાડવા જેવી?

મેચ પછી, ભારતીય ટીમના હેડ કોચ ગૌતમ ગંભીરે ઈડન ગાર્ડન્સની ખરાબ પિચનો બચાવ કરતા કહ્યું, 'જો આપણે ટેસ્ટ જીતી ગયા હોત, તો તમે પિચ વિશે આટલી ચર્ચા ન કરતા હોત.' આ એ જ પિચ હતી જે, CAB પ્રમુખ સૌરવ ગાંગુલીના કહેવા મુજબ, ટીમ મેનેજમેન્ટની માંગ પર બનાવવામાં આવી હતી. કદાચ એ કાવ્યાત્મક ન્યાય જ હતો કે ભારત આ મેચ હારી ગયું. કારણ કે થોડા મહિનાઓ પહેલા જ ભારતે ઈંગ્લેન્ડમાં સારી પિચો પર એક શાનદાર શ્રેણી રમી હતી, જે ટેસ્ટ ક્રિકેટ માટે એક ઉત્તમ જાહેરાત સાબિત થઈ હતી. પરંતુ ઘરે પાછા ફરતા જ, ભારતે ફરીથી એવી પિચો બનાવવાનું શરૂ કર્યું જ્યાં મેચ ત્રીજા દિવસે જ પૂરી થઈ જાય.



**પોતાના જ પગ પર કુહાડી મારી રહ્યું છે ભારત**

જો ભારતનો એકમાત્ર હેતુ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) જીતવાનો જ હોય, તો પણ આ રણનીતિ હવે તેમના પક્ષમાં કામ કરી રહી નથી.

**હવે તો ટૂંકા ગાળાના પરિણામો પણ નથી મળતા :** આ પ્રકારની પિચો પર હવે ભારત પોતે જ હારી રહ્યું છે. ન્યુઝીલેન્ડ સામે ૩-૦ની હાર, પૂણે અને મુંબઈમાં મળેલી શરમજનક હાર અને હવે કોલકાતાની હાર દર્શાવે છે કે આ રણનીતિ ઉલટી પડી રહી છે. ગૌતમ ગંભીરના કોચ બન્યા બાદ ભારતે ઘરઆંગણે એક જ વર્ષમાં ચાર ટેસ્ટ મેચ ગુમાવી છે. પોતાની તાકાતને જ નબળાઈ બનાવી દીધી

**: અત્યંત ટર્ન લેતી પિચો** બનાવવાનો તર્ક એ છે કે ભારતના સ્પિનરોનો ફાયદો ઉઠાવવો. પરંતુ વાસ્તવિકતા એ છે કે આવી પિચો પર ઓછી ગુણવત્તાવાળા વિદેશી સ્પિનરો પણ ઘાતક બની જાય છે, જે સ્ટીવ ઓ'કીફ, જો રૂટ અને ન્યુઝીલેન્ડના સ્પિનરોએ ભૂતકાળમાં સાબિત કર્યું છે. આ ઉપરાંત, હાલમાં ભારતીય બેટ્સમેનો પોતે જ સ્પિન રમવામાં નબળા સાબિત થઈ રહ્યા છે. ઝડપી

**બોલરોનું ભવિષ્ય અંધકારમાં :** વિરાટ કોહલીના યુગમાં, સારી પિચો પર રમીને જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ સિરાજ જેવા ઝડપી બોલરોનો એક મજબૂત સમૂહ તૈયાર થયો હતો. પરંતુ હવે આવી પિચો પર ઝડપી બોલરોને તક જ નથી મળતી, જેના કારણે નવા ઝડપી બોલરો તૈયાર જ નથી થઈ રહ્યા.

**બેટ્સમેનોની કારકિર્દી બરબાદ થઈ રહી છે :** આવી 'લોટરી' જેવી પિચો પર રમવાથી બેટ્સમેનોની એવરેજ બગડે છે અને લાંબી ઈનિંગ્સ રમવાની તેમની આદત છૂટી જાય છે. જ્યારે તેઓ વિદેશ પ્રવાસે જાય છે, ત્યારે આત્મવિશ્વાસના અભાવે તેઓ સંઘર્ષ કરે છે. આ લેખમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે આ પ્રકારની પિચોએ વિરાટ કોહલી અને ચેતેશ્વર પૂજારા જેવા મહાન બેટ્સમેનોની ટેસ્ટ કારકિર્દીને સમય પહેલા સમાપ્ત કરવામાં અને તેમના આંકડા બગાડવામાં મોટી ભૂમિકા ભજવી છે. ટૂંકમાં, જીતવા માટે કોઈપણ ભોગે પિચ બનાવવાની ભારતની જીદ હવે માત્ર ટેસ્ટ ક્રિકેટને જ નહીં, પરંતુ ભારતીય ક્રિકેટના ભવિષ્યને પણ નુકસાન પહોંચાડી રહી છે.

# બાબર આઝમ પર ભારે દંડ; આચારસંહિતા ભંગ બદલ ICCએ પાકિસ્તાની બેટ્સમેનને સજા ફટકારી

તા.૧૯

ક્રિકેટ માટે વિશ્વ સંચાલક સંસ્થા, ICCએ અનુભવી પાકિસ્તાની બેટ્સમેન બાબર આઝમ સામે નોંધપાત્ર કાર્યવાહી કરી છે. ICCએ આચારસંહિતાના ઉલ્લંઘન બદલ તેને મેચ ફીના ૧૦ ટકા દંડ ફટકાર્યો છે. વધુમાં, તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો છે. શ્રીલંકા સામેની ત્રીજી વનડેમાં આઉટ થયા પછી બાબરે તેના બેટથી સ્ટમ્પ પર પ્રહાર કર્યો, જેના કારણે આ કાર્યવાહી થઈ.



**આઉટ થયા પછી સ્ટમ્પ પર બેટ માર્યો :** બાબરે ICC આચારસંહિતાના કલમ ૨.૨નું ઉલ્લંઘન કર્યું હતું, જે આંતરરાષ્ટ્રીય મેચ દરમિયાન ક્રિકેટ સાધનો અથવા કપડાં, ગ્રાઉન્ડ સાધનો અથવા ફિક્સર અને ફિટિંગને નુકસાન પહોંચાડવા સંબંધિત છે. ૩૧ વર્ષીય બેટ્સમેનના શિસ્તભંગના રેકોર્ડમાં એક ડિમેરિટ પોઈન્ટ ઉમેરવામાં આવ્યો છે, જે ૨૪ મહિનાના સમયગાળામાં તેનો પ્રથમ ગુનો છે. આ ઘટના રવિવારે શ્રેણીની છેલ્લી વનડેમાં પાકિસ્તાનની ઈનિંગની ૨૧મી ઓવરમાં બની હતી જ્યારે બાબર આઉટ થયા પછી ક્રીઝ છોડીને જતા પહેલા તેના બેટથી સ્ટમ્પ પર પ્રહાર કર્યો હતો. ઓન-ફિલ્ડ અમ્પાયર એલેક્સ વ્હાર્ફ અને રાશિદ રિયાઝ, થર્ડ અમ્પાયર શર્ફુદ-ઉદ-દૌલા ઈબ્ને શાહિદ અને ચોથા અમ્પાયર ફૈઝલ આફ્રિદીએ આરોપો લગાવ્યા હતા, જ્યારે ICCના ઈન્ટરનેશનલ પેનલ ઓફ મેચ રેફરીઝના અલી નકવીએ દંડનો પ્રસ્તાવ મૂક્યો હતો. 'પાકિસ્તાની બેટ્સમેનએ ગુનો અને દંડ સ્વીકાર્યો હતો, આમ ઔપચારિક સુનાવણીની જરૂરિયાતને દૂર કરવામાં આવી હતી,' ICCએ એક નિવેદનમાં જણાવ્યું હતું. લેવલ ૧ના ઉલ્લંઘનમાં ઓછામાં ઓછી સત્તાવાર ઠપકો અને ખેલાડીની મેચ ફીના ૫૦ ટકા અને એક કે બે ડિમેરિટ પોઈન્ટનો દંડ છે.

# ફૂટબોલમાં રચાયો ઇતિહાસ : માત્ર ૧.૫ લાખની વસ્તી ધરાવતો દેશ કુરાકાઓ FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય, આઇસલેન્ડનો રેકોર્ડ તોડ્યો

કિંગ્સ્ટન (જમૈકા), તા.૧૯

ફૂટબોલની દુનિયામાં બુધવારે એક નવો ઈતિહાસ રચાયો છે. કેરેબિયન દેશ કુરાકાઓ (Curaçao), જેની વસ્તી માત્ર દોઢ લાખથી થોડી વધુ છે, તે FIFA વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનારો વસ્તીની દૃષ્ટિએ અત્યાર સુધીનો સૌથી નાનો દેશ બની ગયો છે. મંગળવારે જમૈકા સામે ૦-૦થી ડ્રો રમીને કુરાકાઓએ પોતાની વર્લ્ડ કપની ટિકિટ પાક્કી કરી લીધી હતી.



**રેકોર્ડ અને નિર્ણાયક મેચ** આ પહેલા, વર્લ્ડ કપ માટે ક્વોલિફાય થનારા સૌથી નાના દેશનો રેકોર્ડ આઈસલેન્ડના નામે હતો, જેણે ૨૦૧૮માં લગભગ ૩.૫ લાખની વસ્તી સાથે રશિયા વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું હતું. કુરાકાઓની વસ્તી માત્ર ૧,૫૬,૧૧૫ છે, જેણે આ રેકોર્ડ તોડી નાખ્યો છે.

જમૈકા સામેની નિર્ણાયક મેચ અત્યંત તણાવપૂર્ણ રહી હતી. જમૈકાએ જીતવા માટે ભરપૂર પ્રયાસ કર્યા અને તેના ત્રણ શોટ ગોલપોસ્ટ સાથે અથડાયા હતા. સ્ટોપેજ ટાઇમમાં જમૈકાને પેનલ્ટી પણ આપવામાં આવી હતી, પરંતુ વીડિયો રિવ્યૂ (VAR) બાદ નિર્ણય બદલી નાખવામાં આવ્યો હતો. આની ખાસ વાત એ પણ હતી કે કુરાકાઓના ૭૮ વર્ષીય કોચ ડિક એડવોકાટ પારિવારિક કારણોસર આ ઐતિહાસિક મેચમાં હાજર રહી શક્યા ન હતા.

**પનામા અને હૈતી પણ ક્વોલિફાય CONCACAF ઝોનમાંથી અન્ય બે ટીમોએ પણ વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું છે :**

પનામા : અલ સાલ્વાડોરને ૩-૦થી હરાવીને બીજી વખત વર્લ્ડ કપમાં પ્રવેશ કર્યો.

હૈતી : નિકારાગુઆને ૨-૦થી હરાવીને ૧૯૭૪ બાદ પ્રથમ વખત વર્લ્ડ કપ માટે ક્વોલિફાય કર્યું.

હવે પ્લે-ઓફનો રોમાંચ આ પરિણામો સાથે, ઈન્ટરકોન્ટિનેન્ટલ પ્લે-ઓફ માટેની ૬ ટીમો પણ નક્કી થઈ ગઈ છે, જેમાંથી બે ટીમો વર્લ્ડ કપમાં સ્થાન મેળવશે. CONCACAF ઝોનમાંથી જમૈકા અને સુરીનામ પ્લે-ઓફમાં રમશે, જ્યાં તેમનો મુકાબલો એશિયાના ઈરાક, આફ્રિકાના કોંગો, દક્ષિણ અમેરિકાના બોલિવિયા અને ઓશનિયાના ન્યૂ કેલેડોનિયા સામે થશે.

### ભારતીય તીરંદાજી ટીમ એશિયન ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગઈ હતી

# ઢાકામાં આંતરિક હિંસાને પગલે ભારતીય તીરંદાજો એરપોર્ટ પર દસ કલાક ફસાયા

### ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી. તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી

કોલકાતા, તા.૧૯

બાંગ્લાદેશના ઢાકામાં યોજાયેલી એશિયન તીરંદાજી (આર્ચરી) ચેમ્પિયનશિપમાં ભાગ લેવા ગયેલા ભારતના તીરંદાજો આ ઈવેન્ટ બાદ વતન પરત ફરી રહ્યા હતા ત્યારે તેમને ગંભીર સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તાજેતરમાં ઢાકામાં થયેલી હિંસાને પગલે ભારતીય તીરંદાજોને લગભગ દસ કલાક સુધી એરપોર્ટ પર જ ફસાયેલા રહેવું પડ્યું હતું. આ ઉપરાંત બાંગ્લાદેશની રાજધાની ઢાકામાં કોઈ પણ સુરક્ષા વિના તેમને સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા. આટલું ઓછું હોય તેમ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન તીરંદાજોને સાવ નીચલા સ્તરની એક હોટેલમાં રોકાવાની ફરજ પડી હતી.ભારતના ૨૩ તીરંદાજોની ટીમના ૧૧ સદસ્ય ફલાઈટ ઉપડવામાં થઈ રહેલા વારંવારના વિલંબથી પરેશાન હતા તેમાં બે ટિનએજર એથ્લેટ પણ સામેલ હતા. જે એરલાઈન્સની ટિકિટ બુક કરવામાં આવી હતી તેના તરફથી પણ કોઈ વ્યવસ્થિત જવાબ આપવામાં આવતો ન હતો.દિલ્હી માટેની ફલાઈટ પકડવા તીરંદાજો રાત્રે સાડા નવ કલાકે ઢાકા ઈન્ટરનેશનલ એરપોર્ટ પહોંચી ગયા હતા. ફલાઈટમાં બોર્ડિંગ થયા બાદ તેમને જાણ કરવામાં આવી હતી કે વિમાનમાં ટેક્નિકલ સમસ્યા થઈ હોવાને કારણે હાલ વિમાન ઉડી શકે તેવી સ્થિતિમાં નથી. રાત્રે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી અને ફલાઈટ કેન્સલ કરવામાં આવી છે તેવી જાહેરાત કરાયા બાદ ટીમ એરપોર્ટની બહાર આવી ગઈ હતી. આ સંજોગોમાં ટીમ એરપોર્ટની બહાર નીકળતા જ તેમની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. ખેલાડીઓને ખુલ્લી (બારી વિનાની) સ્થાનિક બસમાં બેસાડી દેવામાં આવ્યા હતા અને લગભગ અડધો કલાકનું ટ્રાવેલિંગ કર્યા બાદ તેમને એક નીચલા સ્તરની ધર્મશાળા કહી શકાય તેવી હોટેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. ભારતની તિરંદાજોની આ ટીમમાં સાત મહિલા ખેલાડીઓ પણ હતી. તમામ મહિલા ખેલાડીઓને એક જ રૂમમાં રાખવામાં આવી હતી. બીજા દિવસે સવારે ૧૧.૦૦ કલાકે તેમને એરપોર્ટ રવાના કરાયા બાદ ફ્લાઈટમાં બેસાડવામાં આવ્યા હતા અને તેઓ ભારત પરત ફર્યા હતા.

# દલિતો અને લઘુમતીઓના નામ કાઢી નાખવાનો લક્ષ્યાંક: SIR મુદ્દે VCKના વડા થોલ થિરૂમાવલવન

### પાર્ટીના મુખ્યાલય ખાતે પત્રકારોને સંબોધતા, તેમણે દાવો કર્યો કે નોંધપાત્ર દલિત અને લઘુમતી વસ્તી ધરાવતા ઘણા મતવિસ્તારોમાં મતદાર યાદી કાઢી નાખવાનું "અકુદરતી" સ્તર જોવા મળી રહ્યું છે

(એજન્સી) ચેન્નાઈ, તા.૧૯

વિદુથલાઈ ચિરૂથૈગલ કાચી (VCK)ના પ્રમુખ થોલ થિરૂમાવલવનએ મતદાર યાદીના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)માં મોટા પાયે ગેરરીતિઓનો આરોપ લગાવ્યો અને તમિલનાડુમાં મુક્ત અને ન્યાયી ચૂંટણી સુનિશ્ચિત કરવા માટે ભારતીય ચૂંટણી પંચ (ECI)ને તાત્કાલિક હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. ચેન્નાઈમાં પાર્ટીના મુખ્યાલય ખાતે પત્રકારોને સંબોધતા, તેમણે દાવો કર્યો કે નોંધપાત્ર દલિત અને લઘુમતી વસ્તી ધરાવતા ઘણા મતવિસ્તારોમાં મતદાર યાદી કાઢી નાખવાનું "અકુદરતી" સ્તર જોવા મળી રહ્યું છે. તેમણે કહ્યું કે આ પેટર્ન "લક્ષિત અને ઈરાદાપૂર્વક" લાગે છે અને ચેતવણી આપી હતી કે આવી ક્રિયાઓ હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયોના "લોકશાહી અધિકારોને વિકૃત" કરી શકે છે. તિરૂમાવલવનનો આરોપ છે કે "ભાજપ સાથે જોડાયેલા" રાજકીય દળો સામૂહિક વાંધા દાખલ કરીને અને અન્ય રાજ્યોના મતદારોને પસંદગીના મતવિસ્તારોમાં સ્થાનાંતરિત કરીને પુનરાવર્તન પ્રક્રિયાને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, "આ ૨૦૨૬ની ચૂંટણી પહેલા મતદારોની વસ્તી વિષયક માહિતી બદલવાના સંકલિત પ્રયાસો છે."


**પુનઃસુધારા નોટિસ**

**એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**

રજિસ્ટર્ડ કાર્યાલય : એડલવાઈસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કલીના, મુંબઈ-૪૦૦૦૯૮-CIN:U67100MH2007PLC174759

**સ્થાવર મિલકતના વેચાણ માટેની ઈ-હરાજી માટે સુધારા નોટિસ**ના સંદર્ભમાં આ સમાચાર પત્રમાં તા.૧૦-૧૧-૨૦૨૫માં છપાયેલ જાહેર ખબર બાબતે મહેરબાની કરીને નીચેના દેણદારો માટે હરાજીની સુધારેલી તારીખ વાંચવી.

| લોન એકા.નં./વેચાણ સંસ્થા | દેણદાર અને સહ-દેણદાર(રો)ના નામ | મિલકતની જગ્યા | સુધારેલ હરાજી તારીખ | હરાજીની નવી તારીખ |
|---|---|---|---|---|
| X0HLAME00002898904/ ચોલામંડલમ ઈન્વેસ્ટમેન્ટસ એન્ડ ફાઈનાન્સ કંપની લિમિટેડ | હિરેન શરદભાઈ મિસ્ત્રી (દેણદાર) દિપિકાબેન શરદ મિસ્ત્રી (સહ-દેણદાર) | અમદાવાદ | ૨૦.૧૧.૨૦૨૫ | ૧૨.૧૨.૨૦૨૫ |

અન્ય તમામ વિગતો યથાવત્ રહેશે.

તારીખ : ૨૦-૧૧-૨૦૨૫
સ્થળ : મુંબઈ

અધિકૃત અધિકારી
એડલવાઈસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction



In The Court of the Civil Judge, Senior Division-1st. Rajmahal, Dist. Sahibganj.
Title Execution Case No. 01/2019
**Zakir Hussain Asharfi** and others :----Decree Holders
Versus
Ghishu Shekh and others : ---- Judgment Debtors
Notice to ;
1. Saiyad Mohammad Nurani Asharfi Tirmig, son of Late Saiyad Abdul Ajij Sabari, resident of Dayadara, Police station & District-Bharuch, Gujarat.

Through this Gazette notice publication in Daily News paper you are hereby infomed that aforesaid Title Execution Case has been filed in my court against you and others in which you did not appear inspite of Najarat Notice and Registered Post notice sent to you. Therefore, vide this Gazette Notice publication in Daily News paper you are informed that you on Date **09.12.25** Time 10.30 A.M. your self or by a Pleader duly instructed by you must appear and adduce your objection or defence, otherwise Ex-parte proceeding will be taken against you.

Take it urgent.
This Gazette given under my hand and seal of the court.
This the **29** day of **10-** 2025
Court Seal
**Civil Judge, Sr. Division-I Rajmahal, Dt. Sahibganj (Jharkhand)**


# યુપી : 'મને બાપ કહીને બોલાવ ...' શાકભાજી વેચતા દલિત યુવાનને લાકડીઓથી માર મારવામાં આવ્યો

### ઉત્તરપ્રદેશના શાહજહાંપુરના પૈના બુઝુર્ગ ગામમાં શાકભાજી વેચતા દલિત યુવાનને કેટલાક માથાભારે તત્વોએ લાકડીઓથી માર માર્યો હતો, વીડિયો વાયરલ થયા બાદ, પોલીસ હરકતમાં આવી અને આરોપીની ધરપકડ કરી હતી, આ ઘટના એક જૂના કેસ સાથે જોડાયેલા વિવાદને કારણે બની હતી, માર મારતી વખતે, ગુંડાઓ યુવકને પોતાને પિતા કહેવા માટે મજબૂર કરી રહ્યા હતા

(એજન્સી) તા.૧૯

ઉત્તરપ્રદેશના શાહજહાંપુરમાં એક દલિત શાકભાજી વેચનારને માર મારવામાં આવ્યો હોવાનો વીડિયો વાયરલ થયા બાદ, પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આ ઘટના સિધૌલી પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના પૈના બુઝુર્ગ ગામમાં બની હતી, જ્યાં એક માથાભારે માણસે શાકભાજી વેચતા દલિત યુવાનને લાકડીઓથી નિર્દયતાથી માર માર્યો હતો. વાયરલ વીડિયોમાં સ્પષ્ટપણે દેખાય છે કે આરોપી યુવકને માર મારતો હતો અને તેને બાપ કહેવાની માંગ કરતો હતો. વીડિયો વાયરલ થતાં જ મામલો ઝડપથી ફેલાઈ ગયો, જેના કારણે પોલીસે કાર્યવાહી કરવાની ફરજ પડી હતી. માહિતી અનુસાર, પીડિત, અચલ કુમાર, પડોશી ગામ પૈના ખુર્દનો રહેવાસી છે. તેનો પહેલાથી જ કેટલાક ઉચ્ચ જાતિના લોકો સાથે કાનૂની વિવાદ છે. વિવાદને કારણે, જ્યારે અચલ આકસ્મિક રીતે શાકભાજી વેચવા માટે પૈના બુઝુર્ગ ગામમાં પહોંચ્યો, ત્યારે ચુટક્કે સિંહ અને તેના સાથીઓએ તેને ઘેરી લીધો. પછી તેઓએ તેને લાકડીઓથી માર મારવાનું શરૂ કર્યું. વીડિયોમાં, અચલ પોતાનો બચાવ કરવાનો પ્રયાસ કરતો જોવા મળે છે, પરંતુ ગુંડાઓ તેના પર હુમલો કરવાનું ચાલુ રાખે છે.

**દલિત યુવકને લાકડીઓથી માર મારવામાં આવ્યો**

એક ગ્રામવાસીઓએ કેમેરામાં માર મારવાની ઘટના રેકોર્ડ કરી અને તેને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી. વીડિયો વાયરલ થતાં જ લોકોનો રોષ વધ્યો. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને પીડિતની ફરિયાદના આધારે કાર્યવાહી શરૂ કરી હતી. સીઓ સિધૌલી પ્રવીણ મલિકે જણાવ્યું કે અચલ કુમારે ફરિયાદ નોંધાવી હતી કે અજિત અને પૈના ખુર્દના ત્રણ માણસોએ તેના પર હુમલો કર્યો હતો. ફરિયાદના આધારે, સિધૌલી પોલીસ સ્ટેશનમાં કલમ ૪૪૩/૨૫ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.


**ગુજરાત રાજ્ય વકફ બોર્ડ**

Established under the Waqf Act, 1995
Constituted by the Government of Gujarat
under Waqf Act, 1995 (Central Act - 43 of 95)
ડૉ. જીવરાજ મેહતા ભવન બ્લોક નં.૮, ભોયતળીયે, જુના સચિવાલય, સેકટર - ૧૦, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ની કલમ ૩૬

વિષયઃ- ''મસ્જીદ - એ સલીમ વકફ કમિટી - સુરત''

ઉપરોક્ત જણાવેલ વકફના **સાજીદભાઈ શબ્બીરભાઈ પતંગવાલા, ગામ - આંબોલી, કઠોર, કામરેજ, જિ. સુરત**નાઓએ મજકુર વકફના ઉદેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત/જંગમ મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામાં દરખાસ્ત કેરલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| ગામ/મુ.પો/ઠે | તાલુકો અને જીલ્લો | મિલ્કતનો પ્રકાર | જંગમ મિલ્કત |
|---|---|---|---|
| મુ.પો. આંબોલી, કઠોર, | જી. સુરત | જંગમ મિલ્કત | રૂ.૫,૦૦,૦૦૦ (પાંચ લાખ) વકફ ખત દ્વારા રજુ કેરલ છે. |

ઉકત જણાવેલ જંગમ મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યકિત કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમય મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉકત જણાવેલ વકર્સના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(એમ.એ.શેખ)
કચેરી અધિક્ષક,
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગર.


# રાજનાથ સિંહે દલિત સેનાની ઉદા દેવીની પ્રશંસા કરી, ૧૮૫૭ના બળવા દરમિયાન તેમના સાહસને યાદ કર્યું

(એજન્સી) લખનૌ, તા.૧૯

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે દલિત સ્વાતંત્ર્ય ચળવળકાર ઉદા દેવી પાસીની હિંમત અને બ્રિટિશ શાસન સામેના વિરોધ બદલ પ્રશંસા કરી, કહ્યું કે તેમનું જીવન દેશના દરેક નાગરિકને પ્રેરણા આપે છે. લખનૌમાં એક શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં બોલતા, સિંહે કહ્યું કે અંગ્રેજોએ લડાઈમાં તેમના પતિની હત્યા કર્યા પછી ઉદા દેવીનો સંકલ્પ વધુ મજબૂત બન્યો હતો. તેમણે ૧૮૫૭ના બળવાખોર સેનાની વિશે કહ્યું કે, જ્યારે ઉદા દેવીએ તેમના શહીદ પતિના નશ્વર અવશેષો જોયા, ત્યારે તેમની હિંમત વધુ વધી ગઈ. તેમણે તેમના મૃત્યુનો બદલો લેવાની પ્રતિજ્ઞા લીધી.


**ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ**

GUVNL

સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસ કોર્સ, વડોદરા. ૩૯૦ ૦૦૭.
CIN U40109GJ2004SGC045195

**રાજ્યમાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજનાના કોમ્પોનેન્ટ-A હેઠળ રિન્યુએબલ એનર્જી (RE) પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે અરજી નોંધણી કરવા બાબત**

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળની વીજ વિતરણ કંપનીઓ DGVCL, MGVCL, PGVCL અને UGVCL દ્વારા સરકારશ્રીની પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન **PM-KUSUM યોજનાના કોમ્પોનેન્ટ-A હેઠળ રિન્યુએબલ એનર્જી (RE) પાવર પ્લાન્ટ સ્થાપિત કરવા માટે અરજીઓની નોંધણી માટે સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com, તા. ૨૪-૧૧-૨૦૨૫ સુધી લંબાવવામાં આવેલ છે.**

1. આ યોજના હેઠળ ૦.૫ મેગાવોટથી ૨.૦ મેગાવોટ સુધીના ગ્રાઉન્ડ માઉન્ટેડ/ સ્ટીલ્ટ ફેશન સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરી શકાશે.
2. આ યોજના હેઠળ વ્યક્તિગત ખેડૂત/ખેડૂતોનું જૂથ /સહકારી સંસ્થાઓ/ પંચાયત/ફાર્મર પ્રોડ્યુસર ઓર્ગેનાઈઝેશન (FPO)/ વોટર યુઝર એસોસિએશન (WUA), ખેડૂત સાથે લીઝ કરાર ધરાવતા ડેવલોપર દ્વારા રિન્યુએબલ એનર્જી (RE) પાવર પ્લાન્ટ (REPP) સ્થાપિત કરવામાં આવશે.
3. આ યોજનામાં સમાવિષ્ટ સબ-સ્ટેશનોનું લીસ્ટ સોલાર ક્ષમતા સાથે ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ છે. સોલાર પ્રોજેક્ટ આ સબસ્ટેશનોના 5 કિ.મી. પરિધિમાં સ્થાપિત કરવાના રહેશે.
4. વીજ વિતરણ કંપનીઓ દ્વારા એક્સપ્રેસન ઓફ ઇન્ટરેસ્ટ (EoI) ઇસ્યુ કરવામાં આવેલા છે જે ઉપરોક્ત પોર્ટલ પર ઉપલબ્ધ છે. આ યોજના હેઠળ અરજી કરવા માટે અને પ્રક્રિયામાં ભાગ લેવા માટેની માહિતી, અરજી નોંધણી ફી, EMD, PBG, નિયત કરેલ ટેરિફ અંગેની માહિતી, સબ સ્ટેશનમાં જાહેર કરેલ ક્ષમતા કરતા વધારે ક્ષમતાની એકત્રિત અરજીઓના કિસ્સામાં રિવર્સ બિડિંગ પ્રક્રિયા, LOA, PPA, નિયમો અને શરતો વિગેરે માહિતી એક્સપ્રેસન ઓફ ઈન્ટરેસ્ટ (EoI) માં ઉપલબ્ધ છે.
5. આ યોજનામાં ભાગ લેવા ઈચ્છુક અરજદાર / ડેવલપરે અરજીઓની નોંધણી પીએમ-કુસુમ સ્ટેટ પોર્ટલ https://pmkusum.guvnl.com પર નિયત સમય મર્યાદામાં કરવાની રહેશે.

મુખ્ય ઇજનેર (ટેકનિલક) - GUVNL

વધુ માહિતી પેટાવિભાગીય કચેરી, જન સેવા કેન્દ્ર કે નીચે જણાવેલ ટોલ ફ્રી નંબર પરથી મેળવી શકશે.

DGVCL www.dgvcl.com DGVCL-૧૮૦૦ ૨૩૩ 3003 ૧૯૧૨૩
MGVCL www.mgvcl.com MGVCL-૧૮૦૦ ૨૩૩ ૨૬૭૦ ૧૯૧૨૪
PGVCL www.pgvcl.com PGVCL-૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૩ ૧૯૧૨૨
UGVCL www.ugvcl.com UGVCL ૧૮૦૦ ૨૩૩ ૧૫૫૩૩૫ ૧૯૧૨૧

# 'શાસનની મજાક' : જયરામ રમેશે ગ્રીન ક્લિયરન્સ પર સુપ્રીમ કોર્ટના યુ-ટર્નની ઝાટકણી કાઢી

## કોંગ્રેસ નેતાએ નોંધ્યું છે કે માત્ર એક દિવસ પહેલા ભારતના એ જ મુખ્ય ન્યાયાધીશે ઉત્તરાખંડને કોર્બેટ ટાઈગર રિઝર્વને પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો જ્યાં ગયા વર્ષે લગભગ ૬,૦૦૦ વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા

(એજન્સી) તા.૧૯

કોંગ્રેસ નેતા જયરામ રમેશે સુપ્રીમ કોર્ટના તાજેતરના પગલા પર શાહી સુકાય ત્યાં સુધી રાહ જોઈ ન હતીઃ કેન્દ્રને પોસ્ટ-ફેક્ટો પર્યાવરણીય મંજૂરીઓ આપવાથી પ્રતિબંધિત કરનારા પોતાના જ ચુકાદાને પાછો ખેંચવાનો ૨ઃ૧ મતથી નિર્ણય. ચુકાદાના સમાચાર આવ્યા પછી તરત જ રમેશે X (અગાઉ ટ્વિટર) પર લખ્યું કે, 'એ ખૂબ જ નિરાશાજનક છે કે ભારતના વિદાયમાન મુખ્ય ન્યાયાધીશે સુપ્રીમ કોર્ટની બે ન્યાયાધીશોની બેંચના ૧૬ મે, ૨૦૨૫ના ચુકાદાની સમીક્ષા માટે દરવાજો ખોલ્યો છે, જેમાં પૂર્વવર્તી પર્યાવરણીય મંજૂરીઓ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો,' તેમની ટિપ્પણીઓ ત્યારે આવી જ્યારે સુપ્રીમ કોર્ટે મંગળવારે ૨ઃ૧ બહુમતીથી પોતાનો ૧૬ મેનો વનશક્તિ ચુકાદો પાછો ખેંચ્યો. ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. દ્વારા લખાયેલ બહુમતી નિર્ણય, ભારતના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન, નવી બેન્ચ સમક્ષ આ વિવાદાસ્પદ પ્રશ્ન મૂકે છે. ન્યાયાધીશ ઉજ્જલ ભૂયાને એકમાત્ર અસંમતિ વ્યક્ત કરી હતી. તેઓ મૂળ ચુકાદાનો પણ ભાગ હતા જે કોર્ટે હવે પાછો ખેંચી લીધો છે. સીજેઆઈ ગવઈએ ૨૦૨૦ના એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડના નિર્ણય તરફ ધ્યાન દોર્યું, જ્યાં સુપ્રીમ કોર્ટે ઠરાવ્યું હતું કે પોસ્ટ-ફેક્ટો મંજૂરીઓ 'સામાન્ય રીતે' જારી ન કરવી જોઈએ, પરંતુ નાણાકીય દંડ લાદીને ઉલ્લંઘનોને નિયમિત બનાવવું જોઈએ. તેમણે સરકારના ૨૦૧૭ અને ૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડાની પણ નોંધ લીધી. તેમણે કહ્યું કે, આ ફક્ત 'માન્ય પ્રવૃત્તિઓ' માટે મંજૂરી આપે છે. જો કોર્ટ તેમને તોડી નાખે છે, તો એકમાત્ર વિકલ્પ ઉલ્લંઘનમાં બાંધવામાં આવેલા તમામ માળખાને તોડી પાડવાનો રહેશે. સીજેઆઈએ પરિણામોની ચેતવણી આપી હતી. તેમણે કોર્ટમાં કહ્યું કે, 'જો મંજૂરીની સમીક્ષા કરવામાં નહીં આવે તો ૨૦,૦૦૦ કરોડ રૂપિયાના જાહેર પ્રોજેક્ટ્સ તોડી પાડવા પડશે,'. તેમણે દલીલ કરી હતી કે તોડી પાડવાથી પ્રદૂષણ વધશે, ઘટશે નહીં.

### જસ્ટિસ ભૂયાન અસંમત

તેમણે લખ્યું હતું કે 'પર્યાવરણીય કાયદામાં પર્યાવરણીય મંજૂરીનો કોઈ ખ્યાલ નથી,' તેમણે આ વિચારને 'પર્યાવરણીય ન્યાયશાસ્ત્ર માટે દુષ્ટતાને સમર્પિત શાપ' ગણાવ્યો હતો. વિગતવાર ચુકાદાની રાહ જોવાઈ રહી છે. રમેશની ટીકાએ તાજેતરની કોર્ટની કાર્યવાહીને કારણે બળ મેળવ્યું જે અવળી દિશામાં જતી હોય તેમ લાગતું હતું. તેમણે નોંધ્યું હતું કે માત્ર એક દિવસ પહેલા, ભારતના મુખ્ય ન્યાયાધીશે ઉત્તરાખંડને કોર્બેટ ટાઈગર રિઝર્વને પુનઃસ્થાપિત કરવાનો આદેશ આપ્યો હતો, જ્યાં ગયા વર્ષે લગભગ ૬,૦૦૦ વૃક્ષો ગેરકાયદેસર રીતે કાપવામાં આવ્યા હતા. બેન્ચે ત્રણ મહિનાની અંદર તમામ અનધિકૃત બાંધકામોને તોડી પાડવાનો નિર્દેશ આપ્યો હતો. આગળ જતાં ફક્ત ઈકો-ટૂરિઝમને જ મંજૂરી આપવામાં



આવશે. CJIએ કહ્યું હતું કે, 'ટૂંકમાં, અમે એવું માન્યું છે કે જો પર્યટનને પ્રોત્સાહન આપવું હોય, તો તે ઈકો-ટૂરિઝમ હોવું જોઈએ,'. કોર્ટની કેન્દ્રીય સશક્ત સમિતિ પુનઃસ્થાપનનું નિરીક્ષણ કરશે. બેન્ચે ટાઈગર સફારી, બચાવ કેન્દ્રોની સ્થાપના અને વાહન સંખ્યા પર મર્યાદા અંગે પણ નિર્દેશો જારી કર્યા હતા. કોર્બેટના ચુકાદાના એક દિવસ પહેલા, સુપ્રીમ કોર્ટે કોઈપણ રાષ્ટ્રીય ઉદ્યાન અથવા અભયારણ્યના એક કિલોમીટરની અંદર ખાણકામ પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધ લાદ્યો હતો. તેણે રાજ્યોને હાલના લીઝનું ફરીથી મૂલ્યાંકન કરવા કહ્યું હતું. પ્રતિબંધિત ઝોનમાં આવતા લોકોને સુધારવા અથવા રદ કરવા જોઈએ. ઘોંઘાટ, પ્રદૂષણ અને રહેઠાણના વિભાજનને મુખ્ય જોખમો તરીકે નામ આપવામાં આવ્યું હતું. રમેશે આ આદેશોનો ઉલ્લેખ કરીને તેમને જે અસંગતતા તરીકે જોવામાં આવી હતી તે પ્રકાશિત કર્યું. મુખ્ય ન્યાયાધીશનો આ નિર્ણય બમણો નિરાશાજનક છે કારણ કે ગઈકાલે જ તેમણે ઉત્તરાખંડ સરકારને કોર્બેટ ટાઈગર રિઝર્વમાં પર્યાવરણીય નુકસાનને પુનઃસ્થાપિત અને સમારકામ કરવાનો નિર્દેશ આપ્યો હતો... તેમણે લખ્યું. ચર્ચાનો મુખ્ય ભાગ એ પ્રથા છે જેને વનશક્તિએ સમાપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતોઃ બાંધકામ, ખોદકામ અથવા ઉત્પાદન શરૂ કર્યા પછી પર્યાવરણીય મંજૂરીઓ માંગતી કંપનીઓ. રમેશે X પર લખ્યું કે, 'પૂર્વવર્તી પર્યાવરણીય મંજૂરીઓ એવી કંપનીઓ દ્વારા ઈરાદાપૂર્વક માંગવામાં આવે છે જે કાયદાઓથી સારી રીતે વાકેફ છે પરંતુ તેમ છતાં 'બાદમે દેખા જાયેગા' વલણ સાથે જાણી જોઈને તેનું ઉલ્લંઘન કરે છે,'. 'પૂર્વવર્તી મંજૂરીઓ કાયદા માટે હાનિકારક છે અને શાસનની મજાક ઉડાવે છે.' તેમણે દલીલ કરી હતી કે દંડ 'ગમે તેટલો ભારે' હોય તે સમસ્યાનો ઉકેલ લાવી શકતો નથી, કારણ કે તે ફક્ત કાયદા ભંગને નિયમિત બનાવે છે. ૧૬ મેના ચુકાદાએ આ સ્થિતિ સાથે સંમતિ દર્શાવી હતી.

# મમતાએ દાવો કર્યો કે SIR શરૂ થયા પછી પશ્ચિમ બંગાળમાં અત્યારસુધીમાં ૨૮ BLOનાં મોત થયા, ચૂંટણી પંચે લાદી દીધેલા 'અમાનવીય' કામના બોજાને દોષિત ઠરાવ્યો

## જલપાઈગુડીમાં એક આંગણવાડી કાર્યકર દ્વારા કામના બોજાને લીધે આત્મહત્યા કરવામાં આવ્યા બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ રાજ્યમાં ચાલતી કવાયત તાત્કાલિક અટકાવી દેવાની માંગણી કરી

(એજન્સી) કોલકાતા, તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યના માલ બ્લોક વિસ્તારના જલપાઈ ગુડીમાં એક બીએલઓનું મોત થતાં ભારે આઘાતની લાગણી વ્યક્ત કરી હતી અને એવો આક્ષેપ કર્યો હતો કે રાજ્યમાં ચાલી રહેલી મતદાર યાદી ખાસ સઘન રિવિઝન કવાયતને કારણે તેમાં કામ કરી રહેલા બીએલઓ અને અન્ય સ્ટાફ ઉપર અમાનવીય રીતે અસહ્ય કામનું દબાણ આવી ગયું છે અને આ કવાયતને કારણે ૨૮ લોકોનાં મોત અત્યાર સુધીમાં થયા છે. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે આંગણવાડી કાર્યકરને બીએલઓ તરીકે કામગીરી સોંપવામાં આવી હતી પરંતુ ચૂંટણી પંચની આ કવાયતમાં જોડાયેલા આંગણવાડી કાર્યકરને કામનો અસહ્ય બોજો આવી ગયો હોવાથી તેમણે આપઘાત કર્યો હતો.

પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ એક્સ ઉપર ખૂબ જ આક્રમક નિવેદન કરતા મુખ્યમંત્રી મમતા બેનરજીએ ચૂંટણી પંચની ભારે જોરદાર ટીકા કરી હતી અને કહ્યું હતું કે ૨૦૨૬ની વિધાનસભાની ચૂંટણીઓ પહેલા સતત અને અવિરત કામનો બોજો વધારી દેવામાં આવ્યો છે અને કોઈ જાતનું આયોજન પણ કરવામાં આવ્યું નથી અને એ રીતે કવાયત ચાલે છે. મને બીએલઓના મૃત્યુથી અત્યંત આઘાત લાગ્યો છે અને હું દુઃખી થઈ ગઈ છું. ફરી એક વાર અમે એક બીએલઓને ગુમાવ્યા છે જે જલપાઈ ગુડીમાં કાર્યરત હતા. એ આંગણવાડીની કાર્યકર હતી અને તેમાં કામ કરતી હતી અને તેને બીએલઓ તરીકે પરત સોંપવામાં આવી હતી પરંતુ કામનું દબાણ અસહ્ય હોવાથી આંગણવાડીની આ કાર્ય કરે આત્મહત્યા કરી લીધી હતી. મુખ્યમંત્રી કહ્યું હતું કે ૨૮ જેટલા લોકોના આ કવાયતને કારણે અત્યાર સુધીમાં મોત થયા છે અને કેટલાકના ડર અને અનિશ્ચિતતાને કારણે તો કેટલાકના ભારે કામના બોજા અને દબાણને કારણે મોત થયા છે. મુખ્યમંત્રીએ સખત શબ્દોમાં કહ્યું હતું કે આવી રીતે બિન આયોજિત આડેધડ અને અવિરત



રીતે થઈ રહેલી કામગીરી અને તેના દબાણને કારણે કીમતી માનવ જિંદગીઓ અમે ગુમાવી છે. કહેવાતા ચૂંટણી પંચે જે કામગીરી કરવામાં ત્રણ વર્ષ લાગે એ કામગીરી કરવા માટે બે મહિના જ આપ્યા છે અને તે બે મહિનામાં પૂરું કરવા માટેનું દબાણ નાખી દીધું છે અને એ પણ વિધાનસભાની ચૂંટણીઓ પહેલા આ દબાણ આવ્યું છે અને જે એમના એટલે કે ચૂંટણી પંચના રાજકીય આકાઓને રાજી કરવા માટે છે અને એના કારણે જ બીએલઓ ઉપર અમાનવીય દબાણ આવ્યું છે.

તેમણે ચૂંટણી પંચને વિવેક બુદ્ધિ સાથે કામગીરી કરવા માટે અનુરોધ કર્યો હતો અને તાત્કાલિક કવાયત અટકાવી દેવા માટે માંગણી કરી હતી. સાથે સાથે તેમણે ચેતવણી આપી હતી કે જો આ ગતિ સાથે એસઆઈઆર કવાયતની કામગીરી ચાલુ રહેશે તો વધુ કેટલી માનવ જિંદગી આપણે ગુમાવીશું એવું લાગે છે. એટલે જ હું ચૂંટણી પંચને વિવેક બુદ્ધિ સાથે અને સમજદારીથી કામ લેવા માટે અપીલ કરું છું અને આ કવાયત વધુ જાન લે એ પહેલા તે અટકાવી દેવા માટે હું અપીલ કરું છું. મુખ્યમંત્રીના આક્ષેપો અંગે ચૂંટણી પંચ તરફથી તાકીદે કોઈ પ્રતિક્રિયા મળી નથી. બંગાળના વિરોધ પક્ષોએ મુખ્યમંત્રીના આક્ષેપો નકારી કાઢ્યા છે.

# ભારતે આગામી પેઢીના ઈ-પાસપોર્ટ રજૂ કર્યા : મુખ્ય સુરક્ષા અપગ્રેડ પર એક નજર

## ભારત અપગ્રેડેડ પાસપોર્ટ સેવા પ્રોગ્રામ ૨.૦ હેઠળ અદ્યતન સુરક્ષા સુવિધાઓ અને RFID ચિપ્સ સાથે આગામી પેઢીના ઈ-પાસપોર્ટ રજૂ કરી રહ્યું છે

(એજન્સી) તા.૧૯

મીડિયા દ્વારા એક્સેસ કરાયેલ ડિઝાઈન વિગતો અનુસાર, તેની પાસપોર્ટ સિસ્ટમમાં એક મોટા અપગ્રેડમાં, ભારત અત્યાધુનિક સુરક્ષા સુવિધાઓથી સજ્જ આગામી પેઢીના ઈ-પાસપોર્ટ રજૂ કરવા માટે તૈયાર છે, જેમાં ઈન્ટરલોકિંગ માઈક્રોલેટર્સ, રિલીફ ટિન્ટ્સ અને એન્ક્રિપ્ટેડ બાયોમેટ્રિક ડેટા સ્ટોર કરતી એમ્બેડેડ RFID ચિપ્સ અને વધુનો સમાવેશ થાય છે.

રોલઆઉટ હેઠળ, બધા નવા જારી કરાયેલા પાસપોર્ટ તાત્કાલિક ઇ-પાસપોર્ટ હશે, જ્યારે હાલના નોન-ઈલેક્ટ્રોનિક પાસપોર્ટ તેમની સમાપ્તિ સુધી માન્ય રહેશે. સરકાર જૂન ૨૦૩૫ સુધીમાં ઇ-પાસપોર્ટમાં સંપૂર્ણ સંક્રમણની યોજના ધરાવે છે. દરેક ઇ-પાસપોર્ટમાં રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ચિપ અને એન્ટેના લગાવેલ છે જે એન્ક્રિપ્ટેડ બાયોમેટ્રિક અને વ્યક્તિગત ડેટા, જેમ કે ફોટોગ્રાફ્સ અને ફિંગરપ્રિન્ટ્સને આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન સંગઠન (ICAO) ધોરણો સાથે સુસંગત ડિજિટલી સહી કરેલ ફોર્મેટમાં સુરક્ષિત રીતે સંગ્રહિત કરે છે. આ ચિપ્સની કોન્ટેક્ટલેસ ડેટા-રીડિંગ ક્ષમતા ઈમિગ્રેશન કાઉન્ટર પર ઝડપી અને વધુ વિશ્વસનીય ઓળખ ચકાસણીને સક્ષમ બનાવે છે, જે છેતરપિંડી, છેડછાડ અને ઘસારામાં નોંધપાત્ર ઘટાડો કરે છે. અત્યાર સુધીમાં, MEAએ સ્થાનિક સ્તરે ૮૦ લાખ અને વિદેશમાં ભારતીય મિશન દ્વારા ૬૦,૦૦૦થી વધુ ઇ-પાસપોર્ટ જારી કર્યા છે. RFID ચિપ પાસપોર્ટ ધારકની બાયોમેટ્રિક અને વ્યક્તિગત માહિતી, જેમાં ફોટોગ્રાફ્સ, ફિંગરપ્રિન્ટ્સ અને અન્ય વ્યક્તિગત વિગતોનો સમાવેશ થાય છે, સુરક્ષિત રીતે એન્ક્રિપ્ટેડ સ્વરૂપમાં સંગ્રહ કરે છે.

આ ડિજિટલ સ્તર ઈમિગ્રેશન કાઉન્ટર પર ઝડપી અને વધુ વિશ્વસનીય પ્રમાણીકરણ માટે પરવાનગી આપે છે, છેતરપિંડી અને બનાવટીના જોખમોને નોંધપાત્ર રીતે ઘટાડે છે. એન્ટેના કોન્ટેક્ટલેસ ડેટા રીડિંગને સક્ષમ કરે છે, ભૌતિક હેન્ડલિંગને ઘટાડીને ટકાઉપણું વધારે છે. MEAના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું હતું કે, સુધારેલ સિસ્ટમ પાસપોર્ટ છેતરપિંડીમાં ભારે ઘટાડો કરશે અને બહુવિધ પાસપોર્ટ ધરાવતા વ્યક્તિઓના કિસ્સાઓને અટકાવશે. નવી સિસ્ટમ અરજદારના બાયોમેટ્રિક ડેટાને કેન્દ્રીય સર્વર સામે ચકાસે છે, અરજદારના નામે કોઈપણ હાલના પાસપોર્ટને તાત્કાલિક ચિહ્નિત કરે છે.

### AI-DRIVEN PASSPORT

બાયોમેટ્રિક અને ચહેરાની ઓળખ સિસ્ટમો, AI-આધારિત ચેતવણીઓ અને ડેટા એનાલિટિક્સ સુરક્ષા અને કાર્યક્ષમતાને વધુ મજબૂત બનાવે છે. સીમલેસ દસ્તાવેજ ચકાસણી માટે સિસ્ટમ DigiLocker, Aadhaar અને PAN સાથે પણ સંકલિત છે.

વધારાની સુવિધાઓમાં દસ્તાવેજ માન્યતા માટે રોબોટિક પ્રોસેસ ઓટોમેશન (RPA), ટચસ્ક્રીન ફીડબેક, ઈલેક્ટ્રોનિક સિગ્નેચર પેડ્સ અને રીઅલ-ટાઈમ MIS ડેશબોર્ડ્સનો સમાવેશ




### SEVA 2.0

મે ૨૦૨૫માં અમલમાં મુકાયેલ, પાસપોર્ટ સેવા કાર્યક્રમ સંસ્કરણ ૨.૦ (PSP V2.0) હવે ૩૭ પ્રાદેશિક પાસપોર્ટ કચેરીઓ (RPOs), ૯૩ પાસપોર્ટ સેવા કેન્દ્રો (PSKs) અને ૪૫૧ પોસ્ટ ઓફિસ પાસપોર્ટ સેવા કેન્દ્રો (POPSKs)માં કાર્યરત છે. કાર્યક્રમનું વૈશ્વિક સંસ્કરણ, GPSP V2.0, ૨૮ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ શરૂ થયું, જે વિદેશમાં ભારતીય મિશન પર પાસપોર્ટ સેવાઓને વધુ સારી બનાવવા માટે રચાયેલ છે.

સુધારેલ સિસ્ટમ એપ્લિકેશન સહાય અને ફરિયાદ નિવારણ, ઓનલાઈન દસ્તાવેજ અપલોડ, ઓટો-ફિલ્ડ ફોર્મ અને UPI/QR-આધારિત ચુકવણી માટે AI-સંચાલિત ચેટ અને વોઈસ બોટ્સને એકીકૃત કરે છે. અદ્યતન થાય છે. ૧૭ ભાષાઓમાં કાર્યરત એક રાષ્ટ્રીય કોલ સેન્ટર નાગરિક સહાય પૂરી પાડે છે. નોઈડા, ચેન્નાઈ અને બેંગ્લુરૂમાં ત્રણ અત્યાધુનિક ડેટા સેન્ટરો અપગ્રેડેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને એક્કર કરે છે, જે મજબૂત સુરક્ષા અને ધમકી વ્યવસ્થાપનને સુનિશ્ચિત કરે છે. દર વર્ષે ૧૫ મિલિયનથી વધુ પાસપોર્ટ જારી કરવામાં આવતા હોવાથી, MEAએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમે સુલભતા અને કાર્યક્ષમતામાં વધારો કર્યો છે, જેનાથી નાગરિકોનો વિશ્વાસ વધ્યો છે. વંચિત પ્રદેશો સુધી પહોંચવા માટે તમામ 37 RPOમાં મોબાઈલ પાસપોર્ટ સેવા વાન તૈનાત કરવામાં આવી છે અને ભારતના ૫૪૩ લોકસભા મતવિસ્તારોમાંથી માત્ર ૩૨ હાલમાં PSK અથવા POPSK વિના છે, છ મહિનાની અંદર આ વિસ્તારોને આવરી લેવાની યોજના છે.

# ભજન મંડળી ખૂબ જ લોકપ્રિય બની રહી છે અને તે કોન્સર્ટની જેમ વેચાઈ રહી છે

## જો સોશિયલ મીડિયા પર આગામી ચર્ચા કોલ્ડપ્લે કોન્સર્ટ વિશે નહીં પરંતુ ભજન-ક્લબિંગ નાઈટ વિશે હોય તો આશ્ચર્ય પામશો નહીં

(એજન્સી) તા.૧૯

એક કાર્યક્રમમાં યુવાન મિત્રોનું એક જૂથ, માથું ધૂણાવતું, હવામાં હાથ ઉછાળતું, લયબદ્ધ ધબકારા પર નાચતું અને સાથે મળીને પોતાના હૃદયને ઉજાગર કરી રહ્યું છે. લાગે છે કે કોઈ અન્ય લાઈવ બેન્ડ ગિગ અથવા EDM નાઈટ જેવું છે, ખરૂં ને ? પરંતુ, એવું નથી. આ ભજન ક્લબિંગ છે - ભારતીય જનરેશન Zમાં વધતો જતો ટ્રેન્ડ જ્યાં ભક્તિ સંગીત બાસ ડ્રોપ્સનું સ્થાન લે છે જ્યાં ઉચ્ચ અવાજે સામૂહિક મંત્રોચ્ચાર છે, અને રાત્રે ઉત્સાહ વધારવાનો માટે દારૂ નહીં પણ ચાયની ચૂસકી છે. ભજન અને કીર્તન, જે એક સમયે ફક્ત વૃદ્ધો સાથે સંકળાયેલા હતા, હવે તેમાં યુવા પેઢીનો રસ છે. તેઓ આધ્યાત્મિકતાના લય પર નૃત્ય કરવા માટે કાફે, ભોજન સમારંભો અને કોમ્યુનિટી હોલમાં ભેગા થઈ રહ્યા છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહેલા સેંકડો વીડિયો પુરાવા છે. 'શ્રી કૃષ્ણ ગોવિંદ હરે મુરારી', 'હરે રામ હરે કૃષ્ણ' ના નારા લગાવતા અને તાળીઓ પાડતા વિશાળ યુવા ટોળાના મનમોહક ક્લિપ્સ કદાચ તમારી સ્ક્રીન પર દેખાયા હશે. આ વિડિઓઝમાં ઉર્જા ચેપી લાગે છે, સ્ક્રીનની બીજી બાજુથી પણ. ભારત હંમેશા ભક્તિ, આધ્યાત્મિક સમુદાયના મેળાવડા અને તે સમગ્ર એકતા ઊર્જા પર ભાર મૂકતો રહ્યો છે. પરંતુ હવે જે દેખાઈ રહ્યું છે તે આધ્યાત્મિકતા પર એક તાજગીભર્યું, કૂણું વલણ છે. તે કઠોર ધાર્મિક વિધિઓ વિશે ઓછું અને વ્યક્તિગત જોડાણ, શ્વાસ લેવાની ક્ષણ અને રોજિંદા તણાવને દૂર કરવા માટે એક જગ્યા વિશે વધુ છે. નકલી શાદીઓ પછી, ભજન ક્લબિંગ એ યુવાનો સાથે નવી ઉપસંસ્કૃતિનો પ્રારંભ છે. પરંપરાગત જાગરણો અથવા કીર્તનોથી વિપરીત, આ ભજન-જામિંગ સત્રો વધુ હળવાશભર્યા છે. કોલકાતા સ્થિત પ્રાચી અને રાઘવ, બેકસ્ટેજ સિબલિંગ્સ તરીકે ઓળખાતી ભાઈ-બહેનોની જોડી, તેમના ભક્તિમય પ્રદર્શન વાયરલ થયા પછી, ભજન જામ અને સત્સંગ માટે સંપૂર્ણપણે સમર્પિત એક અલગ સોશિયલ મીડિયા હેન્ડલ પણ બનાવ્યું, જેનાથી ટ્રેન્ડની આસપાસ ચર્ચા શરૂ થઈ. સુમીરન સત્સંગ એ જગ્યા છે જ્યાં તેઓ તેમના આગામી ભજન શો માટે ટિકિટ વેચે છે.

વિશ્વાસ-ટેકના યુવા ઉદ્યોગસાહસિક અને ભગવદ ગીતા ફોર ઓલ (BGFA)ના સ્થાપક પૃથ્વીરાજ શેટ્ટી કહે છે કે, "તમે જે જોઈ રહ્યા છો તે કોઈ ફેડ નથી - તે એક સાંસ્કૃતિક સુધારો છે. દાયકાઓથી, આધ્યાત્મિકતાને એવી વસ્તુ તરીકે પેક કરવામાં આવી હતી જે વડીલોની માલિકીની હતી. પરંતુ ભારતના યુવાનો હંમેશા આધ્યાત્મિક રીતે જિજ્ઞાસુ રહ્યા છે, તેમની પાસે ફક્ત તેમની ભાષા બોલતા ફોર્મેટનો અભાવ હતો. ભજન ક્લબિંગ એવી જગ્યાઓમાં ભક્તિ લાવે છે જ્યાં યુવાનો પહેલાથી જ અસ્તિત્વમાં છેઃ સંગીત, સમુદાય, લય, ઉર્જા." પરંતુ તેમને આધ્યાત્મિકતા તરફ શું ખેંચી રહ્યું છે ? ઘણા નિષ્ણાતો આ પરિવર્તનને પ્રભાવિત કરતા મુખ્ય પરિબળો તરીકે તણાવના સ્તરમાં વધારો અને માનસિક સ્વાસ્થ્ય પડકારોમાં વધારો દર્શાવે છે. ડૉ. ચાંદની તુગ્નૈત કહે છે કે," ઝેડ પેઢી સૌથી વધુ ચિંતાતુર છતાં સ્વ-જાગૃત પેઢી છે. તેઓ અસ્થિરતા, રોગચાળો, આર્થિક અનિશ્ચિતતા, તીવ્ર સ્પર્ધા અને સતત ઓનલાઈન સરખામણી વચ્ચે મોટા થયા છે. આધ્યાત્મિકતા એ જ વસ્તુઓ પ્રદાન કરે છે જે તેમના વાતાવરણમાં નથીઃ નિશ્ચિતતા, આંતરિક આધાર અને અર્થ. આધ્યાત્મિકતાને પરંપરા તરીકે અનુસરતી પાછલી પેઢીઓથી વિપરીત, ઝેડ પેઢી તેને સ્વ-સંભાળ તરીકે અનુસરે છે." ડૉ. તુગ્નૈત ઉમેરે છે કે, "તેઓ ધાર્મિક વિધિઓ શોધતા નથી; તેઓ નિયમન શોધે છે. તેઓ એવી પ્રથાઓ ઈચ્છે છે જે નર્વસ સિસ્ટમને શાંત કરે, ભારણ ઘટાડે અને ભાવનાત્મક અરાજકતાનો સામનો કરવા માટે તેમને સાધનો આપે" અને ભજન ક્લબિંગ એ આધ્યાત્મિકતાને લવચીક, સુલભ અને તેમની જીવનશૈલી સાથે સુસંગત બનાવવાનો તેમનો માર્ગ છે.

આધુનિક સમયમાં આધ્યાત્મિકતાની વાત કરતા, આપણી પાસે લાંબા સમયથી કૃષ્ણ દાસ જેવા લોકો છે (જેમના સંગીત મેળાવડામાં અનુષ્કા શર્મા અને વિરાટ કોહલી પણ હાજરી આપી છે, જેમ કે વાયરલ ક્લિપ્સમાં દેખાય છે). રાધિકા દાસ અને અચ્યુત ગોપી પણ વૈશ્વિક સ્તરે પ્રવાસ કરી રહ્યા છે, તેમના કોન્સર્ટમાં હિન્દુ સ્તોત્રો અને ભક્તિ સંગીત ગાતા રહ્યા છે - અલબત્ત, કિંમતી ટિકિટો સાથે. પરંતુ નવા ભજન ક્લબિંગ દ્રશ્ય વધુ ગતિશીલ છે, ડાન્સ-ફ્લોર ઊર્જા અને ભક્તિનું અણધાર્યું મિશ્રણ. વિચારો કે કોઈ ડીજે સંસ્કૃત શ્લોક વગાડી રહ્યો છે અને તેની પાછળ ભારે બાસ છે, અથવા કોઈ ભાઈ-બહેનની જોડી એક જામિંગ બેથકનું આયોજન કરી રહી છે જ્યાં સંગીત સંપૂર્ણપણે ભક્તિમય



છે. ભીડમાં ફક્ત વૃદ્ધો જ નહીં, પરંતુ ખુશખુશાલ યુવાન ચહેરાઓ પણ છે. સેલિબ્રિટી જ્યોતિષી અને લાઈફ કોચ ડૉ. સંદીપ કોચર કહે છે કે, "તેના મૂળમાં, સંગીત હંમેશા સાર્વત્રિક ઉપચારક રહ્યું છે. ખાસ કરીને ભજનોમાં એક ચોક્કસ આવર્તન હોય છે જે મનને શાંત કરે છે, શ્વાસને નિયમિત કરે છે અને લાગણીઓને સંરેખિત કરે છે. જ્યારે આ પવિત્ર ધ્વનિઓ યુવા, આકર્ષક વાતાવરણમાં રજૂ કરવામાં આવે છે, ત્યારે તે એવી પેઢી સાથે વધુ સંબંધિત બને છે જે અર્થ શોધે છે પરંતુ ઘણીવાર પરંપરાગત ધાર્મિક વિધિઓથી અલગ અનુભવે છે."

કોટો નામના માનસિક સુખાકારી પ્લેટફોર્મના વરિષ્ઠ મનોવિજ્ઞાની ડૉ. પ્રજ્ઞા અરોરા ઉમેરે છે કે, "લયબદ્ધ જાપ કુદરતી રીતે કોર્ટિસોલ જેવા તણાવ હોર્મોન્સને ઘટાડે છે જ્યારે સામૂહિક સંબંધ બનાવે છે, જે આપણા વિભાજિત, ડિજિટલી સંતૃપ્ત વિશ્વમાં ચેહ Zને અત્યંત જરૂરી છે. આ શક્તિશાળી બનાવે છે તે ન્યુરોલોજીકલ અસર છે. પુનરાવર્તિત મંત્રો માનસિક ગપસપને શાંત કરે છે, ધ્યાન કેન્દ્રિત કરે છે અને શ્વાસને નિયંત્રિત કરે છે, જે મૂળભૂત રીતે નર્વસ સિસ્ટમને સ્વ-શાંત કરવા માટે તાલીમ આપે છે." પસંદગી પાછળ ઘેલી, સીચ્યુએશનશીપમાં અટવાયેલ એ પેઢી પહેલી નજરે તો આધ્યાત્મિક ન લાગે, પણ આધુનિક આધ્યાત્મિકતામાં મોટા પાયે તેજીનું કારણ તેઓ જ છે. આધ્યાત્મિક યાત્રા અને જ્યોતિષમાં મજબૂત શ્રદ્ધાથી લઈને પ્રેમાનંદ મહારાજ અને અનિરૂદ્ધાચાર્ય (જેમને ઓનલાઈન પુકી બાબા કહેવામાં આવે છે) જેવા ગુરૂઓને સંપૂર્ણ રીતે સોશિયલ મીડિયા સંવેદનાઓમાં ફેરવવા સુધી - યુવાનો આ ઉદયને શક્તિ આપી રહ્યા છે. કોટોના સ્થાપક અને સીઈઓ તરૂણ કટિયાલ કહે છે કે, "યુવા વપરાશકર્તાઓ સુખાકારીનો સંપૂર્ણ રીતે સંપર્ક કરી રહ્યા છે. ૬૭ ટકા લોકો ઉપચારને આધ્યાત્મિક માર્ગદર્શન સાથે જોડે છે. આ સૂચવે છે કે તેઓ એકને બીજા પર પસંદ કરી રહ્યા નથી, પરંતુ ભાવનાત્મક સ્થિતિસ્થાપકતા અને સ્પષ્ટતા બનાવવા માટે બંનેને એકીકૃત કરી રહ્યા છે. વધુમાં, ૮૪ ટકા લોકો જ્યોતિષ અને ટેરોટ જેવા સાધનોને અંધશ્રદ્ધા અથવા ફક્ત ભવિષ્યકથન તરીકે નહીં, પણ સ્વ-શોધના માર્ગ તરીકે જુએ છે."

૨૦૨૪માં ભારતનું ધાર્મિક અને આધ્યાત્મિક બજાર આશરે ૫૮.૫ અબજ ડોલર (રૂા. ૪.૮ લાખ કરોડ) હતું અને ૨૦૩૪ સુધી તે દર વર્ષે લગભગ ૧૦ ટકા વધવાની ધારણા છે. ભજન ક્લબિંગ એ ફક્ત નવીનતમ ઉમેરો છે, જ્યાં લોકો ખરેખર આ અડધી-પાર્ટી, અડધી-પ્રાર્થના મેળાવડામાં હાજરી આપવા માટે ટિકિટ ખરીદે છે અને સોશિયલ મીડિયા ઉત્પ્રેરકની ભૂમિકા ભજવી રહ્યું છે. ટેમ્પલ કનેક્ટ અને ટેમ્પલ મેનેજમેન્ટ કંપની ઈન્ટરનેશનલ ટેમ્પલ્સ કન્વેન્શન એન્ડ એક્સપોના સ્થાપક ગિરેશ વાસુદેવ કુલકર્ણી કહે છે કે, "ઝેડ પેઢી, પ્રભાવકો અને સામગ્રી નિર્માતાઓ - લોકો વાસ્તવિક સમયમાં વપરાશ કરે છે અને શેર કરે છે - સારી વસ્તુઓને વ્યાપકપણે ફેલાવવામાં મદદ કરી રહ્યા છે. રાધિકા દાસના કીર્તન કોન્સર્ટ જેવા કાર્યક્રમો, જ્યાં દિલ્હીમાં યશોભૂમિ કન્વેન્શન સેન્ટર (૧૬ નવેમ્બર) ખાતે ૮,૦૦૦ લોકો દેખાયા હતા, તે દર્શાવે છે કે ભક્તિ મેળાવડા કેવી રીતે વિશાળ બની ગયા છે. દરેક વ્યક્તિ ગાતા, નાચતા અને સાથે મળીને ભક્તિની ઉજવણી કરતા હતા. સોશિયલ મીડિયા આ માટે ખૂબ શ્રેયને પાત્ર છે." ગાયક નિર્વાણ બિરલા, જે તેમના સાઉન્ડ ફોર ધ સોલ પહેલના ભાગ રૂપે ભક્તિ સંગીત સમારોહ પણ કરે છે, તે સંમત થાય છે કે ઝેડ પેઢી ખરેખર આ ચળવળની માલિકી લઈ ચૂક્યું છે. બિરલા મીડિયાને કહે છે કે, "તેઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે - ફક્ત સાંભળવા માટે જ નહીં, પરંતુ ભાગ લેવા માટેઃ ગાવા માટે, મંત્રોચ્ચાર કરવા માટે, પોતાને ડૂબાડવા માટે." તો આગલી વખતે, તે કોલ્ડપ્લે કોન્સર્ટ નહીં પણ ભજન-ક્લબિંગ નાઈટ હોય જે સોશિયલ મીડિયા પર ખૂબ જ ચર્ચામાં આવે તો નવાઈ પામશો નહીં.

# સુપ્રીમ કોર્ટે ચુકાદો પાછો ખેંચ્યો, AIIMS અને એરપોર્ટના રૂા.૨૦,૦૦૦ કરોડના જાહેર પ્રોજેક્ટ ડિમોલિશનથી બચી ગયા

(એજન્સી) નવી દિલ્હી, તા.૧૯

સુપ્રીમ કોર્ટના ચુકાદામાં, ૧૬ મેના રોજ કેન્દ્રને પ્રોજેક્ટ્સને પાછલી અસરથી પર્યાવરણીય મંજૂરી આપવાથી પ્રતિબંધ મૂકતા તેના ચુકાદાને યાદ કરતા, ઓડિશામાં AIIMS સહિત સમગ્ર ભારતમાં મહત્વપૂર્ણ જાહેર માળખાકીય પ્રોજેક્ટ્સને બચાવી લીધા છે. મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રનના બહુમતી ચુકાદાએ જણાવ્યું હતું કે જો ૧૬ મેના ચુકાદાને પાછો ખેંચવામાં નહીં આવે, તો તેના પરિણામે લગભગ રૂા.૨૦,૦૦૦ કરોડના સરકારી ખજાનામાંથી બાંધવામાં આવેલા વિવિધ ઈમારતો, પ્રોજેક્ટ તોડી પાડવામાં આવશે. આ નિર્ણયમાં ૯૬૨ બેડવાળી AIIMS હોસ્પિટલ અને ગ્રીનફિલ્ડ એરપોર્ટ સહિત રાષ્ટ્રીય મહત્વના પ્રોજેક્ટ્સ પર સંભવિત 'વિનાશક અસરો'નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન, કેન્દ્રએ એવા પ્રોજેક્ટ્સની યાદી આપી હતી જે અટકેલા છે અને જોખમમાં હતા. CJIએ, તેમના બહુમતી મંતવ્યમાં, ડિમોલિશન ઓર્ડરથી ઉદ્ભવતા ગંભીર જાહેર હિતના સંકટને દર્શાવવા માટે ત્રણ ચોક્કસ ઉદાહરણો આપ્યા હતા. કોર્ટે કહ્યું કે, આ યાદીનું અવલોકન કરવાથી ખબર પડશે કે JUR દ્વારા



પ્રતિકૂળ અસર થનારા પ્રોજેક્ટ્સમાંથી, કેટલાક પ્રોજેક્ટ્સ હોસ્પિટલો/મેડિકલ કોલેજો/એરપોર્ટ્સના બાંધકામ સંબંધિત છે અને કેટલાક કોમન એફ્લુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ્સ સંબંધિત છે. જો ૧૬ મેના ચુકાદાને પાછો ખેંચવામાં નહીં આવે, તો તેના પરિણામે વિવિધ ઈમારતો, લગભગ રૂા.૨૦,૦૦૦ કરોડના સરકારી ખજાનામાંથી બાંધવામાં આવેલા પ્રોજેક્ટ્સ તોડી પાડવામાં આવશે. આ પ્રદેશના હજારો નાગરિકોને સેવા આપવા માટે બનાવવામાં આવેલી આશરે ૯૬૨ પથારીની ક્ષમતા ધરાવતી સંપૂર્ણ રીતે બાંધવામાં આવેલી તબીબી સુવિધાને સંપૂર્ણ તોડી પાડવામાં આવી શકે છે, કારણ કે તે અગાઉના EC વિના આગળ વધી હતી. પ્રથમ ઉદાહરણ ઓડિશા રાજ્યમાં બાંધવામાં આવેલી AIIMS મેડિકલ કોલેજ અને હોસ્પિટલનો છે. ત્યાં બાંધવામાં આવેલી કોલેજ અને હોસ્પિટલની ઈમારતોમાં આશરે ૯૬૨ પથારીની ક્ષમતા છે જેને JUR ને કારણે તોડી પાડવી પડશે. કર્ણાટકના વિજયનગર ખાતે એક નવું બનેલું ગ્રીનફિલ્ડ એરપોર્ટ પણ EC વિના બનાવવામાં આવ્યું હતું અને ૧૬ મેના ચુકાદા મુજબ તોડી પાડવામાં આવી રહ્યું છે. આ ચુકાદામાં ઘણા CETP તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું, જે નદીઓ અને નાળાઓના પ્રદૂષણને રોકવા માટે ઔદ્યોગિક અને ગટરના પાણીને શુદ્ધ કરવા માટે જરૂરી છે. CJIએ પૂછ્યું કે 'શું વિશાળ જાહેર નાણાંનો ઉપયોગ કરીને બાંધવામાં આવેલા આવા ગંદા પાણીના શુદ્ધિકરણ પ્લાન્ટનું તોડી પાડવું પર્યાવરણના રક્ષણ માટે અનુકૂળ રહેશે કે તેની વિરૂદ્ધ છે ?' આ પ્રોજેક્ટ્સને હવે પુનર્જીવિત ૨૦૧૭ના નોટિફિકેશન અને ૨૦૨૧ના ઓફિસ મેમોરેન્ડમ હેઠળ નિયમિત કરવાની તક મળી છે, સુપ્રીમ કોર્ટ દ્વારા તેમની માન્યતા પર અંતિમ નિર્ણય બાકી છે. કોર્ટે કહ્યું કે, 'હું સ્પષ્ટ કરૂં છું કે હું ફક્ત કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, જાહેર ઉપક્રમો વગેરે દ્વારા હાથ ધરવામાં આવતા પ્રોજેક્ટ્સ પર JURની અસર પર વિચાર કરી રહ્યો છું. ખાનગી વ્યક્તિઓ/સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા પ્રોજેક્ટ્સ પર અસર અનેકગણી હોઈ શકે છે.

### છ દિવસ પછી પણ હજી યુવતીનો કોઈ પત્તો નથી

# વડોદરામાં પોલીસની ઓળખ આપીને કારમાં ભરૂચ જતા યુવક તથા યુવતીનું અપહરણ

## યુવક પાસેથી સાડા ચાર લાખની ખંડણી પડાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીથી કારમાં ભરૂચ જવા નીકળેલા યુવક યુવતીને સુશેન સર્કલ નજીક આંતરીને પોલીસની ખોટી ઓળખ આપીને અપહરણ કરવામાં આવ્યું હતું. યુવકને ડરાવી ધમકાવી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. જે અંગે માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષનો અફવાન ઉસ્માનભાઈ કાની ઓન લાઈન ટ્રેડિંગનો બિઝનેસ કરે છે. તેણે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૨મી તારીખે બપોરે હું તથા મારી ગર્લફ્રેન્ડ કારમાં વડોદરા એમ.એસ.યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા. અમારી કારનો ડ્રાઈવર નબીલ શેખ હતો. અઢી વાગ્યે સુશેન સર્કલ તરફ જતા આર્મી કેમ્પ આગળ રોડ પર એક સ્કોર્પિયો કારના ચાલકે અમને ઊભા રાખ્યા હતા. અમે એસ.ઓ.જી. અમદાવાદના પોલીસના માણસો છીએ. તેવું કહી મને ડરાવ્યો હતો. કારમાં બેઠેલા એક વ્યક્તિએ પોતાની ઓળખ યાજ્ઞિક સાહેબ, બીજાએ આફતાબ પઠાણ તથા ત્રીજાએ પોતાની ઓળખ અમદાવાદ એસ.ઓ.જી. પોલીસ તરીકે આપી હતી. તેઓ અમારી કારમાંથી મારી ગર્લ ફ્રેન્ડને ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ મને તથા ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા. તેઓએ મારી પાસેથી બળજબરીથી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. ડીસીપી અભિષેક ગુપ્તાએ જણાવ્યું છે કે, હજી યુવતીની ભાળ મળી નથી. અમને આજે જ ફરિયાદ મળતા હવે તપાસ શરૂ કરી છે. ધમકીથી ગભરાઈ ગયેલા અફવાને આરોપીઓને કહ્યું કે, તમારે જે જોઈએ તે લઈ લો પણ મને છોડી દો. આરોપીઓએ મારી પાસે ૫૦ લાખ માંગ્યા હતા. ત્યારબાદ તેઓ મને વડોદરા પરત લઈ આવ્યા હતા. મેં મારા ભાઈ પાસેથી ચાર લાખ ભરૂચથી મંગાવ્યા હતા. બાકીના ૫૦ હજાર મેં એ.ટી.એમ.માંથી ઉપાડીને આપ્યા હતા. પોલીસે આ એ.ટી.એમ.ના સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી હાથ ધરી છે. ફરિયાદી યુવક અફવાને વધુમાં કહ્યું છે કે, મને તથા ડ્રાઈવર નબીલ શેખનું અપહરણ કરી અમદાવાદ સી.ટી.એમ.રોડ પર લઈ ગયા હતા. આરોપીઓએ મને એક કાગળ બતાવી કહ્યું કે, અમારી પાસે તારા ડોક્યુમેન્ટ્સ છે. તું શું કામ કરે છે? કેવા કામ કરે છે? તે અમને બધી ખબર છે. તેઓએ ધમકી આપી હતી કે, અમારા પી.આઈ. સાહેબ તને ઉંધો લટકાવી મારશે.

# સુરત અને ઉધના વચ્ચે બે ટ્રેનો પર પથ્થરમારો કરનાર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત અને ઉધના વચ્ચે અગસ્તક્રાંતિ અને હોલિડે સ્પેશિયલ ટ્રેન પર પથ્થરમારો કરનાર ઈતવારી રાજપુતને સુરત આરપીએફે ઝડપી પાડયો હતો. ગતરોજ અગસ્તક્રાંતિ ટ્રેન સુરત-ઉધના વચ્ચેથી પસાર થઈ રહી હતી. તેવી જ રીતે શકુલબસ્તી-મુંબઈ સેન્ટ્રલ હોલિડે સ્પેશિયલ ટ્રેન પણ પસાર થઈ રહી હતી. આ સમયે કોઈક અજાણ્યા વ્યક્તિએ ટ્રેન પર પથ્થરમારો કર્યો હોવાનું ધ્યાને આવતા તાત્કાલિક અસરથી આરપીએફના જવાનો ટ્રેક પર પહોંચી ગયા હતા અને ટ્રેન પર પથ્થર મારનાર ઈતવારી જગદીશ રાજપુત (રહે. બદાયુ. સેનપુર, ખુકરી)ને ઝડપી પાડ્યો હતો. આરપીએફે તેને દબોચી લેતાં તેણે ટ્રેન પર પથ્થર ફેંક્યો હોવાનું કબૂલી લીધું હતું. દરમિયાન સુરત આરપીએફે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. આ બંને ટ્રેન પર પથ્થરમારો કરાતા મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. અગસ્તક્રાંતિ ટ્રેનના બી-૮, વી-૩, એ-૧ નંબરના કોચની બારીનો કાચ તૂટી ગયો હતો. જ્યારે હોલિડે સ્પેશિયલ ટ્રેનના બી-૮ નંબરના કોચની બારીનો કાચ તૂટી ગયો હતો. જો કે, આ ઘટનામાં કોઈપણ મુસાફરને ઈજા પહોંચી નથી. આરપીએફે પથ્થર મારનારને ઝડપી પાડી તેની સામે ગુનો નોંધી કોર્ટમાં રજૂ કર્યો હતો. દરમિયાન કોર્ટે આરોપીના આગામી ૨૫મી નવેમ્બર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

### SBIના ગ્રાહકોની ફરિયાદ ઊઠી

# અમરેલી SBI બેન્ક ખાતેનું ATM મશીન શોભાના ગાંઠિયા સમાન

## મશીન હરહંમેશ બંધ હોવાથી ગ્રાહકોને હેરાનગતિ




(તસવીર : માજીદખાન પઠાણ, અમરેલી)

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૧૯

અમરેલી SBI બેન્ક ખાતેનું એટીએમ મશીન શોભાના ગાંઠિયા સમાન હોય તેમ લાગી રહ્યું છે. લોકો પૈસા ઉપાડવા તેમજ કેસ ડિપોઝિટ મશીનમાં જમા કરવા આવે તો મશીનો હરહંમેશ બંધ હોય છે જેના કારણે ગ્રાહકોને ધક્કા થાય છે સમયસર પૈસા નહીં ઉપાડી શકતા અને પૈસા જમા નહીં કરી શકતા હોવાથી લોકોને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે.

અમરેલીની લાયબ્રેરી આગળ આવેલ મુખ્ય એસબીઆઈ બેન્કની બહારનું એટીએમ મશીન શોભાના ગાઠિયા સમાન હોય તેમ ગ્રાહકોમાંથી ફરિયાદ ઉઠી છે કારણ કે અહીં SBIના ગ્રાહકો ગમે તે સમયે આવતા હોય છે ત્યારે હર હંમેશ આ બેન્કની બહાર આવેલ એટીએમ મશીન બંધ હાલતમાં જ હોય છે જેના કારણે ગ્રાહકો સમયસર પૈસા ઉપાડી શકતા ના હોવાથી અનેક સમસ્યાનો સામનો કરવો પડે છે SBIના ગ્રાહકોના બેન્કમાં પૈસા જમા હોવા છતાં એટીએમમાં પૈસા ના હોવાથી અન્યથા એટીએમ મશીન ખરાબ હોવાથી પૈસા નહીં ઉપાડી શકતા હોવાથી હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે SBI બેન્કની બહાર આવેલા એટીએમમાં કેસ ડિપોઝિટ મશીન પણ ગમે ત્યારે બંધ હાલતમાં જ હોય છે ગ્રાહકોને વારંવાર ધક્કા ખાવા પડે છે. એસબીઆઈના મેનેજર અને અધિકારીઓ ગ્રાહકોની આ સમસ્યા વહેલી તકે હલ કરે તેવી ગ્રાહકોની માંગણી ઉઠી છે.

# અજાણી લિંક પર વરાછાના ડોક્ટરની ક્લિક તેમને એક લાખ રૂપિયામાં પડી

## ઓનલાઈન ઠગે ડોક્ટરના એકાઉન્ટમાંથી રૂપિયા ગાયબ કર્યા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

શહેરના વરાછા વિસ્તારમાં રહેતા ૬૫ વર્ષિય ડોક્ટરને મેસેજ મારફતે લીંક મોકલનાર ભેજાબાજે ડોક્ટરે લીંક ઉપર ક્લીક કરતા જ તેમના એકાઉન્ટમાંથી ટુકડે ટુકડે કરીને ૧ લાખ રૂપિયા ઉપડી ગયા હતા. આ અંગે ડોક્ટરે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

વરાછા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર, મૂળ જામનગરના વતની અને હાલ વરાછા રંગઅવધુત સોસાયટીમાં રહેતા ગોરધન લાધાભાઈ દુધાગરા (ઉ.વ.૬૫) વ્યવસાયે તબીબ છે. દરમિયાન ગઈ તા.૫ ઓગષ્ટના સમયગાળામાં તેમના મોબાઈલ પર એક મેસેજ આવ્યો હતો. મેસેજ જોતા તેમાં લીંક હતી અજાણ્યા નંબરથી આવેલી લીંક પર ક્લીક કરતા જ ભેજાબાજે ડોક્ટર દુધાગરાના એકાઉન્ટમાંથી ટુકડે-ટુકડે કરીને ૧ લાખ રૂપિયા ઉપાડી લીધા હતા. આ ઓનલાઈન ફ્રોડ અંગે ગઈકાલે વરાછા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ અંગે વરાછા પોલીસે તપાસ હાથ ધરી છે.

# રીલ્સ બનાવવાના ચક્કરમાં લોક ગાયક કિર્તીદાન ગઢવીને ૮૦૦નો દંડ ભરવો પડ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

મોટર વ્હીકલ એક્ટનો ભંગ કરીને ધર્મ પત્ની સાથે ચાલુ બાઈક ઉપર સૈયારા ગીત ઉપર રીલ્સ બનાવીને સોશિયલ મીડિયા ઉપર વાયરલ કરવાનું ગુજરાતના જાણીતા ગાયક કલાકાર કિર્તીદાન ગઢવીને ભારે પડ્યું છે. મોટર વ્હીકલ એક્ટના ભંગ બદલ ગાયક કલાકાર કિર્તીદાન ગઢવીને ૮૦૦નો દંડ(ઈ-ચલણ ફાઈન) ફટકારવામાં આવ્યો હતો. જયારે ગાયક કલાકાર ગઢવીએ પણ તાત્કાલિક દંડ ભરી દીધો હતો. સુરતના જાગૃત નાગરિક અને આરટીઆઈ એક્ટીવીસ્ટ સંજય ઈઝાવા તરફથી મળતી વિગતો મુજબ ગત.તા.૬-૮-૨૦૨૫ના રોજ ગુજરાતના જાણીતા ગાયક કલાકાર કિર્તિદાન ગઢવી તેમની ધર્મપત્ની સોનલબેન સાથે અમદાવાદ ખાતે બાઈક સવારી કરી રહ્યા હતા. ત્યારે પાછળ બેસેલા સોનલબેને ચાલુ ગાડીએ મોબાઈલમાં એક વીડિયો બનાવ્યો હતો. ત્યારબાદ આ વીડિયોમાં સૈયારા ગીત સેટ કરીને રીલ્સ બનાવીને સોશિયલ મીડિયાના ઈસ્ટાગ્રામ અને ફેસબુક ઉપર મુકવામાં આવી હતી. અને આ વીડિયો પોતાના પત્નીના જન્મદિવસના દિવસે બનાવવામાં આવ્યો છે તેમ કેપશન પણ લખવામાં આવી હતી. જોકે, કિર્તિદાન ગઢવી આ રીલ્સ બનાવવા ચક્કરમાં ભેરવાયા હતા. જાગૃત નાગરિક સંજય ઈઝાવાએ આ વિડીયો અમદાવાદ પોલીસને મોકલી કિર્તિદાન ગઢવીએ હેલ્મેટ પહેર્યા વિના બાઈક ચલાવીને મોટર વ્હીકલ એક્ટનો ભંગ કર્યો હોવાની ફરિયાદ કરી હતી. વારંવાર ફરિયાદ છતા કિર્તિદાન ગઢવી સામે કોઈ કાર્યવાહી ન થતા સંજય ઈઝાવાએ ગાંધીનગર ખાતે પોલીસ કંપ્લેન્ટ ઓથોરિટી સમક્ષ ફરિયાદ કરતા અમદાવાદ પોલીસે તાત્કાલિક એક્શનમાં આવીને કિર્તિદાન ગઢવીનો સંપર્ક કરીને હેલમેટ પહેર્યા વગર વાહન ચલાવવા બદલ રૂા.૫૦૦ અને ફેન્સી નંબર પ્લેટ હોવાથી રૂા.૩૦૦નો દંડ(ચલણ ફાઈન) ફટકારતો ઈ મેમો આપવામાં આવ્યો હતો.

# સુરત : હીરાના વેપારી સાથે રૂા.૧૩.૪૫ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

શહેરના વરાછા, મીનીબજારમાં આવેલ સાઈન લેબ ડાયમંડના માલિક પાસેથી સતાણી બંધુઓએ હીરાનો માલ દલાલીથી વેચાણ કરવા માટે લીધા બાદ રૂપિયા ૧૩.૪૫ લાખનું પેમેન્ટ નહીં ચુકવી ચુનો ચોપડતા મામલો પોલીસમાં પહોંચ્યો છે.પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, ઉત્રાણ, મોટા વરાછા, એ.બી.સી.સર્કલ પાસે, આંગન રેસીડેન્સીમાં રહેતા અને હીરા મેન્યુફેક્ચરિંગના વ્યવસાય સાથે સંકળાયેલા ૩૨ વર્ષિય પિયુષ લવજીભાઈ પાલડિયા મીનીબજાર, સાધના સોસાયટી પાછળ, કૃષ્ણકુંજ સોસાયટીમાં સાઈન લેબ ડાયમંડના નામથી ઓફિસ ધરાવે છે. પિયુષભાઈ પાસેથી ૯ મે ૨૦૨૫ના રોજ નિકુંજ રમેશ સતાણી અને તેનો ભાઈ જયદીપ રમેશ સતાણી (રહે.અંબિકા હાઈટ્સ, પાસોદરા કેનાલ રોડ, વાવ)એ રૂપિયા ૧૭,૦૪,૩૮૪ના મત્તાના હીરાના ત્રણ પેકેટ દલાલીથી વેચાણ કરવા માટે લીધા હતા. જેમાંથી રૂપિયા ૩,૫૮,૫૫૫ ચૂકવ્યા હતા. ત્યારબાદ બાકીના લેવાના નિકળતા રૂપિયા ૧૩,૪૫,૮૩૯ની અવાર નવાર માંગણી કરવા છતાંયે કોઈના કોઈ બહાના કાઢી પેમેન્ટ નહી આપી તેમની સાથે છેતરપિંડી કરી હતી. આખરે બનાવ અંગે પિયુષભાઈએ ફરિયાદ નોધાવતા વરાછા પોલીસે સતાણી બંધુઓ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

# ભાવનગરમાં ટ્રિપલ મર્ડરની ઘટનાને પગલે સુરતમાં આક્રોશ, કેન્ડલ માર્ચ યોજાઈ

## રબારી સમાજ દ્વારા કેન્ડલ માર્ચ કાઢી આરોપી શૈલેષને ફાંસીની સજાની માંગ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

ભાવનગર ખાતે ફોરેસ્ટ ઓફિસર દ્વારા પોતાની પત્ની, પુત્રી અને પુત્રની હત્યાની ઘટનાને પગલે સમગ્ર રાજ્ય ચકચાર મચી જવા પામી છે. ટ્રિપલ હત્યાકાંડમાં પોલીસે તપાસ દરમિયાન ત્રણે મૃતકોના દાટી દીધેલા મૃતદેહ બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડયા હતા. તેમજ પરિવારને મોતને ઘાટ ઉતારના જલ્લાદ એસીએફ શૈલેષ ખાંભલાની ધરપકડ કરી હતી. જો કે આ ઘટનાને પગલે આરોપી શૈલેષ ખાંભલા સામે ચારે તરફથી ફિટકાર વરસાવામાં આવી રહી છે અને આક્રોશ ફાટી નીકળ્યો છે. ત્યારે આ હત્યાકાંડને લઈને સુરત શહેરમાં પણ આક્રોશ જોવા મળી રહ્યો છે.

ભાવનગર ખાતે બનેલી હૃદય કંપાવનારી ટ્રિપલ મર્ડરની ઘટનામાં મૃત્યુ પામેલા નયનાબેન અને તેમના બે માસૂમ બાળકોને શ્રદ્ધાંજલિ આપવા તથા આરોપીને સખતમાં સખત અને ત્વરિત ફાંસીની સજા થાય તે માટે સુરત રબારી સમાજ દ્વારા એક વિશાળ કેન્ડલ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું.સમાજ દ્વારા ગત રાત્રે કાપોદ્રા ખાતે આવેલ વડવાળા સોસાયટીની વાડીથી કેન્ડલ માર્ચ યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ, યુવાનો અને બહેનો આ કેન્ડલ માર્ચમાં જોડાયા હતા. સૌએ હાથમાં સળગતી મીણબત્તીઓ લઈને મૌન રહીને મૃતકોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને શોક વ્યક્ત કર્યો હતો. જે લોકો પાસે કેન્ડલ ન હતી તેઓએ પોતાના મોબાઈલની ટોર્ચ લાઈટ ચાલુ કરી જોડાયા હતા. એટલું જ નહીં બેનર સાથે કાઢવામાં આવેલી કેન્ડલ માર્ચ અને મોન રેલીમાં સમાજ દ્વારા 'શૈલેષ ખાંભલાને ફાંસી આપો 'જેવા લખાણો લખવામાં આવ્યા હતા અને તેની સામે રોષ જોવા મળી રહ્યો હતો. સમાજના લોકો દ્વારા માંગ કરવામાં આવી હતી કે, આ પ્રકારના જઘન્ય કૃત્યો સમાજમાં કોઈ અન્ય વ્યક્તિ ન કરે તે માટે આરોપીને દાખલા રૂપ સજા થવી જોઈએ. સમાજ તરીકે અમે મૃતકોના પરિવારની સાથે છીએ અને સરકાર પાસે અમારી એક જ માગ છે કે આરોપીને વહેલી તકે ફાંસીની સજા થાય. આ કેન્ડલ માર્ચ થકી સુરત રબારી સમાજે મૃતકોના પરિવારને સાંત્વના પાઠવી હતી અને રાજય સરકાર તથા ન્યાયતંત્રને આ કેસમાં ઝડપી અને કડક કાર્યવાહી કરવા માટે અપીલ કરી હતી.

# સુરત : યુવતીને ભોળવીને દુષ્કર્મ કરનાર ઋષિ મુંબઈથી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સીટીલાઈટ વિસ્તારમાં આવેલી એક કોલેજમાં સાથે અભ્યાસ કરતી યુવતીને લગ્નની લાલચ આપી દુષ્કર્મ ગુજારનાર અને છેલ્લા બે મહિનાથી પોલીસને થાપ આપીને ફરાર થઈ ગયેલો આરોપી ઋષિ રાજેશભાઈ જયસ્વાલ આખરે પાલ પોલીસે શોધી કાઢી ધરપકડ કરી હતી પાલ સર્વેલન્સ ટીમે આરોપીને મુંબઈ રેલવે ડોર્મેટરીમાંથી ધરપકડ કરી હતી.પોલીસનાં જણાવ્યા મુજબપાલ પોલીસ સ્ટેશનમાં બે મહિના અગાઉ એક યુવતીએ ઋષિ જયસ્વાલ (શાંતિનગર, લીંબાયત) વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી. ગુનો નોંધાતા જ આરોપી પોલીસ પકડથી બચવા માટે ભાગી છૂટ્યો હતો. શરૂઆતમાં તે અમદાવાદના એક મંદિરમાં આશરો લીધા બાદ સતત પોતાનું લોકેશન બદલતો ફરતો રહ્યો હતો. પોલીસને ચકમો આપવા માટે ઋષિએ વારંવાર મોબાઈલમાં સિમકાર્ડ બદલ્યા હતા અને જુદા-જુદા સ્થળોએ છુપાયો હતો.

આરોપી બે મહિનાના આ સમયગાળા દરમિયાન ત્રંબકેશ્વર, ભીમાશંકર, અજંતા-ઈલોરા સહિત પાંચ જેટલા જ્યોર્તિલિંગની મુલાકાત લેતા વિવિધ સ્થળોએ રોકાયો હતો. આ સમયગાળા દરમિયાન તે મંદિરો અને હોટેલોમાં છુપાઈને રહેતો હતો. પીઆઈ શીતલ શાહના માર્ગદર્શન હેઠળ કાર્યરત સર્વેલન્સ સ્ટાફની ટીમે આરોપીની તમામ હિલચાલ પર સતત નજર રાખી હતી. અંતે મુંબઈમાં હોવાની ચોક્કસ બાતમી મળી હતી. પાલ પોલીસની ટીમે મુંબઈ પહોંચી લગભગ ૧૫૦ જેટલી નાની-મોટી હોટલોમાં દોડધામ કરીને તપાસ હાથ ધરી હતી. આ લાંબી શોધખોળના અંતે પોલીસને જાણવા મળ્યું કે આરોપી મુંબઈ સ્ટેશન પર આવેલી રેલવે ડોર્મેટરીમાં છુપાયેલો છે, જ્યાંથી તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

# ઉધના, ભેસ્તાન અને પાંડેસરામાં ગાંજા સાથે ત્રણ ઝડપાયા

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત શહેરમાં દિન પ્રતિદિન ગાંજાના વેચાણનું પ્રમાણ વધી રહ્યું છે ત્યારે પોલીસ દ્વારા પણ આવા તત્વોને ઝડપી પાડવા માટે સઘન તપાસની કામગીરી કરવામાં આવી રહી છે. આ દરમિયાન ગતરોજ ઉધના, પાંડેસરા અને ભેસ્તાન વિસ્તારમાંથી પણ ગાંજો સાથે ત્રણ વ્યક્તિઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ ઉપરાંત પોલીસે અલગ અલગ બનાવમાં કુલ ત્રણ વ્યક્તિઓને વોન્ટેડ જાહેર કરી પકડાયેલા ત્રણેય વ્યક્તિઓ પાસેથી કુલ રૂપિયા ૯૭,૦૦૦ ગાંજો તથા મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુરત એલસીબી પોલીસને બાતમી મળી હતી કે ઉધના વિસ્તારમાં રેલવે પટરીની બાજુમાં રહેતો યુવક ગાંજાનો જથ્થો વેચવા માટે મંગાવ્યો છે. જે બાતમીના આધારે પોલીસે ઉધના સંજયનગર ઝુપડપટ્ટી-બેમાં ઘર નંબર ૫૯૫ માં રહેતા હૈદર ઉર્ફે અંધા ફિરોજ ખાનને ઝડપી પાડ્યો હતો. તેમની પાસેથી રૂપિયા ૫૭૦૦૦ની કિંમતનો ગાંજો મળી આવ્યો હતો. જેથી પોલીસે તેની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં તેમણે આ ગાંજો ચેતન નામના વ્યક્તિ પાસે મંગાવ્યો હતો અને તેમનો માણસ આવીને આપી ગયો હોવાનું જણાવતા પોલીસે ચેતન અને તેના માણસને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બીજા બનાવમાં પાંડેસરા પોલીસે પણ બાતમીના આધારે પાંડેસરા ભેદભાદ દરગાહ પાસે પ્રેમનગર ઝૂંપડપટ્ટી પાસેથી એક યુવકને ઝડપી પાડ્યો હતો. જેમાં પોલીસે અંકુશ લક્ષ્મણ કાપસે (રહે પ્રેમ નગર ઝૂંપડપટ્ટી ભેદવાડ પાંડેસરા (ની ધરપકડ કરી છે. પોલીસે તેમની અંગજડતી લેતા તેમની પાસેથી રૂપિયા ૨૮૦૦નો ગાંજો તથા મોબાઈલ સહિત કુલ રૂપિયા ૨૩ હજારનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી તેમની ધરપકડ કરી છે. પોલીસ પૂછપરછમાં તેમણે અજાણ્યા વ્યક્તિ પાસેથી ગાંજો લીધો હોવાની કબૂલાત કરી હતી. પોલીસે અંકુશ કાપશેની ધરપકડ કરી અજાણ્યાને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

ભેસ્તાન પોલીસને બાતમી મળી હતી કે ભેસ્તાનમાં ભીંડી બજારમાં ગુલશન નગરમાં રહેતા તોફીક સાબીર શેખ એ ગાંજાનો જથ્થો વેચાણ કરવા માટે મંગાવ્યો છે. જે બાતમીના આધારે પોલીસે તૌફીકની વોચ ગોઠવી ભીંડી બજારમાં હુસેનિયા મસ્જિદ પાસે આવેલી યુનિક સ્કૂલના ચાર રસ્તા પાસેથી તેને ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની તલાશી લેતા તેમની પાસેથી રૂપિયા ૨૬૬૮નો ગાંજો મળી આવ્યો હતો.

### ૨૦ મહિનાની શોધખોળ બાદ સુરતને મહિલા ચાલકો મળી

# આજથી માત્ર મહિલાઓ માટે સુરતમાં પહેલી પિંક બસ રસ્તા પર દોડશે

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

સુરત મહાનગર પાલિકા દ્વારા શહેરમાં મહિલા ઉત્થાન અને સ્વરોજગાર માટે આગળ વધે તે ઉદ્દેશ્યથી થોડા સમય પૂર્વે જ પિંક ઓટોનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. એક વર્ષ પૂર્વે શરૂ કરવામાં આવેલ આ ઈ-ઓટો પ્રોજેક્ટમાં ૪૭ મહિલાઓને રોજગારી મળી હતી. બીજી તરફ શહેરમાં દોડતી બીઆરટીએસ બસમાં પણ ફક્ત મહિલાઓ મુસાફરી કરી શકે તે ઉદ્દેશ્યથી પીંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. અલબત્ત, ૨૦ મહિનાની શોધખોળને અંતે મહિલા ચાલકમળતાં હવે વહેલી તકે શહેરમાં માત્ર મહિલા મુસાફરો માટે દોડનારી પિંક બસમાં ચાલક પણ મહિલા જ હશે.

**ઈન્દોરથી મહિલા ચાલકને બોલાવવામાં આવી**

બસમાં મુસાફરી કરનાર મહિલાઓ માટે પણ પિંક બસ દોડાવવા માટે વહીવટી તંત્ર ૨૦ મહિના સુધી લાંબો ઈંતજાર કરવો પડ્યો હતો. ૨૦ મહિનાની શોધખોળને બાદ અંતે ઈન્દૌરમાં રહેતી અને બસ ચાલક તરીકે ફરજ બજાવતી મહિલાની નિમણૂંક કરવામાં આવી છે.

શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશન પર સુરત મહાનગર પાલિકા દ્વારા વિશેષ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે. જેમાં ખાસ કરીને પ્રદુષણ અટકાવવા માટે શહેરનાં તમામ બીઆરટીએસ રૂટ પર ઈ-બસો દોડાવવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે હવે શહેરની મહિલાઓ - યુવતીઓ માટે પણ મહાનગર પાલિકા દ્વારા નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. ૨૦ મહિના પૂર્વે પાલિકાનાં તંત્ર દ્વારા શહેરમાં પિંક બસ દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જો કે, ૨૦ મહિનાંની શોધખોળ બાદ હવે મહિલા ચાલક મળતાં આવતીકાલથી શહેરની પહેલી પિંક બસ શહેરનાં રસ્તાઓ પર દોડતી નજરે પડશે. જેમાં મહિલા ચાલકની સાથે - સાથે મહિલા કન્ડકટરનો સમાવેશ કરવામાં આવ્યો છે અને આ બસમાં માત્ર મહિલાઓ જ મુસાફરી કરી શકશે. આવતીકાલે ૧૧ કલાકે ઓએનજીસીથી પિંક બસનો પ્રારંભ કરવામાં આવશે. જે સરથાણા નેચર પાર્ક સુધી દોડશે.

# મુંબઈ-રાજસ્થાનના ઠગબાજોએ સુરતના વેપારીને ૮ લાખનો ચૂનો ચોપડ્યો

## રેડીમેઈડ સાડીનો માલ ખરીદ્યા બાદ પૈસા નહીં ચૂકવી ઉઠમણું કર્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૧૯

શહેરના ઉમરવાડા, જૂની બોમ્બે માર્કેટના ધંધો કરતા વેપારી પાસેથી રાજસ્થાન અને મુંબઈના વેપારીએ દલાલ સાથે મળી રૂપિયા ૮.૧૭ લાખની મત્તાનો રેડીમેડ સાડીનો માલ ખરીદી તેનું પેમેન્ટ નહીં ચુકવી મોબાઈલ અને દુકાન બંધ કરી રફુચક્કર થઈ ગયા હતા. જેથી આખરે ભોગ બનનાર વેપારીએ આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, પૂણા બોમ્બે માર્કેટ રોડ, સરીતા વિહાર સોસાયટીમાં રહેતા જમનભાઈ ગોરધનભાઈ સંઘાણી (ઉ.વ.૪૫) ઉમરવાડા, જૂની બોમ્બે માર્કેટમાં ગોકુળ હેન્ડ વર્ક પેઢીના નામથી ધંધો કરે છે. તેમની પાસેથી ૨૬ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ દલાલ રોશન મારફતે મુંબઈ, દાદા સાહેબ ફાળકે રોડ, હિંદ રાજસ્થાન બિલ્ડિંગમાં આવેલ રઘુવીર ટ્રેડીંગ કંપનીના પ્રોપરાઈટર પ્રેમચંદ્ર શર્મા અને રાજસ્થાન, જયપુર લાલરપુર ગાંધીપઠ હિંગળાજ નગરમાં આવેલ સીમરણ ફેબ્રીક્સન પ્રોપરાઈટર વિજય વિક્રાંત પટેલએ રૂપિયા ૮,૧૭,૫૪૨ના મત્તાનો રેડીમેડ સાડીનો માલ ખરીદ્યો હતો. નક્કી કરેલ સમયમાં આરોપીએ માલનું પેમેન્ટ નહી આપતા જમનભાઈએ પેમેન્ટ માટે ફોન કરતા શરૂઆતમાં પેમેન્ટ આપી દેવાના ખોટા ખોટા વાયદાઓ આપ્યા બાદ પેમેન્ટ નહી આપી મોબાઈલ અને દુકાન બંધ કરી ઉઠામણું કરી ફરાર થઈ ગયા હતા. વરાછા પોલીસે જમનભાઈની ફરિયાદને આધારે દલાલ સહિત ત્રણેય સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.


**CHANGE OF NAME**

My name has been changed from **saiyed umme hani khalidmiya** to **ummehani khalidshah saiyed**

Add : 64, memon colony, panigate, ajwa road, vadodara, Gujarat Phone no: 9374667491

**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ **પટેલ સહેબાજ ઐયુબ અલીભાઈ** હતું તે બદલીને નવું નામ **શેહબાજ ઐયુબભાઈ પટેલ** કરેલ છે.

સરનામું : અલઅમીન પાર્ક, મુ.પો.ઈખર તા.આમોદ જિ.ભરૂચ-૩૯૨૨૩૦

**જાહેર નોટિસ**

**કે.એમ. રાજપુત એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વરની કોર્ટમાં**

**ક્રમાંક : જન્મ/મરણ નોંધણી અરજી નં. ૨૮૬/૨૦૨૫**

**અરજદાર : તૌફિકભાઈ સિકંદરભાઈ ગરાસીયા રહે-કસ્બાતીવાડ, અંકલેશ્વર તા. અંકલેશ્વર જી. ભરૂચ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીશ્રી અંકલેશ્વર નગરપાલિકા તા. અંકલેશ્વર જિ. ભરૂચ**

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રી તૌફિકભાઈ સિકંદરભાઈ ગરાસીયાનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૭ના રોજ કસ્બાતીવાડ, અંકલેશ્વર તા-અંકલેશ્વર જિ-ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫(પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

આજ રોજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, સને-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી,

સહી
(કે.એમ રાજપુત)
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
અને
મામલતદારશ્રી અંકલેશ્વર

## મેગા ડ્રેનેજ પ્રોજેક્ટને પગલે ૭ દિવસ માટે 'નો એન્ટ્રી'

# વડોદરાના તરસાલી જંકશન પર વાહન વ્યવહાર બંધ

### ગોલ્ડન, આજવા સહિત પાંચ જંકશનો પર બોક્સ કલ્વર્ટનું કામ શરૂ; વાહનચાલકો માટે વૈકલ્પિક માર્ગો જાહેર

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચોમાસાના પાણીના નિકાલની વ્યવસ્થા સુધારવા માટે મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવી છે. ડ્રેનેજ શાખા દ્વારા શહેરમાં પાંચ મુખ્ય જંકશનો પર નવી વરસાદી ગટર લાઈન (બૉક્સ કલ્વર્ટ) નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે, જેને કારણે તબક્કાવાર ટ્રાફિક ડાયવર્ઝન લાગુ કરવામાં આવશે. આ કામગીરીના પ્રથમ તબક્કામાં તરસાલી જંકશન ખાતે નવી વરસાદી ગટર લાઈન નાખવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. જાહેર સલામતી અને કામગીરીની સરળતા માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તરસાલી જંકશન તરફનો માર્ગ તારીખ ૧૯ નવેમ્બરથી, આગામી ૭ દિવસો સુધી તમામ પ્રકારના વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન, કોન્ટ્રાક્ટર દ્વારા હેવી મશીનરી અને મજૂરોની અવરજવર મોટાપાયે થવાની હોવાથી વાહનચાલકોને અગવડ ન પડે તે માટે વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા જણાવાયું છે. નાગરિકોને કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી સહકાર આપવા અપીલ કરવામાં આવી છે. VMCના ડ્રેનેજ વિભાગે જણાવ્યું છે કે આ કામગીરી શહેરીજનોની સુવિધા અને ચોમાસા દરમિયાન જળબંબાકારની સમસ્યા ઘટાડવા માટે અત્યંત જરૂરી છે. કામગીરીને કારણે થતી અસુવિધા બદલ પાલિકાએ દિલગીરી વ્યક્ત કરી છે અને તમામ વાહનચાલકોને વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અને જાહેર કરેલા સમયગાળા દરમિયાન બંધ માર્ગો પર અવરજવર ટાળવા જણાવ્યું છે.

#### વડોદરામાં પાંચ સ્થળોએ નવી બૉક્સ કલ્વર્ટ નખાશે

વડોદરા શહેરના મુખ્ય પાંચ જંકશનો પર વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે આ નવી બૉક્સ કલ્વર્ટ નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ પાંચ સ્થળોમાં ગોલ્ડન જંકશન, આજવા જંકશન, કપુરાઈ જંકશન, વાઘોડિયા જંકશન અને તરસાલી જંકશનને સમાવેશ થાય છે. તરસાલી જંકશનનું કામ પૂર્ણ થયા બાદ, અન્ય જંકશનો પર પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે અને તે મુજબ તે માર્ગો પર પણ ટ્રાફિક ડાયવર્ઝન લાગુ કરવામાં આવશે.

## મામલતદાર કચેરીમાં બોલાવીને BLOને ધમકાવવામાં આવ્યા

# ગેરહાજર BLO વિરૂદ્ધ વોરંટ કાઢીને પોલીસ તેમને ઘરેથી ઉઠાવી રહી છે અને કચેરીમાં હાજર કરી રહી છે : ચૈતર વસાવા

### SIRની કામગીરીમાં BLO સાથે થઈ રહેલા દુર્વ્યવહાર મુદ્દે AAP ધારાસભ્ય ચૈતર વસાવાએ ઉઠાવ્યા ગંભીર સવાલ

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૯

આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ મીડિયા સમક્ષ ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી SIRની કામગીરી કરી રહેલા અનેક BLOની અમને ફરિયાદ મળી છે. હમણાં આયોજિત થયેલા સરકારી કાર્યક્રમો એટલે કે વિકાસ મહોત્સવ અને ગૌરવ યાત્રામાં તમામ સરકારી કર્મચારીઓને ૧૫ નવેમ્બર સુધી લગાડી દેવામાં આવ્યા હતા અને વડાપ્રધાનના કાર્યક્રમમાં પણ લગાડી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ હવે ગતરોજ તમામ BLO કર્મચારીઓને મામલતદાર કચેરીએ બોલાવીને ધમકાવવામાં આવ્યા છે અને કહેવામાં આવ્યું છે કે આટલા દિવસની અંદર તમામ લોકોના ફોર્મ ભરાઈને ઓનલાઈન થઈ જવા જોઈએ અને જો નહીં કરો તો તમને સસ્પેન્ડ કરી દઈશું. આ સિવાય જેટલા પણ બી.એલ.ઓ ગેરહાજર હતા, એમના વિરુદ્ધ વોરંટ કાઢવામાં આવ્યા છે અને તેમને ઘરે જઈને પોલીસ ઉઠાવી રહી છે અને મામલતદારને ત્યાં હાજર કરી રહ્યા છે. ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, ઘણી જગ્યાએ શિક્ષકોની એવી ફરિયાદ છે કે તેઓ એક જ શિક્ષક છે તો જો તેઓ તરીકે SIRની કામગીરી કરવા જશે તો બાળકોને ભણાવશે કોણ ? ઘણી આંગણવાડીની બહેનોને પણ જબરજસ્તીથી કામગીરી કરવામાં આવી રહી છે ત્યારે એમનું પણ કહેવું છે કે તેઓ આંગણવાડી ચલાવે કે BLOની કામગીરી કરે ? આંગણવાડીમાં આવી રહેલા નાના નાના ભૂલકાઓને કઈ રીતે સાચવવામાં આવશે ? કોઈ બાળક બહાર દોડી જાય કે કોઈ વાહનની અડફેટે આવી જાય તો એની જવાબદારી કોની રહેશે ? તો સરકારી કર્મચારીઓ પર બળજબરીપૂર્વક કામ કરાવવાની તાનાશાહીનો અમે સખત શબ્દોમાં વિરોધ કરીએ છીએ. જો તમારે આંગણવાડીઓ પાસે આટલું કામ કરાવવું હોય તો હાઈકોર્ટે બે ઓર્ડર કર્યા છે કે એમને કાયમી કરવામાં આવી અને ૨૪,૬૦૦ દર મહિને પગાર આપવામાં આવે, તો સરકાર કેમ આટલો પગાર આપતી નથી ? સરકાર કેમ આ ઓર્ડરનું પાલન કરતી નથી ? ત્યારબાદ ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું કે, શિક્ષકો સહિત અન્ય વર્ગના કર્મચારીઓને તમે ૫૮ વર્ષે તમે રીટાયર કરી દો છો અને તમારા જે સચિવ અને સલાહકારો રાખો છો એમને તમે ૭૨ વર્ષ સુધી એક્સટેન્શન આપો છો, સરકારની આ જે નીતિ છે જેમાં ઉચ્ચ કક્ષાના IAS IPS અધિકારીઓને પ્રજાના પૈસે મોજ કરાવવામાં આવે છે અને નાના કર્મચારીઓને ૫૮ વર્ષથી રીટાયર કરી દેવામાં આવે છે અને આ કર્મચારીઓની કોઈ સલામતી પણ નથી, કારણ કે સરકારી જુની પેન્શન યોજના પણ બંધ કરી છે. તો કર્મચારીઓ સાથે જે રીતે કામ કરવામાં આવે છે એ ખૂબ જ ગંભીર બાબત છે. અમે અમારા બૂથ લેવલના એજન્ટોને કહ્યું છે કે બી.એલ.એ કામગીરીમાં મદદ કરજો સહકાર આપજો અને મત રક્ષકની ભૂમિકામાં અમારા લોકો પોતાની સેવા આપવાના છે.

## નડિયાદ ખાતે ફૂટપાથ પરના ગેરકાયદે દબાણો દૂર કરાયા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા શહેરના પશ્ચિમ વિસ્તારમાં ફૂટ પાથ પર થયેલા ગેરકાયદે દબાણોને હટાવાની કામગીરી હાથ ધરાઈ છે. કુલ ૨૦ જેટલા દબાણો હટાવવામાં આવ્યા હતા. નડિયાદ શહેરના ફૂટપાથ પર દબાણો ખડકી દેવામાં આવ્યા હોવાને કારણે રાહદારીઓને ચાલવામાં ખુબ જ મુશકેલીનો સામનો કરવો પડે છે. આ બાબતે મહાનગરપાલિકા દ્વારા આવા દબાણો દૂર કરવા માટેની સૂચના આપી હતી. તેમ છતાં આ દબાણો હટાવ્યા ન હતા. જેથી મહાનગરપાલિકાના સ્ટાફ દ્વારા આ દબાણો દૂર કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના પશ્ચિમ વિસ્તારમાં વલ્લભનગર પાસેના ફૂટ પાથ પર કેટલાય વેપારીઓ દ્વારા હોડિંગ્સ અને દબાણો કરવામાં આવ્યા હતા. તે તમામ દબાણો અને હોડિંગ્સને દૂર કરવામાં આવ્યા હતા. સાથે-સાથે આગામી દિવસોમાં શહેરના અન્ય વિસ્તારોમાં પણ આ કામગીરી હાથ ધરાશે. મહાનગરપાલિકા દ્વારા આ દબાણો હટાવવાની કામગીરી હાથ ધરાતા ગેરકાયદે દબાણ કરનારા ઈસમોમાં ફફળાટની લાગણી વ્યાપી ગઈ છે.

## છ દિવસ પછી પણ હજી યુવતીનો કોઈ પત્તો નથી

# વડોદરામાં પોલીસની ઓળખ આપીને કારમાં ભરૂચ જતા યુવક તથા યુવતીનું અપહરણ

### યુવક પાસેથી સાડા ચાર લાખની ખંડણી પડાવી

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીથી કારમાં ભરૂચ જવા નીકળેલા યુવક યુવતીને સુશેન સર્કલ નજીક આંતરીને પોલીસની ખોટી ઓળખ આપીને અપહરણ કરવામાં આવ્યું હતું. યુવકને ડરાવી ધમકાવી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. જે અંગે માંજલપુર પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. ભરૂચ શેરપુરા રોડ પર મદીના પાર્ક સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષનો અફવાન ઉસ્માનભાઈ કાની ઓન લાઈન ટ્રેડિંગનો બિઝનેસ કરે છે. તેણે માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૧૨મી તારીખે બપોરે હું તથા મારી ગર્લફ્રેન્ડ કારમાં વડોદરા એમ.એસ.યુનિવર્સિટીથી ભરૂચ જતા હતા. અમારી કારનો ડ્રાઈવર નબીલ શેખ હતો. અઢી વાગ્યે સુશેન સર્કલ તરફ જતા આર્મી કેમ્પ આગળ રોડ પર એક સ્કોર્પિયો કારના ચાલકે અમને ઊભા રાખ્યા હતા. અમે એસ.ઓ.જી. અમદાવાદના પોલીસના માણસો છીએ. તેવું કહી મને ડરાવ્યો હતો. કારમાં બેઠેલા એક વ્યક્તિએ પોતાની ઓળખ યાજ્ઞિક સાહેબ, બીજાએ આફતાબ પઠાણ તથા ત્રીજાએ પોતાની ઓળખ અમદાવાદ એસ.ઓ.જી. પોલીસ તરીકે આપી હતી. તેઓ અમારી કારમાંથી મારી ગર્લફ્રેન્ડને ઉતારી તેઓની કારમાં બેસાડીને લઈ ગયા હતા. જ્યારે અન્ય બે આરોપીઓ મને તથા ડ્રાઈવરને બળજબરીથી કારમાં બેસાડી અમદાવાદ લઈ ગયા હતા. તેઓએ મારી પાસેથી બળજબરીથી સાડા ચાર લાખ પડાવી લીધા હતા. ડીસીપી અભિષેક ગુપ્તાએ જણાવ્યું છે કે, હજી યુવતીની ભાળ મળી નથી. અમને આજે જ ફરિયાદ મળતા હવે તપાસ શરૂ કરી છે. ધમકીથી ગભરાઈ ગયેલા અફવાને આરોપીઓને કહ્યું કે, તમારે જે જોઈએ તે લઈ લો પણ મને છોડી દો. આરોપીઓએ મારી પાસે ૫૦ લાખ માંગ્યા હતા. ત્યારબાદ તેઓ મને વડોદરા પરત લઈ આવ્યા હતા. મેં મારા ભાઈ પાસેથી ચાર લાખ ભરૂચથી મંગાવ્યા હતા. બાકીના ૫૦ હજાર મેં એ.ટી.એમ.માંથી ઉપાડીને આપ્યા હતા. પોલીસે આ એ.ટી.એમ.ના સીસીટીવી ફૂટેજની પણ ચકાસણી હાથ ધરી છે. ફરિયાદી યુવક અફવાને વધુમાં કહ્યું છે કે, મને તથા ડ્રાઈવર નબીલ શેખનું અપહરણ કરી અમદાવાદ સી.ટી.એમ.રોડ પર લઈ ગયા હતા. આરોપીઓએ મને એક કાગળ બતાવી કહ્યું કે, અમારી પાસે તારા ડોક્યુમેન્ટ્સ છે. તું શું કામ કરે છે ? કેવા કામ કરે છે ? તે અમને બધી ખબર છે. તેઓએ ધમકી આપી હતી કે, અમારા પી.આઈ. સાહેબ તને ઉંધો લટકાવી મારશે.

## ડીસા ખાતે હૈદરી ચોકમાં ભૂગર્ભ ગટરો ઊભરાવવાથી ગંદા પાણીના સરોવરો ભરાયાં



(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૯

ડીસા નગરપાલિકા વોર્ડ નં ૯માં આવેલ મોહમદપૂરામાં આવેલ હૈદરી ચોક વિસ્તારમાં છેલ્લા આઠ દિવસથી ભૂગર્ભ ગટરો ઉભરાવવાની સમસ્યાથી ઠેર ઠેર ગંદા પાણીના સરોવરો ભરાયેલા નજરે પડે છે. જેનાથી રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે. આ અંગે સ્થાનિક રેહવાસીઓએ નગરપાલિકામાં રજૂઆત કરેલ પરંતુ નગરપાલિકા દ્વારા કોઈ કાર્યવાહી ન કરાતા રોગચાળો ફેલાવાનો ભય સેવાઈ રહ્યો છે. મોહમદ પૂરા વિસ્તારથી ઠેઠ છોટા પૂરા વિસ્તાર સુધી ભૂગર્ભ ગટરોના પાણી રેલાતા લોકોને ચાલવુ પણ મુશ્કેલ બની ગયું છે. આ અંગે સ્થાનિક રેહવાસી ઈસ્માઈલભાઈ કુરેશીએ જણાવ્યું કે નગરપાલિકા દ્વારા ઘર વેરા, સફાઈ વેરા સહિતના વેરા વસૂલ કરાય છે. પરંતુ પૂરતી સુવિધા ન આપતા સ્થાનિકોમાં નગરપાલિકા સામે રોષ ફેલાઈ જવા પામ્યો છે ત્યારે નગરપાલિકા પ્રમુખ તાત્કાલિક સફાઈ કરાવી લોકોને રોગના ભરડામાંથી બચાવે તેવી લોકમાંગ છે.

## સાબરકાંઠાની ભક્તિ પટેલ પણ સામેલ

# નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશીપમાં ગુજરાતની ટીમે બ્રોન્ઝ જીત્યો




(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૯

દિલ્હી ખાતે યોજાયેલી ૩૬મી સિનિયર નેશનલ ફેન્સિંગ (તલવારબાજી) ચેમ્પિયનશિપમાં ગુજરાતની મહિલા ટીમે પ્રથમવાર બ્રોન્ઝ મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ વિજેતા ટીમમાં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરની ભક્તિ પટેલનો પણ સમાવેશ થતો હતો, જેણે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

આ ચેમ્પિયનશિપ ૧૫ નવેમ્બરથી ૧૯ નવેમ્બર દરમિયાન દિલ્હીમાં યોજાઈ હતી. ગુજરાતની ટીમે શાનદાર પ્રદર્શન કરતા ક્વાર્ટર ફાઈનલમાં દિલ્હીની ટીમને ૧૫-૭થી હરાવી હતી. ત્યારબાદ સેમિફાઈનલમાં સ્થાન મેળવવા માટે મણિપુર સામેની મેચમાં ૪૫-૪૦થી વિજય મેળવ્યો હતો. જોકે, સેમિફાઈનલમાં ૪૫-૩૩થી હાર થતા ટીમને બ્રોન્ઝ મેડલથી સંતોષ માનવો પડ્યો હતો.

હિંમતનગરની ફેન્સિંગ ખેલાડી ભક્તિના પિતા જયેશભાઈ પટેલે ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાતની ટીમે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો તે ઐતિહાસિક સિદ્ધિ છે. મિતવા, ભક્તિ જયેશભાઈ પટેલ (હિંમતનગર), અમીષા અને સિદ્ધિની ટીમે આ સિદ્ધિ મેળવી છે. ફેન્સિંગના ઈતિહાસમાં નેશનલ સિનિયર ચેમ્પિયનશિપમાં ગુજરાતની ટીમને પ્રથમવાર આ સફળતા મળી છે.

# વડોદરા : ભીષણ આગ લાગતા આખી રેસ્ટોરન્ટ બળીને ખાખ થઈ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરના ગોરવા મધુનગર વિસ્તારમાં આવેલી તાજ ગાર્ડન રેસ્ટોરન્ટમાં મોડીરાત્રીએ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. તાત્કાલિક ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે આગ વિકરાળ બનતા સમગ્ર રેસ્ટોરેન્ટ બળીને ખાખ થઈ હતી. સદનસીબે આગની આ ઘટનામાં કોઈ જાનહાની નહીં થતાં તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. વડોદરા શહેરના આગના વધી રહેલા બનાવો વચ્ચે મોડીરાત્રે ગોરવાના મધુનગર વિસ્તારમાં આવેલી તાજ ગાર્ડન રેસ્ટોરન્ટમાં ભીષણ આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. એકાએક આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આગ સમગ્ર રેસ્ટોરન્ટમાં પ્રસરી ગઈ હતી. બનાવની જાણ કરવામાં આવતા છાણી ટીપી ૧૩ ફાયર સ્ટેશનની ટીમ તાબડતોડ ઘટના સ્થળે પહોંચી હતી અને આગને કાબુમાં લેવા પ્રયાસ કર્યો હતો. જોકે આગની લપેટમાં આખી રેસ્ટોરન્ટ બળીને ખાખ થઈ ગઈ હતી. બનાવને પગલે ગોરવા પોલીસ અને સ્થાનિક વીજ કંપનીની ટીમ પણ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. રેસ્ટોરેન્ટ વાંસની લાકડીઓથી બનેલી હોવાથી આગ ઝડપથી પ્રસરી હતી. આ આગ લાગતા આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.સબ ફાયર ઓફિસરના કહ્યા મુજબ આગ બાજુમાં લગ્ન પ્રસંગ હોવાથી ફટાકડા ફોડવાના કારણે લાગી હોય તેવું પ્રાથમિક અનુમાન છે. સદનસીબે રેસ્ટોરેન્ટમાંથી કર્મચારીઓ બહાર આવી જતા તેમનો આબાદ બચાવ થયો હતો. જેથી જાનહાનિ થતા ટળી હતી.

## ખેડબ્રહ્મા-વડાલી હાઈવે પર બાઈક ઝાડ સાથે અથડાતાં બેનાં મોત



(તસવીર : એફ.કે.મનસુરી, હિમતનગર)

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૯

ખેડબ્રહ્મા-વડાલી હાઈવે પર મંગળવારના રોજ રાત્રિના સમયે એક અકસ્માત સર્જાયો હતો. વિવાઈ પાટિયા નજીક બાઈક ઝાડ સાથે અથડાતા તેના પર સવાર બે યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, ખેડબ્રહ્મા તરફથી આવી રહેલા બાઈક ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે બાઈક રોડ કિનારે આવેલા ઝાડ સાથે ટકરાઈ હતી. ઘટનાની જાણ થતા જ વડાલી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે બંને મૃતદેહોને વડાલી સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યા હતા. આ મામલે વડાલી પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# નડિયાદ એટ્રોસિટી કેસ; શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગરસેવકના હાઈકોર્ટે આગોતરા જામીન મંજૂર કર્યા

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૯

નડિયાદના ચકચારી એટ્રોસિટી કેસના આરોપી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહના હાઈકોર્ટ દ્વારા આગોતરા જામીન મંજૂર કરવામાં આવ્યા હોય બંનેને રાહત મળી હોવાનું જાણવા મળ્યું છે. જાણવા મળ્યા મુજબ નડિયાદ મહાનગરપાલિકા કચેરી ખાતે થોડા દિવસો પહેલા પ્રજાકીય પ્રશ્નોની રજૂઆત દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું હતું જેમાં ભાજપના એક દલિત કાર્યકરે દ્વારા નડિયાદ શહેર પોલીસ મથકે નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ તેમજ પૂર્વ નગર સેવક ગોકુલ શાહ સહિત છ કોંગ્રેસી કાર્યકરો વિરૂદ્ધ એટ્રોસિટીની ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન કોર્ટે આરોપી એવા નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ અને પૂર્વ નગર સેવક સિવાયના અન્ય ચાર કોંગ્રેસી કાર્યકરોને રાહત આપી હતી નડિયાદ શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ નગર સેવક ગોકુલ શાહ એ પોતાની ધરપકડ ટાળવા માટે નડિયાદ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી, જેને કોર્ટે નામંજૂર કરી હતી. જેથી બંનેએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. ગુજરાત હાઈકોર્ટમાં આ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. લાંબી દલીલો બાદ હાઈકોર્ટે કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ કાઉન્સિલર ગોકુલ શાહની આગોતરા જામીન અરજી મંજૂર કરવાનો હુકમ કર્યો હોવાનું જાણવા મળ્યું છે જેના પગલે બંનેને પોલીસ ધરપકડમાંથી મુક્તિ મળી છે. તેમ મનાય છે.

# અંકલેશ્વરના અંદાડા નજીક ગૌચરણમાં બનેલા RCC રોડ સહિતના ગેરકાયદે દબાણો દૂર કરવા સ્થાનિકોની માંગ

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામ નજીક ગૌચરણમાં પાકા રસ્તાઓ સહિતના અન્ય દબાણો દૂર કરવાની માંગ સાથે સ્થાનિકો સહિત માલધારી સમાજએ વિરોધ નોંધાવ્યો હતો. અંકલેશ્વર તાલુકાના અંદાડા ગામને નેશનલ હાઈવે સાથે જોડતા માર્ગને અડીને આવેલ ગૌચરણમાં છેલ્લા ઘણા સમયથી પાકા રસ્તાઓ તેમજ અન્ય દબાણો ઊભા થયા હોવાની ફરિયાદ ઊઠી છે. અંદાડા ગ્રામ પંચાયત હસ્તકના સરકારી ગૌચરમાં કેટલાંક બિલ્ડરો દ્વારા પોતે બનાવેલ સોસાયટીમાં જવા-આવવા માટેના પાકા RCC રસ્તો બનાવી દેવામાં આવ્યો છે. એટલું જ નહીં, બિલ્ડરો દ્વારા કેટલાંક અન્ય પ્રકારના દબાણો ઊભા કરી સરકારી ગૌચારણમાં ગેરકાયદેસર કબજા કરી બેઠા હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંદાડા ગામને નેશનલ હાઈવે સાથે જોડતા માર્ગને અડીને આવેલ ગૌચરણમાં હાલમાં બની રહેલ પાકા RCC રસ્તાના કામનેતાત્કાલિક અસરથી રોકી દેવા ગ્રામ પંચાયત દ્વારા નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં નોટિસની અવગણના કરીને બિલ્ડરો દ્વારા કામ ચાલુ રાખવામાં આવ્યું છે, તેવા આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના ગૌચર અધિનિયમ અને જોગવાઈઓને ધ્યાનમાં લઈ અંદાડા ગ્રામ પંચાયતના સત્તા ક્ષેત્રમાં આવેલ ગૌચરમાં બિલ્ડરો દ્વારા જેટલા પણ પાકા RCC રસ્તાઓ સહિત દબાણ કરવામાં આવ્યું હોવાની લોકોએ ફરિયાદ ઊઠાવી તાત્કાલિક અસરથી દબાણો દૂર કરવા માંગ કરી છે.

### અવસાન નોંધ

#### ખેડા

ખેડામાં મોમીનનગરમાં રહેતા ફકરનનિશા યુસુફમીયા મલેક (ઉં.વ.૮૩)નો ઈન્તેકાલ થયેલ છે. મર્હૂમાના જનાઝામાં મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. તારીખ ૨૦/૧૧/૨૦૨૫ના રોજ સવારે નવ વાગ્યે મસ્જિદે અહેમદરઝામાં તેમની ઝિયારત રાખેલ છે.

# વડોદરાના સમા, છાણી, જવાહરનગરના વધુ ત્રણ ગેરકાયદે ઢોરવાડાનો સફાયો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

વડોદરા શહેરમાં ગૌ પાલકો દ્વારા પશુઓને સાચવવાના ઈરાદે કેટલાક વિસ્તારમાં ગેરકાયદે બનાવવામાં આવેલા ઢોર વાડા સામે પાલિકા તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે ત્યારે શહેરના સમા, છાણી અને જવાહર નગર વિસ્તારમાં કાર્યવાહી કરીને ગેરકાયદે કુલ ત્રણ ઢોરવાડા તોડી પાડ્યા હતા ઉપરાંત વિસ્તારમાં ફરતી ચાર ગાય કબજે લેવા સહિત રૂ.૧૬૦૦૦થી વધુ વસૂલ કરીને દંડનીય કાર્યવાહી પણ કરી હતી.ઉલ્લેખનીય છે કે શહેરમાં મોટાભાગના તમામ રોડ રસ્તા અને ગલીઓમાં ગૌપાલકો દ્વારા પોતાના પશુને છૂટા મૂકી દેવામાં આવે છે. જ્યારે સમી સાંજે અને દોહવાના કારણે પશુપાલકો પોતાના પશુને ઢોર વાડામાં લઈ જાય છે. જે પૈકી કેટલાક પશુપાલકો પોતાના પશુને રાખવાના ઈરાદે ગેરકાયદે ઢોર વાડા પણ બનાવતા હોય છે.પરંતુ તાજેતરમાં નિઝામપુરા વિસ્તારમાં રોડ રસ્તા વચ્ચે આવેલા પશુથી બાઈક ચાલક અથડાઈને રોડ ડિવાઈડર સાથે ભટકાતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત બાઈક ચાલકનું અવસાન થયું હતું. પરિણામે એક્શનમાં આવેલી પાલિકા ટીમે શહેરના વિવિધ વિસ્તારમાં ગેરકાયદે ઢોરવાડાનો સફાયો કરવાનું શરૂ કર્યું હતું.

જેમાં સમા, છાણી સહિત જવાહરનગર વિસ્તારના મળીને ગેરકાયદે કુલ ૩ ઢોર વાડાનો સફાયો કર્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પશુપાલકો દ્વારા પાલિકાની ટીમ સાથે રકઝક શરૂ કરી હતી પરંતુ તૈનાત પોલીસ કાફલાએ પશુપાલકોને સમજાવીને મામલો થાળી પાડ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન વિસ્તારમાં રખડતી મળેલી ચાર ગાય તથા ગેરકાયદે ઢોરવાડા બાબતે કુલ રૂપિયા ૧૬૦૦૦થી વધુ દંડની વસૂલાત કરવામાં આવી હતી.

# અંકલેશ્વરની ESIC હોસ્પિટલમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ

### મનસુખ વસાવાએ તબીબી સ્ટાફનો લીધો ઉધડો

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૧૯

અંકલેશ્વર ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી ૧૫૦ બેડની આધુનિક ગણાતી ESIC હોસ્પિટલમાં મૂળભૂત તબીબી સુવિધાઓના અભાવનો મામલો ફરી એક વખત સામે આવ્યો છે. સિક્યુરીટીમાં કામ કરતા કર્મચારીને અકસ્માત નડતા ESIC હોસ્પિટલ ખેસવામાં આવ્યા હતા. જો કે, તેઓને પૂરતી પ્રાથમિક સારવાર આપ્યા પહેલા જ સુવિધાઓ અને તબીબોના અભાવને કારણે અન્ય ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા હતા. જો કે, ઈજાગ્રસ્ત વ્યક્તિને ખુદ અંકલેશ્વર ઉદ્યોગ મંડળના સભ્યો જ ESIC હોસ્પિટલમાં લઈ જતા સમગ્ર ગતિવિધિ અને નિષ્કાળજી સામે આવી હતી. જેને લઈ ત્વરિત તેઓએ ભરૂચ અને નર્મદા જિલ્લાના સંસદ મનસુખ વસાવાને ટેલિફોનિક જાણ કરી હતી અને હાજર નર્સિંગ અને તબીબી સ્ટાફનો ઉધાડો લીધો હતો. સાંસદ મનસુખ વસાવાએ ટેલિફોનિક વાતચીતમાં આવનાર ટુક જ સમયમાં હોસ્પિટલની મુલાકાત લઈને સરસાધનો અને તબીબોની ઉણપ પુરી કરવા કેન્દ્રમાં પત્ર લખવા માટે હાંકલ કરી હતી.


**CHANGE OF NAME**

My name has been changed from **saiyed umme hani khalidmiya** to **ummehani khalidshah saiyed**

Add : 64, memon colony, panigate, ajwa road, vadodara, Gujarat Phone no: 9374667491

**નામ બદલેલ છે**

મારૂ જૂનું નામ **પટેલ સહેબાજ ઐયુબ અલીભાઈ** હતું તે બદલીને નવું નામ **શેહબાજ ઐયુબભાઈ પટેલ** કરેલ છે.

સરનામું : અલઅમીન પાર્ક, મુ.પો.ઈખર તા.આમોદ જિ.ભરૂચ-૩૯૨૨૩૦

**જાહેર નોટિસ**

**કે.એમ. રાજપુત એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર અંકલેશ્વરની કોર્ટમાં**

**ક્રમાંક : જન્મ/મરણ નોંધણી અરજી નં. ૨૮૬/૨૦૨૫**

**અરજદાર : તૌફિકભાઈ સિકંદરભાઈ ગરાસીયા રહે-કસ્બાતીવાડ, અંકલેશ્વર તા. અંકલેશ્વર જી. ભરૂચ**

**વિરૂદ્ધ**

**સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારી અને મુખ્ય અધિકારીશ્રી અંકલેશ્વર નગરપાલિકા તા. અંકલેશ્વર જિ. ભરૂચ**

આથી જાહેર જનતાને આ નોટિસ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારશ્રી તૌફિકભાઈ સિકંદરભાઈ ગરાસીયાનો જન્મ તા. ૦૧/૦૧/૧૯૮૭ના રોજ કસ્બાતીવાડ, અંકલેશ્વર તા-અંકલેશ્વર જિ-ભરૂચ મુકામે થયેલ હોય તે બાબતે સામાવાળા તેમની કચેરીના જન્મ-મરણ રજિસ્ટરમાં નોંધણી કરે તેવો હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત અરજી દાખલ કરેલી છે. જેની સામે કોઈપણ વ્યક્તિને વાંધો હોય તો આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૫ (પંદર) સુધીમાં અત્રેની કોર્ટમાં રૂબરૂ હાજર રહી જાણ કરવી. જો મુદતમાં વાંધો રજુ કરવામાં નહીં આવે તો નિયમ અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો

આજ રોજ તારીખ ૨૨મી સપ્ટેમ્બર, સને-૨૦૨૫ના રોજ સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

હુકમથી,

સહી
(કે.એમ રાજપુત)
એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
અને
મામલતદારશ્રી અંકલેશ્વર

ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલમાં રાત્રે ૯થી સવારના ૬ વાગ્યા સુધી પાણી ન મળતું હોવાનો આક્ષેપ

# ગુજરાત યુનિ.ના વિદ્યાર્થીઓને પાણી આપવાની માંગ સાથે NSUIએ માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું

## કુલપતિએ બે મહિનામાં સમસ્યા દૂર કરવાની ખાતરી આપતા NSUIના કાર્યકર્તાઓ ઉશ્કેરાયા; ઓફિસમાં જ હલ્લાબોલ કરતા પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પાણી આપવાની માંગ સાથે NSUIએ કેમ્પસમાં માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓને પાણી આપો પાણી આપોના નારા લગાવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીની ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલમાં રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી પાણી ન મળતું હોવાનો આક્ષેપ NSUI દ્વારા કરવામાં આવ્યો છે. કુલપતિએ બે મહિનામાં પાણીની સમસ્યા દૂર કરવાની ખાતરી આપતા NSUIના કાર્યકર્તાઓએ ઉશ્કેરાયા હતા. કુલપતિની ઓફિસમાં હલ્લાબોલ કરતા પોલીસ દ્વારા ટીંગાટોળી કરી NSUIના કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી.



ગુજરાત યુનિવર્સિટીની ગર્લ્સ અને બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી પાણી આપવામાં ન આવતું હોવાના આક્ષેપ થયા છે. જેમાં કારણે વિદ્યાર્થીઓએ રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી પાણી માટે વલખાં મારવા પડે છે. જેને લઈને ૨૪ કલાક પાણી આપવાની માંગ સાથે NSUI દ્વારા માટલા ફોડી વિરોધ પ્રદર્શન કર્યું હતું. ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં જ પાણી ભરેલા માટલા ફોડી દેખાવો કર્યો હતો. તેમજ માટલા લઈને NSUIના કાર્યકર્તાઓ કુલપતિ ઓફિસ પહોંચી ગયા હતા.

યુનિવર્સિટી કેમ્પસમાં માટલા ફોડી NSUIના કાર્યકર્તાઓએ કુલપતિની ઓફિસમાં હલ્લાબોલ કર્યો હતો. ૨૪ કલાક વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં પૂરતું પાણી આપવાની માંગ કુલપતિ સમક્ષ કરવામાં આવી હતી. જે દરમિયાન કુલપતિ દ્વારા બે મહિનામાં પૂરતા પાણીની વ્યવસ્થા કરવાની ખાતરી આપતા NSUIના કાર્યકર્તાઓ રોષે ભરાયા હતા. તેમજ કુલપતિની ઓફિસમાં હલ્લાબોલ કર્યો હતો. જે દરમિયાન પોલીસ સાથે NSUIના કાર્યકર્તાઓની ઝપાઝપી પણ થઈ હતી. જેથી પોલીસે વિરોધ કરી રહેલા NSUIના કાર્યકર્તાઓની ટીંગાટોળી કરીને ઓફિસમાંથી બહાર કાઢ્યા હતા. છતાં પણ કેટલાક NSUIના કાર્યકર્તાઓએ ઓફિસમાં આવી વિરોધ કરતા કુલપતિએ ખુરશીમાંથી ઊભા થઈ મોઢું ફેરવી દીધું હતું.

મણિનગર રેલવે સ્ટેશન પાસે ટ્રેન નીચે પડતું મૂક્યું !

# પેટ્રોલ પંપના કર્મચારીએ પોતાના સાહેબ વગેરેના ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી

## મૃતકની સુસાઈડ નોટમાં ઘટસ્ફોટ, પરિજનોનો મૃતદેહ સ્વીકારવા ઈન્કાર

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને પેટ્રોલપંપમાં નોકરી કરતા યુવકે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી આત્મહત્યા કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મૃતકના કબજામાંથી એક સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં તે જ્યાં નોકરી કરતો હતો ત્યાંના સાહેબ રશ્મિત સિંહ અને હાર્દિક પટેલના ત્રાસને કારણે જિંદગી ટૂંકાવી રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. મૃતક યુવાને પોતાની પત્નીને ન્યાય અપાવવા સુસાઈડ નોટમાં વિનંતી કરી છે. પરિવારજનોએ ન્યાયની માગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. તો બીજી તરફ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સુસાઈડ નોટને FSL મોકલવા તજવીજ હાથ ધરી છે.

અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા કિરીટ પંચાલ નામના યુવકે ૧૮મી નવેમ્બરે સાંજના સમયે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી જિંદગી ટૂંકાવી લીધી હતી. ઘટનાના પગલે તપાસ માટે પહોંચેલી પોલીસને એક સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મરનારની સ્યુસાઈડ નોટને લઈ ચર્ચા તેજ બની છે. કિરીટ પટેલની આત્મહત્યા બાદ તેના કબજામાંથી જે સુસાઈડ નોટ મળી આવી છે એમાં લખ્યું છે કે "હું પંચાલ કિરીટ કુમાર હેમરાજભાઈ મરવા જઈ રહ્યો છું. મારા ઘરે દીકરી હોવા છતાં મારે મરવું પડે એમ છે. હું મારા સાહેબના ત્રાસથી મરી રહ્યો છું. મારા સાહેબનું નામ રશ્મિત સિંઘ ગુરૂદત્ત છે અને એક બીજા ભાઈ હાર્દિકભાઈ પટેલ છે, જે વાઈડ એંગલના બિલ્ડિંગના છે. જે ભાઈ પૈસા માટે મને રોજ ટોર્ચર કરે છે અને બીજા સાહેબ મારા પર ટોર્ચર કરે છે. મને ઓફિસમાં લઈ જઈને પટ્ટાથી માર પણ માર્યો હતો અને હવે આજે મારી પાસે કોઈ રસ્તો રહ્યો નથી. મારી પત્નીને ન્યાય અપાવવા વિનંતી. આપનો -કિરીટ

કિરીટ પટેલની આત્મહત્યા મામલે તેના સાળી જાનકી પંચાલે જણાવ્યું હતું કે કાલે જે ઘટના બની હતી એ મારા જીજાજી થાય. કાલે મણિનગરમાં રેલવે સ્ટેશન પર આ ઘટના બની છે. તેમના પેટ્રોલપંપ વાળા તેને માનસિક-શારીરિક ટોર્ચર કરતા હતા. અમારી એટલી જ માગ છે કે આગળની કાર્યવાહી ઝડપી કરી અમને ન્યાય મળે. પેટ્રોલપંપ વાળા છે તે ઘરવાળાને પણ મારવાની ધમકી આપતા હતા એટલે મારા જીજાજીએ અંતિમ પગલું ભર્યું છે. મારા જીજાજીને ઓફિસમાં પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો. મૃતકના સાળા મહેલુ પંચાલે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારે કોઈ અંતિમસંસ્કાર કરવાની કાર્યવાહી નથી કરવી. વધુમાં જણાવ્યું હતું કે મારા જીજાજીના કંપનીના મેનેજર અમારા ઘરની આસપાસ ૩થી ૪ વાગ્યાની વચ્ચે આંટાફેરા મારી રહ્યા હતા. મારા જીજાજીએ સુસાઈડ કર્યું એની જાણ અમને ૩:૪૮ વાગ્યે થઈ હતી અને કંપનીના મેનેજર વગેરે અમારા ઘર એના પછી આવ્યા હતા. લગભગ ૩:૫૭ વાગ્યાની આસપાસ એ લોકો આવ્યા હતા. અને પૈસાની લેતીદેતી બાબતે ફેમિલીને ધમકી આપી હતી. ખોખરા PI બી. પી. સાવલિયાએ જણાવ્યું હતું કે આપઘાત મામલે હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સુસાઈડ નોટ પણ મળી આવી છે, જેને FSLમાં મોકલી તપાસ કરવામાં આવશે. તપાસના અંતે પુરાવા મળશે તો જવાબદાર સામે ગુનો નોંધવામાં આવશે.

રાજ્યમાં મહિલાઓએ કરી નવતર પહેલ

# ગુજરાત માહિતી આયોગની બહેનોએ "ઈન્ટરનેશનલ મેન્સ ડે" ઉજવ્યો !

## મહિલાકેન્દ્રી "ઈન્ટરનેશનલ મધર્સ ડે-વિમન્સ ડે"ની જેમ નવી કેડી કંડારી

અમદાવાદ, તા.૧૯

"ઈન્ટરનેશનલ વુમન્સ ડે", "ઈન્ટરનેશનલ મધર્સ ડે", "ઈન્ટરનેશનલ ડોટર્સ ડે" - વગેરે પરંપરાગત રીતે મહિલાકેન્દ્રી ઉજવણીથી આપણે સૌ પરિચિત છીએ. પરંતુ આજે ગુજરાત માહિતી આયોગની મહિલાઓએ " ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણી કરી તદ્દન નવી કેડી કંડારી છે. આયોગની મહિલાઓએ શુભેચ્છા સંદેશ, પુષ્પ અને ચોકલેટથી આયોગના તમામ પુરૂષોને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય માહિતી કમિશનરના અધ્યક્ષપદે "ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણી માટે એક સમારંભ આયોગ ખાતે યોજાયો હતો. આ સમારંભમાં આયોગના વિવિધ કાર્યક્રમોમાં પુરૂષોની સક્રિય સહભાગિતાની ઝલક દર્શાવતો વિડીયો રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ તબક્કે પુરૂષોની સહભાગિતા, સહકાર માટે આયોગની મહિલાઓ દ્વારા ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. સરકારી કચેરીઓમાં પ્રથમ વખત " ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણીનુ આયોજન કરવાની નવતર પહેલ માટે તથા કૌટુંબિક વાતાવરણની અનુભૂતિ કરાવવા માટે આયોગ તેના તમામ મહિલા કર્મચારી/અધિકારીઓને બિરદાવે છે.

# GVAT એમ્નેસ્ટી સ્કીમનો લાભ ટેક્નિકલ ખામીને કારણે ચુકવણી ન કરી શકનાર વેપારીને પણ મળશે : હાઈકોર્ટનો ચુકાદો

## ગ્લિચના કારણે હપ્તાની રકમ ઓછી જમા થવા છતાં સ્કીમનો લાભ ચાલુ રાખવા આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત મૂલ્ય વર્ધિત કર (GVAT) અધિનિયમ, ૨૦૦૩ હેઠળની એમ્નેસ્ટી સ્કીમ ('વેરા સમાધાન યોજના')નો લાભ એવા વેપારીને પણ આપ્યો છે, જે ઓનલાઈન પોર્ટલની 'ઓટોમેટિક' ફરી ગોઠવણના કારણે સ્કીમ હેઠળની પૂરી રકમ સમયસર જમા કરાવી શક્યા ન હતા. જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયા અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે વેપારીની અરજીને ફગાવી દેવાના નિર્ણયને રદ કરતા નોંધ્યું હતું કે બાકીની રકમ ચૂકવવામાં થયેલો વિલંબ માત્ર ઓનલાઈન પોર્ટલની ટેક્નિકલ ખામીઓને કારણે હતો. ન્યાયાલયે યોજનાનો લાભ લેવાનો વેપારીનો 'સ્પષ્ટ અને અસંદિગ્ધ ઈરાદો' હોવા પર ભાર મૂક્યો હતો અને અવલોકન કર્યું કે, "આ યોજના હેઠળ ચુકવણી કરવામાં થયેલા ૨ દિવસના વિલંબને માફ કરવામાં આવે છે."

ઉલ્લેખનીય છે કે 'વેરા સમાધાન યોજના' ગુજરાત સરકારે વિવિધ વાણિજ્યિક કરવેરા, જેમાં GVAT અધિનિયમ, કેન્દ્રીય વેચાણ વેરો (CST) અધિનિયમ, ૧૯૫૬, વગેરે સંબંધિત લાંબા સમયથી ચાલતા વિવાદોના સમાધાન માટે રજૂ કરી હતી. આ યોજના ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ શરૂ થઈ હતી અને તેમાં હપ્તામાં ચુકવણીની જોગવાઈ હતી.

કેસની વિગતો મુજબ અરજદાર વેપારીએ સ્કીમ હેઠળ રૂા. ૧૨,૫૦,૨૫૮ની રકમ ચૂકવવાની હતી. તેણે પ્રથમ પાંચ હપ્તાની રકમ નિયમિતપણે ભરી હતી. જોકે, છઠ્ઠા હપ્તા માટે, ઓનલાઈન પોર્ટલે હપ્તાની રકમ માટે રૂા.૧,૦૨,૨૯૩.૮૪ આપમેળે એટલે કે ઓટોમેટિક ચુકવણી માટે ગોઠવી દીધી હતી, જ્યારે નિયત રકમ રૂા.૧,૨૫,૦૨૫.૮ હતી. આના કારણે રૂા. ૩૪,૧૦૨નું ઓછું પેમેન્ટ થયું. વેપારીએ બાકીની રકમ ભરવાના પ્રયાસો કર્યા, પરંતુ ઓનલાઈન પોર્ટલ પર 'E-payment' વિકલ્પમાં ચેતવણી આવતી હતી કે આ ચુકવણી એમ્નેસ્ટી સ્કીમ સાથે મેળ ખાશે નહીં. આખરે, વેપારીએ નિયત તારીખ (૩૧ ઑગસ્ટ, ૨૦૨૧) પછી માત્ર બે દિવસના વિલંબ સાથે, એટલે કે ૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ, રૂા.૪૦,૫૦૦ની રકમ જમા કરાવી અને અધિકારીને સ્વીકારવા વિનંતી કરી. તેમ છતાં, સેલ્સ ટેક્સ અધિકારીએ અરજી ફગાવી દીધી અને વેપારીનું બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરી દીધું. હાઈકોર્ટે તેના અગાઉના પ્રણવ અશોકકુમાર શાહના કેસના નિર્ણયને ટાંક્યો, જ્યાં કોર્ટે કહ્યું હતું કે, "એમ્નેસ્ટી સ્કીમનો હેતુ અને ઉદ્દેશ એવા દૃષ્ટિકોણથી જોવો જોઈએ જે યોજનાના ઉદ્દેશને આગળ ધપાવે, ન કે જે યોજનાને નિરર્થક બનાવી દે અને કરદાતાને લાભ નકારી દે." કોર્ટે સ્પષ્ટ કર્યું કે એમ્નેસ્ટી યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ્ય વિવાદો ઘટાડવાનો અને કરદાતાઓને રાહત આપવાનો છે. ટેક્નિકલ ખામી કે ઓનલાઈન સિસ્ટમની ભૂલને કારણે યોજનાનો લાભ નકારવો એ યોજનાના મૂળભૂત હેતુથી વિપરીત છે. આ અવલોકનોને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટે અરજદાર વેપારીની રીટ પિટિશનને મંજૂર કરી. પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અરજી રદ કરવાનો આદેશ રદ કર્યો, જેનાથી વેપારીને GVAT એમ્નેસ્ટી સ્કીમનો લાભ મળવાનો માર્ગ મોકળો થયો હતો.

PM-કિસાન સન્માન નિધિના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીનું સંબોધન

# પ્રાકૃતિક ખેતી એ ભવિષ્યની ખેતી છે, આ ખેતી અપનાવવી એ હવેના સમયની માંગ

## ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો અભિગમ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યના ખેડૂતો પર તાજેતરમાં આવી પડેલી અસાધારણ કમોસમી વરસાદની આપત્તિથી થયેલા નુકસાનને લઈ રૂા.૧૦ હજાર કરોડનું ઉદારતમ સહાય પેકેજ આપ્યું છે. પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો વડાપ્રધાન મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરથી કિસાનો માટે રિલીઝ કર્યો તેના ગાંધીનગરમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી સંબોધન કરી રહ્યા હતા.

વડાપ્રધાને દેશભરના ૯ કરોડથી વધુ ખેડૂતોને ૨૧માં હપ્તા પેટે ૧૮ હજાર કરોડ રૂપિયાની સહાય આપી હતી. ગુજરાતના ૪૯.૩૧ લાખથી વધુ કિસાનોને આ સહાય અંતર્ગત ૯૮૬ કરોડ રૂપિયા ડી.બી.ટી.થી મળશે. ગાંધીનગરમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ ૧૧.૬૮ લાખ રૂપિયાથી વધુની વિવિધ કૃષિ સહાયના મંજૂરીપત્રોનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા અનેક કલ્યાણકારી યોજનાઓ આપી છે. એટલુ જ નહીં, ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો અભિગમ 'એક પેડ માં કે નામ' અને પ્રાકૃતિક કૃષિ જેવા અભિયાનોથી અપનાવ્યો છે. તેમણે પ્રાકૃતિક ખેતીને ભવિષ્યની ખેતી છે ગણાવતાં આ ખેતી અપનાવવી એ હવેના સમયની માંગ છે તેમ ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ કહ્યું કે, આ વર્ષના બજેટમાં પીએમ ધનધાન્ય કૃષિ યોજના શરૂ કરવાનું જે કમિટમેન્ટ કર્યું હતું તે પણ ૬ વર્ષના સમયગાળા માટે અમલી બનાવીને અન્નદાતાની દરકાર કરીને 'જે કહેવું તે કરવું' પુરવાર કર્યું છે. કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો માટે યાંત્રિકરણ, પાક સંરક્ષણ, કૃષિમાં નેનો ટેકનોલોજી અને આઈટીનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી, ઝીરો બજેટ ખેતી, કિસાનો માટે ઉત્પાદન વધે, ખર્ચ ઘટે અને વધુ વેચાણ પણ થાય એ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ અંજુ શર્માએ કહ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ માટે સરકાર દ્વારા વાવેતરથી વેચાણ સુધીની યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સરકાર સુધારેલા બિયારણો, ખાતરો, યાંત્રિક ઓજારો, પ્રાકૃતિક ખેતી, કૃષિ રાહત પેકેજ, ટેકાના ભાવની ખરીદીને લગતી યોજનાઓના માધ્યમથી ખેડૂતોને મદદરૂપ થઈ રહી છે.

# ગુજરાતમાં ઠંડીનો પારો વધ્યો

## અમદાવાદમાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યના મોટાભાગના શહેરોમાં ગઈકાલે રાત્રિના અને વહેલી સવારના તાપમાનમાં પણ નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે, એટલે કે ઠંડીમાં વધારો થયો છે. સૌથી ઓછું ન્યૂનતમ તાપમાન નલિયા ખાતે ૧૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. ત્યારબાદ અમરેલીમાં ૧૧.૨ અને ગાંધીનગર જ્યાં ન્યૂનતમ તાપમાન ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે વડોદરામાં ૧૩.૬ અમદાવાદમાં ૧૪ ડિગ્રી સેલ્સિયસ ન્યૂનતમ તાપમાન નોંધાયું હતું. પોરબંદરમાં ૧૩.૧ ડિગ્રી સેલ્સિયસ અને રાજકોટ ૧૨.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સમગ્ર ગુજરાતમાં સરેરાશ મહત્તમ તાપમાન સામાન્ય કરતાં ઓછું અને ન્યૂનતમ તાપમાન પણ સામાન્ય કરતાં નીચું રહેતા, રાજ્યમાં ઠંડકનો અનુભવ વધી રહ્યો છે. જ્યારે સૌથી ઓછું ઠંડુ દ્વારકામાં ન્યૂનતમ તાપમાન ૧૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં ન્યૂનતમ તાપમાન ૧૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું અને મહત્તમ તાપમાન ૨૯.૭ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું. રાજયમાં હાલમાં બેવડી સિઝનનો અનુભવ થશે. રાજયમાં મોટાભાગના જિલ્લાઓનું તાપમાન સામાન્ય કરતા નીચું નોંધાયું છે.

# હોસ્પિટલની મહિલા ફાર્માસિસ્ટે ૧૧.૮૧ લાખની ઉચાપત કરી

## ૬ મહિનાના દવાના લાખો રૂપિયા વાપરી નાખ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

શહેરના રાજપથ રંગોલી રોડ પર આવેલી આઈકોનિક હોસ્પિટલના મહિલા કર્મચારીએ ફાર્મસી સ્ટોર પર દવાના પૈસા સગેવગે કર્યા છે. છેલ્લા છ મહિનાથી મહિલા ફાર્માસિસ્ટ દ્વારા રોકડમાં જે દવાનું વેચાણ થાય તેની એન્ટ્રી ન કરીને ટુકડે-ટુકડે ૧૧.૮૧ લાખ રૂપિયાની ઉચાપત કરાઈ હતી. આ અંગે હોસ્પિટલને જાણ થતા મહિલા વિરૂદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ગાંધીનગરમાં રહેતા માધવીબેન રાજયગુરૂએ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ બોડકદેવ ખાતે આવેલી હાઈકોનિક મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલમાં ઓપરેશન એક્ઝિક્યુટ તરીકે નોકરી કરે છે. તેમની હોસ્પિટલમાં ફાર્મસી સ્ટોરમાં કોમલ શિયાળ નામની મહિલા ફાર્માસિસ્ટ તરીકે નોકરી કરતી હતી. તેમને કોમલ ઉપર શંકા ગઈ હતી કે દવાનું વેચાણ કર્યા બાદ પૂરેપૂરૂં પેમેન્ટ તે જમા કરાવતી નહોતી તેથી તેમણે સિક્યુરિટી ગાર્ડને જાણ કરી હતી. ત્યારે સિક્યુરિટી ગાર્ડને દવા લેવા આવેલા ૧૦ દર્દીઓની માહિતી હોસ્પિટલને આપી હતી જ્યારે કોમલે સાત દર્દીઓ આવ્યા હોવાનું જણાવ્યું હતું. હોસ્પિટલ દ્વારા જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે બાકીના ત્રણ દર્દીઓના રોકડમાં દવા વેચાણ થઈ હતી જેના પૈસા કોમલે હોસ્પિટલમાં જમા કરાવ્યા નહોતા. જ્યારે કોમલને પૂછવામાં આવ્યું ત્યારે કોઈ જવાબ આપ્યો ન હતો જે બાદ કોમલે હોસ્પિટલ આવવાનું બંધ કરી દીધું હતું. કોમલનું આઈડી ખોલીને તપાસ કરવામાં આવી ત્યારે મે મહિનાથી અત્યાર સુધી મળે ૧૧.૮૧ લાખ રૂપિયાના દર્દીઓના દવાના પૈસાની ઉચાપત કરી હતી. કોમલે આ પૈસા વાપરી પણ દીધા હતા.બોડકદેવ પોલીસે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

આજે મુંબઈ એરપોર્ટ ૬ કલાક બંધ

# અમદાવાદ એરપોર્ટ પરથી મુંબઈ જતી ફ્લાઈટ પર અસર થશે

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ચોમાસા પછી મેઈન્ટેનન્સના ભાગરૂપે મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ ૨૦ નવેમ્બરના રોજ કામચલાઉ ધોરણે બંધ રહેશે. જેને કારણે અનેક એરપોર્ટ પરથી સંચાલિત ફ્લાઈટ પર તેની અસર જોવા મળશે. એરપોર્ટ અધિકારીઓના જણાવ્યા મુજબ, આ જાળવણીનું કામ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી મુજબ ચાલશે. જેથી એરપોર્ટ સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા દરમિયાન કામચલાઉ રીતે બંધ રહેશે. આ કામકાજના કારણે અનેક એરપોર્ટ્સ પર તેની સીધી અસર જોવા મળશે. ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભરતી અને અહીં ઉતરવાની અનેક ફ્લાઈટ્સ પર તેનો પ્રભાવ પડશે. કેટલાક ફ્લાઈટ શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવ્યા છે, તો કેટલીક ફ્લાઈટ્સ ને રદ પણ કરવામાં આવી શકે છે. મુસાફરોને પોતાની ફ્લાઈટ્સની કરંટ ઈન્ફોર્મેશન માટે એરલાઈન કંપનીઓ સાથે સંપર્કમાં રહેવાની અને એરપોર્ટ પર સમયસર પહોંચવાની સલાહ આપવામાં આવી છે.

AMC કામગીરી પર ગંભીર સવાલો

# મકરબા રોડ પર ઢાંકણું તૂટી જતા આધેડ ગટરમાં પડ્યાં

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

શહેરના મકરબા રોડ પર ટોરેન્ટ પાવર નજીક આવેલા મુખ્ય માર્ગ પર ગટરનું ઢાંકણું તૂટી જતાં રોડ પરથી પસાર થઈ રહેલા એક આધેડ વ્યક્તિ તેમાં પડી ગયા હતા. આ ઘટના સમયે રોડ પરથી પસાર થઈ રહેલા એક બહાદુર યુવકની સમયસૂચકતા અને હિંમતના કારણે આધેડનો જીવ બચી ગયો હતો. યુવકે પોતાનો જીવ જોખમમાં મૂકીને ગટરમાં ઉતરીને આધેડને બહાર કાઢ્યા હતા. આ ઘટનાએ મહાનગરપાલિકાની કામગીરી પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર, આ હાઈવે રોડ હોવા છતાં અહીં લાઈટની પૂરતી વ્યવસ્થા નથી અને ગટર ઉપર ઢાંકણું પણ યોગ્ય રીતે મુકવામાં આવ્યું નહોતું. આધેડ ગટરમાં પડ્યા બાદ, AMC દ્વારા કોઈ કાર્યવાહી ન થતા રસ્તે જતા અન્ય કોઈ વ્યક્તિ ગટરમાં ન પડે તે માટે સ્થાનિક લોકોએ જાતે જ ગટર ઉપર આડશ મૂકીને સલામતીની વ્યવસ્થા કરવી પડી હતી.

## ક્રાઈમ ડાયરી

### કાલુપુરમાં ઘરમાંથી રૂા.૪.૨૫ લાખની મત્તાની ચોરી

સઉદ અરશેગુલ યુસુફભાઈ ચુડીવાલા (રહે. મસ્જિદ ગલી, કાલુપુર ટાવર પાસે, કાલુપુર)એ તા.૧૮/૧૧/૨૦૨૫ના રોજ દરિયાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે કે, તા.૧૫/૧૧/૨૦૨૫ રાતના ૦૯/૦૦થી તા.૧૭/૧૧/૨૦૨૫ કલાક ૦૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા ઈમિટેશન જ્વેલરી કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૨૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.

### વિજ કરંટ લાગતા યુવાનનું મોત

સમીર જીતેન્દ્રભાઈ ભાવસાર (ઉ.વ.૩૦) (રહે. સૃષ્ટિ બાવીશ શ્યામવિલા-૨ નિકોલ) તા.૧૮/૧૧/૨૦૨૫ કલાક ૧૦/૫૦ વાગ્યાના સુમારે સી.જી.રોડ ૨૭ દશાપોરવાડની વાડી જૈન મંદિરની બાજુમાં પેનલનું રીડિંગ કરતા હતા દરમ્યાન વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી છે.

# વિઝા કન્સલ્ટન્સીએ ખેડૂત સાથે રૂા.૮.૫૩ લાખની છેતરપિંડી કર્યાની ફરિયાદ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

ખેડામાં રહેતા ખેડૂતના ભત્રીજાને વિદેશમાં અભ્યાસ માટે એડમિશન અપાવવાનું કહીને વિઝા કન્સલ્ટન્સી દ્વારા ૮ લાખ લેવામાં આવ્યા હતા. જો કે બાદમાં વિઝા રદ થતા કોલેજમાંથી એડમિશન પણ રદ થયું હતું. એડમિશન માટે ભરેલા ફીના ૮.૫૩ લાખ રૂપિયા પરત ન આપીને વિઝા એજન્ટે છેતરપિંડી કરી છે. આ મામલે બોડકદેવ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે. ખેડામાં રહેતા મહેશભાઈ પટેલે બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, તેઓ ખેતીકામ કરે છે. તેમના ભત્રીજા સ્નેહલને અભ્યાસ માટે વિદેશ જવાનું હતું. જેથી તેમણે સાયન્સ સિટી રોડ પર આવેલી ઈગ્નિયોલ વિઝા કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. જેમણે એડમિશન માટે ૩૦ હજાર નોન રિફન્ડેબલ ફી અને એડમિશનના ૮.૫૩ લાખ રૂપિયા ચૂકવવાનું કહ્યું હતું. જે પૈસા મહેશભાઈએ RTGS દ્વારા ટ્રાન્સફર કર્યા હતા. ઈગ્નિયોલ કંપનીની નીચે કામ કરતી LIGMR કંપની દ્વારા સ્નેહલના ઈ-મેઈલમાં ફી ભર્યાની પહોંચ મોકલી અપાઈ હતી. ફી ભર્યાના થોડા સમયમાં સ્નેહલના વિઝા રદ થયા હતા. જેથી એડમિશન પણ રદ થયું હતું. પોલિસી પ્રમાણે એડમિશન ફી ૬૦ દિવસ સુધીમાં પરત આપવાની હોય છે. પરંતુ મહેશભાઈને ફી પરત ન મળી. તેમણે જ્યારે કંપનીમાં સંપર્ક કર્યો ત્યારે તેમને જણાવ્યું હતું કે, વિશાલ બ્રહ્મભટ્ટ કંપનીનો માલિક છે. જેથી મહેશભાઈએ વિશાલનો સંપર્ક કરતાં વિશાલનો ફોન અને ઓફિસ પણ બંધ હતા.

### દેશમાં મજબૂત હાજરી સ્થાપનારી કોફી બ્રાન્ડ્સનું અમદાવાદમાં પ્રવેશ

અમદાવાદ, તા.૧૯

ભારતની સૌથી ઝડપથી વિકસી રહેલી સ્પેશિયલ્ટી કોફી બ્રાન્ડ્સ પૈકીની એક થર્ડ વેવ કોફી એ બે નવા કેફેના લોન્ચ સાથે અમદાવાદ શહેરમાં પ્રવેશ કર્યો છે. શહેરના સૌથી વાઈબ્રન્ટ સ્થળોમાં સ્થાન ધરાવતા સીજી રોડ અને પ્રહલાદનગર ખાતે આવેલા આ કેફેનું લોન્ચિંગ બ્રાન્ડની દેશભરમાં વિસ્તરણ કરવાની યોજનામાં એક મહત્ત્વપૂર્ણ સીમીચિહ્ન છે. અમદાવાદ એરપોર્ટ ખાતે હાલની હાજરી સાથે આ નવા લોન્ચીસ થર્ડ વેવ કોફીની શહેરમાં તથા તેના વેસ્ટર્ન માર્કેટ કલસ્ટરમાં હાજરી વધુ મજબૂત બનાવે છે જેમાં મુંબઈ અને પૂણેનો સમાવેશ થાય છે. મોટા મેટ્રો અને ઉભરતા વિસ્તારોમાં મજબૂત હાજરી સ્થાપનારી થર્ડ વેવ કોફી હવે ૧૨ શહેરમાં ૧૯૫થી વધુ કેફે ચલાવે છે.

### સુદીપ ફાર્મા લિ.નો IPO આવતીકાલે ખૂલશે

અમદાવાદ, તા.૧૯

સુદીપ ફાર્મા લિમિટેડે તેની પ્રથમ પ્રારંભિક જાહેર ઓફર માટે રૂા.૧/- મૂળ કિંમતના ઈક્વિટી શૅર માટે શૅર દીઠ રૂા.૫૬૩થી રૂા.૫૯૩ની કિંમત નક્કી કરી છે. કંપનીનો પ્રારંભિક જાહેર ઓફર શુક્રવાર, ૨૧ નવેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખૂલશે અને મંગળવાર, ૨૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. રોકાણકારો ઓછામાં ઓછા ૨૫ ઈક્વિટી શૅર માટે અને ત્યારબાદ ૨૫ ઈક્વિટી શૅરના ગુણાંકમાં બોલી લગાવી શકે છે. એન્કર બુક ગુરૂવાર, ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ રજૂ થશે. આ IPO રૂા.૯૫ કરોડનો નવો ઈશ્યૂ અને પ્રમોટર અને પ્રમોટર જૂથના વેચાણ શેરધારકો દ્વારા રૂા.૮૦૦ કરોડના ૧૩,૪૯૦,૭૨૬ શૅર માટે ઓફર-ફોર-સેલનું સંયોજન છે.

# વિઝા પડકારો અને અન્ય અવરોધો છતાં યુએસની યુનિવર્સિટીઓમાં ભારતના વિદ્યાર્થીઓની સંખ્યા સૌથી વધુ છે

**યુએસમાં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ભારતનો હિસ્સો હવે લગભગ એક તૃતીયાંશ જેટલો છે. પરંતુ આની પાછળ એક વધુ નાજુક વાસ્તવિકતા છુપાયેલી છે : તે વિઝા કાપ, વધતી જતી OPT નિર્ભરતા અને શૈક્ષણિક મહત્ત્વાકાંક્ષાથી પરિવર્તનને લીધે છે**

(એજન્સી) તા.૧૯

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ટરનેશનલ એજ્યુકેશન (IIE) દ્વારા ઓપન ડોર્સ રિપોર્ટ ૨૦૨૫ અનુસાર, શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫માં, યુનાઈટેડ સ્ટેટ્સમાં રેકોર્ડબ્રેક ૩૬૩,૦૧૯ ભારતીય વિદ્યાર્થીઓ આવ્યા છે, જે પાછલા વર્ષ કરતા ૯.૫% વધુ છે. ભારતીયો હવે યુએસમાં તમામ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓમાં ૩૦.૮% છે અને ભારત સૌથી મોટો સ્ત્રોત દેશ છે. છેલ્લા દાયકામાં, યુ.એસ.માં ભારતીય વિદ્યાર્થીઓની નોંધણી બમણી થઈ ગઈ છે, જે ૨૦૧૪-૧૫માં ૧,૩૨,૮૮૮ હતી જે ૨૦૨૪-૨૫માં વધીને ૩,૬૩,૦૧૯ થઈ ગઈ છે. અંડરગ્રેજ્યુએટ નોંધણી નોંધપાત્ર રીતે વધીને ૨૦૧૪-૧૫માં માત્ર ૧૬,૫૨૧ હતી જે ૨૦૨૪-૨૫માં ૪૦,૧૩૫ થઈ ગઈ છે. દરમિયાન, ૨૦૨૪-૨૫માં સ્નાતક નોંધણીમાં ઘટાડો થયો હતો, જે ૨૦૨૩-૨૪માં આશરે ૧,૯૬,૫૬૭થી ઘટીને ૧,૭૭,૮૯૨ થઈ ગયો હતો. નોન-ડિગ્રી સેગમેન્ટમાં પણ થોડો ઘટાડો જોવા મળ્યો હતો. સૌથી નોંધપાત્ર રીતે, ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) પ્રોગ્રામમાં ભાગીદારીમાં નાટ્યાત્મક વધારો થયો હતો, જે ૨૦૨૩-૨૪માં ૯૭,૫૫૬ વિદ્યાર્થીઓથી ૨૦૨૪-૨૫માં ૪૭.૩% વધીને ૧,૪૩,૭૪૦ થયો હતો. OPT F-1 વિઝા ધરાવતા વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ સંબંધિત ક્ષેત્રમાં યુએસમાં કામ કરવાની તક આપે છે-જે સામાન્ય રીતે ૧૨ મહિના માટે, STEM ડિગ્રી ધારકો માટે ૨૪ મહિના સુધી વધારી શકાય છે. તે ભારતીય વિદ્યાર્થીઓ માટે ખૂબ જ આકર્ષક છે કારણ કે તે અભ્યાસ અને રોજગાર વચ્ચે એક સેતુ પૂરો પાડે છે.



બીજી બાજુ, F-1 વિઝા એ નોન-ઈમિગ્રન્ટ વિઝા શ્રેણી છે જેનો ઉપયોગ મોટાભાગના આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ યુએસમાં અભ્યાસ કરવા માટે કરે છે. તે યુનિવર્સિટીઓ, કોલેજો, હાઈ સ્કૂલો અથવા ભાષા તાલીમ કાર્યક્રમો સહિત શૈક્ષણિક કાર્યક્રમોમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને જારી કરવામાં આવે છે. એકવાર કેમ્પસમાં આવ્યા પછી, F-1 સ્થિતિ તેમને OPT જેવા કાર્ય-અધિકૃતતા મિકેનિઝમ્સ માટે અરજી કરવાની અથવા કેમ્પસમાં મર્યાદિત રોજગારમાં જોડાવાની મંજૂરી આપે છે, પરંતુ વિઝા પોતે મૂળભૂત રીતે અભ્યાસ માટે છે. નવીનતમ ડેટા એક નોંધપાત્ર વલણ દર્શાવે છે : વધુ ભારતીય વિદ્યાર્થીઓ યુએસમાં અંડરગ્રેજ્યુએટ શિક્ષણ મેળવી રહ્યા છે અને વધતી જતી સંખ્યા સ્નાતક થયા પછી OPT દ્વારા રોજગાર શોધી રહી છે. OPT શૈક્ષણિક અભ્યાસ અને વ્યાવસાયિક રોજગાર વચ્ચે એક મહત્વપૂર્ણ સેતુ તરીકે કામ કરે છે, જે ઘણા ભારતીય વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ કમાણીની સંભાવના અને કાયમી નિવાસ માટેના માર્ગો પ્રદાન કરે છે. જો કે, અનેક પડકારો હજુ પણ છે. અહેવાલમાં જણાવાયું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ (ઓક્ટોબર ૨૦૨૩-સપ્ટેમ્બર ૨૦૨૪) દરમિયાન ભારતીય વિદ્યાર્થીઓ માટે F-કેટેગરી વિઝા (F-1 વિદ્યાર્થી વિઝા સહિત) માટે મંજૂરીઓમાં ચિંતાજનક ૩૩.૨% ઘટાડો થયો છે. વિઝા જારી કરવામાં આ ઘટાડો યુ.એસ. ઉચ્ચ શિક્ષણમાં ભારતની વધતી હાજરીમાં અવરોધ છે. ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે, ત્યારે આ વૃદ્ધિ ફક્ત શૈક્ષણિક પ્રવૃત્તિઓને બદલે કાર્ય-સંબંધિત મહત્વાકાંક્ષાઓને લીધે પ્રેરિત છે. વધતા જતાં વિઝા અવરોધો વચ્ચે ભારત-યુ.એસ. શિક્ષણ ક્ષેત્રમાં અનેક અવરોધોનો સામનો કરવો પડી રહ્યો છે.

# સુંદર પિચાઈની ચેતવણી : સિલિકોન વેલી રોકાણમાં તેજી વચ્ચે ‘AI પર આંધળો વિશ્વાસ ન કરવો જોઈએ’

**એક મુલાકાતમાં Googleની પેરેન્ટ કંપની - Alphabetના ભારતીય-અમેરિકન CEOએ નિર્દેશ કર્યો કે AI મોડેલો ‘ભૂલો માટે સંવેદનશીલ’ છે અને તેઓએ વપરાશકર્તાઓને અન્ય સાધનો સાથે તેમને સંતુલિત કરવા વિનંતી કરી છે**

(એજન્સી) તા.૧૯

ગુગલની પેરેન્ટ કંપની Alphabetના વડા સુંદર પિચાઈએ વપરાશકર્તાઓને વિનંતી કરી છે કે AI જે પણ તમને કહે છે તે બધા પર "આંધળો વિશ્વાસ" ન કરવો જોઈએ અને તેઓએ ચેતવણી આપી છે કે જો AI રોકાણનો પરપોટો ફૂટશે તો કોઈ પણ કંપની તેનાથી બચી શકશે નહીં. બીબીસી સાથે ખાસ વાત કરતા, તેમણે AI રોકાણના વિકાસને "અસાધારણ ક્ષણ" ગણાવી પરંતુ સ્વીકાર્યું કે વર્તમાન તેજીમાં અમુક "અતાર્કિકતા" છે. આ જ કારણ છે કે લોકો Google શોધનો પણ ઉપયોગ કરે છે, અને અમારી પાસે અન્ય ઉત્પાદનો છે જે સચોટ માહિતી પ્રદાન કરવામાં વધુ આધાર રાખે છે. પિચાઈએ અન્ય સાધનો સાથે AIને સંતુલિત કરવાના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું કે જ્યારે AI ટૂલ્સ મદદરૂપ થાય છે જો તમે સર્જનાત્મક રીતે કંઈક લખવા માંગતા હો, તો વપરાશકર્તાઓએ તેના માટે આ ટૂલ્સનો ઉપયોગ કરવાનું શીખવું જોઈએ, પણ તે જે કહે છે તેના પર આંધળો વિશ્વાસ ન કરવો જોઈએ. પિચાઈએ કહ્યું કે AI મોડેલો "ભૂલો માટે સંવેદનશીલ" છે, અને કહ્યું કે Google દ્વારા તેના જેમિની ચેટબોટનો ઉપયોગ કરીને શોધમાં "AI મોડ" રજૂ કરવાનો હેતુ વધુ સચોટ માહિતી પહોંચાડવા નિષ્ણાત જેવો અનુભવ પ્રદાન કરવાનો છે. અમને શક્ય તેટલી સચોટ માહિતી આપવા માટે અમે જે કાર્ય કરીએ છીએ તેના પર અમને ગર્વ છે, પરંતુ વર્તમાન અત્યાધુનિક AI ટેકનોલોજી કેટલીક ભૂલો માટે સંવેદનશીલ છે. શું Googleએ સંભવિત AI બજાર મંદીથી મુક્ત રહેશે કે કેમ તે પૂછવામાં આવતા, પિચાઈએ કહ્યું કે ટેક જાયન્ટને આ તોફાનનો સામનો કરવો પડી શકે છે. ભૂતકાળના રોકાણ ચક્ર પર ચિંતન કરતાં, તેમણે કહ્યું કે, "આપણે હાલમાં ઈન્ટરનેટ પર જોઈ શકીએ છીએ. સ્પષ્ટપણે ઘણું વધારે રોકાણ હતું, પરંતુ આપણામાંથી કોઈ પણ પ્રશ્ન કરશે નહીં કે શું ઈન્ટરનેટ ગહન હતું. હું અપેક્ષા રાખું છું કે AI માટે પણ આ સમાન રહેશે. તેથી મને લાગે છે કે તે તર્કસંગત છે કે આવી ક્ષણમાં અતાર્કિકતાના તત્વો પણ છે. પિચાઈએ એ પણ નોંધ્યું કે ચિપ્સથી લઈને યુટ્યુબ ડેટા, મોડેલ્સ અને ફ્રન્ટિયર સાયન્સ સુધીના તેના સંપૂર્ણ ટેકનોલોજી સ્ટેકની માલિકીની ગુગલની વ્યૂહરચના તેને બજારની અશાંતિને વધુ સારી રીતે નેવિગેટ કરવા માટે વધુ સારી સ્થિતિમાં મૂકે છે. આલ્ફાબેટની AI સુપરચિપ્સ, જે Nvidia સાથે સ્પર્ધા કરે છે, અને OpenAI ભાગીદારીમાં તેના રોકાણો, આ ક્ષેત્રમાં કંપનીના મજબૂત પગપેસારાને દર્શાવે છે. CEO એ કહ્યું કે, તમે ઊર્જા પર આધારિત અર્થતંત્રને મર્યાદિત કરવા માંગતા નથી, અને મને લાગે છે કે તેના પરિણામો આવશે. તેમણે નવા ઊર્જા સ્ત્રોતો અને માળખાગત સુવિધાઓની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. AIના ઊર્જા ઉપયોગે આલ્ફાબેટના આબોહવા લક્ષ્યોની પ્રગતિ ધીમી કરી છે, પરંતુ પિચાઈએ ૨૦૩૦ સુધીમાં ચોખ્ખી શૂન્યતા પ્રાપ્ત કરવાની કંપનીની પ્રતિબદ્ધતાની પુષ્ટિ આપી છે. નોકરીઓ પર છૈં ની અસર અંગે, પિચાઈએ તેને "સૌથી ગહન ટેકનોલોજી" ગણાવી જેના પર માનવજાતે કામ કર્યું છે. આપણે સામાજિક વિક્ષેપોમાંથી પસાર થવું પડશે અને AI નવી તકો પણ ઊભી કરશે. તેમણે સમજાવ્યું, "તે ચોક્કસ નોકરીઓ વિકસિત અને સંક્રમિત કરશે અને લોકોને અનુકૂલન કરવાની જરૂર પડશે. જેઓ AIને સ્વીકારે છે તેઓ માટે વધુ સારૂં હશે. તમે શિક્ષક કે ડૉક્ટર બનવા માંગો છો તેનાથી કોઈ ફરક પડતો નથી. પરંતુ જે લોકો તે દરેક વ્યવસાયમાં સારૂં પ્રદર્શન કરશે તે લોકો છે જેઓ આ સાધનોનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખે છે. પિચાઈએ યુકેમાં આલ્ફાબેટના વિસ્તરણ પર આગામી બે વર્ષમાં AI માળખાગત સુવિધાઓ અને સંશોધનમાં £5 બિલિયનના રોકાણની જાહેરાત કરતા કહ્યું કે, અમે યુકેમાં ખૂબ જ નોંધપાત્ર રીતે રોકાણ કરવા માટે પ્રતિબદ્ધ છીએ. આલ્ફાબેટ લંડનમાં ડીપમાઈન્ડ ખાતે "અત્યાધુનિક" સંશોધન વિકસાવવા અને સ્થાનિક રીતે AI મોડેલોને તાલીમ આપવાની યોજના ધરાવે છે અધિકારીઓને આશા છે કે આ પગલું યુકેને યુએસ અને ચીન પછી અગ્રણી AI શક્તિ તરીકે સ્થાન આપશે.



# ‘તે ભારતીય વસ્તીને નફરત કરે છે’ : ટ્રમ્પના પુત્રનો ઝોહરાન મમદાની સામે મોટો દાવો

**એરિક ટ્રમ્પે મીડિયાના વિવેચક સીન હેનિટી સાથેની વાતચીત દરમિયાન આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેમણે દલીલ કરી હતી કે મુખ્ય અમેરિકન શહેરો આક્રમક કટ્ટર-ડાબેરી એજન્ડા તરીકે વર્ણવેલા દ્વારા ફરીથી આકાર પામી રહ્યા છે**

(એજન્સી) તા.૧૯

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા પુત્ર એરિક ટ્રમ્પે ન્યૂ યોર્ક શહેરના આગામી મેયર, ઝોહરાન મમદાની પર તેમની ટીકા વધુ તીવ્ર બનાવી છે અને ભારપૂર્વક જણાવ્યું છે કે ચૂંટાયેલા મેયર ‘ભારતીય વસ્તીને નફરત કરે છે’. ટ્રમ્પે મીડિયાના વિવેચક સીન હેનિટી સાથેની વાતચીત દરમિયાન આ ટિપ્પણી કરી હતી, જ્યાં તેમણે દલીલ કરી હતી કે મુખ્ય અમેરિકન શહેરો આક્રમક કટ્ટર-ડાબેરી એજન્ડા તરીકે વર્ણવેલા દ્વારા ફરીથી આકાર પામી રહ્યા છે. તેમના મતે, આ વૈચારિક પરિવર્તનને કારણે મોટા કોર્પોરેશનો સમાજવાદ સાથે જોડાયેલી નીતિઓ હેઠળ સંઘર્ષ કરી રહ્યા છે. હેનિટી સાથે વાત કરતી વખતે, ટ્રમ્પે ન્યૂ યોર્કના પતન તરીકે જે જુએ છે તેના પર શોક વ્યક્ત કર્યો, ભારપૂર્વક કહ્યું કે આ શહેર એક સમયે ‘વિશ્વનું સૌથી મહાન શહેર’ હતું પરંતુ હવે ‘રાજકારણને કારણે’ તે બિરુદ ધરાવતું નથી. એરિક ટ્રમ્પે ન્યૂ યોર્ક શહેરના ચૂંટાયેલા મેયર ઝોહરાન મમદાની પર ‘ભારતીય વસ્તીને નફરત’ કરવાનો આરોપ લગાવ્યો. ત્યારબાદ તેમણે મમદાનીની ટીકા કરતાં દલીલ કરી કે ડેમોક્રેટિક સમાજવાદીની પ્રાથમિકતાઓ શહેરની જરૂરિયાતથી અલગ છે. તેમણે જાહેર કર્યું કે ન્યૂ યોર્કમાં ‘એક સમાજવાદી... સામ્યવાદી... છે જે કરિયાણાની દુકાનોનું રાષ્ટ્રીયકરણ કરવા માંગે છે અને નેતાન્યાહૂની ધરપકડ કરવા માંગે છે, યહૂદી લોકોને નફરત કરે છે, ભારતીય વસ્તીને નફરત કરે છે.’ ટ્રમ્પ, જે ટ્રમ્પ ઓર્ગેનાઈઝેશનના એક્ઝિક્યુટિવ વાઈસ-પ્રેસિડેન્ટ પણ છે, તેમણે આગ્રહ કર્યો કે ચૂંટાયેલા મેયરને ‘સુરક્ષિત શેરીઓ, સ્વચ્છ શેરીઓ, વાજબી કર’ જાળવવા જેવા સરળ મૂળભૂત બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, જે સૂચવે છે કે શહેર ‘સરકારી હસ્તક્ષેપ વિના’ સફળ થઈ શકે છે. ટ્રમ્પે મમદાનીને ડેમોક્રેટિક ફાયરબ્રાન્ડ એલેક્ઝાન્ડ્રિયા ઓકાસિયો-કોર્ટેઝ સહિત અન્ય પ્રગતિશીલ વ્યક્તિઓ સાથે પણ જોડ્યા અને ન્યૂ યોર્કમાં એમેઝોનના પ્રસ્તાવિત મુખ્યાલયનો વિરોધ કરવાના તેમના નિર્ણયની તેમની લાંબા સમયથી ચાલી આવતી ટીકાને ફરીથી યાદ કરી. તેમણે કહ્યું કે, ‘તેઓ ન્યૂ યોર્ક શહેરમાં હજારોની સંખ્યામાં ઉચ્ચ પગારવાળી નોકરીઓ લાવવાના હતા અને તેમણે તેમને સાવ કૂતરાઓની જેમ બહાર કાઢી મૂક્યા, ખરું ને ?’. ‘આ એક મહાન અમેરિકન શહેરનો નાશ કરશે અને આપણે આને આ દેશમાં ફેલાવવા દઈ શકીએ નહીં,’ તેમણે ભીડને કહ્યું કે, ‘ન્યૂ યોર્ક સિટીના મેયર તરીકે ચૂંટાયેલા એક શાબ્દિક સામ્યવાદી છે.’ આ દરમિયાન, મમદાની ૧ જાન્યુઆરીએ પદ સંભાળશે ત્યારે અનેક ઐતિહાસિક અવરોધો તોડવા માટે તૈયાર છે. એન્ડ્રુ કુઓમો અને કર્ટિસ સ્લિવા પર તેમનો વિજય શહેરના સૌથી ડાબેરી મેયર અને તેના પ્રથમ મેયરનો ઉદય દર્શાવે છે જે પેઢીઓમાં સૌથી વધુ ડાબેરી વલણ ધરાવે છે, દક્ષિણ એશિયન વંશના છે અને આફ્રિકામાં જન્મેલા છે. તેઓ ૧૦૦ વર્ષથી વધુ સમયમાં ન્યૂ યોર્કનું નેતૃત્વ કરનાર સૌથી નાની ઉંમરના વ્યક્તિ બનવા માટે પણ તૈયાર છે. તેમની ચૂંટણી રાત્રિ ઉજવણી દરમિયાન, મમદાનીએ યુએસ રાષ્ટ્રપતિને એક સ્પષ્ટ સંદેશ આપ્યો. તેમણે ઉમેર્યું કે, ‘ડોનાલ્ડ ટ્રમ્પ, કારણ કે હું જાણું છું કે તમે જોઈ રહ્યા છો, મારી પાસે તમારા માટે ચાર શબ્દો છેઃ અવાજ ઉઠાવો,’. તેમણે ઉમેર્યું કે જો કોઈ સ્થાન બતાવી શકે કે ડોનાલ્ડ ટ્રમ્પથી નિરાશ થયેલ રાષ્ટ્ર તેમના પર કેવી રીતે કાબુ મેળવી શકે છે, તો ‘તે શહેર છે જેણે તેમને જન્મ આપ્યો છે.’




# SIR કવાયત : કેરળ અને રાજસ્થાનમાં કામના દબાણને કારણે બે BLOએ આત્મહત્યા કરી હોવાનો આરોપ

**કેરળ અને રાજસ્થાનમાં કાર્યરત બે બૂથ લેવલ ઓફિસરો (BLO)એ મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) સાથે સંકળાયેલા ભારે કામના ભારણને કારણે આત્મહત્યા કરી હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ, બિહાર SIR દરમિયાન, એક સરકારી શાળાના આચાર્ય અને અરાહમાં એક BLOનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું**

(એજન્સી) તા.૧૯

SIR અંગે રાજ્યભરમાં, બૂથ-સ્તરના અધિકારીઓ અથવા BLOsમાં સામાન્ય નિરાશા છે-કામનું દબાણ, વધુ કલાકો અને અવાસ્તવિક લક્ષ્યોએ તેમને હતાશ કરી દીધા છે. કેરળ અને રાજસ્થાનમાં બે આત્મહત્યાઓ, પશ્ચિમ બંગાળમાં મગજના સ્ટ્રોકને કારણે મૃત્યુ અને બૂથ-સ્તરના અધિકારીઓ (BLOs) દ્વારા વિરોધ પ્રદર્શનોએ આ ત્રણ રાજ્યોમાં મતદાર યાદીઓના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા (SIR)ને વિક્ષેપિત કરે છે. SIR અંગે રાજ્યભરમાં, બૂથ-સ્તરના અધિકારીઓ અથવા BLOsમાં સામાન્ય નિરાશા છે-કામનું દબાણ, વધુ કલાકો અને અવાસ્તવિક લક્ષ્યોએ તેમને હતાશ કરી દીધા છે.

૪ નવેમ્બરથી ૧૨ રાજ્યોમાં ગેરકાયદેસર મતદારોને દૂર કરવા માટે SIR કવાયત શરૂ થઈ રહી છે, ત્યારે BLOને મતદારોમાં ગણતરી ફોર્મનું વિતરણ કરવાનું, તેમને એકત્રિત કરવાનું અને એપ્લિકેશન પર ડેટા ડિજિટાઈઝ કરવાનું કામ સોંપવામાં આવ્યું છે. BLO, જે મતદારો માટે સંપર્કનો પ્રથમ બિંદુ છે, તેઓ મોટાભાગે સરકારી કર્મચારીઓ, ખાસ કરીને શિક્ષકો છે. SIR ફરજો કાર્યસ્થળ પર તેમની સામાન્ય જવાબદારીઓ ઉપરાંતનું કામ છે. કામના ભારે દબાણને કારણે ઘણા રાજ્યોમાં વિરોધ પ્રદર્શનો થયા છે. આ ગણતરીનો તબક્કો ૪ ડિસેમ્બરે પૂર્ણ થવાનો છે. એક બૂથ પર ૧,૦૦૦-૧,૨૦૦ મતદારો હોઈ શકે છે. ચૂંટણી પંચ મુજબ, એક BLOએ મતદારો સુધી પહોંચવા માટે ત્રણ પ્રયાસો કરવા પડે છે.

કેરળ અને રાજસ્થાનમાં બે BLOની આત્મહત્યાએ અહીના ક્ષેત્ર અધિકારીઓ માટે SIR કવાયત કઠોર બની ગઈ છે. રવિવારે, જયપુરમાં BLO તરીકે કાર્યરત સરકારી શાળાના શિક્ષક મુકેશ જાંગીડ (૪૫)નું ટ્રેન સામે આવીને આત્મહત્યા કરી. તેમના પરિવારે આરોપ લગાવ્યો કે કામના ભારણ અને સમયમર્યાદાના દબાણને કારણે તેમણે પોતાનું જીવન ટૂંકાવી દીધું. મુકેશના પરિવારે દાવો કર્યો કે તેઓ દિવસમાં ૧૨ કલાક સતત કામ કરતા હતા. મુકેશ પાસેથી મળેલી સુસાઈડ નોટમાં જણાવાયું છે કે તેમના SIR ટાર્ગેટને લઈને તેમના પર દબાણ હતું અને તેમને સસ્પેન્ડ કરવાની ધમકી આપવામાં આવી હતી. તેમણે નોટમાં જણાવ્યું હતું કે તેઓ છેલ્લા કેટલાક દિવસોથી રાત્રે સૂઈ શકતા નથી. તે જ દિવસે, કેરળના કન્નુરમાં ૨,૫૦૦ કિમીથી વધુ દૂર, અન્ય BLO, અનીશ જ્યોર્જ (૪૪) તેમના ઘરે લટકતો મળી આવ્યો હતો. તેમના પરિવારે કારણ એ જ જણાવ્યું હતું-કામ સંબંધિત દબાણ. સરકારી શાળાનો કર્મચારી અનીશ, દેખીતી રીતે તેમના લક્ષ્યને પૂર્ણ કરવા માટે મોડી રાત સુધી કામ કરતો હતો. કેટલાક દિવસોમાં, તેઓ સવારના ૨ વાગ્યા સુધી કામ કરતા હતા. તેમના પર SIR-સંબંધિત ફોર્મ ભરવા અને તેમને તેમના નિયુક્ત વિસ્તારમાં વહેંચવા માટે ભારે દબાણ હતું.

કન્નુર જિલ્લા વહીવટીતંત્રે જણાવ્યું હતું કે અનીશ માટે ફક્ત ૨૨.૫૪% કામ બાકી હતું અને તેમને કોઈ ખાસ લક્ષ્ય, દબાણ અથવા સમયમર્યાદા જારી કરવામાં આવી ન હતી. SIR-સંબંધિત ફરજો અને BLOના કમનસીબ મૃત્યુ વચ્ચે કોઈ જોડાણ સ્થાપિત થયું નથી.

આત્મહત્યા અને કામના ભારણથી ઘણા રાજ્યોમાં ક્ષેત્રના કાર્યકરોમાં ચિંતા છે. કેરળમાં BLO અને ટ્રેડ યુનિયનો દ્વારા વિરોધ પ્રદર્શનો થયા છે, જેમણે SIR પ્રક્રિયા મુલતવી રાખવાની માંગ કરી છે. સોમવારે, સરકારી કર્મચારીઓના ત્રણ મુખ્ય સંગઠનોએ BLO ફરજોનો બહિષ્કાર કર્યો હતો અને વિરોધમાં રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા. આ મુદ્દા પર શાસક ડાબેરી સરકાર અને કોંગ્રેસ વચ્ચે રાજકીય ઝઘડો પણ શરૂ થયો છે. રાજ્ય કોંગ્રેસ એકમે CPI(M) પર અનીશને ધમકી આપવાનો આરોપ લગાવ્યો છે કારણ કે તે ગણતરી પ્રક્રિયા દરમિયાન કોંગ્રેસના બૂથ એજન્ટો સાથે હતો.

પશ્ચિમ બંગાળ BLOs દ્વારા વિરોધ પ્રદર્શન ઉપરાંત SIR સંબંધિત એક અલગ પ્રકારના સંકટનો સામનો કરી રહ્યું છે. ગયા અઠવાડિયે, બંગાળના પૂર્વ વર્ધમાન જિલ્લામાં એક બૂથ-સ્તરીય અધિકારીનું મગજના સ્ટ્રોકથી મૃત્યુ થયું હતું. SIR કવાયત શરૂ થયાના માત્ર પાંચ દિવસ પછી, ૯ નવેમ્બરના રોજ ૫૦ વર્ષીય નમિતા હંસદા તેના ઘરે પડી ગઈ. તેના પરિવારે આરોપ લગાવ્યો કે નમિતા કામના દબાણને કારણે ભારે માનસિક તાણમાં હતી. આ ઘટના પછી રાજ્યભરના ઘણા જિલ્લાઓમાં BLOsને તીવ્ર અને ગેરવાજબી કામના દબાણનો આરોપ લગાવીને વિરોધ પ્રદર્શન કર્યા. BLOsએ જણાવ્યું કે તેમાં સુપરવાઈઝર તરફથી મોડી રાતના સૂચનો અને ડિજિટલ ડેટા એન્ટ્રી માટે અચાનક આદેશો શામેલ હોય છે. આ ઉપરાંત, બંગાળમાં SIR કવાયત દરમિયાન મતદાર યાદીમાંથી બાકાત રહેવાના ભય અને ચિંતાને કારણે છ આત્મહત્યા સહિત નવ મૃત્યુ થયા છે. જો કે, ભાજપે દાવો કર્યો છે કે મૃત્યુ SIR સાથે જોડાયેલા નથી અને શાસક TMC, જે આ કવાયતનો વિરોધ કરી રહી છે, તે લોકોમાં ભય અને ગભરાટનું વાતાવરણ ઊભું કરી રહી છે.



# અયોધ્યામાં ભવ્ય સમારોહ માટે તૈયારીઓ : મોદી ૨૫ નવેમ્બરે રામ મંદિર ખાતે ભગવો ધ્વજ ફરકાવશે

**શુભ અભિજિત મુહૂર્ત માટે આયોજિત આ કાર્યક્રમ મંદિર નગરને રાષ્ટ્રીય કેન્દ્રમાં પરિવર્તિત કરે તેવી અપેક્ષા છે. હજારો મહેમાનો, મહાનુભાવો અને ભક્તો આ દિવસે ભેગા થશે**

(એજન્સી) અયોધ્યા, તા.૧૯

પ્રાણ પ્રતિષ્ઠા પછી અયોધ્યા તેની સૌથી ઉત્સાહી ક્ષણ તરફ આગળ વધી રહ્યું છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૫ નવેમ્બરના રોજ રામ મંદિરની ટોચ પર એક વિશાળ ભગવો ધ્વજ ફરકાવશે, જેમાં ધાર્મિક ભવ્યતા અને ઉચ્ચ તકનીકી ચોકસાઈનું મિશ્રણ હશે. શુભ અભિજિત મુહૂર્ત માટે આયોજિત આ કાર્યક્રમ મંદિર નગરને રાષ્ટ્રીય કેન્દ્રમાં પરિવર્તિત કરે તેવી અપેક્ષા છે. હજારો મહેમાનો, મહાનુભાવો અને ભક્તો આ દિવસે ભેગા થાય છે.

૨૨-બાય-૧૧ ફૂટનો આ ધ્વજ, જેમાં સૂર્ય, ઓમ અને કોવિદાર વૃક્ષના પ્રતીકો છે, તે ૧૬૧ ફૂટના શિખર પર લગાવેલા ૪૨ ફૂટના માસ્તલમાંથી એક ઓટોમેટેડ સિસ્ટમ દ્વારા ઊંચો કરવામાં આવશે અને તેને દસ સેકન્ડમાં ફરકાવશે. ફરકાવતી વખતે મંદિરના ઘંટ અને વૈદિક મંત્રો અયોધ્યામાં ગુંજશે અને ધ્વજ ત્રણ કિલોમીટર દૂરથી પણ જોઈ શકાય તે રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે.

સુરક્ષા અને ભીડ નિયંત્રણની ચિંતાઓને કારણે ૨૫ નવેમ્બર માટે જાહેર દર્શન સ્થગિત કરવામાં આવ્યા છે. ૨૬ નવેમ્બરથી, ભક્તોને ફરીથી પ્રવેશ આપવામાં આવશે. દિવસભર ચાલનારા ઉત્સવોમાં લગભગ ૮,૦૦૦ મહેમાનો આવવાની અપેક્ષા છે, જેમાં મંદિરમાં પ્રથમ રામ-સીતા વિવાહ ઉજવણી પણ થશે. તીર્થ પુરમમાં ૨,૫૦૦ મુલાકાતીઓ માટે તંબુ રહેવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે, જ્યારે અયોધ્યામાં ૫,૦૦૦થી વધુ રૂમ બુક કરવામાં આવ્યા છે. રામ મંદિર ટ્રસ્ટે વ્યવસ્થાનું સંચાલન કરવા માટે આમાંથી ૧,૬૦૦ રૂમ પોતાના નિયંત્રણમાં લીધા છે.



અમદાવાદમાં ટ્રીટેડ નાયલોન પેરાશૂટ ફેબ્રિકમાંથી બનાવેલ આ ધ્વજ ગરમી, વરસાદ અને ભારે પવનનો સામનો કરી શકે છે. તેનું ડબલ-કોટેડ સિન્થેટિક લેયર ભેજ શોષણ અને તાપમાનની અસરો ઘટાડે છે, જ્યારે તેની ઓટોમેટેડ મિકેનિઝમ પુજારીઓને શિખર પર ચઢ્યા વિના આ ધ્વજ બદલવાની સુવિધા આપે છે. ટ્રસ્ટે હજુ સુધી રિપ્લેસમેન્ટ શેડ્યૂલ નક્કી કર્યું નથી.

મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષ નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યું હતું કે અભિજીત મુહૂર્ત પસંદ કરવામાં આવ્યું હતું કારણ કે તે ભગવાન રામના જન્મ સાથે જોડાયેલું છે અને તેમની સાથે જોડાયેલા ધાર્મિક વિધિઓ માટે સૌથી શુભ સમયગાળાઓમાંનો એક છે. રામ-સીતા વિવાહ સમારોહમાં RSS વડા મોહન ભાગવત અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ જેવા નેતાઓ ભાગ લેશે. તીર્થ ક્ષેત્ર પુરમમાં ૧,૬૦૦ મહેમાનો માટે એક ટેન્ટ સિટી લગભગ તૈયાર છે જેમાં ફૂડ કાઉન્ટર, પ્રસાદ સ્ટોલ અને લાઈવ જોવા માટે LED સ્ક્રીન છે.

# ભારત પર 'ફિદાયીન' હુમલા માટે જૈશ-એ-મોહમ્મદે ૬૪૦૦ રૂપિયાના દાનની માગણી કરી

**ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ જે દિલ્હી લાલ કિલ્લાના કાર બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલું છે, તે ભારત પર બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે**

(એજન્સી) તા.૧૯

પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ ભારત સામે બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે. ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું હતું કે, લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ દરમિયાન મળેલા સંકેતો સૂચવે છે કે, જૈશ નેતાઓએ ડિજિટલ માધ્યમો દ્વારા ભંડોળ એકત્ર કરવાની હાકલ કરી હતી, જેમાં સદાપે નામની પાકિસ્તાની એપ્લિકેશનનો સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, તેઓ મહિલાઓ દ્વારા હુમલો કરવાનું કાવતરૂં પણ ઘડી રહ્યા હોઈ શકે છે. જૈશ પાસે પહેલેથી જ 'મહિલા પાંખ' છે; આતંકવાદી વડા મસૂદ અઝહરની બહેન સાદિયાને તે યુનિટનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું, જે પહેલગામ હુમલાના ભારતના લશ્કરી પ્રતિભાવ, ઓપરેશન સિંદૂર પછી સ્થાપવામાં આવ્યું હતું, જેમાં પાકિસ્તાનના બહાવલપુરમાં જૈશના કેમ્પનો નાશ કરવામાં આવ્યો હતો. લાલ કિલ્લા વિસ્ફોટના મુખ્ય શંકાસ્પદોમાંની એક - ડૉ.શાહીના સઈદ જેનું કોડનેમ 'મેડમ સર્જન' હતું અને તે હુમલાને ભંડોળ પૂરું પાડવા માટે જવાબદાર હોઈ શકે છે અને તે યુનિટની સભ્ય હોવાનું કહેવાય છે, જેને જમાતુલ-મુમિનત કહેવામાં આવે છે. 'દાન' માટે હાકલ કરતા જૈશના નેતાઓએ કહ્યું હતું કે, જે કોઈ 'મુજાહિદ' માટે શિયાળાની કીટ પૂરી પાડે છે, (લડવૈયા માટેનો શબ્દ), તો તેને 'જેહાદી' ગણવામાં આવશે. તેવી જ રીતે જે કોઈ 'જેહાદી' માર્યા ગયા પછી તેની સંભાળ રાખે છે' તેને પણ 'જેહાદી' કહેવામાં આવશે. આ 'દાન'ની રકમ ૨૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયા એટલે લગભગ INR ૬૪૦૦ હોવાનું માનવામાં આવે છે અને તેનો ઉપયોગ જૂતા અને ઊનના મોજાં, ગાદલું, તંબુ જેવી વસ્તુઓ ખરીદવા માટે કરવામાં આવશે, જે આતંકવાદીને હુમલો કરતા પહેલા અથવા પછી જરૂર પડી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આનો હેતુ લાલ કિલ્લા સેલ, જેમ કે લાલ કિલ્લા પર હુમલો કરનાર ૧૦ સભ્યોના 'આતંકવાદી ડોક્ટર' સંગઠનને ભંડોળ ઝડપી ટ્રાન્સફર કરવાની સુવિધા આપવાનો પણ છે. આ ડિજિટલ ફંડિંગ નેટવર્કની અલગ તપાસ શરૂ કરવામાં આવી છે. ૧૦ નવેમ્બરના રોજ ઐતિહાસિક માળખા પાસે એમોનિયમ નાઈટ્રેટ બળતણ તેલ અને અન્ય વિસ્ફોટકોથી ભરેલી હ્યુન્ડાઈ i20માં વિસ્ફોટ થતાં પંદર લોકો માર્યા ગયા હતા. કાર ડ્રાઇવર ઉમર મોહમ્મદ ચલાવી રહ્યા હતા, જે વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા હતા. મંગળવારે મોહમ્મદનો એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો હતો, જેમાં તેમણે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટને 'ગેરસમજ' ગણાવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં NDTV દ્વારા પ્રાપ્ત માહિતીમાં J&Kમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદમાં ચિંતાજનક વધારો થવાનો સંકેત મળ્યો હતો. ઈનપુટ્સ સૂચવે છે કે, જૈશ અને લશ્કર-એ-તૈયબા જેવા મુખ્ય જૂથો સંકલિત હુમલાઓની નવા હુમલા માટે એકત્ર થઈ રહ્યા છે. બંને અગ્રણી આતંકવાદી જૂથો છે જેમને પાકિસ્તાની સેના અને તે દેશ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને ટેકો આપવામાં આવે છે. લાલ કિલ્લાના કાર બોમ્બ કેસમાં તપાસ ચાલુ છે, જેમાં ગુપ્તચર સૂત્રોએ દરેક જૂથના તફાવતો સમજાવ્યા, જેમાં તેમની કાર્યકારી શૈલીઓ, નેતૃત્વ માળખાં અને શિક્ષણ પદ્ધતિનો સમાવેશ થાય છે.

# દિલ્હી કાર બ્લાસ્ટના આરોપી મોહમ્મદ ઉમરે હુમલા પહેલા લાલ કિલ્લાના પાર્કિંગમાં બોમ્બ બનાવ્યો હતો

**તપાસકર્તાઓએ અગાઉના તારણો પણ જોયા હતા કે, ફરીદાબાદમાં ૨૯૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોની જપ્તીના સંબંધમાં તેના સાથીઓ મુઝમ્મિલ અને શાહીન બંને ડોક્ટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આરોપી ઉમર ગભરાઈ ગયો હતો, તપાસકર્તાઓ ટૂંક સમયમાં તેના સુધી પહોંચશે તેવું માનીને ઉમરે કથિત રીતે યોજનાને તાત્કાલિક અમલમાં મૂકવાનું નક્કી કર્યું હતું, ત્યારબાદ એક ઝડપી ઓપરેશનલ નિર્ણય લેવામાં આવ્યો અને તે વિસ્ફોટકોને તેના વાહનમાં પેક કરીને દિલ્હીમાં ઘૂસી ગયો હતો**

(એજન્સી) તા.૧૯

દિલ્હી કાર બ્લાસ્ટની તપાસ કરી રહેલી તપાસ એજન્સીઓએ તારણ કાઢ્યું છે કે, આરોપી મોહમ્મદ ઉમરે જેને ઉમર ઉન નબી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે લાલ કિલ્લા પાસે પાર્ક કરેલી જગ્યાએ તેના વાહનની અંદર વિસ્ફોટક બનાવ્યો હતો. તેની ગતિવિધિઓ CCTV ફૂટેજ અને ફોન વિશ્લેષણ દ્વારા ટ્રેક કરવામાં આવી હતી, જેમાં ત્રણ કલાક કારની બારી ખુલી હતી અને તે કારની અંદર રહ્યો હતો. જાહેર કરાયેલા સીસીટીવી ફૂટેજમાં ઉમર બપોરે ૩:૧૯ વાગ્યે સુનહરી મસ્જિદ પાર્કિંગ વિસ્તારમાં પ્રવેશ કરે છે અને ૬:૨૮ વાગ્યે ત્યાંથી નીકળી જાય છે અને વિસ્ફોટ લગભગ ૬:૫૨ વાગ્યે થયો હતો. તપાસકર્તાઓએ નોંધ્યું છે કે, આ સમયગાળા દરમિયાન તે પોતાના વાહનમાંથી બહાર નીકળ્યો ન હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉમર તે સવારે દિલ્હી પહોંચ્યા પછી તેના હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો અને મયુરવિહાર અને કનોટ પ્લેસમાંથી પસાર થતાં પહેલાં સંભવિત લક્ષ્યોની ચર્ચા કરી રહ્યો હતો. શરૂઆતમાં લાલ કિલ્લાનું પાર્કિંગ સ્મારકના પ્રતીકાત્મક મૂલ્યને કારણે પસંદ કરવામાં આવ્યું હતું, પરંતુ સોમવારે કિલ્લો મુલાકાતીઓ માટે બંધ હોવાથી અને પાર્કિંગ લોટ લગભગ ખાલી હોવાથી યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

**અંતિમ લક્ષ્ય કેવી રીતે પસંદ કરવામાં આવ્યું :** તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, લાલ કિલ્લાનું પાર્કિંગ અયોગ્ય માનવામાં આવ્યું, ત્યારે ઉમર અને તેના હેન્ડલર્સે લક્ષ્યને વધુ ભીડવાળા નેતાજી સુભાષ માર્ગ પર નક્કી કર્યું જે લાલ કિલ્લા અને ચાંદની ચોકને જોડે છે. પાર્કિંગ વિસ્તારમાં ત્રણ કલાક દરમિયાન તેણે વિસ્ફોટક ઉપકરણ એસેમ્બલ કર્યું હોવાનું માનવામાં આવે છે. તે તૈયાર થતાં જ તે ગાડી ચલાવીને બહાર નીકળી ગયો અને પસંદ કરેલા વિસ્તારમાં પહોંચ્યા પછી તરત જ તેમાં વિસ્ફોટ કરી દીધો હતો.

# પાકિસ્તાન જેલની બહાર ઈમરાન ખાનની બહેનો સાથે પોલીસ દ્વારા 'અમાનવીય વર્તન' કરવામાં આવ્યું

**આ ઘટના ત્યારે બની જ્યારે પૂર્વ પાકિસ્તાનના વડાપ્રધાનની બહેનોને જેલમાં બંધ ઈમરાન ખાન સાથે સાપ્તાહિક મુલાકાત લેવાનો ઈનકાર કરવામાં આવ્યો અને તેઓએ જેલની બહાર ૧૦ કલાક ધરણા કર્યા હતા**



(એજન્સી) તા.૧૯

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની બહેનો સાથે પાકિસ્તાનની અદિયાલા જેલની બહાર પોલીસ દ્વારા મારપીટ કરવામાં આવી હતી અને તેની સાથે 'હિંસક રીતે અટકાયત' કરવામાં આવી હતી. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના સ્થાપક સાથે સાપ્તાહિક મુલાકાતોનો ઈનકાર કરવામાં આવ્યા બાદ બહેનોએ રાવલપિંડીની જેલની બહાર પડાવ નાખ્યો હતો. પીટીઆઈના સભ્યોએ મંગળવારે જેલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે, તેમને ખાનને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી.

પાર્ટીએ બહેનો અલીમા ખાન, નોરીન નિયાઝી અને ડૉ.ઉઝમા ખાનના વીડિયો પોસ્ટ કર્યા હતા જેમાં તેઓ સ્પષ્ટપણે ડરી ગયેલા દેખાતા હતા. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, તેઓ જેલની બહાર શાંતિથી બેઠેલી હતી જ્યારે જેલ અધિકારીઓ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ખૈબર પખ્તુનખ્વાના સ્થાનિક સરકારના મંત્રી મીના ખાન આફ્રિદી, એમએનએ શાહિદ ખટ્ટક અને ઘણી મહિલાઓ સહિત પાર્ટીના અન્ય કાર્યકરો હિંસાનો ભોગ બન્યા અને પોલીસ દ્વારા તેઓને લઈ જવામાં આવ્યા હતા. ઈમરાન ખાનના કેદી તરીકેના અધિકારો અનુસાર કોર્ટ દ્વારા ફરજિયાત સાપ્તાહિક કૌટુંબિક મુલાકાતોનો ઉપયોગ તેમના પરિવારના સભ્યો અને સમર્થકો સામે જુલમ અને હિંસાના સાધન તરીકે થઈ રહ્યો છે. એક પોસ્ટમાં નોરીન નિયાઝી કહે છે કે, હું ત્યાં ઊભી હતી, મહિલા પોલીસે મને વાળથી પકડીને જમીન પર પછાડી દીધી. તેઓએ મારી સાથે જે કર્યું, હું હજુ પણ સમજી શકતી નથી કે તેઓએ આવું શા માટે કર્યું. મને મારા હાથ અને પગથી ખેંચી લેવામાં આવી. તે કેટલું દુઃખદ છે કે, તેઓ કેટલી હદે ગયા છે. અમે ત્યાં શાંતિથી બેઠા હતા. તે મહિલાઓને રસ્તા પર ખેંચી રહી હતી. તેણીએ કહ્યું કે, નોરીન લગભગ બેભાન થઈ ગઈ હતી કારણ કે, તેણીને ફ્લોર પરથી ખેંચવામાં આવી હતી. અલીમાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેણી અને તેની બહેનોને ઈમરાન સાથે મુલાકાત લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, કારણ કે, અસીમ મુનીરના જાહેરનામા પર હજુ સુધી સહી કરવામાં આવી નથી. પાર્ટીએ ઈમરાન પરિવારના સભ્યો સાથે અમાનવીય, ગેરકાયદેસર અને અપમાનજનક વર્તનની નિંદા કરી છે.



ગુજરાત રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સાથે શુભેચ્છા મુલાકાત દરમિયાન ગીરસોમનાથ જિલ્લા પત્રકાર સંઘના પ્રમુખ મિતેષભાઈ પરમાર, મહેન્દ્ર ટાંક ગીરસોમનાથ જિલ્લા ભાજપ પ્રમુખ ડો.સંજયભાઈ પરમાર, ગીર સોમનાથ જિલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ માનસિંહભાઈ પરમાર હાજર રહ્યા હતા.

# GVAT એમ્નેસ્ટી સ્કીમનો લાભ ટેક્નિકલ ખામીને કારણે ચુકવણી ન કરી શકનાર વેપારીને પણ મળશે : હાઈકોર્ટનો ચુકાદો

**ગ્લિચના કારણે હપ્તાની રકમ ઓછી જમા થવા છતાં સ્કીમનો લાભ ચાલુ રાખવા આદેશ**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

ગુજરાત હાઈકોર્ટે ગુજરાત મૂલ્ય વર્ધિત કર (GVAT) અધિનિયમ, ૨૦૦૩ હેઠળની એમ્નેસ્ટી સ્કીમ ('વેરા સમાધાન યોજના')નો લાભ એવા વેપારીને પણ આપ્યો છે, જે ઓનલાઈન પોર્ટલની 'ઓટોમેટિક' ફરી ગોઠવણના કારણે સ્કીમ હેઠળની પૂરી રકમ સમયસર જમા કરાવી શક્યા ન હતા. જસ્ટિસ ભાર્ગવ ડી. કારિયા અને જસ્ટિસ પ્રણવ ત્રિવેદીની ડિવિઝન બેન્ચે વેપારીની અરજીને ફગાવી દેવાના નિર્ણયને રદ કરતા નોંધ્યું હતું કે બાકીની રકમ ચૂકવવામાં થયેલો વિલંબ માત્ર ઓનલાઈન પોર્ટલની ટેક્નિકલ ખામીઓને કારણે હતો.

ન્યાયાલયે યોજનાનો લાભ લેવાનો વેપારીનો 'સ્પષ્ટ અને અસંદિગ્ધ ઈરાદો' હોવા પર ભાર મૂક્યો હતો અને અવલોકન કર્યું કે, "આ યોજના હેઠળ ચુકવણી કરવામાં થયેલા ૨ દિવસના વિલંબને માફ કરવામાં આવે છે."

ઉલ્લેખનીય છે કે 'વેરા સમાધાન યોજના' ગુજરાત સરકારે વિવિધ વાણિજ્યિક કરવેરા, જેમાં GVAT અધિનિયમ, કેન્દ્રીય વેચાણ વેરો (CST) અધિનિયમ, ૧૯૫૬, વગેરે સંબંધિત લાંબા સમયથી ચાલતા વિવાદોના સમાધાન માટે રજૂ કરી હતી. આ યોજના ૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ શરૂ થઈ હતી અને તેમાં હપ્તામાં ચુકવણીની જોગવાઈ હતી.

કેસની વિગતો મુજબ અરજદાર વેપારીએ સ્કીમ હેઠળ રૂા. ૧૨,૫૦,૨૫૮ની રકમ ચૂકવવાની હતી. તેણે પ્રથમ પાંચ હપ્તાની રકમ નિયમિતપણે ભરી હતી. જોકે, છઠ્ઠા હપ્તા માટે, ઓનલાઈન પોર્ટલે હપ્તાની રકમ માટે રૂા.૧,૦૨,૨૯૩.૮૪ આપમેળે એટલે કે ઓટોમેટિક ચુકવણી માટે ગોઠવી દીધી હતી, જ્યારે નિયત રકમ રૂા.૧,૨૫,૦૨૫.૮ હતી. આના કારણે રૂા. ૩૪,૧૦૨નું ઓછું પેમેન્ટ થયું. વેપારીએ બાકીની રકમ ભરવાના પ્રયાસો કર્યા, પરંતુ ઓનલાઈન પોર્ટલ પર 'E-payment' વિકલ્પમાં ચેતવણી આવતી હતી કે આ ચુકવણી એમ્નેસ્ટી સ્કીમ સાથે મેળ ખાશે નહીં. આખરે, વેપારીએ નિયત તારીખ (૩૧ ઑગસ્ટ, ૨૦૨૧) પછી માત્ર બે દિવસના વિલંબ સાથે, એટલે કે ૨ સપ્ટેમ્બર, ૨૦૨૧ના રોજ, રૂ.૪૦,૫૦૦ની રકમ જમા કરાવી અને અધિકારીને સ્વીકારવા વિનંતી કરી. તેમ છતાં, સેલ્સ ટેક્સ અધિકારીએ અરજી ફગાવી દીધી અને વેપારીનું બેંક એકાઉન્ટ પણ ફ્રીઝ કરી દીધું.

હાઈકોર્ટે તેના અગાઉના પ્રણવ અશોકકુમાર શાહના કેસના નિર્ણયને ટાંક્યો, જ્યાં કોર્ટે કહ્યું હતું કે, "એમ્નેસ્ટી સ્કીમનો હેતુ અને ઉદ્દેશ એવા દૃષ્ટિકોણથી જોવો જોઈએ જે યોજનાના ઉદ્દેશને આગળ ધપાવે, ન કે જે યોજનાને નિરર્થક બનાવી દે અને કરદાતાને લાભ નકારી દે." કોર્ટે સ્પષ્ટ કર્યું કે એમ્નેસ્ટી યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ્ય વિવાદો ઘટાડવાનો અને કરદાતાઓને રાહત આપવાનો છે. ટેક્નિકલ ખામી કે ઓનલાઈન સિસ્ટમની ભૂલને કારણે યોજનાનો લાભ નકારવો એ યોજનાના મૂળભૂત હેતુથી વિપરીત છે. આ અવલોકનોને ધ્યાનમાં રાખીને, હાઈકોર્ટે અરજદાર વેપારીની રીટ પિટિશનને મંજૂર કરી. પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ અરજી રદ કરવાનો આદેશ રદ કર્યો, જેનાથી વેપારીને GVAT એમ્નેસ્ટી સ્કીમનો લાભ મળવાનો માર્ગ મોકળો થયો હતો.

# રાજકોટમાં ખેતલાબાપા મંદિરમાંથી વન વિભાગને બાવન સાપ મળ્યા

**મંદિરના મહંતની અટકાયત બાદ નિવેદન નોંધી જામીન પર મુક્ત કરાયા**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

રાજકોટના ખેતલાબાપા મંદિરમાં સેન્ડબુઆ સાપ રાખવામાં આવ્યા હોવાની વન વિભાગને જાણકારી મળી હતી. જ્યારે વન વિભાગ મંદિરમાં તપાસ માટે પહોંચ્યો તો અંદરથી એક પછી એક સાપના ઢગલા થવા લાગ્યા અને વન વિભાગને મંદિરમાંથી બાવન સાપ મળ્યા. એ હેઠળ મંદિરના મહંતની વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ હેઠળ ગુનો નોંધી અટકાયત કરી, નિવેદન નોંધી જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા. હાલ સાપને જંગલ વિસ્તારમાં છોડવા કામગીરી હાથ ધરવામાં આવી છે. રાજકોટ જિલ્લા વન વિભાગના DCF યુવરાજસિંહ ઝાલાએ મીડિયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે, અમને જાણકારી મળી હતી કે રાજકોટના ગ્રીનલેન્ડ ચોક નજીક ખેતલાબાપા મંદિર



ખાતે કોમન સેન્ડબુઆ, જે રસલ સેન્ડબુઆના નામે પણ ઓળખાય છે, એવા ૫૦થી વધુ સાપ રાખવામાં આવ્યા હતા, જેથી સ્થળ પર પહોંચી તપાસ કરતાં ત્યાંથી ૫૨ જેટલા સાપ મળ્યા હતા. આ સાપ વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ હેઠળ શિડ્યૂલ ૨માં સંરક્ષિત છે. કાયદાકીય સંરક્ષણ મળેલું હોવાથી રાજકોટ રેન્જ દ્વારા ગુનો નોંધાવામાં આવ્યો છે અને મંદિરના મહંત મનુભાઈ દૂધરેજિયા સામે કાયદાકીય કાર્યવાહી કરી તેમનું નિવેદન નોંધી તેમને જામીન પર મુક્ત કરવામાં આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મનુભાઈ દૂધરેજિયાની પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, ખેતલાબાપા મંદિર ધાર્મિક આસ્થા સાથે જોડાયેલું છે. અહીં આ સાપ આવતાં એને મંદિરમાં જ રાખવામાં આવતા હતા. આ ઉપરાંત મંદિરના મહંત દ્વારા તસ્કરી કે કોઈ ચીટિંગ કરવામાં આવતી ન હોવાનું પણ વન વિભાગની તપાસમાં સામે આવ્યું છે. આ તપાસમાં અન્ય કોઈ લોકોની સંડોવણી ખૂલશે તો તેમની સામે પણ ચોક્કસ કાર્યવાહી કરવામાં આવશે. હાલ મહંતને જામીનમુક્ત કરવામાં આવ્યા છે, પરંતુ આગળ જરૂર જણાયે તપાસમાં પૂછપરછ માટે બોલાવવામાં પણ આવી શકશે. હાલ આ તમામ ૫૨ સાપને જંગલ વિસ્તારમાં છોડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# નૌગામ વિસ્ફોટ : નિષ્ણાતો અને નેતાઓએ રહેણાંક પોલીસ સ્ટેશનમાં ૩૦૦૦ કિલો વિસ્ફોટકોનો સંગ્રહ કરવા અંગે પ્રશ્નો ઊઠાવ્યા

(એજન્સી) શ્રીનગર, તા.૧૯

ગીચ વસ્તીવાળા વિસ્તારમાં નૌગામ પોલીસ સ્ટેશનમાં સેમ્પલિંગ દરમિયાન થયેલા વિનાશક વિસ્ફોટ બાદ, સુરક્ષા નિષ્ણાતો અને રાજકીય નેતાઓએ લગભગ ૩૦૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોના સંચાલન અને સંગ્રહ પર ગંભીર પ્રશ્નો ઊઠાવ્યા છે. આ વિસ્ફોટમાં નવ લોકો માર્યા ગયા અને ૩૨ અન્ય ઘાયલ થયા હતા. જમ્મુ અને કાશ્મીરના પૂર્વ પોલીસ વડા એસ.પી. વૈદે જણાવ્યું હતું કે, વિસ્ફોટકો ક્યારેય રહેણાંક વિસ્તારોમાં સંગ્રહિત ન કરવા જોઈએ. સ્થાપિત માર્ગદર્શિકા મુજબ વિસ્ફોટકોને અલગ અને સલામત સ્થળોએ રાખવા જરૂરી છે. મને ખબર નથી કે આ કિસ્સામાં માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવ્યું હતું કે નહીં. સ્ટેશન પર રાખવામાં આવેલું એમોનિયમ નાઈટ્રેટ ખૂબ જ સંવેદનશીલ છે અને સરળતાથી વિસ્ફોટ કરી શકે છે. જો તે પાણી અથવા તણખાના સંપર્કમાં આવે તો તે વિસ્ફોટ કરી શકે છે. તેને સીલ કરતી વખતે પણ વિસ્ફોટ થઈ શકે છે.

આંતરરાજય વ્હાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલનો પર્દાફાશ કર્યા પછી જપ્ત કરાયેલ લગભગ ૨૯૦૦ કિલો એમોનિયમ નાઈટ્રેટ, મૂળ કેસ નોંધાયેલા પોલીસ સ્ટેશનમાં સંગ્રહિત કરવામાં આવ્યું હતું. શનિવારે સાંજે નમૂના લેવા દરમિયાન એક મોટો વિસ્ફોટ થયો, જેનાથી આસપાસનો વિસ્તાર ધ્રુજી ગયો હતો. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે, તપાસ ચાલી રહી છે. અમને અહીં રાખવામાં આવેલા મોટા જથ્થામાં વિસ્ફોટકો, તે કયા સંજોગોમાં લાવવામાં આવ્યા હતા અને સંગ્રહિત કરવામાં આવ્યા હતા અને તેનો કેવી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો તે અંગે જવાબ મળવાની આશા છે.

પીડીપી નેતા ઈલ્તિજા મુફ્તીએ પ્રશ્ન કર્યો કે, ચાર દિવસ સુધી ભીડભાડવાળા વિસ્તારમાં આટલી મોટી માત્રામાં એમોનિયમ નાઈટ્રેટ કેમ સંગ્રહિત કરવામાં આવ્યું હતું. આ પોલીસની બેદરકારી છે. આટલા દિવસો સુધી ગીચ વસ્તીવાળા વિસ્તારમાં પોલીસ સ્ટેશનમાં આટલા મોટા જથ્થામાં વિસ્ફોટકો કેમ રાખવામાં આવ્યા તેની તપાસ થવી જોઈએ. મુફ્તીએ નમૂના લેતી વખતે નાગરિકોની હાજરીની



પણ ટીકા કરતા કહ્યું કે, જ્યારે નાયબ તહસીલદાર સહિત નાગરિકોને એમોનિયમ નાઈટ્રેટ સીલ કરવાનું જાણતા નથી ત્યારે તેમને ત્યાં કેમ લઈ જવામાં આવ્યા ? આ અત્યંત ખતરનાક અને અકસ્માત થવાની સંભાવના હતી. તેણીએ કહ્યું કે, નિર્ણય લેવામાં મોટી ભૂલ થઈ છે.

નેશનલ કોન્ફરન્સના સાંસદ રૂહુલ્લાહ મેહદીએ આ ઘટનાને 'મોટી ભૂલ' ગણાવી અને સંપૂર્ણ તપાસની માંગ કરી. તેમણે કહ્યું કે, અસંવેદનશીલતા અને બિનવ્યાવસાયિકતા સાથે અત્યંત વિસ્ફોટક સામગ્રીને હેન્ડલ કરવાની તપાસ થવી જોઈએ. દરેક સ્તરે જવાબદારી નક્કી થવી જોઈએ. તેમણે સાબિત કરવું જોઈએ કે તે એક આકસ્મિક વિસ્ફોટ હતો અને જો એમ હોય, તો પીડિતો માટે ન્યાયનો અર્થ એ છે કે, જેમની બેદરકારીથી આ દુર્ઘટના સર્જાઈ તે લોકોને જવાબદાર ઠેરવવા જોઈએ.

ભાજપ નેતા રવિન્દ્ર રૈનાએ પણ આ ઘટનાની વિગતવાર તપાસની માંગ કરી હતી.

પીડિતોમાં SIA ઈન્સ્પેક્ટર ૩૭ વર્ષીય અસરાર અહમદ શાહ નિવાસી કુપવાડા; ૩૩ વર્ષીય અરશદ અહમદ શાહ નિવાસી કુલગામ; ૪૦ વર્ષીય જાવેદ મન્સૂર રાથેર, ત્રાલ, પુલવામા; નાયબ તહસીલદાર મુઝફ્ફર અહમદ ખાન, ૩૩ વર્ષીય સોઈબુગ નિવાસી, બડગામ; સુહેલ અહમદ રાથેર, ચોકીદાર નિવાસી નાટીપોરા, શ્રીનગર; દરજી મોહમ્મદ શફીપર્રે, જેમને નમૂના સંગ્રહમાં મદદ કરવા માટે પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યા હતા અને કોન્સ્ટેબલ ઐજાઝ અહમદ, મોહમ્મદ અમીન અને શોકત અહમદ શાહ, શ્રીનગરનો સમાવેશ થાય છે.

# ટ્રમ્પે ફરી એકવાર ભારત-પાકિસ્તાન સંઘર્ષને અટકાવવાનો દાવો કર્યો : કોંગ્રેસે મોદી સરકાર પર સવાલ ઉઠાવ્યા

**ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથેની મુલાકાત દરમિયાન આ દાવાનું પુનરાવર્તન કર્યું હતું, અને કહ્યું કે તેમણે આ યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે**

(એજન્સી) તા.૧૯

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોકવા માટે હસ્તક્ષેપ કર્યો હતો. જો કે, આ દાવાને નવી દિલ્હીએ વારંવાર નકારી કાઢ્યા છે.

**કોંગ્રેસે બુધવારે નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરી હતી :** ટ્રમ્પે વોશિંગ્ટનમાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ફરી એકવાર આ દાવો કર્યો, અને કહ્યું કે તેમણે દક્ષિણ એશિયાના બે પડોશીઓ વચ્ચેના યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે. અમે ભારત અને પાકિસ્તાનને લડતા અટકાવ્યા હતા. આ ટિપ્પણીનો જવાબ આપતા, કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે, ટ્રમ્પના તાજેતરના નિવેદનથી વિવિધ દેશો અને મીડિયા વાતચીતમાં આવા સમાન દાવાઓની લાંબી યાદીમાં ઉમેરો થયો છે. એવું લાગતું હતું કે, તેમના આવા દાવાઓ શાંત થઈ ગયા છે, ત્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી એકવાર દુનિયાને યાદ અપાવ્યું છે અને હવે આવા દાવાઓની સંખ્યા હવે વધીને ૬૦ થઈ ગઈ છે. "ઓપરેશન સિંદૂર" રોકવાનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે અગાઉ બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવા માટે શ્રેય લીધો હતો. રમેશે કહ્યું કે, યુએસ રાષ્ટ્રપતિએ સાઉદી અરેબિયા, કતાર, ઈજિપ્ત, યુકે, નેધરલેન્ડ, જાપાન અને અન્યત્ર આ વાર્તાનું પુનરાવર્તન કર્યું હતું. વોશિંગ્ટન બેઠક દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે, તેમણે "વાસ્તવમાં આઠ યુદ્ધો રોકી દીધા છે" અને સૂચવ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું એક યુદ્ધ બાકી છે. આ ઘટનાઓના પોતાના સંસ્કરણની વિગતો આપતા, તેમણે કહ્યું કે શાંતિ પ્રયાસો ટેલિફોન પર અથવા સીધા ઓવલ ઓફિસમાં થયા છે. ટ્રમ્પ ૧૦ મેથી આ દાવાનું પુનરાવર્તન કરી રહ્યા છે, જ્યારે તેમણે પહેલીવાર સોશિયલ મીડિયા પર જાહેરાત કરી હતી કે ભારત અને પાકિસ્તાન વોશિંગ્ટન દ્વારા વાટાઘાટો પછી "તાત્કાલિક યુદ્ધવિરામ" માટે સંમત થયા છે. જો કે, આ નિવેદન ભારતે તરત જ નકારી કાઢ્યું હતું, ભારપૂર્વક જણાવ્યું હતું કે, કોઈ તૃતીય-પક્ષ મધ્યસ્થી થઈ નથી.

# શ્રીનગર પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં મૃતકો પૈકી કાશ્મીરી દરજી પણ સામેલ છે : તે ત્યાં શું કરી રહ્યા હતા

**મોહમ્મદ શફી ઘણીવાર પોલીસ માટે યુનિફોર્મ સીવતા હતા, તે દિવસે એક વધુ અસામાન્ય કાર્ય માટે તેમની જરૂર હતી**

(એજન્સી) તા.૧૯

દરેક દિવસની જેમ ૧૪ નવેમ્બરની સવારે મોહમ્મદ શફીપર્રે શ્રીનગરની બહાર કાશ્મીરના નૌગામમાં તેમની દરજીની દુકાને જવા નીકળ્યા હતા. ટૂંક સમયમાં જ ૫૦ વર્ષીય આ વ્યક્તિને સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાનું કહેવામાં આવ્યું હતું. દુકાનની નજીક રહેતા પેરેના ભત્રીજા ઝહૂર અહમદ પર્રેએ સ્ક્રોલને જણાવ્યું કે, સવારે લગભગ ૯ વાગ્યે નજીકના નૌગામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમને તેમના સીવણ મશીન અને અન્ય સાધનો સાથે સ્ટેશન લઈ ગયા, મેં તેમના પુત્રને જાણ કરી. મેં તેમને ચિંતા ન કરવા કહ્યું. તેમના પરિવારના સભ્યો માટે પોલીસ સ્ટેશનમાં સમન્સ અંગે 'ચિંતા' ન હતી કારણ કે, આ દરજીનો પોલીસ સાથે 'કાર્યકારી સંબંધ' હતો.

ઝહૂર પેરેએ કહ્યું કે, પોલીસ સ્ટેશનના અધિકારીઓ માટે તેમની સેવાઓનો લાભ લેવો અસામાન્ય વાત નથી. તેઓ તેમને યુનિફોર્મ સીવવાનું કહેતા અને તેમના કાકાને તેમના કામ માટે પૈસા ચૂકવવામાં આવતા હતા. તે દિવસે શફી પેરેને ૧૦ નવેમ્બરના રોજ નવી દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્ફોટના કાવતરાખોરો પાસેથી મળેલી વિસ્ફોટક સામગ્રી સંગ્રહ કરવા માટે કાપડની થેલીઓ સીવવા માટે બોલાવવામાં આવ્યા હતા.

આ વિસ્ફોટના કલાકો પહેલા જમ્મુ અને કાશ્મીર પોલીસે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને કાશ્મીર સ્થિત અંસાર ગઝવત-ઉલ-હિંદ સાથે જોડાયેલા 'ટ્રાન્સનેશનલ ટેરર મોડ્યુલ'નો પર્દાફાશ કર્યો હતો. પોલીસ તપાસ પછી દેશભરમાંથી સાત કાશ્મીરીઓની ધરપકડ કરવામાં આવી હતી અને એમોનિયમ નાઈટ્રેટ સહિત ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો અથવા IED બનાવવા માટે વપરાતી ૨૯૦૦ કિલો સામગ્રી મળી આવી હતી. નૌગામ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયેલ હોવાથી, તપાસકર્તાઓએ જપ્ત કરાયેલ પદાર્થ પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત રાખ્યો હતો.

શફી પર્રેએ દિવસનો મોટાભાગનો સમય પોલીસ સ્ટેશનમાં વિતાવ્યો, જો કે, તે શુક્રવારની નમાઝ માટે તેના ઘરે અને તેની મસ્જિદમાં આવતો જતો હતો. સાંજે તે ચા પીવા ઘરે આવ્યો, બાદમાં તે ગરમ કપડાં લેવા અને ફરીથી પોલીસ સ્ટેશન જતા પહેલા રાત્રિભોજન કરવા ઘરે આવ્યો હતો. તેની પુત્રીએ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ તેને ફોન કર્યો, પૂછ્યું કે તે ક્યારે પાછો આવશે. ત્યારે તેણે તેણીને કહ્યું કે, તે એક કલાકમાં પાછો આવશે. વીસ મિનિટ પછી શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનની અંદર એક મોટો વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં નવ લોકોનાં મોત થયા હતા, જેમાં પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ત્રણ-ત્રણ કર્મચારીઓ, બે મહેસૂલ અધિકારીઓ અને પેરે, જે આ ટીમ સાથે સંકળાયેલા હતા તેમનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ જપ્ત કરાયેલ સામગ્રીના નમૂના લઈ રહ્યા હતા ત્યારે 'આકસ્મિક વિસ્ફોટ' થયો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસના વડા નલિન પ્રભાતે કહ્યું કે, આ ઘટનાના કારણ અંગે અન્ય કોઈપણ અટકળો બિનજરૂરી છે, તેમણે વિસ્ફોટ હુમલાને કારણે થયો હોવાની શક્યતાને નકારી કાઢી છે.

કાશ્મીરમાં પોલીસ સ્ટેશનો માટે પડોશમાં ઈલેક્ટ્રિશિયન, લાઈનમેન અને દરજીઓની સેવાઓનો ઉપયોગ કરવો અસામાન્ય નથી. જો કે, હાઈ-પ્રોફાઈલ કેસમાં સંવેદનશીલ વિસ્ફોટકોનો સામનો કરવા માટે નાગરિકને નોકરી પર રાખવું અસામાન્ય નથી. આ વિસ્ફોટ પછી પેરેનો પરિવાર તેમના ઘરથી લગભગ ૩૦૦ મીટર દૂર પોલીસ સ્ટેશને દોડી ગયો. આખું પોલીસ સ્ટેશન આગમાં લપેટાઈ ગયું હતું. બિલાલ અહમદ પેરે યાદ કરે છે કે, મારા મનમાં ફક્ત મારા પિતાની ચિંતા હતી. તેમણે પોલીસ સ્ટેશનના સળગતા પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ અધિકારીઓએ તેમને અટકાવ્યા.

ઘણા ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હોવાથી પેરેના પરિવારે તેમને ઘણી ખાનગી તેમજ સરકારી સુવિધાઓમાં શોધ્યા. ૧૫ નવેમ્બરની સવારે જ્યારે તેઓ જમ્મુ અને કાશ્મીર પોલીસના કંટ્રોલ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમની શોધખોળનો અંત આવ્યો હતો. સવારે લગભગ ૫:૩૦ વાગ્યે એક પોલીસ વાહન પીસીઆરની બહાર આવ્યું અને મોહમ્મદ શફી પેરેના પરિવાર વિશે પૂછ્યું. તેઓએ તેમને તેમના નામની રસીદ પરથી ઓળખી કાઢ્યા. તેમને તે તેમના શર્ટના ખિસ્સામાંથી મળી આવી હતી. દરજીનો મૃતદેહ ઓળખી શકાયો ન હતો. તેમનો મૃતદેહ સંપૂર્ણપણે બળી ગયો હતો અને તેમના પગ ગાયબ હતા.

નૌગામના શંકરપોરા વાંબલ વિસ્તારમાં પેરેનું ઘર ઓળખવું મુશ્કેલ નથી. યુવાન શોકગ્રસ્તો અને વૃદ્ધ સંબંધીઓ તેમના ઘરની બહાર ભેગા થાય છે અને તેઓ જેને ખૂબ સારી રીતે ઓળખતા હતા. એક યુવકે કહ્યું કે, તે એવી વ્યક્તિ હતી જે કોઈને પણ મદદની જરૂર હોય ત્યારે પણ તેને મદદ કરતો.

શફી પેરે આ વિસ્તારમાં ઘણી ભૂમિકાઓ ભજવી હતી. મસ્જિદમાં સ્વયંસેવક હોવા ઉપરાંત પેરે એક બાંયધરી આપનારનું કામ પણ કરતો અને મૃતકોને અંતિમ ધાર્મિક સ્નાન કરાવતો. તેઓ કહે છે કે, અમારા આખા વિસ્તારમાં જો કોઈ મૃત્યુ પામે તો તે કફન સીવતો હતો. તેના પરિવાર માટે એકમાત્ર કમાનાર, પેરેના પરિવારમાં તેની પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. તેમના કોઈપણ બાળકો પરિણીત નથી અને તેમાંથી કોઈ હજુ સુધી સ્થાયી થયું નથી.

દરજીના મોટા ભાઈ મોહમ્મદ યુસુફ પર્રેએ કહ્યું કે, પેરેએ નાની ઉંમરે જ ટેલરિંગ શીખવાનું શરૂ કરી દીધું હતું. દશકાઓ સુધી કામ કરવા છતાં પેરે પોતાની દુકાન ખરીદી શક્યો નહીં. તેણે જે દુકાનમાં કામ કરતો હતો તે ભાડે રાખી હતી. તેણે પોતાની બધી બચત પરિવારના ગુજરાન ચલાવવા અને બાળકોને શિક્ષણ આપવામાં લગાવી દીધી.

આ મૃત્યુથી પરિવાર માટે ભાવનાત્મક જ નહીં પણ આર્થિક ખાલીપો પણ સર્જાયો છે. તેમના ત્રણ બાળકોમાંથી ફક્ત તેમની ૨૪ વર્ષની પુત્રીએ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. પરંતુ તે હજુ પણ બેરોજગાર છે. તેનો મોટો દીકરો દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરે છે, નાનાને હજુ સુધી નોકરી મળી નથી. તેમના પુત્ર બિલાલ અહમદે કહ્યું કે, અમને ખબર નથી કે અમે તેમના વિના કેવી રીતે જીવીશું.

૧૬ નવેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીર સરકારે પોલીસ સ્ટેશન વિસ્ફોટમાં માર્યા ગયેલા નવ લોકોના પરિવારોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે પણ પરિવાર કહે છે કે, તે પૂરતું નથી. મારા ભાઈ સિવાય મૃત્યુ પામેલા અન્ય લોકો સરકારી કર્મચારી હતા. તેમના પરિવારોએ પણ તેમના પ્રિયજનો ગુમાવ્યા છે પરંતુ તેઓ જાણે છે કે, તેમના વિભાગો તેમના સંબંધીઓ અને તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખશે. અમે ઈચ્છીએ છીએ કે, સરકાર ઓછામાં ઓછા પર્રેના પરિવારના એક સભ્યને નોકરી આપે.

## મણિનગર રેલવે સ્ટેશન પાસે ટ્રેન નીચે પડતું મૂક્યું !

# પેટ્રોલ પંપના કર્મચારીએ પોતાના સાહેબ વગેરેના ત્રાસથી કંટાળી આત્મહત્યા કરી

**મૃતકની સુસાઈડ નોટમાં ઘટસ્ફોટ, પરિજનોનો મૃતદેહ સ્વીકારવા ઈન્કાર**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૧૯

અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા અને પેટ્રોલપંપમાં નોકરી કરતા યુવકે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી આત્મહત્યા કરી લીધાનો બનાવ સામે આવ્યો છે. મૃતકના કબજામાંથી એક સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં તે જ્યાં નોકરી કરતો હતો ત્યાંના સાહેબ રશ્મિત સિંહ અને હાર્દિક પટેલના ત્રાસને કારણે જિંદગી ટૂંકાવી રહ્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. મૃતક યુવાને પોતાની પત્નીને ન્યાય અપાવવા સુસાઈડ નોટમાં વિનંતી કરી છે. પરિવારજનોએ ન્યાયની માગ સાથે મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કર્યો છે. તો બીજી તરફ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી સુસાઈડ નોટને FSL મોકલવા તજવીજ હાથ ધરી છે. અમદાવાદ શહેરના વસ્ત્રાલ વિસ્તારમાં રહેતા કિરીટ પંચાલ નામના યુવકે ૧૮મી નવેમ્બરે સાંજના સમયે મણિનગર રેલવે સ્ટેશન પર ટ્રેન હેઠળ પડતું મૂકી જિંદગી ટૂંકાવી લીધી હતી. ઘટનાના પગલે તપાસ માટે પહોંચેલી પોલીસને એક સુસાઈડ નોટ મળી આવી છે. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મરનારની સ્યુસાઈડ નોટને લઈ ચર્ચા તેજ બની છે. કિરીટ પટેલની આત્મહત્યા બાદ તેના કબજામાંથી જે સુસાઈડ નોટ મળી આવી છે એમાં લખ્યું છે કે "હું પંચાલ કિરીટ કુમાર હેમરાજભાઈ મરવા જઈ રહ્યો છું. મારા ઘરે દીકરી હોવા છતાં મારે મરવું પડે એમ છે. હું મારા સાહેબના ત્રાસથી મરી રહ્યો છું. મારા સાહેબનું નામ રશ્મિત સિંઘ ગુરૂદત્ત છે અને એક બીજા ભાઈ હાર્દિકભાઈ પટેલ છે, જે વાઈડ એંગલના બિલ્ડિંગના છે. જે ભાઈ પૈસા માટે મને રોજ ટોર્ચર કરે છે અને બીજા સાહેબ મારા પર ટોર્ચર કરે છે. મને ઓફિસમાં લઈ જઈને પટ્ટાથી માર પણ માર્યો હતો અને હવે આજે મારી પાસે કોઈ રસ્તો રહ્યો નથી. મારી પત્નીને ન્યાય અપાવવા વિનંતી. આપનો - કિરીટ કિરીટ પટેલની આત્મહત્યા મામલે તેના સાળી જાનકી પંચાલે જણાવ્યું હતું કે કાલે જે ઘટના બની હતી એ મારા જીજાજી થાય. કાલે મણિનગરમાં રેલવે સ્ટેશન પર આ ઘટના બની છે. તેમના પેટ્રોલપંપ વાળા તેને માનસિક-શારીરિક ટોર્ચર કરતા હતા. અમારી એટલી જ માગ છે કે આગળની કાર્યવાહી ઝડપી કરી અમને ન્યાય મળે. પેટ્રોલપંપ વાળા છે તે ઘરવાળાને પણ મારવાની ધમકી આપતા હતા એટલે મારા જીજાજીએ અંતિમ પગલું ભર્યું છે. મારા જીજાજીને ઓફિસમાં પટ્ટાથી માર મારવામાં આવ્યો હતો. મૃતકના સાળા મહેલુ પંચાલે જણાવ્યું હતું કે જ્યાં સુધી અમને ન્યાય નહીં મળે ત્યાં સુધી અમારે કોઈ અંતિમસંસ્કાર કરવાની કાર્યવાહી નથી કરવી. વધુમાં જણાવ્યું હતું કે મારા જીજાજીના કંપનીના મેનેજર અમારા ઘરની આસપાસ ૩થી ૪ વાગ્યાની વચ્ચે આંટાફેરા મારી રહ્યા હતા. મારા જીજાજીએ સુસાઈડ કર્યું એની જાણ અમને ૩:૪૮ વાગ્યે થઈ હતી અને કંપનીના મેનેજર વગેરે અમારા ઘર એના પછી આવ્યા હતા. લગભગ ૩:૫૭ વાગ્યાની આસપાસ એ લોકો આવ્યા હતા. અને પૈસાની લેતીદેતી બાબતે ફેમિલીને ધમકી આપી હતી. ખોખરા PI બી. પી. સાવલિયાએ જણાવ્યું હતું કે આપઘાત મામલે હાલ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. સુસાઈડ નોટ પણ મળી આવી છે, જેને FSLમાં મોકલી તપાસ કરવામાં આવશે. તપાસના અંતે પુરાવા મળશે તો જવાબદાર સામે ગુનો નોંધવામાં આવશે.

## કોડીનાર તાલુકા કો-ઓપરેટીવ બેન્કિંગ યુનિયન ખેડૂતોની વ્હારે

# કોડીનારમાં ખેડૂતોને શૂન્ય ટકા વ્યાજે ધિરાણ આપવાની જાહેરાતથી ખુશીની લહેર

(સંવાદદાતા દ્વારા) કોડીનાર, તા.૧૯

કોડીનાર તાલુકામાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદને કારણે ખેડૂતોને ભારે નુકસાનીનો સામનો કરવો પડ્યો છે. ખેતરોમાં તૈયાર થયેલા મગફળી, સોયાબીન સહિતના ખરીફ પાકોને મોટા પાયે નુકસાન થયું છે, અને મોટાભાગનો પાક સંપૂર્ણપણે નાશ પામ્યો છે. ખેડૂતોની કફોડી પરિસ્થિતિથી વ્યથિત થઈને પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકીએ તાત્કાલિક કોડીનાર તાલુકા કો-ઓપરેટીવ બેકિંગ યુનિયન લી.ના ચેરમેન પ્રતાપસિંહ એસ. ડોડીયા અને તમામ બોર્ડ ઓફ ડિરેક્ટર સાથે બેઠક કરી હતી. તેમણે બેંક દ્વારા આ કપરી પરિસ્થિતિમાં ખેડૂતોને મહત્તમ મદદરૂપ થવા માટે બેંકના બોર્ડ ઑફ ડિરેક્ટરને અનુરોધ કર્યો હતો. આ અનુરોધના પગલે, બેંકના ચેરમેન પ્રતાપસિંહ એસ. ડોડીયાએ બોર્ડ ઓફ ડિરેક્ટર સાથે બેઠક યોજીને આજે યુનિયન બેંક ખાતે કોડીનાર તાલુકાના અગ્રણી શીવાભાઈ સોલંકીની અધ્યક્ષતામાં એક મહત્ત્વનો નિર્ણય જાહેર કર્યો હતો. કોડીનાર તાલુકાના મુખ્ય પાક એવા શેરડીના બિયારણની ખરીદી માટે કોડીનાર તાલુકા કો-ઓપરેટીવ બેંક સાથે જોડાયેલી સંયોજિત મંડળીઓના સભાસદ ખેડૂતોને સભાસદ દીઠ રૂા.૧૦,૦૦૦ (દસ હજાર રૂપિયા) સુધીનું ધિરાણ શૂન્ય ટકા (0%)ના વ્યાજ દરે આપવાનો નિર્ણય લેવાયો છે.આ નિર્ણયથી ખેડૂતોને આવનારી સીઝનમાં વાવેતર કરવા માટે મોટો સહારો મળશે અને તેઓ વિના વ્યાજે શેરડી સહિતના પાકોનું બિયારણ ખરીદી શકશે.


UNIMONI FINANCIAL SERVICES LIMITED
RO: N.G. 12 & 13 Ground Floor, North Block, Manipal Centre, Dickenson Road, Bangalore - 560 042. CIN No. U85110KA1995PLC018175

PUBLIC NOTICE

જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ગીરવે મૂકેલા સોનાના આભૂષણોની હરાજી યુનિમોની ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ દ્વારા 24.11.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે નીચે આપેલા સંબંધિત કેન્દ્રો પર કરવામાં આવશે. હરાજી કરવાના સોનાના આભૂષણો અમારા વિવિધ ગ્રાહકોના લોન ખાતાઓના છે જેમણે તેમના બાકી લેણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. હરાજીની અમારી સૂચનાઓ આ દેવાદારોને યોગ્ય રીતે જારી કરવામાં આવી છે. હરાજી કરવાના સોનાના આભૂષણો નીચે દર્શાવેલ શાખાના નામ સાથે અમારા વિવિધ ગ્રાહકોના ઓવરડ્યુ લોન ખાતાઓના છે.

Auction Centre Address & Loan Nos: RAJKOT (RKT - First Floor, Mavdi Main Road above Shiv Shakti Provision Stopp Vishveshwar Mkt, Rajkot -360004, Contact: 9328546201) 2152971. BHUJ (BHU - BUILDING NO 11/3 (7), NR GATENO 6 , BANKERS COLONY, BHAKTIDHAM , BHUJ-370001,Contact No. 9824249625) 2201092, 2194957.

(Reserves the right to alter the number of accounts to be auctioned &/ postpone / cancel the auction without any prior notice)

# ભારત પર 'ફિદાયીન' હુમલા માટે જૈશ-એ-મોહમ્મદે ૬૪૦૦ રૂપિયાના દાનની માગણી કરી

**ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ જે દિલ્હી લાલ કિલ્લાના કાર બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલું છે, તે ભારત પર બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે**

(એજન્સી) તા.૧૯

પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ ભારત સામે બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે. ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું હતું કે, લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ દરમિયાન મળેલા સંકેતો સૂચવે છે કે, જૈશ નેતાઓએ ડિજિટલ માધ્યમો દ્વારા ભંડોળ એકત્ર કરવાની હાકલ કરી હતી, જેમાં સદાપે નામની પાકિસ્તાની એપ્લિકેશનનો સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, તેઓ મહિલાઓ દ્વારા હુમલો કરવાનું કાવતરૂં પણ ઘડી રહ્યા હોઈ શકે છે. જૈશ પાસે પહેલેથી જ 'મહિલા પાંખ' છે; આતંકવાદી વડા મસૂદ અઝહરની બહેન સાદિયાને તે યુનિટનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું, જે પહેલગામ હુમલાના ભારતના લશ્કરી પ્રતિભાવ, ઓપરેશન સિંદૂર પછી સ્થાપવામાં આવ્યું હતું, જેમાં પાકિસ્તાનના બહાવલપુરમાં જૈશના કેમ્પનો નાશ કરવામાં આવ્યો હતો. લાલ કિલ્લા વિસ્ફોટના મુખ્ય શંકાસ્પદોમાંની એક - ડૉ.શાહિના સઈદ જેનું કોડનેમ 'મેડમ સર્જન' હતું અને તે હુમલાને ભંડોળ પૂરૂં પાડવા માટે જવાબદાર હોઈ શકે છે અને તે યુનિટની સભ્ય હોવાનું કહેવાય છે, જેને જમાતુલ-મુમિનત કહેવામાં આવે છે. 'દાન' માટે હાકલ કરતા જૈશના નેતાઓએ કહ્યું હતું કે, જે કોઈ 'મુજાહિદ' માટે શિયાળાની કીટ પૂરી પાડે છે, (લડવૈયા માટેનો શબ્દ), તો તેને 'જેહાદી' ગણવામાં આવશે. તેવી જ રીતે જે કોઈ 'જેહાદી' માર્યા ગયા પછી તેની સંભાળ રાખે છે' તેને પણ 'જેહાદી' કહેવામાં આવશે. આ 'દાન'ની રકમ ૨૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયા અથવા લગભગ INR ૬૪૦૦ હોવાનું માનવામાં આવે છે અને તેનો ઉપયોગ જૂતા અને ઊનના મોજાં, ગાદલું, તંબુ જેવી વસ્તુઓ ખરીદવા માટે કરવામાં આવશે, જે આતંકવાદીને હુમલો કરતા પહેલા અથવા પછી જરૂર પડી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આનો હેતુ આતંકવાદી સેલ, જેમ કે લાલ કિલ્લા પર હુમલો કરનાર ૧૦ સભ્યોના 'આતંકવાદી ડોક્ટર' સંગઠનને ભંડોળ ઝડપી ટ્રાન્સફર કરવાની સુવિધા આપવાનો પણ છે. આ ડિજિટલ ફંડિંગ નેટવર્કની અલગ તપાસ શરૂ કરવામાં આવી છે. ૧૦ નવેમ્બરના રોજ ઐતિહાસિક માળખા પાસે એમોનિયમ નાઈટ્રેટ બળતણ તેલ અને અન્ય વિસ્ફોટકોથી ભરેલી હ્યુન્ડાઈ i20માં વિસ્ફોટ થતાં પંદર લોકો માર્યા ગયા હતા. કાર ડ્રાઇવર ઉમર મોહમ્મદ ચલાવી રહ્યા હતા, જે વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા હતા. મંગળવારે મોહમ્મદનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો હતો, જેમાં તેમણે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટને 'ગેરસમજ' ગણાવ્યો હતો. આ મહિનાની શરૂઆતમાં NDTV દ્વારા પ્રાપ્ત માહિતીમાં J&Kમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદમાં ચિંતાજનક વધારો થવાનો સંકેત મળ્યો હતો. ઈનપુટ્સ સૂચવે છે કે, જૈશ અને લશ્કર-એ-તૈયબા જેવા મુખ્ય જૂથો સંકલિત હુમલાઓની નવા હુમલા માટે એકત્ર થઈ રહ્યા છે. બંને અગ્રણી આતંકવાદી જૂથો છે જેમને પાકિસ્તાની સેના અને તે દેશ દ્વારા ભંડોળ પૂરૂં પાડવામાં આવે છે અને ટેકો આપવામાં આવે છે. લાલ કિલ્લાના કાર બોમ્બ કેસમાં તપાસ ચાલુ હોવાથી ગુપ્તચર સૂત્રોએ દરેક વચ્ચેના તફાવતો સમજાવ્યા, જેમાં તેમની કાર્યકારી શૈલીઓ, નેતૃત્વ માળખાં અને શિક્ષણ પદ્ધતિનો સમાવેશ થાય છે.

# ખંભાતની શાળામાં થોડા મોડા પડ્યા તો આચાર્યએ બાળકોને કડકડતી ઠંડીમાં બહાર બેસાડી રાખ્યા; ભારે હોબાળો થયો

## વાલીઓએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને રજૂઆત કરી

## વાલીએ વીડિયો ઉતારવાનું શરૂ કરતાં આચાર્યએ મોબાઈલ ઝૂંટવી લીધો


(તસવીર : બુરહાન પઠાણ, આણંદ)



(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૧૯

આણંદના ખંભાતની એસ.બી. વકીલ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલનાં આચાર્યની દાદાગીરી સામે આવી છે, શાળામાં એક મિનીટ મોડા પડેલા વિદ્યાર્થીઓને કડકડતી ઠંડીમાં શાળાની બહાર બેસાડી રાખી તેમજ વાલીએ તેનો વીડિયો ઉતારતા આચાર્યાએ વીડિયો ખુંચવી લઈ ઝપાઝપી કરતા આ બનાવ અંગે વાલીએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત ફરિયાદ આપતા ચકચાર મચી જવા પામી છે. ખંભાત શહેરમાં પાંચ હાટડી વિસ્તારમાં રહેતા મલેક અનવરહુશેનની દિકરી સાગ્નીનીબાનું ધોરણ ૩માં અને ભત્રીજો મોહંમદ બિલાલ ધોરણ ૪માં ખંભાત શહેરની એસ.બી વકીલ ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં અભ્યાસ કરે છે, આજે સવારે ૭.૨૮ કલાકે અનવરહુશેન પોતાની દિકરી અને ભત્રીજાને શાળામાં મૂકવા ગયેલા જેઓ એક મિનીટ શાળામાં મોડા પડ્યા હતા. તેઓ દિકરી અને ભત્રીજાને શાળામાં મુકી પરત ઘરે ગયા હતા. અનવરહુશેનનાં ઘરે ગયા બાદ શાળાનાં આચાર્યાએ આઠ વર્ષની માસુમ સાગ્નીન અને નવ વર્ષનાં માસુમ મોહંમદ બિલાલને શાળામાં વર્ગખંડમાં બેસવા ન દીધા હતા અને શાળાનાં ગેટની બહાર કાઢી મુકી ખુલ્લામાં બેસાડી દીધા હતા, જેથી માસુમ બાળકો સવારે ૧૦ ડીગ્રી જેવી કડકડતી ઠંડીમાં ઠુંઠવાઈ ગયા હતા જેથી બાળકોએ તેમને બહુ ઠંડી લાગતી હોવાથી તેમનાં પિતાને ફોન કરવા આચાર્યાને કહ્યું હતું તેમ છતાં આચાર્યાએ બાળકોની વાત સાંભળવાનાં બદલે તમારે એક વાગ્યા સુધી અહિયાં જ બેસી રહેવાનું છે, તેમ કહેલ જેથી બાળકો સુસવાટા મારતા ઠંડા પવનોની વચ્ચે ઠુંઠવાતા બેસી રહ્યા હતા. દરમિયાન અનવરહુશેનને તેમનાં બાળકોને શાળાની બહાર ઠંડીમાં બેસાડી રાખયા હોવાની જાણ થતા તેઓ શાળામાં દોડી ગયા હતા અને આચાર્યા મંજરીબેન ગોરડીયાને મળીને બાળકોને કડકડતી ઠંડીમાં બહાર ખુલ્લામાં બેસાડી રાખવા યોગ્ય નથી તેમ કહેતા આચાર્યા મંજરી ગોરડીયા ઉશ્કેરાઈ ગયા હતા અને ગમે તેમ અસભ્ય વર્તન કરતા અનવરહુશેને તેઓનો મોબાઈલથી વીડિયો ઉતારતા તેઓએ વીડિયો ઉતાર હું કોઈથી ડરતી નથી તેમ કહીને મોબાઈલ ઝુંટવી લીધો હતો તેમજ હવે તારી દિકરી અને ભત્રીજાનું શુ થાય છે તે તું જોઈ લેજે તેવી ધમકી આપી હતી. સોશિયલ મીડિયામાં આ વીડિયો વાયરલ થતા ચકચાર મચી જવા પામી હતી, આ બનાવ અંગે વાલીએ આણંદ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રખૂઆત કરી દાદાગીરી કરી બાળકોનાં સ્વાસ્થય સાથે રમત રમતા શાળાનાં આચાર્યા સામે કાર્યવાહી કરવાની માંગ કરી છે,.જયારે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અર્ચના પ્રજાપતિએ આ અંગે શાળાને નોટીસ આપી કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી. આ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ.અર્ચના પ્રજાપતિએ જણાવ્યું હતું કે વાલીની જે રજૂઆત મળેલ હતી, એ સંદર્ભે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ શાળાની મુલાકાત પણ લીધેલી છે અને શાળાને નોટિસ પણ આપી છે અને જવાબદાર સામે યોગ્ય પગલાં પણ લેવામાં આવશે. ઠંડીની ઋતુમાં બાળકોને બહાર બેસાડી રાખવા, જે બિલકુલ યોગ્ય ન ગણાય. જેમને પ્રથમ નોટિસ તો, શો-કોઝ નોટિસ પાઠવી દેવામાં જ આવી છે. આગળ એના જવાબ અનુસંધાને આગળની કાર્યવાહી કરવામાં આવશે. વાલી અનવરહુશેન મલેકએ જણાવ્યું હતું કે આણંદ જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત કરીને અરજી આપી છે, મને આશા છે કે મને પૂરતો ન્યાય મળશે અને આવી તાનાશાહી બીજી સ્કૂલમાં નહીં ચાલે. વાલી અસફાક મલેકએ કહ્યું હતું કે આ શિયાળાની ઠંડીમાં છોકરાઓને બહાર બેસાડ્યા છે, તો તમારે ક્લાસમાં ના જ બેસાડવા હોય તો તમે વાલીઓને એમને જાણ કરો અને એમને કહો કે તમારા છોકરાની ગેરહાજરી મૂકી છે અને તમે એમને સ્કૂલેથી આવીને લઈ જાઓ. એમય એમનું ભણતર બગડે છે, આખો દિવસ સવારે ૭:૦૦ વાગ્યાથી લઈને ૧:૦૦ વાગ્યા સુધી બહાર બેસાડે છે. તો એમનું ભણતર બગડે છે. હવે આ શરદીમાં બાળકોને કંઈ થાય તો એનો જવાબદાર કોણ રહેશે ? વિદ્યાર્થી મોહંમદ બિલાલે કહ્યું હતું કે અમોને બહાર બેસાડવાનાં કારણે બહુ ઠંડી લાગતી હતી, જેથી ટીચરને મારા ઘરે ફોન કરવા જણાવ્યું તો તેઓએ ના પાડી બહાર ઠંડીમાં મારા પગ અને હાથ બધું દુખતું હતું.

# દિલ્હી કાર બ્લાસ્ટના આરોપી મોહમ્મદ ઉમરે હુમલા પહેલા લાલ કિલ્લાના પાર્કિંગમાં બોમ્બ બનાવ્યો હતો

**તપાસકર્તાઓએ અગાઉના તારણો પણ જોયા હતા કે, ફરીદાબાદમાં ૨૯૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોની જપ્તીના સંબંધમાં તેના સાથીઓ મુઝમ્મિલ અને શાહીન બંને ડોક્ટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આરોપી ઉમર ગભરાઈ ગયો હતો, તપાસકર્તાઓ ટૂંક સમયમાં તેના સુધી પહોંચશે તેવું માનીને ઉમરે કથિત રીતે યોજનાને તાત્કાલિક અમલમાં મૂકવાનું નક્કી કર્યું હતું, ત્યારબાદ એક ઝડપી ઓપરેશનલ નિર્ણય લેવામાં આવ્યો અને તે વિસ્ફોટકોને તેના વાહનમાં પેક કરીને દિલ્હીમાં ઘૂસી ગયો હતો**

(એજન્સી) તા.૧૯

દિલ્હી કાર બ્લાસ્ટની તપાસ કરી રહેલી તપાસ એજન્સીઓએ તારણ કાઢ્યું છે કે, આરોપી મોહમ્મદ ઉમરે જેને ઉમર ઉન નબી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે લાલ કિલ્લા પાસે પાર્ક કરેલી જગ્યાએ તેના વાહનની અંદર વિસ્ફોટક બનાવ્યો હતો. તેની ગતિવિધિઓ CCTV ફૂટેજ અને ફોન વિશ્લેષણ દ્વારા ટ્રેક કરવામાં આવી હતી, જેમાં ત્રણ કલાક કારની બારી ખુલી હતી અને તે કારની અંદર રહ્યો હતો. જાહેર કરાયેલા સીસીટીવી ફૂટેજમાં ઉમર બપોરે ૩:૧૯ વાગ્યે સુનેહરી મસ્જિદ પાર્કિંગ વિસ્તારમાં પ્રવેશ કરે છે અને ૬:૨૮ વાગ્યે ત્યાંથી નીકળી જાય છે અને વિસ્ફોટ લગભગ ૬:૫૨ વાગ્યે થયો હતો. તપાસકર્તાઓએ નોંધ્યું છે કે, આ સમયગાળા દરમિયાન તે પોતાના વાહનમાંથી બહાર નીકળ્યો ન હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉમર તે સવારે દિલ્હી પહોંચ્યા પછી તેના હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો અને મયુરવિહાર અને કનોટ પ્લેસમાંથી પસાર થતાં પહેલાં સંભવિત લક્ષ્યોની ચર્ચા કરી રહ્યો હતો. શરૂઆતમાં લાલ કિલ્લાનું પાર્કિંગ સ્મારકના પ્રતીકાત્મક મૂલ્યને કારણે પસંદ કરવામાં આવ્યું હતું, પરંતુ સોમવારે કિલ્લો મુલાકાતીઓ માટે બંધ હોવાથી અને પાર્કિંગ લોટ લગભગ ખાલી હોવાથી યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

**અંતિમ લક્ષ્ય કેવી રીતે પસંદ કરવામાં આવ્યું :** તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, લાલ કિલ્લાનું પાર્કિંગ અયોગ્ય માનવામાં આવ્યું, ત્યારે ઉમર અને તેના હેન્ડલર્સે લક્ષ્યને વધુ ભીડવાળા નેતાજી સુભાષ માર્ગ પર નક્કી કર્યું જે લાલ કિલ્લા અને ચાંદની ચોકને જોડે છે. પાર્કિંગ વિસ્તારમાં ત્રણ કલાક દરમિયાન તેણે વિસ્ફોટક ઉપકરણ એસેમ્બલ કર્યું હોવાનું માનવામાં આવે છે. તે તૈયાર થતાં જ તે ગાડી ચલાવીને બહાર નીકળી ગયો અને પસંદ કરેલા વિસ્તારમાં પહોંચ્યા પછી તરત જ તેમાં વિસ્ફોટ કરી દીધો હતો.

### રાજ્યમાં મહિલાઓએ કરી નવતર પહેલ

# ગુજરાત માહિતી આયોગની બહેનોએ "ઈન્ટરનેશનલ મેન્સ ડે" ઉજવ્યો !

અમદાવાદ, તા.૧૯

"ઈન્ટરનેશનલ વુમન્સ ડે", "ઈન્ટરનેશનલ મધર્સ ડે", "ઈન્ટરનેશનલ ડોટર્સ ડે" - વગેરે પરંપરાગત રીતે મહિલાકેન્દ્રી ઉજવણીથી આપણે સૌ પરિચિત છીએ. પરંતુ આજે ગુજરાત માહિતી આયોગની મહિલાઓએ "ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણી કરી તદ્દન નવી કેડી

## મહિલાકેન્દ્રી "ઈન્ટરનેશનલ મધર્સ ડે-વિમન્સ ડે"ની જેમ નવી કેડી કંડારી

કંડારી છે. આયોગની મહિલાઓએ શુભેચ્છા સંદેશ, પુષ્પ અને ચોકલેટથી આયોગના તમામ પુરૂષોને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય માહિતી કમિશનરના અધ્યક્ષપદે "ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણી માટે એક સમારંભ આયોગ ખાતે યોજાયો હતો. આ સમારંભમાં આયોગના વિવિધ કાર્યક્રમોમાં પુરૂષોની સક્રિય સહભાગિતાની ઝલક દર્શાવતો વિડીયો રજૂ કરવામાં આવ્યો હતો. વિવિધ તબક્કે પુરૂષોની સહભાગિતા, સહકાર માટે આયોગની મહિલાઓ દ્વારા ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો. સરકારી કચેરીઓમાં પ્રથમ વખત "ઈન્ટરનેશનલ મેન્સ ડે"ની ઉજવણીનુ આયોજન કરવાની નવતર પહેલ માટે તથા કૌટુંબિક વાતાવરણની અનુભૂતિ કરાવવા માટે આયોગ તેના તમામ મહિલા કર્મચારી/અધિકારીઓને બિરદાવે છે.

# લાલ કિલ્લા વિસ્ફોટ અને મીડિયા કવરેજ સરકારે ટીવી ચેનલોને ચેતવણી આપી

**લાલ કિલ્લા વિસ્ફોટ કવરેજ માટે મીડિયાને ચેતવણી : કેન્દ્ર સરકારે લાલ કિલ્લા વિસ્ફોટ અંગે ખાનગી ટીવી ચેનલોને ચેતવણી જારી કરી છે. કેટલીક ટીવી ચેનલો અને યુટ્યુબ ચેનલોએ વિસ્ફોટકો બનાવવા સંબંધિત દૃશ્યો પ્રસારિત કર્યા હતા અને ખોટી રીતે અહેવાલ આપ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ અંગે ભારે નારાજગી વ્યકત કરી છે**

(એજન્સી) તા.૧૯

કેન્દ્ર સરકારે દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ અંગે કેટલીક ટીવી ચેનલો અને યુટ્યુબ ચેનલોના અહેવાલ અંગે ચેતવણી જારી કરી છે. કેટલીક ખાનગી ટીવી ચેનલોએ વિસ્ફોટકો બનાવવાની પદ્ધતિઓ અંગે અહેવાલો પ્રસારિત કર્યા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયે મંગળવારે એક સલાહકાર જારી કરી છે, જેમાં ચેનલોને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અથવા સમર્થન આપી શકે તેવી સામગ્રી બતાવવા સામે ચેતવણી આપવામાં આવી હતી. તમામ ખાનગી સેટેલાઇટ ટીવી ચેનલોને જારી કરાયેલ સલાહકારમાં કહેવામાં આવ્યુંછે કે: 'મંત્રાલયના ધ્યાનમાં આવ્યુંછે કે કેટલીક ન્યૂઝ ચેનલો લાલ કિલ્લા વિસ્ફોટમાં કથિત રીતે સંડોવાયેલા વ્યક્તિઓ સંબંધિત સામગ્રીનું પ્રસારણ કરી રહી છે, તેમના હિંસક કૃત્યોને ન્યાયી ઠેરવી રહી છે, અને વિસ્ફોટક સામગ્રી કેવી રીતે બનાવવી તે અંગે માહિતી/વિડિયો પણ પ્રસારિત કરી રહી છે.' મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવા પ્રસારણ અજાણતામાં હિંસાને પ્રોત્સાહન આપી શકેછે અથવા ઉશ્કેરી શકે છે, જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકેછે અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરી શકે છે. સરકારે ન્યૂઝ ચેનલોને 'આવા મુદ્દાઓ પર રિપોર્ટિંગ કરતી વખતે ઉચ્ચતમ સ્તરની વિવેકબુદ્ધિ અને સંવેદનશીલતાનો ઉપયોગ કરવા' વિનંતી કરી છે. ફરીદાબાદમાં જૈશ-એ-મોહમ્મદ મોડ્યુલ દ્વારા દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટ બાદ, ગુપ્તચર એજન્સીઓ ઓનલાઈન મીડિયા સામગ્રી પર નજર રાખી રહી છે. વિવિધ સુરક્ષા સમીક્ષા બેઠકો દરમિયાન, ટોચના અધિકારીઓએ સૂચન કર્યું છે કે સમાચારની સાથે ઓનલાઈન પ્રસારિત થતી પ્રચાર સામગ્રી પર પણ નજર રાખવી મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન સ્થિત ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ભારતીય યુવાનોને કટ્ટરપંથી બનાવવાના ઈરાદાથી ઓનલાઈન નકલી સમાચાર ફેલાવી રહ્યા છે. તેઓ નકલી સમાચાર ફેલાવવા માટે પસંદગીના ટેલિવિઝન ચેનલોમાંથી ક્લિપ્સનો ઉપયોગ કરે છે.

સરકારી સલાહકારે કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ના નિયમોનો પણ ઉલ્લેખ કર્યો છે, જે જણાવે છે કે કોઈપણ કાર્યક્રમમાં અશ્લીલ, બદનક્ષીભર્યું, ઈરાદાપૂર્વક ખોટા, અથવા સૂચક સંકેતો અને અર્ધ-સત્ય ન હોવા જોઈએ જે હિંસાને પ્રોત્સાહન આપે છે અથવા ઉશ્કેરે છે અને તે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની વિરૂદ્ધ છે અથવા રાષ્ટ્ર વિરોધી વૃત્તિઓને પ્રોત્સાહન આપે છે; અથવા રાષ્ટ્રની અખંડિતતાને અસર કરે છે.

સરકારે જણાવ્યું હતું કે, તમામ ટીવી ચેનલોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા દૃશ્યો પ્રસારિત કરવાનું ટાળે. આ સલાહ ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત થયા બાદ આપવામાં આવી છે. ટીવી ચેનલોએ આ ઘટનાને વધુ પડતી સનસનાટીભરી બનાવી દીધી હતી. સરકારે તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો હતો. સરકારે તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને સોંપી દીધી છે. આ કેસમાં ધરપકડો કરવામાં આવી રહી છે. આ પગલું કેટલીક ચેનલોએ તાજેતરમાં વિસ્ફોટના મુખ્ય આરોપી ઉમર ઉન નબીનો એક જૂનો વીડિયો પ્રસારિત કર્યા પછી લેવામાં આવ્યું છે, જેમાં તે હિંસક કૃત્યોને ન્યાયી ઠેરવતો જોવા મળે છે. પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) સમગ્ર ભારતમાં મોટા પાયે ભરતી અભિયાન ચલાવવાની યોજના બનાવી રહી છે અને ફરીદાબાદ જેવા મોડ્યુલ સ્થાપિત કરી રહી છે. દિલ્હી વિસ્ફોટોની તપાસ ચાલુ છે.

# ટ્રમ્પે ફરી એકવાર ભારત-પાકિસ્તાન સંઘર્ષને અટકાવવાનો દાવો કર્યો : કોંગ્રેસે મોદી સરકાર પર સવાલ ઉઠાવ્યા

**ટ્રમ્પે સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથેની મુલાકાત દરમિયાન આ દાવાનું પુનરાવર્તન કર્યું હતું, અને કહ્યું કે તેમણે આ યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે**

(એજન્સી) તા.૧૯

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોકવા માટે હસ્તક્ષેપ કર્યો હતો. જો કે, આ દાવાને નવી દિલ્હીએ વારંવાર નકારી કાઢ્યા છે.

**કોંગ્રેસે બુધવારે નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરી હતી :** ટ્રમ્પે વોશિંગ્ટનમાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ફરી એકવાર આ દાવો કર્યો, અને કહ્યું કે તેમણે દક્ષિણ એશિયાના બે પડોશીઓ વચ્ચેના યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે. અમે ભારત અને પાકિસ્તાનને લડતા અટકાવ્યા હતા. આ ટિપ્પણીનો જવાબ આપતા, કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે, ટ્રમ્પના તાજેતરના નિવેદનથી વિવિધ દેશો અને મીડિયા વાતચીતમાં આવા સમાન દાવાઓની લાંબી યાદીમાં ઉમેરો થયો છે. એવું લાગતું હતું કે, તેમના આવા દાવાઓ શાંત થઈ ગયા છે, ત્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી એકવાર દુનિયાને યાદ અપાવ્યું છે અને હવે આવા દાવાઓની સંખ્યા હવે વધીને ૬૦ થઈ ગઈ છે. "ઓપરેશન સિંદૂર" રોકવાનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે અગાઉ બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવા માટે શ્રેય લીધો હતો. રમેશે કહ્યું કે, યુએસ રાષ્ટ્રપતિએ સાઉદી અરેબિયા, કતાર, ઈજિપ્ત, યુકે, નેધરલેન્ડ, જાપાન અને અન્યત્ર આ વાર્તાનું પુનરાવર્તન કર્યું હતું. વોશિંગ્ટન બેઠક દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે, તેમણે "વાસ્તવમાં આઠ યુદ્ધો રોકી દીધા છે" અને સૂચવ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું એક યુદ્ધ બાકી છે. આ ઘટનાઓના પોતાના સંસ્કરણની વિગતો આપતા, તેમણે કહ્યું કે શાંતિ પ્રયાસો ટેલિફોન પર અથવા સીધા ઓવલ ઓફિસમાં થયા છે.

# શ્રીનગર પોલીસ સ્ટેશનમાં થયેલા વિસ્ફોટમાં મૃતકો પૈકી કાશ્મીરી દરજી પણ સામેલ છે : તે ત્યાં શું કરી રહ્યા હતા

**મોહમ્મદ શફી ઘણીવાર પોલીસ માટે યુનિફોર્મ સીવતા હતા, તે દિવસે એક વધુ અસામાન્ય કાર્ય માટે તેમની જરૂર હતી**

(એજન્સી) તા.૧૯

દરેક દિવસની જેમ ૧૪ નવેમ્બરની સવારે મોહમ્મદ શફીપર્રે શ્રીનગરની બહાર કાશ્મીરના નૌગામમાં તેમની દરજીની દુકાને જવા નીકળ્યા હતા. ટૂંક સમયમાં જ ૫૦ વર્ષીય આ વ્યક્તિને સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત લેવાનું કહેવામાં આવ્યું હતું. દુકાનની નજીક રહેતા પેરેના ભત્રીજા ઝહૂર અહમદ પર્રેએ સ્ક્રોલને જણાવ્યું કે, સવારે લગભગ ૯ વાગ્યે નજીકના નૌગામ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તેમને તેમના સીવણ મશીન અને અન્ય સાધનો સાથે સ્ટેશન લઈ ગયા, મેં તેમના પુત્રને જાણ કરી. મેં તેમને ચિંતા ન કરવા કહ્યું. તેમના પરિવારના સભ્યો માટે પોલીસ સ્ટેશનમાં સમન્સ અંગે 'ચિંતા' ન હતી કારણ કે, આ દરજીનો પોલીસ સાથે 'કાર્યકારી સંબંધ' હતો.

ઝહૂર પેરેએ કહ્યું કે, પોલીસ સ્ટેશનના અધિકારીઓ માટે તેમની સેવાઓનો લાભ લેવો અસામાન્ય વાત નથી. તેઓ તેમને યુનિફોર્મ સીવવાનું કહેતા અને તેમના કાકાને તેમના કામ માટે પૈસા ચૂકવવામાં આવતા હતા. તે દિવસે શફી પેરેને ૧૦ નવેમ્બરના રોજ નવી દિલ્હીમાં લાલ કિલ્લા વિસ્ફોટના કાવતરાખોરો પાસેથી મળેલી વિસ્ફોટક સામગ્રી સંગ્રહ કરવા માટે કાપડની થેલીઓ સીવવા માટે બોલાવવામાં આવ્યા હતા.

આ વિસ્ફોટના કલાકો પહેલા જમ્મુ અને કાશ્મીર પોલીસે પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ અને કાશ્મીર સ્થિત અંસાર ગઝવત-ઉલ-હિંદ સાથે જોડાયેલા 'ટ્રાન્સનેશનલ ટેરર મોડ્યુલ'નો પર્દાફાશ કર્યો હતો. પોલીસ તપાસ પછી દેશભરમાંથી સાત કાશ્મીરીઓની ધરપકડ કરવામાં આવી હતી અને એમોનિયમ નાઈટ્રેટ સહિત ઈમ્પ્રુવાઈઝ્ડ વિસ્ફોટક ઉપકરણો અથવા IED બનાવવા માટે વપરાતી ૨૯૦૦ કિલો સામગ્રી મળી આવી હતી. નૌગામ પોલીસ સ્ટેશનમાં કેસ નોંધાયેલ હોવાથી, તપાસકર્તાઓએ જપ્ત કરાયેલ પદાર્થ પોલીસ સ્ટેશનમાં સુરક્ષિત રાખ્યો હતો.

શફી પર્રેએ દિવસનો મોટાભાગનો સમય પોલીસ સ્ટેશનમાં વિતાવ્યો, જો કે, તે શુક્રવારની નમાઝ માટે તેના ઘરે અને તેની મસ્જિદમાં આવતો જતો હતો. સાંજે તે ચા પીવા ઘરે આવ્યો, બાદમાં તે ગરમ કપડાં લેવા અને ફરીથી પોલીસ સ્ટેશન જતા પહેલા રાત્રિભોજન કરવા ઘરે આવ્યો હતો. તેની પુત્રીએ રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ તેને ફોન કર્યો, પૂછ્યું કે તે ક્યારે પાછો આવશે. ત્યારે તેણે તેણીને કહ્યું કે, તે એક કલાકમાં પાછો આવશે. વીસ મિનિટ પછી શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનની અંદર એક મોટો વિસ્ફોટ થયો. આ વિસ્ફોટમાં નવ લોકોનાં મોત થયા હતા, જેમાં પોલીસ અને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ત્રણ-ત્રણ કર્મચારીઓ, બે મહેસૂલ અધિકારીઓ અને પેરે, જે આ ટીમ સાથે સંકળાયેલા હતા તેમનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે જણાવ્યું હતું કે, તપાસકર્તાઓ જપ્ત કરાયેલ સામગ્રીના નમૂના લઈ રહ્યા હતા ત્યારે 'આકસ્મિક વિસ્ફોટ' થયો હતો. જમ્મુ અને કાશ્મીર પોલીસના વડા નલિન પ્રભાતે કહ્યું કે, આ ઘટનાના કારણ અંગે અન્ય કોઈપણ અટકળો બિનજરૂરી છે, તેમણે વિસ્ફોટ હુમલાને કારણે થયો હોવાની શક્યતાને નકારી કાઢી છે.

કાશ્મીરમાં પોલીસ સ્ટેશનો માટે પડોશમાં ઈલેક્ટ્રિશિયન, લાઈનમેન અને દરજીઓની સેવાઓનો ઉપયોગ કરવો અસામાન્ય નથી. જો કે, હાઈ-પ્રોફાઈલ કેસમાં સંવેદનશીલ વિસ્ફોટકોનો સામનો કરવા માટે નાગરિકને નોકરી પર રાખવું અસામાન્ય નથી. આ વિસ્ફોટ પછી પેરેનો પરિવાર તેમના ઘરથી લગભગ ૩૦૦ મીટર દૂર પોલીસ સ્ટેશને દોડી ગયો. આખું પોલીસ સ્ટેશન આગમાં લપેટાઈ ગયું હતું. બિલાલ અહમદ પેરે યાદ કરે છે કે, મારા મનમાં ફક્ત મારા પિતાની ચિંતા હતી. તેમણે પોલીસ સ્ટેશનના સળગતા પરિસરમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ અધિકારીઓએ તેમને અટકાવ્યા.

ઘણા ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હોવાથી પેરેના પરિવારે તેમને ઘણી ખાનગી તેમજ સરકારી સુવિધાઓમાં શોધ્યા. ૧૫ નવેમ્બરની સવારે જ્યારે તેઓ જમ્મુ અને કાશ્મીર પોલીસના કંટ્રોલ રૂમમાં પહોંચ્યા ત્યારે તેમની શોધખોળનો અંત આવ્યો હતો. સવારે લગભગ ૫:૩૦ વાગ્યે એક પોલીસ વાહન પીસીઆરની બહાર આવ્યું અને મોહમ્મદ શફી પેરેના પરિવાર વિશે પૂછ્યું. તેઓએ તેમને તેમના નામની રસીદ પરથી ઓળખી કાઢ્યા. તેમને તે તેમના શર્ટના ખિસ્સામાંથી મળી આવી હતી. દરજીનો મૃતદેહ ઓળખી શકાયો ન હતો. તેમનો મૃતદેહ સંપૂર્ણપણે બળી ગયો હતો અને તેમના પગ ગાયબ હતા.

નૌગામના શંકરપોરા વાંબલ વિસ્તારમાં પેરેનું ઘર ઓળખવું મુશ્કેલ નથી. યુવાન શોકગ્રસ્તો અને વૃદ્ધ સંબંધીઓ તેમના ઘરની બહાર ભેગા થાય છે અને તેઓ જેને ખૂબ સારી રીતે ઓળખતા હતા. એક યુવકે કહ્યું કે, તે એવી વ્યક્તિ હતી જે કોઈને પણ મદદની જરૂર હોય ત્યારે પણ તેને મદદ કરતો.

શફી પેરે આ વિસ્તારમાં ઘણી ભૂમિકાઓ ભજવી હતી. મસ્જિદમાં સ્વયંસેવક હોવા ઉપરાંત પેરે એક બાંયધરી આપનારનું કામ પણ કરતો અને મૃતકોને અંતિમ ધાર્મિક સ્નાન કરાવતો. તેઓ કહે છે કે, અમારા આખા વિસ્તારમાં જો કોઈ મૃત્યુ પામે તો તે કફન સીવતો હતો. તેના પરિવાર માટે એકમાત્ર કમાનાર, પેરેના પરિવારમાં તેની પત્ની, બે પુત્રો અને એક પુત્રી છે. તેમના કોઈપણ બાળકો પરિણીત નથી અને તેમાંથી કોઈ હજુ સુધી સ્થાયી થયું નથી.

દરજીના મોટા ભાઈ મોહમ્મદ યુસુફ પર્રેએ કહ્યું કે, પેરેએ નાની ઉંમરે જ ટેલરિંગ શીખવાનું શરૂ કરી દીધું હતું. દશકાઓ સુધી કામ કરવા છતાં પેરે પોતાની દુકાન ખરીદી શક્યો નહીં. તેણે જે દુકાનમાં કામ કરતો હતો તે ભાડે રાખી હતી. તેણે પોતાની બધી બચત પરિવારના ગુજરાન ચલાવવા અને બાળકોને શિક્ષણ આપવામાં લગાવી દીધી.

આ મૃત્યુથી પરિવાર માટે ભાવનાત્મક જ નહીં પણ આર્થિક ખાલીપો પણ સર્જાયો છે. તેમના ત્રણ બાળકોમાંથી ફક્ત તેમની ૨૪ વર્ષની પુત્રીએ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું છે. પરંતુ તે હજુ પણ બેરોજગાર છે. તેનો મોટો દીકરો દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરે છે, નાનાને હજુ સુધી નોકરી મળી નથી. તેમના પુત્ર બિલાલ અહમદે કહ્યું કે, અમને ખબર નથી કે અમે તેમના વિના કેવી રીતે જીવીશું.

૧૬ નવેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીર સરકારે પોલીસ સ્ટેશન વિસ્ફોટમાં માર્યા ગયેલા નવ લોકોના પરિવારોને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર આપવાની જાહેરાત કરી છે પણ પરિવાર કહે છે કે, તે પૂરતું નથી. મારા ભાઈ સિવાય મૃત્યુ પામેલા અન્ય લોકો સરકારી કર્મચારી હતા. તેમના પરિવારોએ પણ તેમના પ્રિયજનો ગુમાવ્યા છે પરંતુ તેઓ જાણે છે કે, તેમના વિભાગો તેમના સંબંધીઓ અને તેમની જરૂરિયાતોનું ધ્યાન રાખશે. અમે ઈચ્છીએ છીએ કે, સરકાર ઓછામાં ઓછા પર્રેના પરિવારના એક સભ્યને નોકરી આપે.

### વડોદરામાં હરણી રિંગ રોડની ઘટના

# ડોર ટુ ડોર ટેમ્પો પીધેલા ચાલકે બે વ્યક્તિને અડફેટે લઈ અન્ય ટેમ્પોને ટક્કર મારી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૧૯

વડોદરા શહેરના હરણી-વારસિયા રીંગ રોડ પર મોડી રાત્રે પાલિકાના ડોર ટુ ડોર ટેમ્પોના ચાલકે નશામાં ચૂર થઈને રસ્તેથી પસાર થતાં બે વ્યક્તિને અડફેટે લઈ અન્ય વાહનને લઈ અન્ય વાહનને ટક્કર મારી હતી. અકસ્માતની આ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. હરણી-વારસિયા રિંગરોડ પર કિશનવાડી ચાર રસ્તા નજીક પાલિકાના કચરાનું કલેક્શન કરતી ગાડીના ચાલકે નશામાં ચૂર થઈ અકસ્માત સર્જ્યો હતો. ઘટનાને કારણે એકત્ર થયેલા ટોળાએ ટેમ્પો ચાલકને ઢોલ ધપાટ કરીને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતાં પાણીગેટ પોલીસે ઘટના સ્થળે દોડી ગઈ જઈને ટેમ્પો ચાલકની અટકાયત કરી હતી. શહેરના હરણી વારસિયા રિંગરોડ પર કિશનવાડી પાસે ગઈ રાત્રે ડોર ટુ ડોર કચરા કલેક્શનની કામગીરી કરતા ટેમ્પો ચાલક રાત્રે સાડા નવ વાગ્યાના સુમારે વાંકો ચૂકો ટેમ્પો ચલાવીને બેફામ બન્યો હતો. ટેમ્પો ચાલકે બે જણાને અડફેટે લેતા બંને વ્યક્તિને ઈજા થઈ હતી. પરિણામે એકત્ર થયેલા લોક ટોળાએ ટેમ્પો ચાલકને દબોચી પૂછપરછ કરી હતી. પરિણામે ટેમ્પો ચાલક મુન્ના ભુરા મેઢા નશામાં ચૂર હોવાની જાણ થતા લોકોએ ટપલીદાવ કરીને મેથીપાક આપવાનું શરૂ કર્યું હતું. આ અંગેની જાણ થતા પાણીગેટ પોલીસે પૂરપાટ ઝડપે ચલાવતા ટેમ્પો ચાલક નશેબાજને ઝડપી ઈજાગ્રસ્ત બંનેને સારવાર અર્થે દવાખાનામાં દાખલ કર્યા હતા. નશેબાજ ટેમ્પો ચાલકે નજીકમાં પડેલા અન્ય ટેમ્પોને પણ ટક્કર મારતા અકસ્માતની સમગ્ર ઘટના નજીકના લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

# પાકિસ્તાન જેલની બહાર ઈમરાન ખાનની બહેનો સાથે પોલીસ દ્વારા 'અમાનવીય વર્તન' કરવામાં આવ્યું

**આ ઘટના ત્યારે બની જ્યારે પૂર્વ પાકિસ્તાનના વડાપ્રધાનની બહેનોને જેલમાં બંધ ઈમરાન ખાન સાથે સાપ્તાહિક મુલાકાત લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો અને તેઓએ જેલની બહાર ૧૦ કલાક ધરણા કર્યા હતા**



(એજન્સી) તા.૧૯

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની બહેનો સાથે પાકિસ્તાનની અદિયાલા જેલની બહાર પોલીસ દ્વારા મારપીટ કરવામાં આવી હતી અને 'હિંસક રીતે અટકાયત' કરવામાં આવી હતી. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના સ્થાપક સાથે સાપ્તાહિક મુલાકાતનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ બહેનોએ રાવલપિંડીની જેલની બહાર પડાવ નાખ્યો હતો. પીટીઆઈના સભ્યોએ મંગળવારે જેલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે, તેમને ખાનને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી. પાર્ટીએ બહેનો અલીમા ખાન, નોરીન નિયાઝી અને ડૉ.ઉઝમા ખાનના વીડિયો પોસ્ટ કર્યા હતા જેમાં તેઓ સ્પષ્ટપણે ડરી ગયેલા દેખાતા હતા. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, તેઓ જેલની બહાર શાંતિથી બેઠેલી હતી જ્યારે જેલ અધિકારીઓ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ખૈબર પખ્તુનખ્વાના સ્થાનિક સરકારના મંત્રી મીના ખાન આફ્રિદી, એમએનએ શાહિદ ખટ્ટક અને ઘણી મહિલાઓ સહિત પાર્ટીના અન્ય કાર્યકરો હિંસાનો ભોગ બન્યા અને પોલીસ દ્વારા તેઓને લઈ જવામાં આવ્યા હતા. ઈમરાન ખાનના કેદી તરીકેના અધિકારો અનુસાર કોર્ટ દ્વારા ફરજિયાત સાપ્તાહિક કૌટુંબિક મુલાકાતોનો ઉપયોગ તેમના પરિવારના સભ્યો અને સમર્થકો સામે જુલમ અને હિંસાના સાધન તરીકે થઈ રહ્યો છે. એક પોસ્ટમાં નોરીન નિયાઝી કહે છે કે, હું ત્યાં ઊભી હતી, મહિલા પોલીસે મને વાળથી પકડીને જમીન પર પછાડી દીધી. તેઓએ મારી સાથે જે કર્યું, હું હજુ પણ સમજી શકતી નથી કે તેઓએ આવું શા માટે કર્યું. મને મારા હાથ અને પગથી ખેંચી લેવામાં આવી. તે કેટલું દુઃખદ છે કે, તેઓ કેટલી હદે ગયા છે. અમે ત્યાં શાંતિથી બેઠા હતા. તે મહિલાઓને રસ્તા પર ખેંચી રહી હતી. તેણીએ કહ્યું કે, નોરીન લગભગ બેભાન થઈ ગઈ હતી કારણ કે, તેણીને ફ્લોર પરથી ખેંચવામાં આવી હતી. અલીમાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેણી અને તેની બહેનોને ઈમરાન સાથે મુલાકાત લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, કારણ કે, અસીમ મુનીરના જાહેરનામા પર હજુ સુધી સહી કરવામાં આવી નથી. પાર્ટીએ ઈમરાન પરિવારના સભ્યો સાથે અમાનવીય, ગેરકાયદેસર અને અપમાનજનક વર્તનની નિંદા કરી છે.


**UNIMONI FINANCIAL SERVICES LIMITED**

RO: N.G. 12 & 13 Ground Floor, North Block, Manipal Centre, Dickenson Road, Bangalore - 560 042. CIN No. U85110KA1995PLC018175

**PUBLIC NOTICE**

જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ગીરવે મૂકેલા સોનાના આભૂષણોની હરાજી યુનિમોની ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ દ્વારા 24.11.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે નીચે આપેલા સંબંધિત કેન્દ્રો પર કરવામાં આવશે. હરાજી કરવાના સોનાના આભૂષણો અમારા વિવિધ ગ્રાહકોના લોન ખાતાઓના છે જેમણે તેમના બાકી લેણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. હરાજીની અમારી સૂચનાઓ આ દેવાદારોને યોગ્ય રીતે જારી કરવામાં આવી છે. હરાજી કરવાના સોનાના આભૂષણો નીચે દર્શાવેલ શાખાના નામ સાથે અમારા વિવિધ ગ્રાહકોના ઓવરડ્યુ લોન ખાતાઓના છે.

Auction Centre Address & Loan Nos: RAJKOT (RKT - First Floor, Mavdi Main Road above Shiv Shakti Provision Stopp Vishveshwar Mkt, Rajkot -360004, Contact: 9328546201) 2152971. BHUJ (BHU - BUILDING NO 11/3 (7), NR GATENO 6 , BANKERS COLONY, BHAKTIDHAM , BHUJ-370001,Contact No. 9824249625) 2201092, 2194957.

(Reserves the right to alter the number of accounts to be auctioned &/ postpone / cancel the auction without any prior notice)

# ભારત પર 'ફિદાયીન' હુમલા માટે જૈશ-એ-મોહમ્મદે ૬૪૦૦ રૂપિયાના દાનની માગણી કરી

**ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું કે, પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ જે દિલ્હી લાલ કિલ્લાના કાર બોમ્બ વિસ્ફોટ સાથે જોડાયેલું છે, તે ભારત પર બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે**

(એજન્સી) તા.૧૯

પાકિસ્તાન સ્થિત આતંકવાદી જૂથ જૈશ-એ-મોહમ્મદ ભારત સામે બીજો હુમલો કરવા માટે 'ફિદાયીન' અથવા આત્મઘાતી ટુકડી તૈયાર કરી રહ્યું છે અને તે હેતુ માટે ભંડોળ એકત્ર કરી રહ્યું છે. ગુપ્તચર સૂત્રોએ બુધવારે સવારે NDTVને જણાવ્યું હતું કે, લાલ કિલ્લા વિસ્ફોટની તપાસ દરમિયાન મળેલા સંકેતો સૂચવે છે કે, જૈશ નેતાઓએ ડિજિટલ માધ્યમો દ્વારા ભંડોળ એકત્ર કરવાની હાકલ કરી હતી, જેમાં સદાપે નામની પાકિસ્તાની એપ્લિકેશનનો સમાવેશ થાય છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, તેઓ મહિલાઓ દ્વારા હુમલો કરવાનું કાવતરું પણ ઘડી રહ્યા હોઈ શકે છે. જૈશ પાસે પહેલેથી જ 'મહિલા પાંખ' છે; આતંકવાદી વડા મસૂદ અઝહરની બહેન સાદિયાને તે યુનિટનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું, જે પહલગામ હુમલાના ભારતના લશ્કરી પ્રતિભાવ, ઓપરેશન સિંદૂર પછી સ્થાપવામાં આવ્યું હતું, જેમાં પાકિસ્તાનના બહાવલપુરમાં જૈશના કેમ્પનો નાશ કરવામાં આવ્યો હતો. લાલ કિલ્લા વિસ્ફોટના મુખ્ય શંકાસ્પદોમાંની એક - ડૉ.શાહીના સઈદ જેનું કોડનેમ 'મેડમ સર્જન' હતું અને તે હુમલાને ભંડોળ પૂરું પાડવા માટે જવાબદાર હોઈ શકે છે અને તે યુનિટની સભ્ય હોવાનું કહેવાય છે, જેને જમાતુલ-મુમિનત કહેવામાં આવે છે. 'દાન' માટે હાકલ કરતા જૈશના નેતાઓએ કહ્યું હતું કે, જે કોઈ 'મુજાહિદ' માટે શિયાળાની કીટ પૂરી પાડે છે, (લડવૈયા માટેનો શબ્દ), તો તેને 'જેહાદી' ગણવામાં આવશે. તેવી જ રીતે જે કોઈ 'જેહાદી' માર્ગ ચયા પછી તેની સંભાળ રાખે છે' તેને પણ 'જેહાદી' કહેવામાં આવશે. આ 'દાન'ની રકમ ૨૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયા અથવા લગભગ INR ૬૪૦૦ હોવાનું માનવામાં આવે છે અને તેનો ઉપયોગ જૂતા અને ઊનના મોજાં, ગાદલું, તંબુ જેવી વસ્તુઓ ખરીદવા માટે કરવામાં આવશે, જે આતંકવાદીને હુમલો કરતા પહેલા અથવા પછી જરૂર પડી શકે છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, આનો હેતુ આતંકવાદી સેલ, જેમ કે લાલ કિલ્લા પર હુમલો કરનાર ૧૦ સભ્યોના 'આતંકવાદી ડોક્ટર' સંગઠનને ભંડોળ ઝડપી ટ્રાન્સફર કરવાની સુવિધા આપવાનો પણ છે. આ ડિજિટલ ફંડિંગ નેટવર્કની અલગ તપાસ શરૂ કરવામાં આવી છે. ૧૦ નવેમ્બરના રોજ ઐતિહાસિક માળખા પાસે એમોનિયમ નાઈટ્રેટ બળતણ તેલ અને અન્ય વિસ્ફોટકોથી ભરેલી હ્યુન્ડાઈ i20માં વિસ્ફોટ થતાં પંદર લોકો માર્યા ગયા હતા. કાર ડ્રાઇવર ઉમર મોહમ્મદ ચલાવી રહ્યા હતા, જે વિસ્ફોટમાં મૃત્યુ પામ્યા હતા. મંગળવારે મોહમ્મદનો એક વીડિયો ઓનલાઈન સામે આવ્યો હતો, જેમાં તેમણે આત્મઘાતી બોમ્બ વિસ્ફોટને 'ગેરસમજ' ગણાવ્યો હતો. આ માહિતીના શરૂઆતમાં NDTV દ્વારા પ્રાપ્ત માહિતીમાં J&Kમાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદમાં ચિંતાજનક વધારો થવાનો સંકેત મળ્યો હતો. ઈનપુટ્સ સૂચવે છે કે, જૈશ અને લશ્કર-એ-તૈયબા જેવા મુખ્ય જૂથો સંકલિત હુમલાઓની નવા હુમલા માટે એકત્ર થઈ રહ્યા છે. બંને અગ્રણી આતંકવાદી જૂથો છે જેમને પાકિસ્તાની સેના અને તે દેશ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને ટેકો આપવામાં આવે છે. લાલ કિલ્લાના કાર બોમ્બ વિસ્ફોટની તપાસ ચાલુ હોવાથી ગુપ્તચર સૂત્રોએ દરેક વચ્ચેના તફાવતો સમજાવ્યા, જેમાં તેમની કાર્યકારી શૈલીઓ, નેતૃત્વ માળખાં અને શિક્ષણ પદ્ધતિનો સમાવેશ થાય છે.

# મોદીનગર બસ બ્લાસ્ટ કેસ : પુરાવાના અભાવે અલ્હાબાદ હાઈકોર્ટે આરોપીને કર્યો નિર્દોષ જાહેર

(એજન્સી)નવી દિલ્હી, લખનઉ, તા.૧૯

લગભગ ત્રણ દાયકા પહેલાં, ૧૯૯૬માં મોદીનગર નજીક એક જાહેર બસમાં થયેલા ભયાનક વિસ્ફોટના કેસમાં અલ્લાહાબાદ હાઈકોર્ટે મોહમ્મદ ઇલ્યાસની સજાને પલટી નાખી છે અને તેને નિર્દોષ જાહેર કર્યો છે. આ બ્લાસ્ટમાં ૧૮ લોકોનાં મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે, ફરિયાદી પક્ષ કાયદેસર રીતે સ્વીકાર્ય પુરાવા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે અને ઇલ્યાસ પર લગાવવામાં આવેલા કથિત કબૂલાત પર ભારતીય પુરાવા અધિનિયમ હેઠળ આધાર રાખી શકાય નહીં. જસ્ટિસ સિદ્ધાર્થ અને જસ્ટિસ રામ મનોહર નારાયણ મિશ્રાની ડિવિઝન બેન્ચે ઇલ્યાસની ફોજદારી અપીલને મંજૂરી આપી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, એકવાર પોલીસ સમક્ષ નોંધાયેલું કબૂલાતનું ઓડિઓ નિવેદન બાકાત રાખવામાં આવે, પછી ગુનો શંકા વિના સાબિત કરી શકે તેવા કોઈ પુરાવા બાકી રહેતા નથી. ન્યાયાધીશોએ કબૂલ્યું હતું કે, બ્લાસ્ટ ભયંકર અને સામાજિક રીતે આઘાતજનક હતો, પરંતુ તેમણે 'ભારે હૃદય' સાથે નિર્દોષ છૂટકારો આપવાનો આદેશ આપ્યો હતો, કારણ કે માત્ર ગુનો ભયાનક હોવાથી સજા ટકાવી શકાય નહીં. મૂળ ફરિયાદી કેસ મુજબ, ૨૭ એપ્રિલ ૧૯૯૬ના રોજ દિલ્હીના ISBTથી રૂરકી જઈ રહેલી બસમાં મોદીનગર પોલીસ સ્ટેશન પસાર કર્યાના થોડી જ મિનિટોમાં વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટમાં ૧૦ લોકોનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને ૪૮ લોકો ઘાયલ થયા હતા. ફોરેન્સિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ડ્રાઇવરની સીટ નીચે RDX મિશ્રિત કાર્બનનો ઇમ્પ્રુવાઇઝ્ડ એક્સપ્લોઝિવ ડિવાઇસ (IED) મૂકવામાં આવ્યો હતો અને તેને રિમોટથી વિસ્ફોટ કરવામાં આવ્યો હતો. તપાસકર્તાઓએ પાકિસ્તાની નાગરિક અબ્દુલ મતીન ઉર્ફે ઇકબાલ (હરકત-ઉલ-અન્સાર સાથે સંકળાયેલો હોવાનો દાવો)ને મુખ્ય સૂત્રધાર ગણાવ્યો હતો, જેમાં મોહમ્મદ ઇલ્યાસ અને તસ્લીમ દ્વારા મદદ કરવામાં આવી હતી.

# પાકિસ્તાન જેલની બહાર ઈમરાન ખાનની બહેનો સાથે પોલીસ દ્વારા 'અમાનવીય વર્તન' કરવામાં આવ્યું

**આ ઘટના ત્યારે બની જ્યારે પૂર્વ પાકિસ્તાનના વડાપ્રધાનની બહેનોને જેલમાં બંધ ઈમરાન ખાન સાથે સાપ્તાહિક મુલાકાત લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો અને તેઓએ જેલની બહાર ૧૦ કલાક ધરણા કર્યા હતા**

(એજન્સી) તા.૧૯



પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ)એ કહ્યું કે, પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની બહેનો સાથે પાકિસ્તાનની અદિયાલા જેલની બહાર પોલીસ દ્વારા મારપીટ કરવામાં આવી હતી અને 'હિંસક રીતે અટકાયત' કરવામાં આવી હતી. ડોનના અહેવાલ મુજબ પાર્ટીના સ્થાપક સાથે સાપ્તાહિક મુલાકાતનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ બહેનોએ રાવલપિંડીની જેલની બહાર પડાવ નાખ્યો હતો. પીટીઆઈના સભ્યોએ મંગળવારે જેલની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું. જો કે, તેમને ખાનને મળવાની મંજૂરી આપવામાં આવી ન હતી. પાર્ટીએ બહેનો અલીમા ખાન, નોરીન નિયાઝી અને ડૉ.ઉઝમા ખાનના વીડિયો પોસ્ટ કર્યા હતા જેમાં તેઓ સ્પષ્ટપણે ડરી ગયેલા દેખાતા હતા. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે, તેઓ જેલની બહાર શાંતિથી બેઠેલી હતી જ્યારે જેલ અધિકારીઓ દ્વારા તેમની સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો હતો. આ પોસ્ટમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, ખૈબર પખ્તુનખ્વાના સ્થાનિક સરકારના મંત્રી મીના ખાન આફ્રિદી, એમએનએ શાહિદ ખટ્ટક અને ઘણી મહિલાઓ સહિત પાર્ટીના અન્ય કાર્યકરો હિંસાનો ભોગ બન્યા અને પોલીસ દ્વારા તેઓને લઈ જવામાં આવ્યા હતા. ઈમરાન ખાનના કેદી તરીકેના અધિકારો અનુસાર કોર્ટ દ્વારા ફરજિયાત સાપ્તાહિક કૌટુંબિક મુલાકાતોનો ઉપયોગ તેમના પરિવારના સભ્યો અને સમર્થકો સામે જુલમ અને હિંસાના સાધન તરીકે થઈ રહ્યો છે. એક પોસ્ટમાં નોરીન નિયાઝી કહે છે કે, હું ત્યાં ઊભી હતી, મહિલા પોલીસે મને વાળથી પકડીને જમીન પર પછાડી દીધી. તેઓએ મારી સાથે જે કર્યું, હું હજુ પણ સમજી શકતી નથી કે તેઓએ આવું શા માટે કર્યું. મને મારા હાથ અને પગથી ખેંચી લેવામાં આવી. તે કેટલું દુઃખદ છે કે, તેઓ કેટલી હદે ગયા છે. અમે ત્યાં શાંતિથી બેઠા હતા. તે મહિલાઓને રસ્તા પર ખેંચી રહી હતી. તેણીએ કહ્યું કે, નોરીન લગભગ બેભાન થઈ ગઈ હતી કારણ કે, તેણીને ફ્લોર પરથી ખેંચવામાં આવી હતી. અલીમાએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે, તેણી અને તેની બહેનોને ઈમરાન સાથે મુલાકાત લેવાનો ઈન્કાર કરવામાં આવ્યો હતો, કારણ કે, અસીમ મુનીરના જાહેરનામા પર હજુ સુધી સહી કરવામાં આવી નથી. પાર્ટીએ ઈમરાન પરિવારના સભ્યો સાથે અમાનવીય, ગેરકાયદેસર અને અપમાનજનક વર્તનની નિંદા કરી છે.

# દિલ્હી કાર બ્લાસ્ટના આરોપી મોહમ્મદ ઉમરે હુમલા પહેલા લાલ કિલ્લાના પાર્કિંગમાં બોમ્બ બનાવ્યો હતો

**તપાસકર્તાઓએ અગાઉના તારણો પણ જોયા હતા કે, ફરીદાબાદમાં ૨૯૦૦ કિલોગ્રામ વિસ્ફોટકોની જપ્તીના સંબંધમાં તેના સાથીઓ મુઝમ્મિલ અને શાહીન બંને ડોક્ટરોની ધરપકડ કરવામાં આવ્યા બાદ આરોપી ઉમર ગભરાઈ ગયો હતો, તપાસકર્તાઓ ટૂંક સમયમાં તેના સુધી પહોંચશે તેવું માનીને ઉમરે કથિત રીતે યોજનાને તાત્કાલિક અમલમાં મૂકવાનું નક્કી કર્યું હતું, ત્યારબાદ એક ઝડપી ઓપરેશનલ નિર્ણય લેવામાં આવ્યો અને તે વિસ્ફોટકોને તેના વાહનમાં પેક કરીને દિલ્હીમાં ઘૂસી ગયો હતો**

(એજન્સી) તા.૧૯

દિલ્હી કાર બ્લાસ્ટની તપાસ કરી રહેલી તપાસ એજન્સીઓએ તારણ કાઢ્યું છે કે, આરોપી મોહમ્મદ ઉમરે જેને ઉમર ઉન નબી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેણે લાલ કિલ્લા પાસે પાર્ક કરેલી જગ્યાએ તેના વાહનની અંદર વિસ્ફોટક બનાવ્યો હતો. તેની ગતિવિધિઓ CCTV ફૂટેજ અને ફોન વિશ્લેષણ દ્વારા ટ્રેક કરવામાં આવી હતી, જેમાં ત્રણ કલાક કારની બારી ખુલી હતી અને તે કારની અંદર રહ્યો હતો. જાહેર કરાયેલા સીસીટીવી ફૂટેજમાં ઉમર બપોરે ૩:૧૯ વાગ્યે સુનેહરી મસ્જિદ પાર્કિંગ વિસ્તારમાં પ્રવેશ કરે છે અને ૬:૨૮ વાગ્યે ત્યાંથી નીકળી જાય છે અને વિસ્ફોટ લગભગ ૬:૫૨ વાગ્યે થયો હતો. તપાસકર્તાઓએ નોંધ્યું છે કે, આ સમયગાળા દરમિયાન તે પોતાના વાહનમાંથી બહાર નીકળ્યો ન હતો. સૂત્રોએ જણાવ્યું હતું કે, ઉમર તે સવારે દિલ્હી પહોંચ્યા પછી તેના હેન્ડલર્સ સાથે સંપર્કમાં હતો અને મયુરવિહાર અને કનોટ પ્લેસમાંથી પસાર થતાં પહેલાં સંભવિત લક્ષ્યોની ચર્ચા કરી રહ્યો હતો. શરૂઆતમાં લાલ કિલ્લાનું પાર્કિંગ સ્મારકના પ્રતીકાત્મક મૂલ્યને કારણે પસંદ કરવામાં આવ્યું હતું, પરંતુ સોમવારે કિલ્લો મુલાકાતીઓ માટે બંધ હોવાથી અને પાર્કિંગ લોટ લગભગ ખાલી હોવાથી યોજનામાં ફેરફાર કરવામાં આવ્યો હતો.

**અંતિમ લક્ષ્ય કેવી રીતે પસંદ કરવામાં આવ્યું :** તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે, લાલ કિલ્લાનું પાર્કિંગ અયોગ્ય માનવામાં આવ્યું, ત્યારે ઉમર અને તેના હેન્ડલર્સે લક્ષ્યને વધુ ભીડવાળા નેતાજી સુભાષ માર્ગ પર નક્કી કર્યું જે લાલ કિલ્લા અને ચાંદની ચોકને જોડે છે. પાર્કિંગ વિસ્તારમાં ત્રણ કલાક દરમિયાન તેણે વિસ્ફોટક ઉપકરણ એસેમ્બલ કર્યું હોવાનું માનવામાં આવે છે. તે તૈયાર થતાં જ તે ગાડી ચલાવીને બહાર નીકળી ગયો અને પસંદ કરેલા વિસ્તારમાં પહોંચ્યા પછી તરત જ તેમાં વિસ્ફોટ કરી દીધો હતો.

# 'માત્ર અમુક લોકો જ આતંકવાદી કૃત્ય કરે છે અને તેને માટે અમુક લોકો બધા કાશ્મીરીઓને બદનામ કરવાના પ્રયાસો કરે છે' : ઓમર અબ્દુલ્લાહ

**આવા કૃત્યો માટે માત્ર થોડા લોકો જવાબદાર છે, પરંતુ એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે જે આપણને બધાને (કાશ્મીરીઓને) જવાબદાર બનાવે છે**

(એજન્સી) તા.૧૯



જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાહે જણાવ્યું હતું કે, માત્ર થોડા લોકો દ્વારા કરવામાં આવેલા આતંકવાદી કૃત્યથી કાશ્મીર ખીણના તમામ રહેવાસીઓને બદનામ કરવામાં આવ્યા છે અને આવી પ્રોફાઈલિંગને કારણે તેઓ પ્રદેશની બહારના કોઈપણ વ્યક્તિ સાથે વાતચીત કરવાનું ટાળી રહ્યા છે. દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા આત્મઘાતી બોમ્બ હુમલા માટે જવાબદાર વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલમાં ડોક્ટરોનો સમાવેશ થાય છે. તેના ઘણા શંકાસ્પદો જમ્મુ અને કાશ્મીરના હોવાનું બહાર આવ્યું છે. અબ્દુલ્લાહે કહ્યું કે, આવા કૃત્યો માટે માત્ર થોડા લોકો જવાબદાર છે. પરંતુ એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે જે આપણને બધાને (કાશ્મીરીઓને) જવાબદાર બનાવે છે. તેમણે કહ્યું કે, કેન્દ્રએ ૨૦૧૯માં કહ્યું હતું કે, 'બધું બંધ થઈ જશે', પરંતુ કેન્દ્ર દ્વારા જમ્મુ અને કાશ્મીરને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કર્યા પછી પણ કંઈ થયું નથી. વર્તમાન પરિસ્થિતિ વિશે આપણે શું કહી શકીએ ? જો આતંકવાદી હુમલો દિલ્હીમાં નથી થઈ રહ્યો, તો તે કાશ્મીર થઈ રહ્યો છે, બોમ્બ વિસ્ફોટ અને નાગરિકોની હત્યા બંધ થઈ નથી. અમે ઈચ્છીએ છીએ કે, આ બંધ થાય. અમે કાશ્મીરમાં ઘણું લોહી વહેતું જોયું છે. વર્તમાન પરિસ્થિતિને જોતા કોઈપણ પોતાના બાળકોને કાશ્મીરની બહાર મોકલવા માંગતું નથી. દરેક જગ્યાએ લોકો અમારા પર શંકા કરે છે. કાશ્મીરીઓને બદનામ કરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, દિલ્હીમાં શું થયું તે જુઓ. તેના માટે થોડા લોકો જવાબદાર છે. પરંતુ એવું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે જે આપણને બધાને જવાબદાર બનાવે છે. દિલ્હીમાં જમ્મુ અને કાશ્મીરમાં નોંધાયેલ વાહન ચલાવવું એ ગુનો માનવામાં આવે છે. મારે મારી કાર બહાર કાઢવી કે નહીં તે પણ વિચારવું પડે છે. મને ખબર નથી કે મને કોણ રોકશે અને પૂછશે કે હું ક્યાંથી છું અને હું ત્યાં શું કરી રહ્યો છું. તેમના પિતા ફારૂક અબ્દુલ્લાહે ૧૫ નવેમ્બરના રોજ દિલ્હીના લાલ કિલ્લા પાસે થયેલા આતંકવાદી હુમલા બાદ ઓપરેશન સિંદૂર પર પોતાની ટિપ્પણીથી વિવાદ શરૂ કર્યો હતો. વરિષ્ઠ અબ્દુલ્લાહે કહ્યું કે, ડોક્ટરોએ આ રસ્તો કેમ અપનાવ્યો તે કારણો શોધવા જોઈએ. જે લોકો જવાબદાર છે તેમને પૂછો કે આ ડોક્ટરોએ આ રસ્તો કેમ અપનાવ્યો ? કારણ શું હતું ? આની સંપૂર્ણ તપાસ અને અભ્યાસની જરૂર છે. તેમણે તાજેતરના આતંકવાદી મોડ્યુલના પર્દાફાશના પરિણામે વધુ એક ઓપરેશન સિંદૂર થવાની શક્યતા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અધિકારીઓએ ફરીદાબાદની અલ-ફલાહ મેડિકલ કોલેજના નાણાકીય અને વહીવટની તપાસ સાથે વ્હાઈટ કોલર આતંકવાદી મોડ્યુલની તપાસનો વિસ્તાર કર્યો છે.

# લાલ કિલ્લા વિસ્ફોટ અને મીડિયા કવરેજ સરકારે ટીવી ચેનલોને ચેતવણી આપી

**લાલ કિલ્લા વિસ્ફોટ કવરેજ માટે મીડિયાને ચેતવણી : કેન્દ્ર સરકારે લાલ કિલ્લા વિસ્ફોટ અંગે ખાનગી ટીવી ચેનલોને ચેતવણી જારી કરી છે. કેટલીક ટીવી ચેનલો અને યુટ્યુબ ચેનલોએ વિસ્ફોટકો બનાવવા સંબંધિત દશ્યો પ્રસારિત કર્યા હતા અને ખોટી રીતે અહેવાલ આપ્યો હતો. માહિતી અને પ્રસારણ મંત્રાલયે આ અંગે ભારે નારાજગી વ્યક્ત કરી છે**

(એજન્સી) તા.૧૯

કેન્દ્ર સરકારે દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા વિસ્ફોટ અંગે કેટલીક ટીવી ચેનલો અને યુટ્યુબ ચેનલોના અહેવાલ અંગે ચેતવણી જારી કરી છે. કેટલીક ખાનગી ટીવી ચેનલોએ વિસ્ફોટકો બનાવવાની પદ્ધતિઓ અંગે અહેવાલો પ્રસારિત કર્યા હતા. માહિતી અને પ્રસારણ મંત્રાલયે મંગળવારે એક સલાહકાર જારી કરી છે, જેમાં ચેનલોને ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અથવા સમર્થન આપી શકે તેવી સામગ્રી બતાવવા સામે ચેતવણી આપવામાં આવી હતી. તમામ ખાનગી સેટેલાઈટ ટીવી ચેનલોને જારી કરાયેલ સલાહકારમાં કહેવામાં આવ્યું છે કે : 'મંત્રાલયના ધ્યાનમાં આવ્યું છે કે કેટલીક ન્યૂઝ ચેનલો લાલ કિલ્લા વિસ્ફોટમાં કથિત રીતે સંડોવાયેલા વ્યક્તિઓ સંબંધિત સામગ્રીનું પ્રસારણ કરી રહી છે, તેમના હિંસક કૃત્યોને ન્યાયી ઠેરવી રહી છે, અને વિસ્ફોટક સામગ્રી કેવી રીતે બનાવવી તે અંગે માહિતી/વિડિયો પણ પ્રસારિત કરી રહી છે.' મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આવા પ્રસારણ અજાણતામાં હિંસાને પ્રોત્સાહન આપી શકે છે અથવા ઉશ્કેરી શકે છે, જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડી શકે છે અને રાષ્ટ્રીય સુરક્ષા માટે ખતરો ઉભો કરી શકે છે. સરકારે ન્યૂઝ ચેનલોને 'આવા મુદ્દાઓ પર રિપોર્ટિંગ કરતી વખતે ઉચ્ચતમ સ્તરની વિવેકબુદ્ધિ અને સંવેદનશીલતાનો ઉપયોગ કરવા' વિનંતી કરી છે. ફરીદાબાદમાં જૈશ-એ-મોહમ્મદ મોડ્યુલ દ્વારા દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા વિસ્ફોટ બાદ, ગુપ્તચર એજન્સીઓ ઓનલાઈન મીડિયા સામગ્રી પર નજર રાખી રહી છે. વિવિધ સુરક્ષા સમીક્ષા બેઠકો દરમિયાન, ટોચના અધિકારીઓએ સૂચન કર્યું છે કે સમાચારની સાથે ઓનલાઈન પ્રસારિત થતી પ્રચાર સામગ્રી પર પણ નજર રાખવી મહત્વપૂર્ણ છે. પાકિસ્તાન સ્થિત ઘણા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ભારતીય યુવાનોને કટ્ટરપંથી બનાવવાના ઈરાદાથી ઓનલાઈન નકલી સમાચાર ફેલાવી રહ્યા છે. તેઓ નકલી સમાચાર ફેલાવવા માટે પસંદગીના ટેલિવિઝન ચેનલોમાંથી ક્લિપ્સનો ઉપયોગ કરે છે. સરકારી સલાહકારે કેબલ ટેલિવિઝન નેટવર્ક્સ (નિયમન) અધિનિયમ, ૧૯૯૫ના નિયમોનો પણ ઉલ્લેખ કર્યો છે, જે જણાવે છે કે કોઈપણ કાર્યક્રમમાં અશ્લીલ, બદનક્ષીભર્યું, ઈરાદાપૂર્વક ખોટા, અથવા સૂચક સંકેતો અને અર્ધ-સત્ય ન હોવા જોઈએ જે હિંસાને પ્રોત્સાહન આપે છે અથવા ઉશ્કેરે છે અને તે કાયદો અને વ્યવસ્થાની જાળવણીની વિરૂદ્ધ છે અથવા રાષ્ટ્ર વિરોધી વૃત્તિઓને પ્રોત્સાહન આપે છે; અથવા રાષ્ટ્રની અખંડિતતાને અસર કરે છે. સરકારે જણાવ્યું હતું કે, તમામ ટીવી ચેનલોને સલાહ આપવામાં આવે છે કે તેઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા દશ્યો પ્રસારિત કરવાનું ટાળે. આ સલાહ ૧૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશન પાસે થયેલા કાર બોમ્બ વિસ્ફોટમાં ૧૩ લોકોના મોત થયા બાદ આપવામાં આવી છે. ટીવી ચેનલોએ આ ઘટનાને વધુ પડતી સનસનાટીભરી બનાવી દીધી હતી. સરકારે તેને આતંકવાદી હુમલો જાહેર કર્યો હતો. સરકારે તપાસ રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)ને સોંપી દીધી છે. આ કેસમાં ધરપકડો કરવામાં આવી રહી છે. આ પગલું કેટલીક ચેનલોએ તાજેતરમાં વિસ્ફોટના મુખ્ય આરોપી ઉમર ઉન નબીનો એક જૂનો વીડિયો પ્રસારિત કર્યા પછી લેવામાં આવ્યું છે, જેમાં તે હિંસક કૃત્યોને ન્યાયી ઠેરવતો જોવા મળે છે. પાકિસ્તાનની ઈન્ટર-સર્વિસિસ ઈન્ટેલિજન્સ (ISI) સમગ્ર ભારતમાં મોટા પાયે ભરતી અભિયાન ચલાવવાની યોજના બનાવી રહી છે અને ફરીદાબાદ જેવા મોડ્યુલ સ્થાપિત કરી રહી છે. દિલ્હી વિસ્ફોટોની તપાસ ચાલુ છે.

# યુપી : બુલંદશહેરમાં DIG સમક્ષ પહોંચતા રોકવા બદલ ગેંગરેપ પીડિતાના કેસમાં ૪ પોલીસકર્મી સસ્પેન્ડ-વીડિયો

(એજન્સી) બુલંદશહેર, તા.૧૯

ઉત્તર પ્રદેશના બુલંદશહેરમાં એક સગીર ગેંગરેપ પીડિતાના કેસમાં ગંભીર બેદરકારી દાખવવા બદલ ખુર્જા પોલીસ સ્ટેશનના ચાર પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પીડિતાએ અગાઉ અધિકારીઓ પર આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહેવાનો આરોપ લગાવ્યો હતો. આ કાર્યવાહી છ દિવસ પહેલાંની એક નાટકીય ઘટના પછી કરવામાં આવી છે, જેમાં પીડિતા પોલીસકર્મીઓના ઘેરાવને તોડીને સીધી ડીઆઈજી કલાનિધિ નૈથાનીની કાર સામે પડી ગઈ હતી અને ન્યાય માટે આજીજી કરી હતી. પ્રાપ્ત માહિતી મુજબ, સ્થળ પર નવ પોલીસકર્મીઓ હાજર હોવા છતાં, પીડિતાએ તેમને ધક્કો મારીને આગળ વધી હતી અને જોરથી બૂમ પાડી હતી કે આરોપીઓ હજી પણ ''ખુલ્લેઆમ ફરી રહ્યા છે.'' આ દશ્યથી સ્તબ્ધ થઈ ગયેલા ડીઆઈજી નૈથાનીએ તરત જ અધિકારીઓને ફટકાર લગાવી હતી, તાત્કાલિક ધરપકડનો આદેશ આપ્યો હતો અને પીડિતાને લેખિત ફરિયાદ આપવા જણાવ્યું હતું. શરૂઆતમાં માત્ર ખુર્જા કોતવાલને લાઈન હાજર કરવામાં આવ્યા હતા, પરંતુ કેસની ગંભીર બેદરકારીની સમીક્ષા કર્યા બાદ એસએસપી બુલંદશહેરે કડક કાર્યવાહીનો આદેશ આપ્યો હતો. કેસના કથિત ગેરવહીવટ બદલ પૂર્વ કોતવાલ પંકજ રાય, ઈન્સ્પેક્ટર દિગ્વિજય રાઠી અને સબ-ઈન્સ્પેક્ટર ઈકરામ અલી તથા શુભમ રાઠીને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પીડિતાએ આરોપ લગાવ્યો છે કે, ૩ જૂનના રોજ તે ખેતરમાંથી પરત ફરી રહી હતી ત્યારે યુવકોના એક જૂથે તેની સાથે ગેંગરેપ કર્યો હતો. પોલીસનો સંપર્ક કરવાના ઘણા દિવસો પછી, આખરે ૧૦ જૂનના રોજ એક મહિલા સહિત આઠ આરોપીઓ વિરૂદ્ધ એફઆઈઆર નોંધવામાં આવી હતી.

# ટ્રમ્પે ફરી એકવાર ભારત-પાકિસ્તાન સંઘર્ષને અટકાવવાનો દાવો કર્યો : કોંગ્રેસે મોદી સરકાર પર સવાલ ઉઠાવ્યા

**ટ્રમ્પે સઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથેની મુલાકાત દરમિયાન આ દાવાનું પુનરાવર્તન કર્યું હતું, અને કહ્યું કે તેમણે આ યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે**

(એજન્સી) તા.૧૯

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ભારપૂર્વક જણાવ્યું કે, તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સંઘર્ષને રોકવા માટે હસ્તક્ષેપ કર્યો હતો. જો કે, આ દાવાને નવી દિલ્હીએ વારંવાર નકારી કાઢ્યા છે.

**કોંગ્રેસે બુધવારે નરેન્દ્ર મોદી સરકારની ટીકા કરી હતી :** ટ્રમ્પે વોશિંગ્ટનમાં સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાન સાથે દ્વિપક્ષીય બેઠક દરમિયાન ફરી એકવાર આ દાવો કર્યો, અને કહ્યું કે તેમણે દક્ષિણ એશિયાના બે પડોશીઓ વચ્ચેના યુદ્ધ સહિત અનેક યુદ્ધો અટકાવ્યા છે. અમે ભારત અને પાકિસ્તાનને લડતા અટકાવ્યા હતા. આ ટિપ્પણીનો જવાબ આપતા, કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે જણાવ્યું હતું કે, ટ્રમ્પના તાજેતરના નિવેદનથી વિવિધ દેશો અને મીડિયા વાતચીતમાં આવા સમાન દાવાઓની લાંબી યાદીમાં ઉમેરો થયો છે. એવું લાગતું હતું કે, તેમના આવા દાવાઓ શાંત થઈ ગયા છે, ત્યારે રાષ્ટ્રપતિ ટ્રમ્પે ફરી એકવાર દુનિયાને યાદ અપાવ્યું છે અને હવે આવા દાવાઓની સંખ્યા હવે વધીને ૬૦ થઈ ગઈ છે. ''ઓપરેશન સિંદૂર'' રોકવાનો ઉલ્લેખ કરતા, ટ્રમ્પે અગાઉ બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવા માટે શ્રેય લીધો હતો. રમેશે કહ્યું કે, યુએસ રાષ્ટ્રપતિએ સાઉદી અરેબિયા, કતાર, ઈજિપ્ત, યુકે, નેધરલેન્ડ, જાપાન અને અન્યત્ર આ વાર્તાનું પુનરાવર્તન કર્યું હતું. વોશિંગ્ટન બેઠક દરમિયાન, ટ્રમ્પે કહ્યું કે, તેમણે ''વાસ્તવમાં આઠ યુદ્ધો રોકી દીધા છે'' અને સૂચવ્યું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું એક યુદ્ધ બાકી છે. આ ઘટનાઓના પોતાના સંસ્કરણની વિગતો આપતા, તેમણે કહ્યું કે શાંતિ પ્રયાસો ટેલિફોન પર અથવા સીધા ઓવલ ઓફિસમાં થયા છે.

# બિહાર કોંગ્રેસના નેતાના મતે રાજ્યમાં વિપક્ષના પરાજયનું કારણ 'ઓવૈસીના સાંપ્રદાયિક ભાષણો' અને જીવિકાદિદીઓએ મતદાન દરમિયાન મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કર્યો હતો

**વર્તમાન ગૃહમાં CLP નેતા શકીલ અહમદ ખાને કહ્યું કે, ચૂંટણી સમયે યોગ્ય મેનેજમેન્ટ, ચૂંટણી પંચનું સમર્થન અને ૧૦,૦૦૦ રૂપિયાની લાંચ એ એવા પરિબળો હતા જેમણે NDAના પક્ષમાં કામ કર્યું હતું, આ હારનું વ્યાપક વિશ્લેષણ કરવું જોઈએ પરંતુ ચૂંટણીની મધ્યમાં તમે મતદારોને કેવી રીતે આકર્ષિત કરી શકો છો ?**

(એજન્સી) તા.૧૯

બિહાર વિધાનસભામાં કોંગ્રેસ વિધાનસભા પક્ષ (CLP)ના નેતા શકીલ અહમદ ખાન પણ બિહાર વિધાનસભાની ચૂંટણી હારી ગયેલા ઘણા મહાગઠબંધન ઉમેદવારો પૈકી એક છે. તેમણે એક મુલાકાતમાં કોંગ્રેસ અને વિપક્ષના ગઠબંધનના નબળા પ્રદર્શન અને નીતિશકુમારની 'દશ હજારી' યોજના (જેના ભાગ રૂપે પાત્ર મહિલા લાભાર્થીઓને ૧૦,૦૦૦ રૂપિયા આપવામાં આવ્યા હતા) તેના પર ચિંતન કરે છે. તેઓને પૂછવામાં આવ્યું કે, મહાગઠબંધન અને કોંગ્રેસ માટે શું ખોટું થયું હતું તો તેમણે કહ્યું કે, જીવિકા કાર્યકરોનું સરકારી તંત્ર. મતદાન મથકોમાં અને તેની આસપાસ તેમના હાજર રહેવાનું કોઈ કારણ ન હતું. મારા પોતાના મતવિસ્તાર (કડવા)માં મેં જીવિકાદિદીઓને કતારમાં રહેલા મતદારોને તેમના ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયા જમા થવાનો સંદેશ બતાવતા જોયા હતા. ચૂંટણી પંચ (EC)એ ધ્યાન આપવું જોઈતું હતું કારણ કે, મતદાન મથકોની નજીક પ્રચાર કરવાની મનાઈ છે. મેં તેના વિશે ફરિયાદ કરી. કેટલીક જગ્યાએ તેમને ત્યાંથી જવાનું કહેવામાં આવ્યું હતું પરંતુ કેટલીક જગ્યાએ તેઓએ આ ચાલુ રાખ્યું. NDAને ઘણા એવા બૂથ પર મત મળ્યા જે તેમને ક્યારેય મળ્યા ન હોત. ઉપરાંત (AIMIM વડા) અસદુદ્દીન ઓવૈસી દ્વારા મુસ્લિમ સાંપ્રદાયિકતાને ભડકાવવાનું વક્તવ્ય પણ એક મહત્ત્વનું પરિબળ હતું. તેઓ સાંપ્રદાયિક ભાષણો આપતા રહ્યા અને તેમના ભાષણોએ હિન્દુ સાંપ્રદાયિકોને હિન્દુ લાગણીઓ સાથે કામ કરવાની તક આપી હતી. આપણે હિન્દુત્વ તેમજ AIMIM સામે સમાન રીતે લડવું જોઈએ. AIMIM મુસ્લિમ સમુદાયને એવી રીતે વાત કરે છે કે, તે હિન્દુ સમુદાયને ટોણો મારવા સમાન હોય. શું જીવિકાદિદીઓ અંગે તમારી આ દલીલ યોગ્ય છે અને શું તમે વિપક્ષને પરેશાન કરતા મુદ્દાઓને અવગણી રહ્યા છો ? શું વધુ વ્યાપક વિશ્લેષણ ન હોવું જોઈએ ? ત્યારે તેમણે કહ્યું કે, તેનું વ્યાપક વિશ્લેષણ થવું જોઈએ પણ ચૂંટણીની વચ્ચે મતદારોને કેવી રીતે આકર્ષિત કરી શકાય ? બિહારના લોકો ખાનગી ધિરાણ પ્રણાલીને કારણે પહેલેથી જ દેવામાં છે અને વિચારતા હતા કે તેઓ ૧૦,૦૦૦ રૂપિયાનો ઉપયોગ કરીને લોન ચૂકવી શકે છે. લોકોને છઠ દરમિયાન પહેલો હપ્તો મળ્યો. તેનો તેમના પર ચોક્કસ પ્રભાવ પડ્યો હતો. એ ઉપરાંત અમે પણ જાતિ સંયોજન બનાવ્યું અને EBC, OBC, દલિત, સહાની, યાદવ અને મુસ્લિમોને નામાંકિત કર્યા. તે એવું કોઈ પરિબળ નથી. EC દ્વારા NDAને આપવામાં આવેલ વ્યવસ્થાપન અને સ્વતંત્રતા એ વાસ્તવિક પરિબળો છે. EC નિષ્પક્ષ રહ્યું ન હતું. શું વિશ્વસનીયતાનો મુદ્દો મહત્ત્વનો હતો તે અંગે તેમણે કહ્યું કે, તે ૨૦ વર્ષ જૂનો મુદ્દો છે. તમે તેને પુનરાવર્તન કરી શકતા નથી અને દરેક ચૂંટણીમાં વારંવાર તેનો લાભ મેળવી શકતા નથી. મને નથી લાગતું કે તે કોઈ મુદ્દો હતો. આ સમયમાં જેડી(યુ) સરકારના ખરાબ શાસન વિશે શું ? ગોળીબારના અનેક કિસ્સાઓ બન્યા હતા અને કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો હતા. છેલ્લા બે દાયકામાં સ્થળાંતર એક સમસ્યા બની ગઈ છે. બિહારના લોકો ખાસ કરીને યુવાનો આ બધી ચર્ચા કરી રહ્યા હતા. તમે મહાગઠબંધનની રેલીઓમાં ભીડ જોઈ હશે. શું તે મજાક હતી ? તે મતોમાં કેમ પરિવર્તિત ન થઈ તે એક મોટો પ્રશ્ન છે જેનું વિશ્લેષણ કરવાની જરૂર છે. શું કોંગ્રેસ દ્વારા ઊઠાવવામાં આવેલા એસઆઈઆર અને વોટ ચોરી જેવા મુદ્દાઓનો પડઘો પડ્યો ન હતો તે અંગે તેમણે કહ્યું કે, વોટ ચોરી એક હકીકત છે અને હું તમને ઘણા ઉદાહરણો આપી શકું છું. મને મારા મતદાન મથકમાં ઘણા લોકો મળ્યા જેમની પાસે ઓળખ કાર્ડ હતા પરંતુ તેમના નામ મતદાર યાદીમાંથી ગાયબ હતા. છેલ્લી ઘડીએ અમે શું કરી શક્યા હોત ? ચૂંટણી દરમિયાન કોઈ વિરોધ નથી. અમે બધા પ્રચારમાં વ્યસ્ત હતા. કેટલાક નેતાઓ કહે છે કે, આરજેડી અને કોંગ્રેસ વચ્ચે સંકલનનો અભાવ હતો તે અંગે તેમણે કહ્યું કે, છ મહિના પહેલા જ્યારે અમે શરૂઆત કરી ત્યારે કોઈ સમસ્યા ન હતી. પછીના તબક્કામાં બેઠકોની વહેંચણી અંગે સમસ્યાઓ હતી. હું સ્વીકારી શકું છું કે, મૈત્રીપૂર્ણ લડાઈઓએ તે બેઠકો પર ગઠબંધનને નુકસાન પહોંચાડ્યું. પરંતુ તેની અન્ય બેઠકો પર અસર થઈ નથી. ચૂંટણી સમયે યોગ્ય મેનેજમેન્ટ, ચૂંટણી પંચનો NDAને ટેકો અને ૧૦,૦૦૦ રૂપિયાની લાંચ એ એવા પરિબળો હતા જેઓએ NDAને લાભ આપ્યો હતો.


**UNIMONI FINANCIAL SERVICES LIMITED**

RO: N.G. 12 & 13 Ground Floor, North Block, Manipal Centre, Dickenson Road, Bangalore - 560 042. CIN No. U85110KA1995PLC018175

**PUBLIC NOTICE**

જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ગીરવે મૂકેલા સોનાના આભૂષણોની હરાજી યુનિમોની ફાઈનાન્શિયલ સર્વિસીસ લિમિટેડ દ્વારા 24.11.2025 ના રોજ સવારે 10:00 વાગ્યે નીચે આપેલા સંબંધિત કેન્દ્રો પર કરવામાં આવશે. હરાજી કરવાના સોનાના આભૂષણો અમારા વિવિધ ગ્રાહકોના લોન ખાતાઓના છે જેમણે તેમના બાકી લેણાં ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. હરાજીની અમારી સૂચનાઓ આ દેવાદારોને યોગ્ય રીતે જારી કરવામાં આવી છે. હરાજી કરવાના સોનાના આભૂષણો નીચે દર્શાવેલ શાખાના નામ સાથે અમારા વિવિધ ગ્રાહકોના ઓવરડ્યુ લોન ખાતાઓના છે.

Auction Centre Address & Loan Nos: RAJKOT (RKT - First Floor, Mavdi Main Road above Shiv Shakti Provision Stopp Vishveshwar Mkt, Rajkot -360004, Contact: 9328546201) 2152971. BHUJ (BHU - BUILDING NO 11/3 (7), NR GATENO 6 , BANKERS COLONY, BHAKTIDHAM , BHUJ-370001,Contact No. 9824249625) 2201092, 2194957.

(Reserves the right to alter the number of accounts to be auctioned &/ postpone / cancel the auction without any prior notice)

વન વિભાગે અમીરગઢના જંગલ ૧૬ કલાક સુધી ખૂંદી શિકારીને ઝડપી લીધા

# ઈકબાલગઢ જંગલ વિસ્તારમાં શિકાર કરતા નવ શિકારી હથિયારો સાથે ઝડપાયા

## ગેંગ નીલગાયનો શિકાર કરી માંસ થેલીઓમાં ભરતી હતી ને ટીમ ત્રાટકી; ચાર શિકારીઓ નાસી છૂટ્યા

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૧૯

ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જમાં વન્યજીવોનો શિકાર કરતા ૯ શિકારીઓને હથિયારો સાથે ઝડપી પાડવામાં આવ્યા છે. આ શિકારીઓની ટુકડીએ એક નીલગાયનો શિકાર કર્યો હતો ત્યારે તેઓ વધુ જીવોનો શિકાર કરે તે પહેલા જ આ શિકાર કરતા શિકારીઓને બાતમીના આધારે વન વિભાગની ટીમે ઝડપી પાડ્યા હતા. જોકે, આ ટુકડીમાંથી ચાર શિકારીઓ ફરાર થયા હતા જેની ફોરેસ્ટ અધિકારીઓ એ શોધખોળ હાથ ધરી હતી. બનાસકાંઠાના અમીરગઢના જંગલ વિસ્તારોમાં ગેરકાયદેસર શિકારની ઘટનાઓ રોકવા માટે વન વિભાગ દ્વારા સતત



(તસવીર : અખ્તર ચૌહાણ, પાલનપુર)

પેટ્રોલિંગ કરવામાં આવતું હોય છે. ત્યારે ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જના અધિકારીઓએ બાતમીના આધારે ઈકબાલગઢ ફોરેસ્ટ રેન્જમાં આવતા જંગલ વિસ્તારમાં અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. ત્યારે આ જંગલ વિસ્તારમાં શિકાર કરતા ૯ શિકારીઓ હથિયારો સાથે ઝડપાયા હતા. બંદૂકો સાથે જંગલ વિસ્તારમાં વન્ય જીવોનો શિકાર કરવા શિકારીઓની ટુકડી જંગલમાં પહોંચી હતી.અને એક નીલ ગાયનો શિકાર કર્યો હતો. જોકે તે બાદ વધુ જીવોનો શિકાર કરે તે પહેલા ફોરેસ્ટની ટીમે ૯ જેટલાં શિકારીઓને ઝડપી પાડ્યા હતા. જ્યારે ૪ શિકારીઓ ફરાર થયા હતા.

શિકારીઓ પાસેથી ઝડપાયેલી ૫ બંદૂકોમાંથી ૪ બંદૂકો લાયસન્સ વિહોણી હોવાનું સામે આવ્યું હતું. ત્યારે વન વિભાગના અધિકારીઓ દ્વારા ગેરકાયદેસર શિકાર સહીત ગેરકાયદેસર હથિયારને લઈ આર્મ્સ એક્ટ મુજબ ફરિયાદ નોંધાવી તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટે રીન્માડ ન આપતાં તમામ આરોપીઓને સબજેલ મૂકવામાં આવ્યા હતા.

**ઝડપાયેલા આરોપી**

૧. નારણ વાલાભાઈ ડાભી
૨. જેન્તી બાબુભાઈ ડાભી
૩. સોમીરા સોનાભાઈ ડાભી
૪. વિક્રમ બાબુભાઈ ડાભી
૫. કાળા ભુરાભાઈ ડાભી
૬. બાબુ તેજાભાઈ ડાભી
૭. સવજી વજાભાઈ ડાભી
૮. અલ્પેશ બાબુભાઈ ખેર
૯. બાબુ સોનાભાઈ ડાભી
તમામ રહે. (ઢોલીયા તાલુકો, અમીરગઢ જિલ્લો, બનાસકાંઠા)

ખેડૂતો માટે આખી પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક (ફ્રી) હોવાની જાહેરાત

# ખેડૂતોને કૃષિ સહાય પેકેજના ફોર્મ ભરવા જેવા કામો માટે પૈસા માંગશે તો થશે કાર્યવાહી

## ફોર્મ ભરવા સહિતના કામ માટે નાણાં માંગવાની ફરિયાદ ઊઠતાં સરકારે પરિપત્ર બહાર પાડ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્ય સરકારે કૃષિ સહાય પેકેજને લઈને મહત્ત્વપૂર્ણ સ્પષ્ટતા જાહેર કરી છે. સહાય માટેના ફોર્મ ભરાવવા ખેડૂતો પાસેથી પૈસા વસૂલાત હોવાની મળેલી ફરિયાદોના પગલે સરકારે તુરંત પગલું લઈ વિકાસ કમિશનરની કચેરી મારફતે પરિપત્ર જાહેર કર્યો છે. જેમાં જાહેર કરાયું છે કે, ખેડૂતે સહાય માટેના ફોર્મ ભરાવવા કોઈપણને એક પણ રૂપિયો આપવાનો નથી. ફોર્મ ભરવાની અને સહાયની બધી પ્રોસેસ નિઃશુલ્ક(ફ્રી) છે.

વિકાસ કમિશનરની કચેરીએ સ્પષ્ટ કર્યું છે કે કૃષિ સહાય પેકેજના ફોર્મ ભરાવવા માટે અરજદારને કોઈપણ ઓપરેટર કે વ્યક્તિને એક પણ રૂપિયા આપવાની જરૂર નથી. આખી પ્રક્રિયા સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને કોઈપણ પ્રકારની વસૂલાતની કડક મનાઈ છે. તાજેતરમાં કેટલાક વિસ્તારોમાંથી માહિતી મળી હતી કે ફોર્મ ભરાવવા માટે ખેડૂતો પાસેથી પૈસા લેવામાં આવી રહ્યા છે. આ મુદ્દો સરકારના ધ્યાનમાં આવતા જ તરત સ્પષ્ટતા જાહેર કરવામાં આવી છે. સરકારએ જણાવ્યું છે કે જો કોઈ વ્યક્તિ પૈસા માંગે તો તરત જ સંબંધિત અધિકારીને જાણ કરવી. સરકારે તમામ ખેડૂતોને અપીલ કરી છે કે તેઓ કોઈપણ પ્રકારની ચૂકવણી ન કરે અને સરકારી માર્ગદર્શિકા મુજબ નિઃશુલ્ક સેવા મેળવવા માટે જ ફોર્મ ભરાવે. તેમ છતાં પણ આ સમગ્ર નિઃશુલ્ક કાર્યવાહીમાં કોઈ નાણાં માંગે છે કે વસૂલે તો તે અંગે સંબંધિત અધિકારીને જાણ કરવાની રહેશે. જેથી આ અંગે કડક કાર્યવાહી કરવામાં આવશે.

શ્રમિકો હાઈવેનું સમારકામ કરતા હતા

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર બેકાબૂ કારે પાંચ શ્રમિકોને કચડ્યાં : બેનાં મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૧૯

દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર વડોદરાના પાદરા નજીક બુધવારે સવારે એક અત્યંત ગમખ્વાર અને દર્દનાક માર્ગ અકસ્માત સર્જાયો છે હતો.પાદરાના સરસવણી ગામ પાસે હાઈવે પર સમારકામની કામગીરી કરી રહેલા પાંચ મજૂરોને એક પૂરઝડપે આવી રહેલી કારે અડફેટે લીધા હતા. આ ભીષણ ટક્કરમાં બે મજૂરોના ઘટનાસ્થળે જ કરૂણ મોત થયા હતા, જ્યારે અન્ય ત્રણ મજૂરોનો આબાદ બચાવ થયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર સરસવણી ગામ પાસે પાંચ મજૂરો રોડ મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતા. બુધવારે સવારે લગભગ ૯ વાગ્યે, વડોદરાથી ભરૂચ તરફ જઈ રહેલી એક કારના ચાલકે અચાનક



અકસ્માત કરનાર ૪૦ વર્ષીય ડોકટરની પોલીસ દ્વારા પૂછપરછ

સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો અને કાર સીધી કામ કરી રહેલા મજૂરો પર ફરી વળી. અકસ્માત એટલો ગંભીર હતો કે બે મજૂરો, દિલીપ દહિયા અને મનોજ કુમાર ગંભીર રીતે ઘાયલ થયા હતા અને તેમના મોત થયા હતા.

ઘટના સમયે હાજર અને બચી ગયેલા સાથી મજૂર સાગર પ્રજાપતિએ જણાવ્યું હતું કે, "અમે સવારે ૮:૩૦ વાગ્યે સાઈટ પર પહોંચ્યા હતા અને તમામ સેફ્ટી સાધનો પહેરીને કામ કરી રહ્યા હતા. અમે કુલ ૫ લોકો હતા. સવારે ૯ વાગ્યાની આસપાસ, ફુલ સ્પીડમાં એક ગાડી આવી અને અમારા સાથીઓને ટક્કર મારી દીધી. અમારા બે લોકોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા, જ્યાં ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા."

ઘટનાની જાણ થતાં જ પાદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડીને અકસ્માત સર્જનાર કાર ચાલક વિરૂદ્ધ ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

અકસ્માત કરનાર ૪૦ વર્ષીય ડોક્ટર મૌલિક ઝવેરીનું અંકલેશ્વરમાં દવાખાનું છે. પોલીસ તેની પૂછપરછ કરી રહી છે. બીજી તરફ બંને મૃતકોના પોસ્ટમોર્ટમ અને પંચનામાની કાર્યવાહી કરાઈ રહી છે.

નોંધનીય છે કે, વડોદરા-અમદાવાદ એક્સપ્રેસ હાઈવે પર છાશવારે અકસ્માતો સર્જાય છે, ત્યારે હવે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર પણ અકસ્માતો શરૂ થયા છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે ૮ લેન છે. જોકે હાલ હાઈવે પર મેન્ટેનન્સની કામગીરી ચાલી રહી છે.

સુપ્રીમના નિર્દેશથી હાઈકોર્ટમાં અરજી ટ્રાન્સફર

# ડીસા ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટ મામલે ગુજરાત હાઈકોર્ટમાં PIL

## મૃતકોને બે કરોડ અને ઈજાગ્રસ્તોને ૫૦ લાખ વળતર ચૂકવવાની માગ; ૨૫ નવેમ્બરે સુનાવણી

(સંવાદદાતા દ્વારા)

ડીસા, તા.૧૯

બનાસકાંઠા જિલ્લાના ડીસા ખાતે ફટાકડાની ફેક્ટરીમાં થયેલ બ્લાસ્ટના મામલાને સુપ્રીમ કોર્ટના કડક આદેશ બાદ હવે ગુજરાત હાઈકોર્ટે જાહેર હિતની અરજી તરીકે હાથ પર લીધો છે. 'ડીસા ફાયર ટ્રેજેડી' મામલે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજી સુપ્રીમના નિર્દેશથી હાઈકોર્ટમાં ટ્રાન્સફર કરાઈ છે. જેને હાઈકોર્ટમાં PIL તરીકે દાખલ કરીને તેની ઉપર ૨૫ નવેમ્બરે સુનાવણી રાખી છે. જેમાં હાઈકોર્ટે અરજદારને GPCB, સ્ટેટ ફાયર સર્વિસ અને ડિરેક્ટર ઓફ ઈન્ડસ્ટ્રીઝને પક્ષકાર બનાવવા સૂચના આપી છે. પક્ષકારોને અરજીની એડવાન્સ કોપી આપવામાં આવશે. સુપ્રીમમાં થયેલી અરજીમાં મૃતકોને બે કરોડ અને ઈજાગ્રસ્તોને ૫૦ લાખ રૂપિયાના વળતરની માગ કરાઈ હતી. આ દુર્ઘટના અંગે ડીસા રૂરલમાં નોંધાયેલી FIRની તપાસ સ્વતંત્ર એજન્સી જોડે કરાવવાની દાદ માંગવામાં આવી છે. એમાં પણ ગુજરાત રાજ્ય બહારના પોલીસ અધિકારીઓની ટીમ જોડે તપાસની રજૂઆત કરવામાં આવી છે. જેથી આવી દુર્ઘટનાઓમાં રાજ્ય સરકારના જવાબદાર અધિકારીઓની ભૂમિકા બહાર આવી શકે. રાજ્યમાં ફાયર સેફ્ટી સહિતના સંબંધિત કાયદાઓ અને નિયમોને ધ્યાનમાં રાખીને ફટાકડાના ઉત્પાદકોની ચકાસણી કરવાની માગ પણ અરજીમાં કરવામાં આવી છે. રાજ્યમાં ફટાકડાના ઉત્પાદન, વેચાણ, વપરાશ અને પરવાના સંદર્ભે યોગ્ય નિયમો બનાવવા અને એનું મોનિટરિંગ કરવાની દાદ પણ માંગવામાં આવી છે. ૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ડીસાની ફટાકડાની ફેક્ટરીમાં લાગેલી ભયાનક આગમાં કુટુંબના છ સભ્યોને ગુમાવનાર ચંદરસિંહ નાયકે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં એ મતલબના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા છે કે ૧ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ડીસા ખાતેની એક ફટકડાના મેન્યુફેક્ચરિંગ યુનિટમાં ભયાનક આગ લાગી હતી. જે સ્થળે છ વેરહાઉસ હતા. અરજદાર ત્યાં લેબર તરીકે કામ કરતો હતો અને એ મૂળ મધ્યપ્રદેશના દેવાસનો રહેવાસી છે. આ દુર્ઘટનામાં એના કુટુંબના છ સભ્યો મૃત્યુ પામ્યા હતા. તેથી તેની એવી માગ છે કે રાજ્ય સરકાર દ્વારા મૃતકોને ૨ કરોડ અને ઈજાગ્રસ્તોને ૫૦ લાખનું વળતર ચુકવવામાં આવે.

આ દુર્ઘટના છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત રાજ્યમાં બનેલી આગની હોનારત પૈકી એક છે. આ ઘટનામાં બ્લાસ્ટ એટલો ગોઝારો હતો કે સાત બાળકો સહિત ૨૧ લોકો મૃત્યુ પામ્યા હતા. આ મોટાભાગના મધ્યપ્રદેશથી આવેલા મજૂરો હતા, જેઓ ટ્રેજડીનો ભોગ બન્યા હતા. આ વેરહાઉસના માલિકો ગેરકાયદેસર રીતે એટલે કે કોઈ પણ અધિકૃત મંજૂરી વિના ફટાકડાનું મોટાપાયે ઉત્પાદન કરતાં હતા. આ એકમો જોડે યોગ્ય પરવાના નહોતા. વેચાણની પરવાનગી, ફાયર સેફ્ટીના સાધનો અને નિયમોની ઐસીતૈસી કરીને આ એકમો ધમધમતા હતા.

રાજકોટ ખાતેની ઓમ રેસ્ટોરન્ટમાં GSTના દરોડામાં દારૂની બોટલો મળી

# જીએસટી વિભાગ દ્વારા દરોડો પાડવામાં આવતાં અધિકારીઓને મારવામાં આવ્યા

## રેસ્ટોરન્ટ માલિકે અધિકારી સાથે બોલાચાલી કરી : પોલીસે તપાસ હાથ ધરી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૧૯

રાજ્યમાં સરકારી કાર્યવાહી કરનાર અધિકારી-કર્મચારીઓ પર હુમલા તથા તેમને માર મારવાની ઘટનાઓ છાશવારે બનતી હોય કર્મીઓના રક્ષણ સામે અને કામગીરી કરવા સામે સવાલો ઊભા થઈ રહ્યા છે ત્યારે આવો વધુ એક બનાવ બન્યો છે. રાજકોટ શહેરના ભક્તિનગર સર્કલ નજીક ઓમ રેસ્ટોરન્ટમાં GST વિભાગ દ્વારા દરોડા પડતા તેમાં દારૂની બોટલો મળી આવી હોવાનું સામે આવ્યું છે. જો કે, દરોડા દરમિયાન GST વિભાગના અધિકારીઓને માર મારવામાં આવ્યો છે. સમગ્ર રાત્રિ દરમિયાન દરોડાની કામગીરી કરવામાં આવી છે. દારૂ મળી આવતા ભક્તિનગર પોલીસ દ્વારા ગુનો દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવી છે. બીજી તરફ માર મારવા મામલે અરજીના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, GST અધિકારી અંકિતકુમારે શહેરના ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં રાત્રિના સમયે ફોન કરીને જણાવ્યું હતું કે, તેમના ડિપાર્ટમેન્ટ દ્વારા ભક્તિનગર સર્કલ પાસે આવેલા ઓમ રેસ્ટોરન્ટમાં દરોડા પાડ્યા હતા. આ દરમિયાન રેસ્ટોરન્ટમાંથી વિદેશી દારૂની બોટલ મળી આવી હતી. જેથી આ માહિતીને આધારે ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીએસઆઈ તથા ટીમ દ્વારા ઓમ રેસ્ટરોન્ટ પહોંચી કાર્યવાહી કરવામાં આવી હતી. અંકિતકુમારે ઓમ રેસ્ટોરન્ટમાં વિદેશી દારૂની જુદી-જુદી બ્રાન્ડની ચાર બોટલ હોવાનું જણાવ્યું હતું. તેમજ ઓમ રેસ્ટોરન્ટમાં GST રેડની કાર્યવાહી કરવામાં આવી ત્યારે રેસ્ટોરન્ટના માલિક વલ્લભ જીવરાજ તારપરા બોલાચાલી કરી જતા રહ્યા હતા. અધિકારીને માર મારવામાં આવ્યો હોવાની વાત પણ બહાર આવી છે. આ અંગે પોલીસ દ્વારા રેસ્ટોરન્ટના માલિક વલ્લભ જીવરાજ તારપરા સામે ગુનો નોંધી ધરપકડ કરવા તપાસ હાથ ધરી છે.

જીરાનું સૌથી વધુ ઉત્પાદન કરનારા જિલ્લાઓ માટે કેબિનેટમાં લેવાયો નિર્ણય

# રાજ્યમાં રવી પાકના વાવેતરને લઈ આજથી ૧૦ કલાક વીજ પુરવઠો મળશે

## આ નિર્ણયથી એકંદરે રાજ્યના ૫૮ હજારથી વધુ ખેડૂતોને મળશે લાભ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. રવિ સિઝનના વાવેતરને ધ્યાને રાખીને આજે વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે.

રાજ્યમાં રવિ સિઝન દરમિયાન જીરાનું પુષ્કળ વાવેતર થાય છે. જીરાના વાવેતર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પિયત માટે આવતીકાલ તા. ૨૦ નવેમ્બર-૨૦૨૫થી જ ખેતીવાડી ફીડરોમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જીરાના વાવેતર વિસ્તારોમાં સિંચાઈ માટે વીજ પુરવઠો વધારે આપવા માટે રાજ્યના જનપ્રતિનિધિઓ તથા અનેક ખેડૂતો તરફથી મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતોને હકારાત્મક વાચા આપતા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામા આવ્યો છે. જેનો આશરે ૧,૦૯૦ ગામોના ૪૯,૦૦૦થી વધુ ખેતીવાડી ગ્રાહકોને લાભ મળશે, તેમ જણાવતા ના.મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ વધુ વિગત આપતા ઉમેર્યું હતું કે જીરાનું વધુ વાવેતર ધરાવતા અમદાવાદના વિરમગામ અને માંડલ, મહેસાણાના બેચરાજી, પાટણના સમી, હારીજ, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર, સુરેન્દ્રનગરના લખતર અને દસાડા, વાવ-થરાદના સુઈગામ અને વાવ તેમજ મોરબી જિલ્લાના હળવદ તાલુકાને રાજ્ય સરકારના આ નિર્ણયથી વધુ વીજ પુરવઠો મળશે.

આ ઉપરાંત દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવિ સિઝન માટે ૮ કલાકના બદલે ૧૨ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના આ બંને તાલુકાના ૧૯૧ ગામોના ૯,૭૫૮ ખેડૂતોને લાભ મળશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે તેમના જન્મસ્થાનથી યાત્રાનો થશે પ્રારંભ

# રાજ્યમાં ૨૬ નવેમ્બરથી રાષ્ટ્રીય સ્તરે કરમસદથી પદયાત્રાનું આયોજન

## ૧૧ દિવસની આ પદયાત્રા પાંચ ડિસેમ્બરે સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચશે

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૧૯

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાનના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનો છે, જે રાષ્ટ્રીય એકતા અને અખંડિતતાનો મજબૂત સંદેશો આપશે.

નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે. ૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી ૫મી ડિસેમ્બર સુધી ચાલશે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબે દેશને એક તાંતણે બાંધ્યો હતો, તે જ રીતે સૌને એકજૂટ થઈને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટેની પ્રેરણા છે. આ ઐતિહાસિક યાત્રામાં દેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાંથી યુવાનો જોડાશે. યાત્રાના પ્રત્યેક દિવસે અંદાજે ૧૦થી ૧૫ હજાર લોકો જોડાઈને સરદાર સાહેબના જીવનના આદર્શો અને સત્કાર્યોથી પ્રેરણા મેળવશે. ૧૧ દિવસની પદયાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવનથી જોડાયેલા વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડવા માટે પ્રત્યેક દિવસે એક વિશેષ 'સરદાર ગાથા'નું આયોજન કરવામાં આવશે. તેમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ગુજરાત ટુડે કોઈ બીજું નહીં આવે... તમારા વોટના અધિકાર માટે તમારે જ જાગવું પડશે...

મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ (સર) હાલ ગુજરાતભરમાં ચાલી રહ્યો છે. આ અભિયાનમાં ફોર્મ ભરવાની કામગીરીમાં સંખ્યાબંધ રાજકીય, સામાજિક, ધાર્મિક અગ્રણીઓ સહિત જાગૃત નાગરિકો જોડાયા છે પરંતુ એમના માટે દરેક વિસ્તારમાં કે દરેક ઘરમાં પહોંચવું શકય ન હોય અને કેટલાક વિસ્તારોમાં તો આવી જાગૃતિનો સાવ અભાવ જોવા મળે છે ત્યારે તમારા અમૂલ્ય મતના અધિકારને બચાવવા માટે તમારે જ જાગવું પડશે અને તમારૂં તથા તમારા પરિવારજનોના નામ મતદાર યાદીમાં સુનિશ્ચિત કરવા પડશે.

માટે જ વિલંબ ન કરો... આજે જ 'સર'નું ફોર્મ ભરો
અને જાગૃત બનો, જાગૃત કરો

(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS